गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૭૭૧૪ वर्गांक

पुस्तकनुं नाम મધુમાલતી

विषय ૮-:૩

મધુ-માલતી

અથવા

વીસમીસદીનું વિશ્વદર્શન !

ભાગ ૧ લો.

[સચિત્ર સામાજિક નવલકથા.]

લેખક,
વ્રજલાલ જાદવજી ઠક્કર,
તંત્રી 'લુહાણા-બંધુ'-અમદાવાદ.

પ્રકાશક,
કુચરાભાઈ વનમાળી પટેલ,
બુકસેલર અને પબ્લીશર.
મ્હોટી હમામ-અમદાવાદ.

પ્રથમાવૃત્તિ. વિક્રમાબ્દ ૧૯૭૪.

પ્રત ૧૦૦૦. ખ્રિસ્તાબ્દ ૧૯૧૮.

મૂલ્ય રૂ. ૧-૮-૦.

ગુજરાત ... ગ્રંથાલય
અમદાવ...
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ

Printed at DIAMOND JUBILEE Printing Press, Salapose Road—AHMEDABAD, BY DEVIDAS CHHAGANLAL PARIKH.

अग्राह्यं हृदयं यथैव वदनं यद्दर्पणान्तर्गतं
भावः पर्वतसूक्ष्ममार्ग विषमः स्त्रीणां न विज्ञायते ।
चित्तं पुष्करपत्रतोयतरलं विद्वद्भिराशंसितं
नारी नाम विषाङ्कुरैरिव लता दोषैः समं वर्द्धिता ॥

નારીજાતિ એક પ્રકારની લતા જ છે તથા લતા જેમ અંકુરોથી ફાલે છે તેમ સ્ત્રીજાતિ પણ વિષરૂપી દોષની સાથે જ વધે છે. દર્પણમાં જણાતું મ્હોં જેમ પકડી શકાતું નથી તેમ તેનું હૃદય અગ્રાહ્ય છે. તેનું મન અને તેના ભાવ, જેવી રીતે પર્વતનો જોઇ ન શકાય એવો સૂક્ષ્મ માર્ગ સહેલાઇથી જડતો નથી તેવી રીતે જાણી શકાતા નથી. વિદ્વાન પુરુષોએ સ્ત્રીના ચિત્તને કમળપત્રપરના અસ્થિર જળના બિંદુની ઉપમા આપેલી છે.

ALL RIGHTS RESERVED.

પ્રસ્તાવના.

આ સામાજિક નવલકથા હમણાંની આપણી પરિસ્થિતિ દર્શાવવાના આશયથી જ લખવામાં આવી છે, તથા ચાલૂ જમાનાનું તાદૃસ્ય ચિત્ર ચીતરવા માટે એમાં અનેકવિધ-રંગ પૂરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જે મનુષ્યો નીતિતત્વના હિમાયતી છે તેઓમાંના કેટલાકનો અભિપ્રાય એવો હોય છે કે, નવલકથાકારોએ પણ નવલકથાઓમાં માત્ર નીતિતત્વનો જ ચિતાર ચીતરવો જોઇએ; કિન્તુ અમે આ મતને સર્વાંશે સંમત થઇ શકતા નથી. સામાજિક નવલકથાઓમાં જાતીય જીવનના તથા જીવનના વર્તમાન, ભૂત અને ભવિષ્યના વાસ્તવિક વિષયોનું જ રસિક વિવરણ આવવું જોઇએ. એ વિવરણને જ કળા કહી શકાય. નીતિ અને કળામાં ઘણો પ્રભેદ રહેલો છે. નવલકથામાં જેવી રીતે મનુષ્યજાતિની અધમતા, અનીતિ, દુષ્કૃત્ય, પ્રતારણા, સ્વાર્થસાધના, કપટશીલતા, ધૂર્તતા આદિનું વર્ણન આવવું જોઇએ તેવી જ રીતે તેની સ્હામે વસ્તુને વિશેષ ઉજ્વળ બનાવવા માટે નીતિ, ન્યાય, સત્કૃત્ય, પરોપકાર, સાધુતા, નિષ્કપટતા વગેરેનું વર્ણન પણ આવવું જોઇએ એવો અમારો નમ્ર મત છે; અર્થાત્ એ વિરોધી ગુણોના સંઘર્ષણથી, સુવર્ણ જેમ કસોટીના સંઘર્ષણથી તેજોમય થાય છે તેમજ મૂળ ઉદ્દેશ અને વસ્તુ વિશેષ ચિત્તહર બની જાય છે. જો મહાભારતમાં દ્રૌપદીનું પાત્ર ન હોત તો તેના વાંચનથી સતી સ્ત્રીની શીયળપ્રીતિ કેટલી પ્રબળ હોય છે તેની કલ્પના કરી શકાત નહિ, અધર્મનું તથા સ્ત્રીજાતિપર અમાનુષિક અત્યાચારનું પ્રાણહારક ફળ કેવું ભોગવવું પડે છે તેનો વિચાર કરી શકાત નહિ તે જ પ્રમાણે નવલકથાઓમાં પણ વિરોધી સ્વભાવનાં પાત્રો સિવાય વસ્તુને બોધક મનોરંજક અને જ્ઞાનપ્રદ કરી શકાતી નથી.

આ નવલકથામાં પણ સતી સ્ત્રીની અનુપમ પતિભક્તિ, શીયળપ્રીતિ, પરોપકારી પુરુષની પરોપકારિતા, કુલટાના હૃદયને કંપાવી મૂકે એવાં તિરસ્કારજનક કુકર્મો, સુધારાના નામથી સમાજમાં પ્રવિષ્ટ થએલો કુધારો, મોહમુગ્ધ યુવકનાં અધર્માચરણ, વ્યસનનાં દુષ્પરિણામ, વૃદ્ધની વિકારવૃત્તિ આદિ ભિન્ન ભિન્ન વિરુદ્ધ વિષયોને વર્ણવવામાં આવ્યા છે, અને એ વિષયોના વાંચનથી જો વાંચકવર્ગને જ્ઞાનસહ આનન્દ પ્રાપ્ત થશે તો લેખક પોતાના સકળ શ્રમની સાર્થકતા થયેલી સમજશે.

આજકાલના કેટલાક ટીકાકારો ઉપરના વિષયનો તથા વસ્તુ-સ્થિતિનો વિચાર કર્યા સિવાય કેટલીક વખતે ગ્રંથકારને અન્યાય આપે છે એ ખરેખર ખેદનો જ વિષય છે. અમુક પાત્રને તેના સ્વભાવાનુસાર કુકર્મી ચીતરવામાં આવ્યું હોય છે તો તેઓ નાસિકા કુંચિત કરી 'ગ્રંથકારનો અનીતિ તરફ વિશેષ પક્ષપાત જણાય છે.' એવો દોષા-રોપ કરતાં બિલ્કુલ શર્માતા કે સંકોચાતા જ નથી. જો તેમનો મત ખરો ગણવામાં આવે તો સ્વ. ગોવર્દ્ધનરામભાઇ જેવા માનનીય વિદ્વાન્ નવલકથાકાર પણ એ દોષથી મુક્ત રહી શકે નહિ; છતાં એવા ટીકાકારો કિંવા અવલોકનકારો પોતાનો ભ્રમ સમજી જઇ ગુજરાતી ગ્રંથકારોને ગેરઇન્સાફ આપતાં અચકે એવી ઇચ્છાથી આટલું લખવું પડયું છે.

આ નવલકથાનું મૂલ્ય ઉપલક દૃષ્ટિથી જોતાં કોઇને કદાચ વધારે લાગશે; પરંતુ દિવસે દિવસે કાગળો, છપામણી, બંધામણી વગેરેની વધતી જતી મોંઘવારીનો વિચાર કરનારને તો આ મૂલ્ય વ્યાજબીજ લાગશે. જો થોડા સમય પછી હાલની વધતી જતી મોંઘવારી બંધ થશે તો નવી આવૃત્તિ પ્રસંગે મૂલ્ય ઓછું રાખવાનો જ અમારો વિચાર છે.

હવે આ ગ્રંથલેખનનું કાર્ય કેવી સ્થિતિમાં સ્વીકારવું પડયું છે એનો કિંચિત્ ઉલ્લેખ કરી આ પ્રસતાવના સમાપ્ત કરવામાં આવશે.

આ નવલકથાના પ્રકાશક રા. કચરાભાઇ વનમાળી પટેલે આજથી દોઢેક વર્ષ ઉપર મ્હારી પાસે એક નવલકથાની આગ્રહપૂર્વક માગણી કરી હતી. તેમની એ માગણીને માન આપી મ્હેં તેમને '**રણઘેલા રજપૂતો અથવા સતીઓનું શૂરાતન.**' નામની એક નવલકથા બે ભાગમાં લખી આપી. એ નવલકથાની પ્રથમ આવૃત્તિની એક હજાર નકલો માત્ર એક જ વર્ષમાં વેચાઇ જવાથી હાલમાં તેની બીજી સચિત્ર આવૃત્તિ પ્રસિદ્ધ થયેલી છે. એ નવલકથાને વિશેષ લોકપ્રિય થયેલી જોઇ લગભગ છ માસથી તેઓ મ્હારી પાસે બીજી એક નવલકથાની માગણી કર્યા કરતા હતા; કિન્તુ કાર્યવ્યવસાયની વિશેષતાથી તથા શરીરની અસ્વસ્થતાથી તેમનું કાર્ય સત્વર હાથમાં લઇ શકાયું નહોતું. છેવટે તેમની ઉપરાઉપરી માગણીઓથી આ કાર્ય સ્વીકારવાની ફરજ પડી અને નવલકથાપ્રિય વાચકબંધુઓની સેવામાં આજે આ નવલકથાનો પ્રથમ ભાગ સાદર સમર્પિત કરવામાં આવે છે. મ્હારી અન્યાન્ય નવલકથાઓનો સાહિત્યપ્રિય સજ્જનોએ જેવો સત્કાર કર્યો છે તેવો જ સત્કાર તેમના દ્વારા આ નવલકથાનો થશે તો હું મ્હારા શ્રમને સફળ થયેલો સમજીશ. જેમ જેમ મૅટર લખાતું ગયું તેમ તેમ તે છપાતું ગયું છે તેથી રહી ગયેલા દોષો માટે ક્ષમા યાચવામાં આવે છે. બીજા ભાગનું લેખનકાર્ય ચાલૂ કરી દેવામાં આવ્યું છે તથા તે ભાગ બનતી ત્વરાએ પ્રકટ કરવામાં આવશે. અંતે જે અનન્તકૃપાળુ પરમાત્માની કૃપાથી આ ગ્રંથના પ્રથમ ભાગના લેખનનું કાર્ય નિર્વિઘ્ને સમાપ્ત થયું છે તેમનો ઉપકાર માની આ પ્રસ્તાવના પૂર્ણ કરૂં છું.

માંડવીની પોળમાં સુરદાસ શેઠની પોળ,	લિ.
અમદાવાદ.	સાહિત્યસેવક.
તા. ૧૨-૯-૧૯૧૮.	**વ્રજલાલ જાદવજી ઠક્કર.**

અનુક્રમણિકા.

એક અગત્યનો સુધારો.

ત્રીજા પૃષ્ઠની તેરમી લીટીમાં 'કાન્તિપ્રસાદનું લગ્ન થઇ ગયું હતું.' એમ છપાયું છે તેના બદલે 'કાન્તિપ્રસાદનું લગ્ન થઈ ગયું નહોતું.' એમ વાંચવું.

રસિક ડિટેક્ટિવ નવલકથા.

શયતાનસદન

અથવા

પાપપતન.

પ્રયોજક, ત્ર્યંબકલાલ જીવરાજ જોશી.

આ નવલકથા એટલી બધી રસિક છે એક વખત વાંચવા લીધા પછી પડતી મૂકવાનું મન થશે નહિ. ડિટેક્ટિવની કાર્યકુશળતા, પ્રણયીની વ્યથા, બદમાશનાં કારસ્થાન વગેરે અનેકવિધ મનોરંજક વિષયોનો આ નવલકથામાં સમાવેશ થયેલો છે. પાકું સોનેરી પુઠું. મ્હોટી સાઇઝનાં પૃષ્ઠ ૨૫૦ છતાં મૂલ્ય માત્ર રૂ. ૨–૦–૦

બુકસેલર–કચરાભાઇ વનમાળી પટેલ.

મ્હોટી હમામ–અમદાવાદ.

સંસારદર્શન.

संसार तव निःसार पदवी न दवीयसी ।
अन्तरा दुस्तरा न स्युर्यदि रे मदिरेक्षणाः ॥

હે સારશૂન્ય સંસાર! જો ત્હારી અંદર ઘણી મુશ્કેલીથી તરી શકાય એવી તથા જેમનાં મદભરેલાં લોચન છે એવી જો સ્ત્રીઓ ન હોત તો ત્હારો માર્ગ ઘણો દૂર-વિકટ ન ગણાત.

संसारविषवृक्षस्य द्वे फले ह्यमृतोपमे ।
काव्यामृतरसास्वाद आलापः सज्जनैः सह ॥

સંસારરૂપી વિષવૃક્ષનાં અમૃત જેવાં બે ફળ છે; એક કાવ્યરૂપ અમૃત અને બીજું સજ્જનો સાથેનો આલાપ.

दुःखाङ्गारकतीव्रः संसारोऽयं महानसो गहनः ।
इह विषयामृतलालस मानसमार्जार मा निपत ॥

આ સંસાર દુઃખરૂપ અંગારાથી તીવ્ર એવું એક ગહન રંધનગૃહ છે; તેથી વિષયરૂપી અમૃતની ઇચ્છાવાળા હે મનરૂપ બિલાડા! તેમાં તું પડીશ નહિ. (અર્થાત્ હે મન! તું વિષયથી ભરપુર સંસારમાં પડીશ નહિ.

अयमविचारितचारुतया संसारो भाति रमणीयः ।
अत्र पुनः परमार्थदृशा न किमपि सारमणीयः ॥

આ સંસાર, તેના સૌન્દર્યનો વિચાર કર્યા સિવાય જ સુંદર દેખાય છે; કિન્તુ પરમાર્થ (વાસ્તવિક) દૃષ્ટિથી જોતાં તેમાં સહજ પણ સાર નથી.

ॐ तत्सत्परमात्मने नमः ।

મધુ-માલતી

અથવા

વીસમી સદીનું વિશ્વદર્શન !

ભાગ ૧ લો.

પ્રકરણ ૧ લું.

લાવણ્યમયી લિલિયન.

" To see her is to love her,
And love *but her* for ever;
For nature made her what she is.
And never made another". — *Burns.*

મધ્યાન્હકાળનો સમય થવાને થોડો વિલંબ હતો. ચૈત્ર માસનો દિવસ હોવાથી વિશેષ તાપ જણાતો નહતો. આકાશમાં કેટલાંક વાદળાંઓ એકત્ર થઈ ગયાં હતાં. સમુદ્રનાં મોજાં કિનારાના પત્થરો સાથે અથડાઇ ગંભીર ગર્જના કરી જળ ઉડાવતાં હતાં. વિક્ટોરિયા ડૉકપર અસંખ્ય મનુષ્યો આ સમયે

એકત્રિત થઇ ગયેલાં હતાં. તેઓમાં ખોજા, મુસલમાન, ક્રિશ્ચિયન, યૂરોપિયન, દક્ષિણી, ભાટિયા વગેરે જાતિનાં મનુષ્યોનો સમાવેશ થયેલો હતો. બરાબર બાર વાગ્યે આજે વિલાયતની એક સ્ટીમર ઉપડવાની હતી. વિદેશમાં જનાર મુસાફરોને વિદાયગીરી આપવા, માનપાન આપવા તથા અભિનન્દન આપવા કેટલાંક સ્નેહી સંબંધી જનો આવેલાં હતાં. વિવિધ જાતિનાં મનુષ્યોનું આ સ્થળે એક પ્રદર્શન જ થઈ રહ્યું હોય એવો ભાસ થતો હતો.

યથા સમયે પરદેશગમન કરનાર મનુષ્યો સ્ટીમ લૅાંચમાં બેસી સ્ટીમર તરફ જવા લાગ્યાં. આવજો-પધારજો-કાગળ પત્ર લખતા રહેજો-શરીર સંભાળજો એવાં અર્થસૂચક વાક્યો વિવિધ ભાષામાં ઉચ્ચારાવા લાગ્યાં.

વિદેશગમન કરનારાઓમાં એક હિન્દુ યુવક પણ હતો કે જેની સાથે આપણી આ નવલકથાનો વિશેષ સંબંધ છે; તેથી અત્રે હાલ તરત આપણે તેના તરફ જ ધ્યાન આપીશું.

એ નવયુવકનું નામ કાન્તિપ્રસાદ હતું. હમણાં તેની ઉમ્મર સત્તાવીશ અઠાવીશ વર્ષની હોઇ વિશ્વવિદ્યાલયની પરીક્ષામાં માનસહ પસાર થઈ બૅરિસ્ટર થવા માટે તે વિલાયત જતો હતો. તેનું શરીર ઘઉં વર્ણું હતું. મુછો ફ્રેંચ ફેશનની હતી. મસ્તકપર ક્રિશ્ચિયન કૅપ, શરીરપર શર્ટ, વેસ્ટ, કોટ, કૅાલર ટાઇ વગેરે હોઇ એક ગરમ કપડાનું પેન્ટ તેણે પહેરેલું હતું. પગમાં સુપ્રસિદ્ધ બોસ્ટોક કંપનીના બૂટ હતા. તેનું શરીર એકવડું હોવા છતાં બ્રહ્માએ તેને સૌન્દર્ય સમર્પણ કરવામાં કમીના રાખી નહોતી. તે વીસમી સદીના સુધરેલા જમાનાનો પાશ્ચાત્ય વિદ્યાભિલાષી નવયુવક હતો એટલું જ કહેવું બસ થશે.

કાન્તિપ્રસાદના પિતા હરિપ્રસાદની આ નવલકથાના આરંભ

સમયે પ્રૌઢાવસ્થામાં હતા. તેમના મસ્તકના અને દાઢી મુછોના ઘણાખરા વાળ સફેદ થઇ ગયા હતા; આમ છતાં પ્રૌઢાવસ્થાને લીધે તેમની વિકારવૃત્તિ શાન્ત થઇ ગઇ હતી કે કેમ એ સંબંધી હમણાં અમે કાંઇ જણાવી શકતા નથી. તેઓ અમદાવાદ પાસે આવેલા સાણંદ ગામમાં એક પ્રતિષ્ઠિત અને શ્રીમંત પુરુષ ગણાતા હતા. તેમના તાબામાં પુષ્કળ જમીન હતી તેનું ઉત્પન્ન તથા વ્યાજ વગેરેનું મળી તેમનું વાર્ષિક ઉત્પન્ન આશરે ચાર હજાર રૂપિયાનું હતું. હમણાં તેઓ વિધુર હતા. તેમને બે પુત્રો હતા. તેમાં મ્હોટાનું નામ કાન્તિપ્રસાદ અને ન્હાનાનું નામ વિહારીપ્રસાદ હતું. વિહારીપ્રસાદની ઉમ્મર એકવીસ વર્ષની હોઇ મુંબાઇની વિલ્સન કૉલેજમાં તે ઇન્ટરનો અભ્યાસ કરતો હતો. કાન્તિપ્રસાદનો વિવાહ અમદાવાદના જ એક પ્રતિષ્ઠિત ગૃહસ્થની પુત્રી સાથે થયો હતો અને વિહારીપ્રસાદનો વિવાહ નડિયાદમાં કરવામાં આવ્યો હતો; કાન્તિપ્રસાદનું લગ્ન થઇ ગયું હતું; કિન્તુ તેના ન્હાના ભાઇનું લગ્ન થયું નહોતું. બન્ને ભાઇઓ વિદ્યાભ્યાસ તરફ વિશેષ ધ્યાન આપતા હતા. શ્રીમંતનાં સંતાનો વિદ્યાભ્યાસ તરફ મુખ્યત્વે કરીને દુર્લક્ષ્ય રાખે છે એ સૂત્રને તેઓ અપવાદરૂપ હતા; છતાં તેમના બન્નેનામાં પણ કેટલીક ખામીઓ તો હતી જ, અને તે ખામીઓ આજકાલના ધર્મશૂન્ય શિક્ષણને લીધે જ તેમનામાં જોવામાં આવી હતી.

બંદરપર કાન્તિપ્રસાદને વળાવવા માટે તેના પિતા, ભ્રાતા અને કેટલાક સ્નેહીઓ આવેલા હતા. ઉપડવાનો સમય થયો એટલે હરિપ્રસાદે પુત્રને પોતાની પાસે બોલાવીને કહ્યું:—“ભાઇ ! જોજે, વિદેશમાં જઇ તું કોઇ પણ રીતે ત્હારા ધર્મનો ત્યાગ કરીશ નહિ. **स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः** એ સૂત્ર સદૈવ સ્મરણમાં રાખજે. દરેક મેઇલમાં તું ત્હારા શારીરિક કુશળવર્તમાન મ્હારાપર

અને વિહારીપર લખતો રહેજે. જ્યાં સુધી ત્હારા સુખરૂપ પહોંચ્યાનો ઉત્તર આવશે નહિ ત્યાં સુધી હું નિશ્ચિંત થઇ શકીશ નહિ."

"એ માટે આપ તદ્દન નિશ્ચિંત રહેજો. પત્ર લખવામાં હું બિલ્કુલ આળસ કરીશ નહિ." આવી રીતે આશ્વાસન આપી સર્વેની પાસેથી વિદાય લઇ કાન્તિપ્રસાદ સ્ટીમ લૉંચમાં બેઠો. પુત્રને મુસાફરીમાં કોઇ પણ પ્રકારનું કષ્ટ વેઠવું પડે નહિ એટલા માટે હરિપ્રસાદે તેને ફર્સ્ટ કલાસની ટિકીટ લઇ આપી હતી. સ્ટીમ લૉંચ દૃષ્ટિમર્યાદામાંથી અદૃશ્ય થઇ એટલે સર્વે વિદાય થયાં.

યથા સમયે સઘળા ઉતારુઓ સ્ટીમ લૉંચમાંથી સ્ટીમરપર ચઢી ગયા અને સ્ટીમર કિલયોપેટ્રાએ મુંબાઇના કિનારાનો ત્યાગ કર્યો. શીતળ વાયુ વિહરવા લાગ્યો. સમુદ્રમાંથી મોહમયી મુંબાઇ નગરીનો દેખાવ ઘણો મનોરંજક લાગતો હતો. વિધાતાનું વિધાન કેવું વિચિત્ર છે તેની આ સમયે અંતરમાં કલ્પના ઉપજતી હતી. જે સ્થાન એક વખતે સમુદ્રના અગાધ જળમાં ઢંકાઇ રહ્યું હતું તેજ સ્થળે હમણાં મોહમયી મુંબાઇ નગરીનું અસ્તિત્વ છે. જળ આગળ સ્થળ અને સ્થળ આગળ જળ થયા જ કરે છે. સુપ્રસિદ્ધ ભુગર્ભશાસ્ત્રીઓનાં પુસ્તકો વાંચતાં વિધાતાના વિચિત્ર વિધાનને સર્વાંશે સમજી શકાય તેમ છે.

સ્ટીમરમાં ફર્સ્ટકલાસ પેસેન્જરોની સંખ્યા થોડી હતી ત્યારે સેકન્ડ કલાસ અને થર્ડ કલાસ પેસેન્જરોની સંખ્યા ઘણી વધારે હતી. જે કૅબિનમાં આપણા કાન્તિપ્રસાદે મુકામ કર્યો હતો તેની પાસેની જ એક કૅબિનમાં એક વર્ષીયસી આંગ્લ મહિલા તેની વીસેક વર્ષની કન્યા લિલિયન સાથે સ્વદેશમાં જતી હતી. પુત્રીસહ તે હિન્દુસ્તાન દેશને જોવા આવી હતી. ઇચ્છિત સ્થળોનું દર્શન કરી પાછી તે આ સ્ટીમરમાં બેસી સ્વદેશ તરફ જતી હતી. તેની ઉમ્મર જો કે પચાસેક વર્ષની

હતી; છતાં અંગ્રેજી સ્ત્રીઓની માફક તેનું શરીર હજી સંપૂર્ણ સશક્ત જોવામાં આવતું હતું. એક આંગ્લ રમણી ચાળીસ વર્ષની હોય અને હિન્દુસ્તાનની પચીસ વર્ષની હોય છતાં એ બન્નેનું શરીર સમાન જોવામાં આવે છે એ એક વૈચિત્ર્ય જ છે. વિદેશી સ્ત્રીઓનું શારીરિક આરોગ્ય જેટલું ઉત્તમ જોવામાં આવે છે તેટલું જ ઉત્તમ આરોગ્ય આર્યનારીઓનું જોવામાં આવતું નથી એ અત્યંત ખેદની વાત છે. સ્ત્રીઓની ઉન્નતિ ઇચ્છનાર વ્યક્તિઓએ આ મહત્વના ગંભીર પ્રશ્નપર સત્વર ધ્યાન આપવાની જરૂર છે.

બાળિકા લિલિયન સુંદરતાનો અદ્વિતીય નમૂનો હતો. ખુલ્લા કિરમજી રંગનો તેનો સુવિસ્તૃત કેશકલાપ કામીઓના કાળજાંને વીંધી નાંખવાને બસ થઇ પડે તેમ હતો. એ કેશકલાપ મુખરૂપી ચંદ્રમાંથી અમૃત પીવા માટે આવેલો નાગ હોય, શરીરની કાન્તિથી પલાયન કરી જઇ પાછળના ભાગમાં એકત્ર થયેલો અંધકાર હોય, યુવાનોના ચિત્તરૂપી ઘોડાને કાબૂમાં રાખવા કામદેવે બનાવેલી ચાબૂક હોય એવો લાગતો હતો. એની ભમરો કામી લોકોપર કટાક્ષરૂપ બાણુ ફેંકવા કામદેવે ગોઠવેલી કમાનો હોમ કિંવા મદોન્મત્ત થયેલા યૌવનરૂપી હાથીની મદલેખાઓ હોય એવી જણાતી હતી. તેનાં નયનોના કટાક્ષોની વૃષ્ટિ મ્હોટા મ્હોટા યોગીશ્વરોને પણ મદનાધીન કરી શકે તેમ હતી. તેના ઓષ્ઠ પરવાળા જેવા હતા. પોતે રાતા હોવા છતાં વિરક્ત લોકોનાં અંતઃકરણોને પણ મલિન કરી નાખે એવા હતા. દાડમકલિઓ જેવી મનોહર તેની દંતપંક્તિ હતી. તેનું મુખ નિષ્કલંક ચંદ્રના જેવું મનોહર હતું. દિવસમાં ચંદ્રથી ભ્રષ્ટ થતી અને રાત્રે કમળથી ભ્રષ્ટ થતી લક્ષ્મીના રહેવાના સ્થાનરૂપ હતું. તેનો કંઠ કોકિલાના કંઠને પણ ચઢી જાય એવો હતો તેના ન્હાના ન્હાના કઠિન સ્તન કામદેવના

રાજ્યાભિષેક માટે તૈયાર કરેલા કનકકલશ હોય એવો ભાસ થતો હતો. ટૂંકમાં આ લાવણ્યમયી લિલિયનના સૌંદર્યનું વર્ણન તો જો કામદેવ સ્વતઃ કવિ થાય તો જ યથાસ્થિત થઇ શકે એવું હતું.

લિલિયનને જોતાં જ—પ્રથમ દર્શને જ આપણો કાન્તિપ્રસાદ અસ્થિર બની ગયો. તેની દૃષ્ટિ ચંચળ થઇ ગઇ. એ કામદેવના પ્રહારથી કંપી ઉઠયો હતો. રાત્રિ દિવસ, બાયરન, બર્ન્સ અને શેક્સપિયરનાં પુસ્તકોનો અભ્યાસક પોતાની જાતિ, સ્થિતિ, સફળતા વગેરેનું વિસ્મરણ કરી પાશ્ચાત્ય બાળિકા લિલિયનપર મોહિત બની ગયો. શરીરના વિકારોને છુપાવવા જતાં તેનું શરીર રોમાંચિત થતું હતું.

થોડા સમય પછી તે શર્માતો શર્માતો લિલિયનની કૅબિનમાં ગયો. સ્હાંજના ભોજનને થોડો વિલંબ હતો. લિલિયન અને તેની માતા મેરી ખુરસીઓપર બેસી વાતચિત કરતાં હતાં. એવામાં કાન્તિપ્રસાદને પોતાની કૅબિનમાં આવેલો જોઇ તેઓ આશ્ચર્યચકિત બની ગયાં; છતાં ઘણાખરા અંગ્રેજો કે જેઓ ભારતવાસીઓ તરફ તિરસ્કાર ભરેલી દૃષ્ટિથી જુએ છે એવાં તેઓ નહોતાં. તેમનું અંતઃકરણ સદાશયપરિપૂર્ણ અને ઉદાર હતું. મેરી સાર્વભૌમિક પ્રેમને સારી રીતે સમજતી હતી. તેણે કાન્તિપ્રસાદ તરફ હાસ્યમુખે જોઇને કહ્યું:–“ભલે પધાર્યા. આવો, ખુરસીપર બેસો.”

“આપની રજા સિવાય હું અત્રે આવ્યો છું તેથી જો મ્હારો કાંઇ અપરાધ થયેલો લાગતો હોય તો ક્ષમા આપજો.”

“ના ના–એવું કાંઈ નથી. આપ બેલાશક બેસો. મુસાફરીમાં સાથી સિવાય આનંદ અનુભવી શકાતો નથી.” લિલિયને કોમલકંઠથી–રૂપાની ઘંટડી જેવા અવાજથી કહ્યું.

“આપની ઉદારતા જોઇ હું અત્યંત આનંદિત થાઉં છું. હવે

જો આપ મ્હને આપનો પરિચય આપશો તો હું કૃતાર્થ થઇશ." કાન્તિપ્રસાદે ઉત્સુકતાથી પૂછ્યું,

આ પ્રશ્નના ઉત્તરમાં મેરી ગંભીરતાથી કહેવા લાગીઃ—"મ્હારું નામ મિસિસ મેરી સ્ટુઅર્ટ છે, અને મ્હારી આ હસમુખી પુત્રીનું નામ લિલિયન છે. લિલિયનના પિતા મિ૦ સ્ટુઅર્ટ ઑાક્ષફર્ડ યુનિવર્સીટીમાં ઇંગ્લિશ લિટરેચર (સાહિત્ય) ના પ્રૉફેસર હતા. લિલિયનની જ્યારે બાર વર્ષની ઉમ્મર હતી ત્યારે તેઓ પરલોકવાસી થયા. લિલિયનપર તેમનો એટલો બધો પ્રેમ હતો કે જેનું સ્મરણ થઇ આવતાં હજી પણ મ્હારાં નેત્રોમાં અશ્રુજળ ભરાઇ આવે છે." આટલું બોલતાંમાં તો પતિપ્રાણા મેરીનાં નયનોમાંથી અશ્રુજળની વૃષ્ટિ થવા લાગી; આથી વિષણ્ણ બની જઇ આપણા કાન્તિપ્રસાદે કહ્યુંઃ—"આપ સમજુ છો. જીવ માત્રને એક દિવસ મરણને શરણ થવાનું છે; તેથી એ માટે શોક કરવો વૃથા છે. પ્રત્યેક મનુષ્યપર મૃત્યુ એક પ્રકારનું દેવું છે. એ દેવું અદા કર્યા સિવાય કોઇનો છુટકો થતો નથી; માટે શાન્તિ ધારણ કરી શોકને દૂર કરો."

થોડા સમય પછી આત્મસંવરણ કરીને મેરીએ કહ્યુંઃ—"હવે આપ આપનો પરિચય આપશો કે?"

"જી હા. હું મુંબાઇ યુનિવર્સિટીનો ગ્રેજ્યુએટ છું. બૅરિસ્ટર થવા માટે વિલાયત જાઉં છું. મ્હારું નામ મિ૦ કાન્તિપ્રસાદ એચ. દેસાઇ છે. હું નથી ધારતો કે મ્હારો આથી વિશેષ પરિચય આપને આપવાની જરૂર હોય." કાન્તિપ્રસાદે ટુંકમાં જ પોતાની ઓળખાણ આપી.

"વાહ વાહ! ત્યારે તો હું આપને અંતઃકરણપૂર્વક અભિનન્દન આપી આપની ઇચ્છા સફળ થાઓ એમ ચ્હાઉં છું. વારું, આપ પ્રથમ ક્યાં જશો?" લિલિયને કહ્યું.

" હું ઇંગ્લેન્ડથી સર્વથા અપરિચિત છું; તેથી પ્રથમ ક્યાં જવું અને શું કરવું તેનો કશો નિર્ણય કરી શક્યો નથી." કાન્તિપ્રસાદે કહ્યું.

" ત્યારે તો આપ અમારા ગેસ્ટ (મહેમાન) થજો. અમારે ત્યાં આપને કોઇ પણ પ્રકારની અડચણ વેઠવી પડશે નહિ." લિલિયને હાસ્ય મુખે પ્રસ્તાવ કર્યો.

" આપની કૃપા અને ઉદારતા માટે હું આપનો જેટલો આભાર માનું તેટલો થોડો છે; છતાં આપને ત્યાં ઉતરી હું કષ્ટકર્તા થવાને ઇચ્છતો નથી." કાન્તિપ્રસાદે વિવેક દર્શાવ્યો.

" ના ના—એમાં કષ્ટ જેવું કાંઈ નથી. આપના સહવાસથી અમને પણ ઘણો આનંદ થશે. હિન્દુસ્તાનની અમારી મુસાફરીમાં ઘણા સુશિક્ષિત સદાશય હિન્દુલોકો સાથે અમારો પરિચય થયો છે. એ ઉપરથી હું એમ ચોક્કસ સમજી શકી છું કે, હિન્દુજાતિનું હૃદય ઉદાર અને મહત્ છે. હિન્દુસ્તાનને સ્વર્ગભૂમિની ઉપમા આપવામાં આવે છે એમાં બિલકુલ અતિશયોક્તિ નથી જ એવો મ્હારો પ્રામાણિક મત છે." મેરીએ કહ્યું.

" આપનાં આ વચનો આપનું જ સૌજન્ય દર્શાવે છે. જે આર્ય જાતિની આપ આટલી બધી પ્રશંસા કરો છો તે જ આર્યજાતિનો આદર્શ ભૂતકાળમાં વર્તમાનકાળથી પણ ઘણો ઉચ્ચ હતો; પરંતુ સમયની બલિહારી છે. પોતાની અવનતિથી જ—અંદર અંદરના કુસંપથી જ આજે આર્યજાતિ પરાધીનતાના બંધનમાં બંધાયલી છે. જે આર્યપ્રજામાં ભીષ્મપિતામહ જેવા જીવનપર્યંત બ્રહ્મચારી રહેનારા વીર પુરુષો ઉત્પન્ન થયા હતા, પોતાના પરાક્રમનો પરિચય એક પ્રસંગે જેમણે સમસ્ત જગતને કરાવ્યો હતો તે જ જાતિની આધુનિક નિર્બળતાનું દર્શન કરતાં અત્યંત શોક થાય છે." કાન્તિપ્રસાદે આધુનિક

હિન્દુસ્તાનની સ્થિતિનો સહજ આભાસ આપ્યો.

"પરંતુ એથી નિરાશ થવાની જરૂર નથી. પ્રત્યેક જાતિની ઉન્નત સ્થિતિ કાંઇ સદા સર્વદા કાયમ રહેતી નથી. જે અંગ્રેજ જાતિ આજે સમસ્ત જગતપર સત્તા ભોગવે છે તેની પણ કાળક્રમે કેવી સ્થિતિ થશે, તેનું ભવિષ્ય કેવું હશે એ કાંઇ કહી શકાય તેમ નથી. સ્વાધીનતાની ગતિ એવી વિચિત્ર હોય છે કે તે ક્યારે કયાંથી આવી કયાં જશે એ સમજી શકાય તેમ નથી." મેરીએ ઉચિત વાક્યો કહ્યાં.

"હવે જમવાનો સમય થવા આવ્યો છે. હમણાં જ બેલ થશે એમ હું ધારું છું." લિલિયને કહ્યું.

તરત જ મેરીએ ઉઠીને સ્ટીલ ટ્રંકમાંથી એકસો નંબર વનની બ્રૅન્ડીની એક બૉટલ, બે ગ્લાસ વગેરે બ્હાર કાઢી વચ્ચેના રાઉન્ડ ટેબલપર મૂકયું અને એક ગ્લાસમાં બ્રૅન્ડી રેડતાં કાન્તિપ્રસાદને તેણે પૂછ્યું:—"મિ૦ કાન્તિપ્રસાદ ! આપ લેશો કે ?"

"ના જી—મ્હને ક્ષમા કરો." કાન્તિપ્રસાદે ઉત્તર આપ્યો.

"કેમ, એક પેગ લેવામાં શી હરકત છે ? દરિયાઇ સફરમાં તો બ્રૅન્ડી લેવાની ખાસ જરૂર પડે છે. તે સિવાય ગુડ સેલર (ચાલાક પ્રવાસી) રહી શકતું નથી." લિલિયને સહજ આગ્રહ કર્યો.

પાશ્ચાત્ય વિદ્યાવિલાસી કાન્તિપ્રસાદ જો કે સમજુ યુવક હતો. હિન્દુશાસ્ત્રોમાં મદ્યપાનનો નિષેધ કરેલો છે એ તે જાણતો હતો. છતાં હજી સુધી તેનામાં માનસિક બળ જોઇએ એટલું નહોતું. વળી લિલિયનના ઉપર તેને અનુરાગ ઉપજેલો હોવાથી તે તેના આગ્રહને અમાન્ય કરવાની ઇચ્છા રાખતો નહોતો. તેણે લજ્જિત બની જઇ લિલિયન તરફ જોઇને કહ્યું:—"ભલે ત્યારે જેવી ઇચ્છા."

લિલિયને પોતાના હાથે જ એક કાચના ગ્લાસમાં એક પેગ બ્રૅન્ડી રેડી તેમાં સોડાનું મિશ્રણ કર્યું, અને સુરાસુંદરીથી ભરેલો ગ્લાસ તેણે કાન્તિપ્રસાદના હાથમાં આપ્યો. આ સમયે લિલિયનના હાથ સાથે પોતાના હાથનો સ્પર્શ થવાથી કાન્તિપ્રસાદે વિચિત્ર સ્થિતિ અનુભવી. એ સ્પર્શથી તેનું સર્વાંગ અલ્પકાળ માટે રોમાંચિત થઇ ગયું !

'ગુડ લક' ના ઉચ્ચારસહ ત્રણે જણાંએ સુરાસુંદરીનો સ્વીકાર કરી લીધો. પછીથી લિલિયને કહ્યું:—

"Men being reasonable must get drunk,
Tne best of life is but intoxication."

"ના ના–લિલિયન ! આજે તો આપનું માન રાખવા માટે જ મ્હેં મદ્યપાન કર્યું છે; પરંતુ હવેથી મ્હને આવો પ્રસ્તાવ આપ કૃપા કરીને કરશો નહિ. એક વિદ્વાન્ અંગ્રેજ સદાશય ગૃહસ્થે જણાવ્યું છે કે, "Touch not, taste not, smell not, drink not anything that intoxicates" કાન્તિપ્રસાદે કહ્યું.

"આપે મ્હારા માનને રાખ્યું છે એ માટે હું આપનો આભાર માનું છું; પરંતુ આપ જાણતા હશો કે, પ્રત્યેક વસ્તુ કિંવા નિયમમાં અપવાદ તો અવશ્ય હોય છે જ. સમુદ્રની મુસાફરીમાં સુરા એ એક અમૂલ્ય ઔષધ સમાન છે. આપ ધર્મભોળા બની પ્રકૃતિને બગાડો એ ઇચ્છવા યોગ્ય નથી." લિલિયને મોહયુક્ત દૃષ્ટિથી કાન્તિપ્રસાદ તરફ જોઇ રહીને કહ્યું.

આટલી વાતચિત થઈ હશે એવામાં જમવાનો વખત થવાનું સૂચવતો બેલ વાગ્યો. સર્વ જમવા ચાલ્યાં ગયાં. સ્ટીમરપર હિન્દુ અને અંગ્રેજોના જમવાની વ્યવસ્થા જૂદી હોવાથી કાન્તિપ્રસાદ લિલિયનથી છૂટો પડ્યો.

*　　*　　*　　*

ચાંદની રાત્રિ હતી. ચંદ્રદેવનાં શીતળ કિરણો સમુદ્રના જળ રાશીમાં ક્રીડા કરી રહ્યાં હતાં. વાયુ સ્વચ્છંદતાથી ફુંકાતો હતો. આકાશ સ્વચ્છ હતું. નક્ષત્રમાળાનું શોભા સૌન્દર્ય અલૌકિક ભાસતું હતું. કેટલાંક માણસો ડેક પર ફરતાં હતાં. કાન્તિપ્રસાદ પણ જમીને ડેકપર ગયો હતો તથા ત્યાં ફર્યા કરતો હતો. એવામાં મેરી પણ લિલિયન-સહ ત્યાં ઉપસ્થિત થઇ. તેને જોઇને કાન્તિપ્રસાદે કહ્યું:—આવો આવો—જુઓ તો ખરાં કે કેવો રમણીય દેખાવ નજરે પડે છે!"

ત્રણે જણાં સાથે ફરવા લાગ્યાં. એવામાં કાન્તિપ્રસાદે કહ્યું:—જો આવા રમણીય સમયે સંગીત સાંભળવાનું મળે તો જીવને કેટલો બધો આનંદ થાય? સંગીતના જેવી શાન્તિદાયિની વસ્તુ વિશ્વમાં બીજી એક પણ નહિ હોય એવી મ્હારી નમ્ર માન્યતા છે."

આ સમયે લિલિયન હાસ્યમુખે બોલી ઉઠી:—"વાહરે વાહ! આપને સંગીતના આટલા બધા પક્ષપાતી જોઈ હું અતિ આનંદિતા થાઉં છું. મ્હને પણ બાલ્યાવસ્થાથી સંગીત પ્રતિ ઘણી પ્રીતિ છે. આપણી કૅબિનમાં મ્હારો પિયાનો તૈયાર છે; તેથી ચાલો ત્યાં જઈને આપણે બે ઘડી સંગીતવિનોદ કરીએ. માતાજી, તમે પણ ચાલો."

"ના, તમે બન્ને જણાં જઇને સંગીત વિનોદ કરો. હું થોડા સમય પછી આવું છું." મેરીએ કહ્યું.

"જેવી ઇચ્છા." કહીને લિલિયન કાન્તિપ્રસાદનો હાથ પકડી પોતાની કૅબિન તરફ જવા લાગી, કૅબિનમાં ગયા પછી બન્ને જણાં ખુરસીઓપર બેઠાં. લિલિયન પિયાના પાસે બેઠી અને તેણે કહ્યું;-"મિ. કાન્તિપ્રસાદ! આપે Bonnie Prince Charlie નું ગાન સાંભળ્યું છે કે?"

અંગ્રેજી ઇતિહાસમાં જે Young Pretender નામથી પરિચિત છે તેનું નામ આજે સ્કૉટલૅન્ડમાં પણ Bonnie Prince Charlie છે. હજી પણ એ દેશના લાખો લોકો Prince Charlie ને જ તેમનો પ્રકૃત રાજા સમજે છે. જો હમણાં તેનો કોઇ વંશ જ હોય તો તે જ સ્કૉટલૅન્ડના સિંહાસનનો ખરો અધિકારી છે. હજી પણ હમ્મેશાં સ્કૉટલૅન્ડનાં જંગલોમાં, નદી કિનારે, પર્વત શિખરપર વગેરે પ્રાકૃતિક સ્થળે Bonnie Prince Charlie સંબંધી સેંકડો સંગીત સાંભળવામાં આવે છે.

કાન્તિપ્રસાદની અનુમતિ મળતાં લિલિયને જે સંગીત ગાયું તેની પ્રત્યેક કડી નીચે એવી લીટી આવતી હતી કેઃ—

Charlie's my darling–my darling–my dariing."

સંગીત સમાપ્ત થયા પછી લિલિયને કહ્યું:—" મિ. કાન્તિપ્રસાદ! આજે આપને પણ સંગીત ગાવું પડશે. આપના સંગીત સુધાનું પાન કરવાની મ્હારી પ્રબળ ઇચ્છા છે."

કાન્તિપ્રસાદે મુંબાઇમાં પણ કેટલીક કૉન્સર્ટ પાર્ટીઓમાં ઉત્તમ અભિનય કર્યો હતો. પિયાના સાથે પણ તે સારી રીતે ગાઇ શકતો હતો તેથી તેણે કહ્યું:—"આપની આજ્ઞા હું અમાન્ય કરી શકતો નથી; પરંતુ આપના કોકિલ કંઠ આગળ મ્હારો કંઠ કશા કામનો નથી."

"પોતાના મુખે કાંઇ કોઇ પોતાના ગુણની પ્રશંસા કરે છે?" લિલિયને કહ્યું.

પછી કાન્તિપ્રસાદે પિયાના પાસે બેસી કવિ બર્ન્સ રચિત "My love is like a red–red rose." નામનું વિખ્યાત ગાન ગાયું. અમે નીચે તેનો એક અક્ષમ ગુર્જરાનુવાદ આપીએ છીએ:–

"પ્રાણાધિક પ્રિયતમા, જાણે ગુલાબ પુષ્પ,
નવીન વસન્તે વિકસિત.
મ્હારી છે એ પ્રાણ પ્રિયા—મધુર રાગિણી જેવી,
સુધા સ્વરે તાનલયે ગીત.
અપૂર્વ તું સુંદરી છે, મ્હારી ઓ પ્રેયસી બાલા,
પ્રેમ મ્હારો કેટલો ગભીર!
સકળ સિન્ધુનું જળ, સુકાશે ન જ્યાં સુધી,
રૌદ્ર તાપે ગળે ના ગિરિ;
ત્યાં સુધી પ્રણય મ્હારો, સદૈવ રહેશે સ્થિર,
સેંકડો જન્માંતર ફરી.
વિદાય તું આપ હવે, સખિ! માત્ર થોડા દિન,
અંતરને દૃઢ કરીને,
સહસ્ર યોજન પથ, દૂર જો હું ચાલ્યો જઇશ,
તોય પણ આવીશ ફરીને.

ગાનનાં છેલ્લાં બે ચરણ કાન્તિપ્રસાદ વારંવાર ગાવા લાગ્યો:—

Sae fare thee well, my only love
And fare thee well awhile,
And I shall come again, my love,
Though it were ten thousand mile,
Though it were ten thousand mile, my love,
Though it were ten thousand mile—
And I shall come again my love,
Though it were ten thousand mile."

સંગીત સમાપ્ત થતાં જ લિલિયન હર્ષસૂચક સ્વરે બોલી ઉઠી:- "વાહ વાહ! આપ તો ઘણું સુંદર સંગીત ગાઇ શકો છો. મ્હને એમ જ થયા કરે છે કે રાત્રિ દિવસ આપની પાસે જ બેસી રહીને આપના સંગીત સુધાનું પાન કર્યા કરું. આપને અમારા મહેમાન થવું જ પડશે. હવે આપને હું સહેલાઇથી છોડવાની નથી. આપની પાસેથી હું ગુજરાતી વાંચન લેખનનું જ્ઞાન મેળવી ગુજરાતી સંગીત પણ શીખીશ."

"આપની પ્રત્યેક ઇચ્છા પરિપૂર્ણ કરવાને હું તૈયાર છું." કાન્તિપ્રસાદે કહ્યું.

એવામાં મેરી આવી પહોંચી અને કાન્તિપ્રસાદ મેરી તથા લિલિયન પાસેથી વિદાય લઈ પોતાની કૅબિનમાં જઈ શય્યાવશ થયો.

પ્રકરણ ૨ જું.

સહધર્મિણીનું સ્વપ્નદર્શન!

"શાસ્ત્રી મહારાજ—ઓ શાસ્ત્રી મહારાજ!"

પ્રભાતકાળનો સમય હતો. આવા સમયે એક ન્હાના જીર્ણ મકાન પાસે ઉભા રહીને એક વૃધ્ધે ઉપર પ્રમાણે હાંક મારી. પ્રભાતકાળ હોવાથી ઠંડી થોડી ઘણી લાગતી હતી. એ વૃધ્ધે પોતાના શરીરપર એક લાલરંગની-મૂલ્યવાન્ કસબી શાલ ઓઢી હતી. તેનો દેહ સહજ સ્થૂળ અને કાળા રંગનો હતો. આકૃતિ ખર્વ હતી. માથાના આગળના ભાગમાં ટાલ પડેલી હતી. પાછળ એક મ્હોટી ચોટલી હતી

માથાપર સફેદ પાઘડી મૂકેલી હતી. આ વૃદ્ધ આપણા કાન્તિપ્રસાદનો પિતા હરિપ્રસાદ હતો. તેણે પુનઃ ઉચ્ચ સ્વરે કહ્યું:—"શાસ્ત્રી મહાશય—ઓ શાસ્ત્રી મહાશય—" એમ કહીને તેણે દ્વારપર જોરથી હાથ પછાડ્યો.

"કોણ છે ?" અંદરથી પ્રશ્ન થયો.

"હું હરિપ્રસાદ છું."

"વારુ." અંદરથી વાક્યોચ્ચાર થયો, અને થોડા સમયમાં જ બારણાં ઉઘડ્યાં. વૃદ્ધ શાસ્ત્રી બ્હાર નીકળ્યો; તેણે કહ્યું:–"કોણ હરિપ્રસાદજી કે ? અત્યારે એકાએક શા માટે આવવું પડ્યું ?"

હરિપ્રસાદે પ્રણામ કરીને કહ્યું:—"એક જરૂરી કામ છે."

શાસ્ત્રી રામશંકરે જોયું કે, હરિપ્રસાદના મુખ તથા નેત્રોપર એક પ્રકારનો વિહ્વળ ભાવ હતો. શંકાશીલ બની જઇને તેણે પૂછ્યું;—"કેમ, સઘળાં સગાંવ્હાલાં તો કુશળતામાં છે ને ? કાન્તિભાઇના સુખ સમાચારનો પત્ર આવ્યો છે કે નહિ ?"

"સર્વે કુશળતામાં છે. આપ આપના બેઠકખાનામાં ચાલો."

"ભલે ચાલો." આમ કહી ઘરમાંનો દીપક હાથમાં લઇ રામશંકર શાસ્ત્રી હરિપ્રસાદને પોતાના બેઠકખાનામાં લઇ ગયો, તથા બન્ને જણા બેઠકખાનામાં બિછાવી રાખેલી ગાદીપર બેઠા. હરિપ્રસાદ સાણંદ ગામમાં એક સંપન્ન વ્યક્તિ હતો એમ અમે જણાવી ચુક્યા છીએ. તેણે બે વખત સંસાર કર્યો હતો. પ્રથમ પક્ષની સ્ત્રી બે બાળકો રાખીને સ્વર્ગવાસિની થઇ હતી. એ બાળકો–કાન્તિપ્રસાદ અને વિહારીપ્રસાદનો પરિચય આપણે મેળવી ચુક્યા છીએ. બીજા પક્ષની સ્ત્રી એક પણ સંતાનને જન્મ આપ્યા સિવાય આજકાલ કરતાં

એક વર્ષથી પરલોક પ્રયાણ કરી ગઇ હતી. ઘરમાં વડિલ વર્ગમાં હરિપ્રસાદજી ને તેની વૃદ્ધા ફોઇ હતી.

ગાદીપર બેઠા પછી અધીરતાથી રામશંકર શાસ્ત્રીએ પૂછ્યું:—
"શું છે તે હવે કહો જોઇએ ?"

"જુઓ સાંભળો, આપણે જે સઘળાં સ્વપ્ન જોઇએ છીએ તે સઘળું શું છે? આજકાલનાં પુસ્તકોમાં તો એવું જ લખેલું હોય છે કે, સ્વપ્ન એ અસત્ય કલ્પના જ છે; એ શું બરાબર છે ?"

શાસ્ત્રીએ વિચાર્યું કે, વૃદ્ધ હરિપ્રસાદજીએ કોઇ ખરાબ સ્વપ્ન જોયલું હોવું જોઇએ–તેથી એની પાસે કોઇ શાન્તિકાર્ય કરાવવું જોઇએ! તેણે કહ્યું:—"ના ના, સ્વપ્ન એ કાંઇ અસત્ય કલ્પના નથી. સ્વપ્નને કલ્પના સમજનારને કળિકાળનો ધર્મભ્રષ્ટ–આચારવિચારહીન માણસ સમજવો જોઇએ. એક વખત આપ આપણાં શાસ્ત્રો ઉઘાડી જુઓ જોઇએ. બ્રહ્મવૈવર્ત્તપુરાણમાં કેટલાક મ્હોટા મ્હોટા સ્વપ્ન દર્શનના અધ્યાય છે." આ વચનો ઉચ્ચારતાં તિરસ્કારથી શાસ્ત્રીની ભમર સંકુચિત થઇ. હરિપ્રસાદ શાન્ત રહી કશી ચિંતા કરવા લાગ્યો. થોડા સમય પછી શાસ્ત્રીએ પૂછ્યું:—"કેમ, આપના જોવામાં કાંઇ સ્વપ્ન બ્વપ્ન આવ્યું છે કે?" આમ કહીને પુનઃ તેણે ઉમેર્યું, "જો કોઇ ખરાબ સ્વપ્ન જોવામાં આવ્યું હોય તો ચિંતા કરવાની શી જરૂર છે? શાસ્ત્રમાં વિધાન છે. ઉપર્યુક્ત શાન્તિકાર્ય કરાવશો એટલે સઘળો દોષ–સઘળું અકલ્યાણ દૂર થઇ જશે."

"શાસ્ત્રી મહાશય! મ્હેં એક ઘણું આશ્ચર્યજનક સ્વપ્ન જોયું છે!" હરિપ્રસાદે ગંભીરતાપૂર્વક કહ્યું.

"કેવા પ્રકારનું આશ્ચર્યજનક સ્વપ્ન જોયું છે ?" વિશેષ અધીર બની જલદીથી શાસ્ત્રીએ પૂછ્યું.

"આપે જગદીશપ્રસાદની પુત્રી માલતીને જોઇ છે કે ? તેની ઉમ્મર તેર ચૌદ વર્ષની છે." હરિપ્રસાદે પૂર્વવત્ સ્વરે કહ્યું.

"કોને માલતીને કે ? હા, તેને તો મ્હેં સારી રીતે જોઇ છે. એક દિવસે જગદીશપ્રસાદ સાથે જ્યારે મ્હારી મુલાકાત થઇ ત્યારે તેમણે મ્હને કહ્યું હતું કે, "શાસ્ત્રી મહાશય! આપ ઘણે ઠેકાણે આવ જા કરો છો; હવે મ્હારી માલતીનો કન્યાકાળ ચાલ્યો જાય છે. એને માટે કોઈ સારું ઠેકાણું કૃપા કરી આપ શોધી કાઢોને." શાસ્ત્રીએ ઉત્તરમાં કહ્યું.

"ત્યારે તો આપ મ્હારી સાથે જ માલતીનો સંબંધ નક્કી કરી નાખો." હરિપ્રસાદે આગ્રહસૂચક સ્વરે કહ્યું.

આવો પ્રસ્તાવ સાંભળી રામશંકર શાસ્ત્રી વિસ્મિત બની જઇ થોડા સમય સૂધી એકાગ્રદષ્ટિથી હરિપ્રસાદના મ્હોં તરફ જોઈ રહ્યા. અંતે તેણે પૂછ્યું:—"શું પુનઃ સંસાર કરવાની આપની ઇચ્છા છે? મ્હેં તો એમ સાંભળ્યું હતું કે, ફરીથી સંસાર નહિ કરવાનો આપે દઢ નિશ્ચય કરેલો છે!"

"સાત પાંચનો વિચાર કરીને જ મ્હેં પહેલાં એવો દઢ નિશ્ચય કર્યો હતો. પહેલી વખતે જ્યારે હું ગૃહશૂન્ય થયો ત્યારે કાન્તિ અને વિહારી ન્હાના હતા. મ્હારી ઉમ્મર પણ તે વખતે ઘણી થોડી હતી. બીજી વખત મ્હેં વિવાહ કર્યો. બીજી વખતની સ્ત્રી આવી કાન્તિ અને વિહારીને મ્હોટા કરવા લાગી; પરંતુ હવે તો એ બન્ને જણા મ્હોટા થયા છે. થોડા સમય પછી તેઓ સંસારી થઇ જશે. તેમને બાળબચ્ચાં થશે. આવા સમયે જો હું પુનઃ ત્રીજી વખત સંસાર માંડું તો એક પ્રકારની અશાન્તિ ઉત્પન્ન થાય એ હું સારી રીતે જાણું છું; આમ હોવાથી પુનઃ વિવાહ નહિ કરવાનો મ્હેં

ચોક્કસ નિશ્ચય કર્યો હતો; કિન્તુ એક આશ્ચર્યજનક સ્વપ્ન મ્હારા જોવામાં આવ્યું છે."

"એવું તે કેવું સ્વપ્ન જોવામાં આવ્યું છે ?"

"છેલ્લી રાત્રે જાણે એવું સ્વપ્ન મ્હારા જોવામાં આવ્યું કે, મ્હારી પ્રથમ પક્ષની સ્ત્રી-કાન્તિ અને વિહારીની ગર્ભધારિણી-આવીને મ્હારા બિછાના પાસે બેઠી. તેણે મ્હારા માથાપર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું:- "હજી પણ હું તમને ભૂલી શકી નથી. હું જગદીશપ્રસાદની પુત્રી માલતી થઇને આલોકમાં આવી છું. એ અવતારમાં મ્હારી કશી ઇચ્છા પૂર્ણ થઇ નહોતી-પુનઃ તમે મ્હારી સાથે વિવાહ કરો-હું આવી કાન્તિ અને વિહારીની વહુ સાથે ઘરસંસાર કરીશ." હરિપ્રસાદે પોતાને આવેલા સ્વપ્નનું વર્ણન કહ્યું.

હરિપ્રસાદનો કંઠસ્વર, તેનો મુખભાવ વગેરે જોતાં તેણે કરેલા વર્ણનમાં શાસ્ત્રીને બિલકુલ સંદેહ રહ્યો નહિ. તેનું શરીર રોમાંચિત થયું. તેણે કહ્યું:—"હેં ! આપ આ શું કહો છો ?"

"જે કહું છું તે તદ્દન વ્યાજબી જ કહું છું."

બન્ને જણા નિસ્તબ્ધ થઇ ગયા. થોડા સમય પછી શાસ્ત્રીએ કહ્યું:—"આપને આશ્ચર્ય ઉપજતું હોય એમ લાગે છે !"

હરિપ્રસાદ ઉત્સાહિત ભાવથી કહેવા લાગ્યો:—"આશ્ચર્ય ન ઉપજે કે ? આપ હિસાબ કરી જુઓ. બરાબર પંદર વર્ષથી કાન્તિ અને વિહારીની ગર્ભધારિણી પરલોકવાસિની થઇ છે. ત્યાર પછી એક વર્ષે જ માલતીએ જન્મ ગ્રહણ કર્યો છે."

"રહો જોઇએ. એ વર્ષે હું વૃન્દાવન ગયો હતો. એ વર્ષે જ આપનાં સહધર્મિણીનો સ્વર્ગવાસ થયો હતો. એ સમયે શોકથી આપ અત્યંત આકુળ વ્યાકુળ બની ગયા હતા. આપે પણ મ્હારી સાથે

વૃન્દાવન આવવાનો વિચાર કર્યો હતો; પરંતુ કોઇ મહત્વનું કારણ ઉપસ્થિત થવાથી એ વિચાર આપને માંડી વાળવો પડયો હતો." શાસ્ત્રીએ કહ્યું.

"હા, એ સમયે ફોઇ બિમાર થઇ ગયાં હતાં."

"એમ હશે. હું વૃન્દાવન કયા વર્ષે ગયો હતો?" આમ કહી શાસ્ત્રી પોતાના મન સાથે હિસાબ કરીને કહેવા લાગ્યો, "એ વાતને બરાબર પંદર વર્ષ થયાં છે. ત્યાર પછી માલતીનો જન્મ થયો ક્યારે? અગીઆર માસ સુધી હું વૃન્દાવનમાં અને એક માસ સુધી કાશીમાં રહ્યો હતો. ઘેર આવીને મ્હેં એવા સમાચાર સાંભળ્યા કે, જગદીશ-પ્રસાદની સ્ત્રી ભારે ખોળે છે. એ સમયે જ માલતીનો જન્મ થયો હતો. મહાશય! આપના હિસાબમાં ભૂલ થઇ હોય એમ લાગતું નથી. આ ઘણો આશ્ચર્યજનક પ્રકાર છે!" આમ કહી દાઢીએ હાથ રાખી શાસ્ત્રી વિસ્મિત દૃષ્ટિથી હરિપ્રસાદ તરફ જોતો બેસી રહ્યો.

હરિપ્રસાદે ધીમે ધીમે કહેવા માંડયું:—"વળી બીજી પણ એક આશ્ચર્યજનક ઘટના જુઓ! મ્હારી દ્વિતીયપક્ષની પત્નીનો પરલોક-વાસ થયાને આશરે એક જ વર્ષ થયું છે ને? આ સમય દરમ્યાન ફોઇએ મ્હને ઘણી વખત એમ કહ્યું છે કે, 'ભાઇ! હું હવે વૃદ્ધા થઇ છું. હવે મ્હારે ક્યારે આ સંસારમાંથી વિદાય થવું પડશે એ કંઇ નક્કી નથી; માટે તું વિવાહ કરી સંસારી થા.' આ વાક્યોના ઉત્તરમાં હું તેમને એમ કહેતો કે, 'હવે આટલી મ્હોટી ઉમ્મરે સં-સારી થવાનો આગ્રહ મ્હને આપ શા માટે કરો છો? તમારા આ-શીર્વાદથી કાન્તિ અને વિહારી દીર્ઘાયુષી થાઓ—હવે તમે મ્હને પુનર્વિવાહ કરવાનું કહેશો નહિ.' મ્હારાં આ વચનો તરફ લક્ષ્ય નહિ આપતાં ફોઇ એમ કહે છે કે, 'મ્હારા માથાપર જેટલા વાળ છે

તેટલાં વર્ષ સુધીનું કાન્તિ અને વિહારીનું આયુષ્ય થાઓ; પરંતુ ભાઇ ! એકાદ વર્ષમાં બન્ને વહુઓને ઘેર લાવવી પડશે. એ સમયે બન્ને વહુઓની સંભાળ કોણ રાખશે ? તમે એક દેખાવડી સુંદર છોકરી શોધી કાઢીને તેની સાથે વિવાહ કરો. તમારા સંસારને સુખમય થયેલો જોવાની જ મ્હારી આંતરિક ઇચ્છા છે.’ આવી રીતે ફોઇએ અત્યાગ્રહ કરેલો હોવો છતાં આજ સુધી મ્હેં તે તરફ ધ્યાન આપ્યું નહોતું. શાસ્ત્રી મહાશય ! પરમ દિવસે સ્હવારે હું જગદીશ-પ્રસાદના મહોલ્લામાં ઉઘરાણી માટે ગયો હતો. એવામાં માલતી મ્હારી નજરે પડી. તેણે એક ઘાઘરી પહેરેલી હોઇ ઓઢણી ઓઢેલી હતી. માથાપરનો ચોટલો છુટો હતો. એનું સૌન્દર્ય જોવામાં આવતાં મ્હારી આંખોપર ઝાંખ ફરી વળી. તેને જોતાં જ ફોઇનો આગ્રહ યાદ આવ્યો. મ્હારા મનમાં એવો વિચાર ઉપજ્યો, ગામમાં સ્વજ્ઞાતિની આ પણ એક સુંદર કુમારિકા છે તેને જો હું ઘરમાં લાવું તો ફોઇ ઘણાં આનંદિતા થાય.’ શાસ્ત્રીજી ! આપનાથી કોંઇ છુપાવવાની મ્હારી ઇચ્છા નથી. એ દિવસે પ્રત્યેક ક્ષણે મ્હને માલતીના જ વિચારો આવ્યા કર્યા. તેનું ભુવનમોહન રૂપ, તેનાં નેત્રોના રામબાણ તથા ચિત્તને ચલિત બનાવી દે એવા ચંચળ કટાક્ષ વગેરેને હું ભૂલી શક્યો નહિ. મ્હારા મનમાં ને મનમાં એ માટે હું શર્માવા લાગ્યો. પછીથી પાછલી રાત્રે મ્હને આવું—આપને જણાવ્યું એવું સ્વપ્ન આવ્યું. મ્હારા મનની સ્થિતિ એટલી બધી અસ્થિર બની ગઇ છે કે ન પૂછો વાત! જ્યારે માલતીને મ્હેં જોઇ ત્યારે હું ક્યાં એમ જાણતો હતો કે, એ મ્હારા કાન્તિ અને વિહારીની ગર્ભધારિણી છે !”

શાસ્ત્રી રામશંકર હરિપ્રસાદના સ્વપ્નની આ સઘળી હકીકત સાંભળી રહ્યા હતા. એ હકીકત પૂર્ણ થઇ તો પણ તે નિસ્તબ્ધતાથી બેસી રહ્યા.

થોડા સમય સુધી ચુપ રહ્યા પછી હરિપ્રસાદે કહ્યું:—"હવે આવી સ્થિતિમાં આપ શી સલાહ આપો છો?"

"સ્વપ્નતત્વ ઘણું જ ગૂઢતત્વ છે. રહો રહો, એક શ્લોક મ્હને યાદ આવ્યો છે." આમ કહી શાસ્ત્રીએ ઉઠી પોતાના અંતઃપુરમાં પ્રવેશ કર્યો.

આ સમયે સ્હવાર થયું હતું. સર્વત્ર ઉગતા રવિનાં તેજોમય કિરણોના પ્રકાશનો વિસ્તાર થઇ ગયો હતો. ખુલ્લી બારીમાંથી હરિપ્રસાદ માર્ગ તરફ વ્યાકુળદષ્ટિથી જોઇ રહ્યો. કવચિત્ માર્ગપર એકાદ વ્યક્તિનો અવર જવર જોવામાં આવતો હતો.

થોડા સમયમાં જ શાસ્ત્રી પોતાના ડાબા હાથમાં એક પુસ્તક લઇ દીવાનખાનામાં પાછો આવ્યો. પછી ગાદીપર બેસી, પહેરણના ખીસ્સામાંથી, અમદાવાદના શુક્રવારમાંથી ખરીદેલાં ચાર પૈસાનાં ચશમાં બ્હાર કાઢી આંખોપર ચઢાવ્યાં. પુસ્તકનાં પૃષ્ઠ ઉલટાવતાં ઉલટાવતાં એક ઠેકાણે તેની દષ્ટિ આકર્ષાઇ. હરિપ્રસાદ ઉત્સુકતાથી શાસ્ત્રીની કાર્યપ્રવૃત્તિનું દર્શન કરી રહ્યો હતો. થોડા સમય પછી રામશંકર શાસ્ત્રી ઉત્તેજિત સ્વરે બોલી ઉઠયો:—"વારું, સ્વપ્ન જોયા પછી કેટલા સમયના અંતરે આપ જાગી ઉઠયા હતા?"

"સ્વપ્ન જોઈ રહેતાંની સાથે જ મ્હારી નિદ્રાનો ભંગ થઇ ગયો હતો. ત્યાર પછી તત્કાળ હાથ મ્હોં ધોઇ હું આપની પાસે સલાહ લેવાને અધીરતાથી દોડી આવ્યો છું." હરિપ્રસાદે ઉત્તર આપ્યો.

શાસ્ત્રીએ થોડા સમય સુધી પોતાના મનમાં કશો વિચાર કર્યા કર્યો. અંતે અત્યંત ગંભીરતા ધારણ કરીને તેણે કહ્યું:—"હરિપ્રસાદજી! આપ કબૂલ કરો."

"શું કબૂલ કરું?"

"એટલું જ કબૂલ કરો કે, જો માલતી સાથે હું તમારું ચોકઠું બેસાડી આપું તો જીવનમાં કદાપિ આપ મ્હને ભૂલી નહિ જાઓ." શાસ્ત્રીએ સ્વાર્થવશને થઇ કહ્યું.

શાસ્ત્રીનો સ્વર કંપતો હતો. તેના હાવભાવ જોઇ હરિપ્રસાદ અતિ વિસ્મિત બની ગયો. તેણે કહ્યું:—"કેમ શાસ્ત્રીજી, આપ આમ કેમ કહો છો? હું આપને ભૂલી જાઉં એ કદાપિ બને ખરું કે? આપ જેવા ગોર દેવતાના ઉપકારોનું વિસ્મરણ કરનાર વ્યક્તિ મહા મૂર્ખમતિ જ ગણી શકાય. વળી પરાપૂર્વથી આપણો કેવો ગાઢ સંબંધ છે એ સર્વે જાણે છે."

"ના ના—મ્હારું એવું કહેવું નથી કે આપ જેવા ઉદાર હૃદયના પરમોપકારી મહાનુભાવ મ્હારા ઉપકારને ભૂલી જશે. મ્હને આપ માત્ર એટલું જ કહો કે, જો હું આ વિવાહકાર્ય પૂર્ણ કરી નાખું અને તેનું શુભ પરિણામ આવે તો આપ મ્હારા જેવા આ ગરીબ બ્રાહ્મણના ઉપકારને ભૂલી નહિ જ જાઓ. આ વિવાહ મ્હારા લીધે જ થઇ શકયો છે એમ સમજી મ્હને દાનદક્ષિણા આપવામાં આપ કંજુસાઇ નહિ જ કરો!" શાસ્ત્રીએ પુનઃ સ્વાર્થ સૂચવ્યો.

આ વચનો સાંભળવામાં આવતાં હરિપ્રસાદના હર્ષનો પાર રહ્યો નહિ. તેણે વિચાર્યું કે, આવા પ્રકારના વિવાહમાં ઘણું શુભ ફળ શાસ્ત્રમાં લખેલું હોવું જ જોઇએ. તેણે સાનંદાતિશયથી કહ્યું:—"વારું, શાસ્ત્રી મહારાજ! હું આપનાં વચનો અંતઃકરણપૂર્વક કબૂલ કરું છું."

શાસ્ત્રી ગંભીરભાવથી કહેવા લાગ્યો:—"જો કમળા આપના પર કૃપા કરે—કૃપા તો કરેલી જ છે; છતાં વિશેષ કૃપા કરે—અત્યાર કરતાં પચીસ પચાસ ઘણી લક્ષ્મી આપને મળે તો આપ મ્હારો મ્હારી દરિદ્રાવસ્થામાંથી ઉદ્ધાર કરવાને કબૂલ થાઓ." લોભીઆ

વસે ત્યાં ધુતારા ભૂખે ન મરે એ સૂત્રને આધીન થઇ શાસ્ત્રીએ લોભ દર્શાવ્યો.

હરિપ્રસાદનું મસ્તક ભમવા લાગ્યું. અત્યાર કરતાં પણ પચીસ પચાસ ઘણી લક્ષ્મીની પ્રાપ્તિ ! અધધધ ! આટલી બધી સંપત્તિ ! શાસ્ત્રમાં શું લખેલું હશે તેનો જ તે પોતાના મનમાં ઘણો ઉંડો વિચાર કરવા લાગ્યો. શાસ્ત્રીએ અધીરતાથી કહ્યું:—" હવે આપ મ્હારી વાતનો શો ઉત્તર આપો છો ? "

હરિપ્રસાદે સાવધાનતાનું અવલંબન કરી કહ્યું:—"મહારાજ ! જો મ્હારાપર દેવી લક્ષ્મીની હાલ કરતાં પચીસ પચાસ ગણી કૃપા થશે તો હું આપના શરીરના વજન જેટલા જ રૂપિયા આપને આપીશ. હવે શું છે તે જલ્દી કહો; મ્હારી અધીરતા હવે હદ ઓળંગી જાય છે અને મ્હારા મનમાં કાંઇ કાંઈ થાય છે ! "

" આ પ્રકાર ઘણો જ ગંભીર છે. આ વિવાહ થઇ જશે તો આપ રાજા જ બની જશો ! " ચઢ જા બેટા શૂળીપર એ કહેવત પ્રમાણે શાસ્ત્રીએ તોપ મારી.

" શું કહ્યું ? શું હું રાજા બની જઇશ ?! " વિસ્મયાતિશયથી હરિપ્રસાદથી બોલી જવાયું.

" હા, રાજા થઇ જશો. આપની ભાગ્યદેવી આપનાપર અત્યંત સુપ્રસન્ન છે."

" એવું શાસ્ત્રમાં લખેલું છે કે ? "

શાસ્ત્રીએ પુસ્તક હલાવતાં હલાવતાં કહ્યું:—" દેસાઇજી, શાસ્ત્રમાં એવું સ્પષ્ટ લખેલું જ છે. આ શ્રી બ્રહ્મવૈવર્તપુરાણ છે; કાંઇ સામાન્ય ચોપડી નથી ! એમાં જે લખેલું છે તે હું આપને વાંચી સંભળાવું છું:—

" दिव्या स्त्री यं प्रवदति मम स्वामी भवान् भव ।
स्वप्ने दृष्ट्वा च जगर्त्ति स च राजा भवेद् ध्रुवम् ॥ "

આટલું વાંચીને સ્વાર્થી શાસ્ત્રીએ પોતાના હાથમાંનો ગ્રંથ હરિપ્રસાદના હાથમાં આપ્યો. હરિપ્રસાદ ગ્રંથને હાથમાં લઇ આંખોથી ઘણા અંતરે રાખી તેને વાંચવાનો પ્રયત્ન કરવા લાગ્યો. શાસ્ત્રીએ તેનું સંકટ સમજી જઇ પોતાના ચશમાં નાક પરથી ઉતારીને તેને આપ્યાં. ચશમાં પહેરીને તેણે એ શ્લોક બે ત્રણ વખત વાંચ્યો. થોડું સંસ્કૃત તે જાણતો હતો. શ્લોક વાંચી રહ્યા પછી તેણે કહ્યું:—" શાસ્ત્રીજી, આ શ્લોકનો અર્થ તો મ્હને સમજાવો."

" વાહ ! એનો અર્થ તો તદ્દન સ્પષ્ટ છે. જુઓ, હું એની વ્યાખ્યા કરું છું." આમ કહી બે વખત ચપટી ભરી તેણે તપખીર સુંઘી. અંતે આંખપર પાછાં ચશમાં ચઢાવી, ગ્રંથને હાથમાં લઇ તેણે કહ્યું:—" दिव् કહેવા જતાં સ્વર્ગ સમજવાનું છે. તેને પ્રત્યય લગાડવાથી દિવ્ય થયું છે. દિવ્યા સ્ત્રી–એટલે સ્વર્ગવાસિની થઇ છે એવી જે સ્ત્રી, **यं प्रवदति**–જેને કહે છે, **मम स्वामी भवान् भव**–મ્હારા સ્વામી તમે થાઓ ને થાઓ એટલે કે, મ્હારી સાથે તમે વિવાહ કરો, એવો પ્રકાર **स्वप्ने दृष्ट्वा**–સ્વપ્નમાં જોનો **च जागर्त्ति**–જાગી ઉઠવું, **ध्रुवं कि ना निश्चितं सः राजा भवेत्** તે અવશ્ય રાજા થશે. **इति श्री ब्रह्मवैवर्त्तपुराणे श्री कृष्णजन्मखण्डे सुस्वप्नदर्शनाध्याय.** "

હરિપ્રસાદે પુનઃ એ ગ્રંથ લેવા પોતાનો હાથ લંબાવ્યો. ગ્રંથ લઇ તેણે ફરીથી એ શ્લોક વાંચી જોયો. બીજી બાજૂએ મ્હોં ફેરવી ક્ષણ કાળ સૂધી તેણે પોતાના મનમાં કશો વિચાર કર્યો. પછીથી

તેણે કહ્યું:—"હે શાસ્ત્રી મહારાજ! દિવ્યા સ્ત્રી એટલે દેવકન્યા તો નહિ ને ?"

શાસ્ત્રીએ પોતાનું માથું હલાવીને કહ્યું:—"સ્ત્રીને કન્યા કહી શકાય કે? આપે કયા ગુરુની પાઠશાળામાંથી આવી પ્રચંડ વિદ્યા બુદ્ધિ પ્રાપ્ત કરી છે? આવો અર્થ કરી આજે આપે મહાપાપનો સંચય કર્યો છે!" આમ કહી તે હસવા લાગ્યો.

હરિપ્રસાદનું માથું ભમવા લાગ્યું. તેણે પૂછ્યું:—"ત્યારે આપ કહો છો તેમ જ થશેને?!"

શાસ્ત્રીએ દૃઢ સ્વરે ઉત્તર આપ્યો:—"ત્યારે શું નહિ થાય? થવું જ જોઇએ. આ ગ્રંથ કોણે લખ્યો છે એની આપને કલ્પના પણ છે કે? આજકાલના કોઇ બૃહસ્પતિના જેવી બુદ્ધિ ધરાવનાર સરસ્વતીશત્રુએ આ ગ્રંથ નહિ લખતાં દૈવી વિભુતિસ્વરૂપ સ્વયં વેદવ્યાસે લખેલો છે. એમનાં વચનો વિશ્વનો પ્રલય થાય તો પણ કદાપિ અસત્ય ન જ થાય. જે દિવસે વેદવ્યાસનાં વચનો અસત્ય ઠરશે તે દિવસે પૃથ્વી ઉલટી જશે."

ત્યાર પછી તેમની બન્નેની વચ્ચે ઘણી વાતચિત થઇ. શાસ્ત્રી વિના વિલંબે જગદીશપ્રસાદ પાસે જઈ ઉપરોક્ત પ્રસ્તાવ કરવાને કબૂલ થયો અને વૃદ્ધ હરિપ્રસાદના ત્રીજા વરઘોડાનો આવી રીતે આરંભ થયો! તે શાસ્ત્રીને ભક્તિગદ્‌ગદ અંતઃકરણથી પ્રણામ કરી પોતાના ઘર તરફ ચાલ્યો ગયો.

પ્રકરણ ૩ જું.

સમુદ્રપીડા અને પ્રણયવ્યથા!

" અહો ! કેવાં પુષ્પો, ભ્રમરપર પ્રેમે ઝુકી રહે !
અને કેવાં ચુમ્બે સ્મિત અધરથી સૌ ભ્રમરને !
અહા કેવો ગુંજી ફુલ ફુલ પરે ભૃંગ ભમતો !
અને કેવો ચોંટી કલી કલી મુખેથી રસ પીતો !"

*   *   *   *

" અરે ! હું માટે તો કુદરત તણો શું ક્રમ ફરે ?
મ્હને શું સૌંદર્યે લપટી પડતાં પાતક ખડે ?
પ્રભુએ આપી તે કુસુમરજ હું કાં નવ ગ્રહું ?
અરે ! તે ખોવી તે પ્રણયી દિલને પાતક ન શું ?

—કલાપી.

એક દિવસ સુધી સ્ટીમરે પોતાનો માર્ગ કાપ્યો. બીજા દિવસે વાયુનું જોર વધવાથી તરંગો પણ ઉંચા ઉછળવા લાગ્યા. હવે ચોતરફ જળ સિવાય બીજું કાંઇ જોવામાં આવતું નહોતું. મ્હોટાં પર્વત જેવડાં મોજાં જળરાશીમાં પ્રતિ ક્ષણે ઉપસ્થિત થતાં અને શાન્ત થતાં હોવાથી સ્ટીમર ઘડીમાં ઉંચી ઉછળતી તો ઘડીમાં પાછી જળમાં સમાઇ જતી હતી. પ્રથમ તો કાન્તિપ્રસાદે સમુદ્રની મુસાફરીને ઘણી સુખરૂપ અને આનંદજનક સમજી હતી; પરંતુ સમુદ્રે જ્યારે ઉગ્ર રૂપ ધારણ કર્યું ત્યારે તેનો ભ્રમ દૂર થઇ ગયો. તે સમુદ્રપીડાથી પીડાવા લાગ્યો. આંખો ઉઘાડી ભયંકર સમુદ્રનું દર્શન કરતાં તેનું મસ્તક ભ્રમિત થઇ જતું હતું. જીવ ગભ-

રાયા કરતો હતો; કિન્તુ ઉલટી થતી નહોતી. આથી આહાર કરવા પર પણ તેની રૂચિ નહોતી. શરીરપર વારંવાર પસીનો થતો હતો. સહજ ઉભા થવા જતાં જ આંખોએ ચક્કર આવતાં હતાં. આવી સ્થિતિમાં કાન્તિપ્રસાદ પોતાની કેબિનમાં સૂઇ રહ્યો હતો. રાત્રિનો સમય હતો. હજી આઠેક વાગ્યા હતા. આકાશમાં ચંદ્રદેવ પ્રકાશી રહ્યા હતા. રમણીય ચંદ્રકિરણો સમુદ્રના જળતરંગોમાં નૃત્ય કરી રહ્યાં હતાં. એવામાં લાવણ્યમયી લિલિયને કાન્તિપ્રસાદની કૅબિનમાં પ્રવેશ કર્યો. આ સમયે તેણે સફેદ પોષાક પહેરેલો હોવાથી તેની નૈસર્ગિક દેહચ્છટા વિશેષ મનમોહક લાગતી હતી. તેણે કાન્તિપ્રસાદ પાસે જઇ એક ખુરસીપર બેસતાં પૂછ્યું:—" મિ. કાન્તિપ્રસાદ ! આપને સમુદ્રપીડા થઇ છે કે શું ? "

" હા, મ્હારું મસ્તક ભમ્યા કરે છે—ઉલટી થાય એવી શંકા રહે છે; છતાં ઉલટી નહિ થતી હોવાથી જીવ વિશેષ મુઝાય છે." કાન્તિપ્રસાદે કહ્યું.

" ત્યારે સમુદ્રપીડાનું નિવારણ કરવા આપ થોડી બ્રૅન્ડી પીશો ? બ્રૅન્ડી પીવાથી આપની સઘળી બેચેની દૂર થશે અને આપને આરામ થઇ જશે." લિલિયને કહ્યું.

" ના ના—બ્રૅન્ડી પીવાની જેને ટેવ છે એવા પણ કેટલાક ઉતારૂઓને સમુદ્રપીડા લાગુ પડે છે; માટે એ બાબતનો મ્હને આગ્રહ કરશો નહિ ! " કાન્તિપ્રસાદે કહ્યું.

" આપ ઘણા ધર્મભોળા છો. આવી વૃત્તિથી આપ ઇંગ્લેન્ડમાં રહી શકશો કે ? આજકાલ આપના હિન્દુસ્તાનમાં પણ કેટલાક ડૉક્ટરો કેટલાક રોગોપર બ્રૅન્ડીનો ઔષધ તરીકે ઉપયોગ કરે છે;

માટે ઔષધ તરીકે બ્રૅન્ડી પીવામાં આપને શી અડચણ છે ?" લિલિયને આગ્રહ કર્યો.

"જ્યારે આપનો આટલો બધો આગ્રહ છે ત્યારે ભલે આપ બેસો; હું બેલ વગાડી બૉયને બોલાવું છું. તે બ્રૅન્ડી, સોડા, આઇસ વગેરે લઇ આવશે." કાન્તિપ્રસાદે કહ્યું.

"ના ના—આપ તકલીફ ઉઠાવશો નહિ. અમારી પાસે બ્રૅન્ડી તૈયાર છે તે હું લઇ આવું છું." આમ કહી ઉત્તરની રાહ જોયા સિવાય લિલિયન પાસે આવેલી પોતાની કૅબિનમાં જઇ બ્રૅન્ડીની બૉટલ લઈ આવી. ત્યાર પછી છોકરાને બોલાવી આઇસ સોડા આદિ આવશ્યકીય વસ્તુઓ મંગાવવામાં આવી. લિલિયને પોતાના હાથે જ એક ગ્લાસમાં બ્રૅન્ડી રેડી એમાં સોડાનું તથા આઇસનું મિશ્રણ કર્યું અને એ ગ્લાસ તેણે કાન્તિપ્રસાદના હાથમાં આપ્યો. ગ્લાસને હાથમાં લઇ કાન્તિપ્રસાદે કહ્યું:—"આપ પણ લ્યોને ?"

"ભલે, હું પણ લઉં છું." આમ કહી લિલિયને બીજો એક ગ્લાસ તૈયાર કર્યો. બન્ને જણાંએ સુરાપાન કર્યું, અને પુનઃ વાતચિત ચાલવા લાગી.

"કેમ, આપના જીવને કાંઇ આરામ જણાય છે ?" લિલિયને પૂછ્યું.

"હા, પીડા ધીમે ધીમે ઓછી થતી જાય છે; પરંતુ બીજી એક પીડા વધતી જાય છે." કાન્તિપ્રસાદે માર્મિક ઉત્તર આપ્યો.

"શી પીડા વધતી જાય છે ?" વ્યાકુળતાથી લિલિયને પૂછ્યું.

"જે પીડા શાન્ત થઇ શકે તેમ નથી તેનું આપના સમક્ષ વર્ણન કરી આપને દુઃખી કરવાની મ્હારી ઇચ્છા નથી."

"શું ઘરનાં માણસોની ચિંતા આપના અંતરમાં ઉત્પન્ન થઇ છે ?"

"ના."

"કેમ, આપને આપની સ્ત્રી પણ યાદ આવતી નથી ?"

"હજી હું તેના સહવાસમાં રહ્યો જ નથી."

આ ઉત્તર સાંભળી લિલિયને આનંદિત બની જઇને કહ્યું:— "ત્યારે પછી શી ચિંતાથી આપને દુઃખ થાય છે ?" આમ કહી લિલિયને કાન્તિપ્રસાદનો એક હાથ પોતાના હાથમાં લીધો, અને તે એકાગ્રદષ્ટિથી તેના મુખમંડળ તરફ જોઇ રહી.

લિલિયનના હસ્તનો સ્પર્શ થતાં જ એક પ્રકારના અભૂતપૂર્વ ભાવથી કાન્તિપ્રસાદનું શરીર કંપી ઉઠયું. તેનું હૃદય જોરથી ધમકવા લાગ્યું. વળી અત્યાર સુધીમાં તેના મસ્તકને સુરાસુંદરીએ ઉત્તેજિત બનાવી દીધું હતું. તેણે લિલિયનના પ્રશ્નનો કશો ઉત્તર આપ્યો નહિ. એથી લિલિયને કહ્યું:—"જ્યારે આપનો અંતરાત્મા સંકોચાય છે ત્યારે આપ આપની ગુપ્ત પીડાની વાત મ્હને ન કહેશો. લ્યો, હવે આપની કાંઇ ખાવાની રૂચિ છે ? થોડાં ફળ અને મેવો મંગાવું કે ?"

"ના—હજી સુધી ખાવાની રૂચિ નથી. માત્ર જો એક વખત આપ મ્હને આપના સંગીતસુધાનું પાન કરાવશો તો હું શાન્તિથી નિદ્રાધીન થઇ જઇશ. આપનાં માતાજી કૅબિનમાં જ છે કે ?"

"ના તેઓ ડૅકપર ગયાં છે. વળી તેઓ કૅબિનમાં હોય તો તેથી પણ શી અડચણ છે ? આપ મ્હારી સાથે ચાલો."

આમ કહી લિલિયન કાન્તિપ્રસાદનો હાથ પકડી તેને પોતાની કૅબિનમાં લઇ ગઇ, અને પિયાનો પાસે બેસી તેણે પાશ્ચાત્ય કવિ શેલીકૃત 'Love's Philosophy' નામનું સંગીત ગાવા માંડયું.

કાન્તિપ્રસાદ એક ખુરસીપર બેસી વ્યાકુળ ચિત્તે એ સંગીતસુધાનું પાન કરવા લાગ્યો, અમે એ સંગીતનો ગુર્જર અનુવાદ અત્રે આપીએ છીએ:—

(ભૈરવી ગઝલ.)

ઝરણાં ભળે નદીમાં જઇ, નદીઓ તથૈવ સમુદ્રમાં,
સમીરો ભળંતા સ્વર્ગના, કૈં મીઠી ઉર્મિથી સદા;
ના એકલું કો સૃષ્ટિમાં; સ્વર્ગીય કો કાનૂનથી,
સૌ એક બીજામાં ભળે–તો કેમ હું તુંમાં નહીં ?
ગિરિઓ ચુમે ઉંચું વ્યોમ જો ! મોજાં પરસ્પર ભેટતાં,
માફી મળે ના પુષ્પને, જો બંધુને તરછોડતાં;
સૂર્યકર ભેટે ભૂમિ, ચન્દ્રપ્રભા ઉદધિ ચુમે:
શા કામનાં આ ચુમ્બનો સૌ જો મ્હને તું ના ચુમે ?*

સંગીત સમાપ્ત થયું; છતાં એનો ધ્વનિ જાણે છે કે વાયુમાં પ્રતિધ્વનિત થવા લાગ્યો. સંગીત સાંભળવામાં આવતાં કાન્તિપ્રસાદનું ચિત્ત શાન્ત થવાને બદલે વિશેષ વિહ્વળ બની ગયું. તેણે લિલિયનનો એક કોમળ હાથ આવેગવશ થઇને પોતાના હાથમાં લઇ તેનાપર ચુમ્બન કર્યું. આ ચુમ્બનના પ્રતિદાનમાં ભાવમયી, ઉત્તેજનામયી આંગ્લ બાલિકા લિલિયને પણ કાન્તિપ્રસાદના હાથપર વિકારરહિત ચુમ્બન કર્યું. એ ચુમ્બનના પ્રભાવથી કાન્તિપ્રસાદનું હૃદય પરવશ બન્યું. કાન્તિપ્રસાદે કહ્યું:–“ લિલિયન ! જે યુવક સાથે આપનું લગ્ન થશે તેના જેવો ભાગ્યશાળી બીજો કોઇ નહિ હોય. આપની સહૃદયતા, સ્નેહભાવના આદિની તુલના થઇ શકે તેમ નથી જ.”

“મિ. કાન્તિપ્રસાદ ! મ્હારી માન્યતા પણ એવી જ છે કે, જે

* ચંદ્રશંકર ન. પંડ્યા.

સુંદરી આપની પત્ની થશે તે સ્વર્ગીય સુખની અધિકારિણી થશે. હવે કહો જોઇએ કે, આપ કેવી પત્ની પ્રાપ્ત કરવાને ઇચ્છો છો?" લિલિયને કાન્તિપ્રસાદના અંતરનો ભાવ જાણવાના ઉદ્દેશથી પૂછ્યું.

"જુઓ, અદ્યાપિ અમારા હિન્દુસ્તાનમાં સ્ત્રી કેળવણીનો વિસ્તાર બિલ્કુલ થયો નથી એમ કહું તો તે કાંઇ ખોટું નથી. સ્ત્રીજાતિનો ઘણો ખરો ભાગ હજી સુધી અજ્ઞાનાંધકારમાં જ રહેલો છે. પ્રાચીન વિચારના માણસો એવી દલીલ રજૂ કરે છે કે, જો સ્ત્રીઓને આધુનિક શિક્ષણ આપવામાં આવશે તો તેઓ સ્વેચ્છાચારી અને સ્વાધીનતાની હિમાયતી બની જશે. આમ હોવાથી એવા લોકો સ્ત્રી કેળવણીના પ્રશ્ન તરફ વિશેષ લક્ષ્ય આપતા નથી. હવે આપ વિચારી જુઓ કે, સ્ત્રીજાતિ એ પુરુષનું અર્ધાંગ છે. પુરુષને જેમ મન છે તેમ સ્ત્રીને પણ મન છે. સ્વાભાવિક રીતે પ્રત્યેક મનુષ્યનું હૃદય જ્ઞાન પ્રાપ્ત કરવાને વ્યાકુળ હોય છે; આમ હોવા છતાં સ્ત્રીજાતિને અજ્ઞાનાંધકારમાં રાખવી એ એમનાપર એક પ્રકારનો જુલ્મ કરવા જેવું જ છે. આમ હોવાથી આધુનિક આર્ય યુવકોનું ગૃહજીવન ઘણું ક્લેશમય હોય છે. જ્યાં જ્ઞાનનો અભાવ હોય છે ત્યાં આનંદ હોતો જ નથી. વળી હિન્દુ સંસારોમાં અધુના શાન્તિ જોવામાં આવતી નથી—સુખનું દર્શન થતું નથી તેનું મુખ્ય કારણ એ છે કે, ઘણી ખરી હિન્દુ જ્ઞાતિઓમાં બાળલગ્નનો પ્રચાર વૃદ્ધિંગત થયેલો છે. આવી સ્થિતિ હોવાથી કેટલીક જ્ઞાતિઓમાં તો સમાન વયનાં અર્થાત બબ્બે ત્રણ ત્રણ વર્ષનાં બાળક બાળિકાઓનો કિંવા ઘોડીઆંઓનો વિવાહ સંબંધ સાંધવામાં આવે છે અને તેના પરિણામે કજોડાં થાય છે. હવે એવાં જોડાં જ્યારે મ્હોટાં થાય છે ત્યારે તેમનામાં એક બીજાને અનુકૂળ થઇ પડે એવી વૃત્તિ પ્રવૃત્તિ ભાગ્યે જ જોવામાં આવે છે,

અને અંતે તેમનું જીવન કષ્ટમય થઇ જાય છે. મ્હારો વિવાહસંબંધ પણ એક મ્હારાથી પાંચ વર્ષથી ન્હાની બાળિકા સાથે કરવામાં આવ્યો છે; છતાં હજી સુધી અમે બન્ને લગ્ન સંબંધથી સંધાયાં નથી." કાન્તિપ્રસાદે કહ્યું.

"આપનાં પત્ની દેખાવડાં છે કે? તેમણે ક્યાં સુધી અભ્યાસ કરેલો છે?"

"તેણે માત્ર ગુજરાતી પાંચ ચોપડીઓનો અભ્યાસ કર્યો છે. સુંદરતામાં બહુ પ્રશંસા કરવા લાયક નથી તેમ બહુ નિન્દા કરવા લાયક પણ નથી." કાન્તિપ્રસાદે સહજ વિષાદદર્શક ભાવથી કહ્યું.

"છતાં એ સંબંધથી આપ નારાજ હો એમ લાગે છે."

"હિન્દુ શિક્ષિત યુવકોમાં ભાગ્યે જ કોઇ પોતાની ગામડાની ગોરીથી સંતુષ્ટ રહેતા હશે; છતાં શું કરવું? સંસારનો ભાર લોકલાજે પણ ખેંચ્યા સિવાય કાંઇ છુટકો છે?" કાન્તિપ્રસાદે ઉત્તરમાં કહ્યું.

"આપની આવી સ્થિતિ માટે ખરેખર હું દિલગીર છું. વારુ, આપની જ્ઞાતિમાં છુટાછેડા કરવાનો રિવાજ પ્રચલિત છે કે કેમ?"

"ના ના—જો એ રીવાજ પ્રચલિત હોય તો પછી જોઇએ શું? છતાં મ્હારો વિચાર જૂદો જ છે. જે મનુષ્યજીવન સકળ જીવજાતિમાં દુર્લભ ગણાય છે એ મનુષ્યજીવન મેળવી હું મ્હારા સુખ તરફ ઉદાસિન રહેવાનો નથી. હું મ્હારી એ વાગ્દત્તા પત્નીનો પરિત્યાગ કરી મ્હારા અંતરને સમજી શકે, મ્હારી સાથે શેલિ, બર્ન્સ, બાયરન, શેક્ષપીયર આદિ પાશ્ચાત્ય કવિઓનાં કાવ્યો કિંવા સાહિત્યની આલોચના કરે એવી કોઇ વિદુષી, સકળગુણસંપન્ના જીવનસહચરી શોધી કાઢીશ તથા તેને જ મ્હારા સંસાર સુખની અધીશ્વરી બનાવીશ. એમ કરવા જતાં—મ્હારા જીવનને સુખમય બનાવવા જતાં—હું સમાજની,

જ્ઞાતિની કે આત્મીય સ્વજનોની પરવાહ રાખવાનો નથી જ." કાન્તિપ્રસાદે અંતરોદ્‌ગાર કાઢયા. આ સમયે તે ઘણો ઉત્તેજિત બની ગયો હતો.

"આપ આપના જેવી જ જીવન સહચરી મેળવવાને ભાગ્યશાળી થાઓ એમ હું અંતઃકરણપૂર્વક ઇચ્છું છું." લિલિયને હાસ્ય મુખે કહ્યું.

ત્યાર પછી મેરી કૅબિનમાં આવવાથી બન્ને જણાંની વાતચિત બંધ પડી. થોડા સમય સૂધી મેરી સાથે વાતચિત કરી કાન્તિપ્રસાદ પોતાની કૅબિનમાં જઇ શય્યાવશ થયો.

પ્રકરણ ૪ થું.

કામિની કાંચનનું આકર્ષણ.

મહા માયા રૂપ અજબ મોહિની,
મોહ્યા મુનિજન એના મોહમાં;
સિદ્ધ સાધુ સંન્યાસી યોગીજન,
કોઇ ન ફાવ્યા તેના દ્રોહમાં.
જપ તપ તીરથ, શમ દમ સાધન,
સ્નાન ધ્યાન શ્રુત શાસ્ત્રની કથા;
વનવાસી અવિનાશી ઉપાસી,
નાશી ને તેથી માયાની વ્યથા—મહા.
વસ્યા વિષ્ણુ મહામાયા સંગે, ક્ષિર સાગરમાં વાસ,
શિવજી પણુ અર્ધાંગા સંગે, સાથે યોગાભ્યાસ;
બ્રહ્મા પણ સાવિત્રી સંગે વસ્યા કમળદળ કેરા કોષમાં. મહા.

એક અઠવાડીઆમાં જ હરિપ્રસાદનો માલતી સાથે વિવાહ નક્કી થઇ ગયો. પહેલાં તો જગદીશપ્રસાદે શાસ્ત્રી રામશંકરની વાત કબૂલ કરી નહિ. અંતે નગદ કલદારની માયાને વશ થઇ તેણે જ્યારે શાસ્ત્રીની વાત કબૂલ કરી ત્યારે તેની સ્ત્રી વાંકી થઇને બેઠી. તેણે કહ્યું:-"મ્હારું ભાગ્ય જ ફુટેલું છે. દશા ફરે ત્યારે બુદ્ધિ ફરે એવી રીતે તમારી બુદ્ધિ પણ વયોવૃદ્ધિ સાથે ફરી ગઇ છે. જે વૃદ્ધ હવે કબરસ્તાનમાં જવાની તૈયારી કરે છે તેની સાથે મ્હારી માલતીનો વિવાહ કરતાં તમે બિલકુલ શર્માતા નથી? એની પાસે પૈસા છે તે આપણને શા કામમાં આવવાના છે?" આવી રીતે માલતીની માતાએ જગદીશપ્રસાદને ઘણો ઠપકો આપ્યો; પરંતુ તે બિચારો શું કરે? તેનું જરાજીર્ણ થઇ ગયેલું ઘર સુદ્ધાં હરિપ્રસાદના કબજામાં હતું. આ સમયે હરિપ્રસાદ સાથે પુત્રીનું લગ્ન કરતાં લગ્નમાં જે સઘળું ખરચ થાય તે સઘળું વરપક્ષ તરફથી મળશે એવું શાસ્ત્રીએ આશ્વાસન આપ્યું હતું. તે ઉપરાંત માલતીને બેહજાર રૂપિયાનાં ઘરેણાં આપવા જણાવ્યું હતું. મકાનપરનો કબજો પણ હરિપ્રસાદ આ સંબંધ થયા પછી તરતજ છોડી દેવાને તૈયાર હતો; તેથી નિરુપાયે જગદીશપ્રસાદ અને તેની પત્નીએ આ વિવાહમાં સંમતિ દર્શાવી. આ સઘળું કાંઇ એક જ દિવસમાં નક્કી થયું નહોતું. આ કાર્ય માટે રામશંકર શાસ્ત્રીને થોડા દિવસ સુધી સ્હવાર સાંજ માલતીનાં માતાપિતા પાસે જઇને આવશ્યકીય ઉપદેશ આપવો પડયો હતો.

આટલા દિવસ સુધી હરિપ્રસાદ પ્રતિક્ષણે સૌન્દર્યમયી માલતીના સ્વરૂપ સૌન્દર્યનું ધ્યાન ધરતો હતો. એકલા કામિનીના જ નહિ; પરંતુ કાંચનના વિચારો સુદ્ધાં વારંવાર તેના અંતરમાં ઉપજતા હતા.

આ વિવાહ થવાથી પોતાને એક રાજાના જેટલી સંપત્તિ પ્રાપ્ત થશે કિંવા આવતા ગેઝેટના અંકમાં ગવર્નમેન્ટ પોતાને રાવબહાદુરનો ખિતાબ આપશે એવો વિચાર તો જો કે તેના અંતરમાં ઉપજ્યો નહોતો; છતાં કોઇ પણ રીતે પોતાને પુષ્કળ દ્રવ્યસંપત્તિ પ્રાપ્ત થશે એવી તેની દૃઢ ધારણા બંધાઇ હતી.

જે દિવસે આ વિવાહ નક્કી થયો તે દિવસે હરિપ્રસાદની ફોઇના આનંદનો પાર રહ્યો નહિ. હરિપ્રસાદને તે વારંવાર આશીર્વાદ આપવા લાગી.

સંધ્યાકાળને થોડો વિલંબ હતો. હરિપ્રસાદ આનંદિત વદને પોતાના બેઠકખાનામાં બેસી ધૂમ્રપાન કરતો હતો એવામાં એક માણસે આવીને કહ્યું:-" દેસાઇજી, પ્રણામ. "

હરિપ્રસાદે માથું ઉંચું કરીને જોયું તો પોતાના ગામના સત્યેન્દ્રપ્રસાદને તેણે પોતાની પાસે ઉપસ્થિત થએલો જોયો, તથા કહ્યું:-" આવો ભાઇ આવો, બેસો."

સત્યેન્દ્રપ્રસાદ સાણંદની નિશાળનો મુખ્ય શિક્ષક હતો. તેણે ગુજરાતી ટ્રેનીંગની ત્રીજા વર્ષની પરીક્ષા પસાર કરેલી હોઇ ઇંગ્રેજી મેટ્રિક સૂધીનો તેણે અભ્યાસ કર્યો હતો. તે સાણંદ ગામનો જ રહેવાસી હતો. તેણે ગાદી પર બેસીને કહ્યું:-" મ્હેં એમ સાંભળ્યું છે કે, જગદીશપ્રસાદે આપની ઇચ્છા માન્ય રાખી છે ! "

" હા. "

" મ્હેં પણ તેમને સમજાવવામાં કશું ઓછાપણું રાખ્યું નથી. મ્હેં તેમની પાસે જઇને કહ્યું હતું કે, " ભાઈ ! આવા ઉત્તમ સુયોગનો લાભ લેવાને ચુકશો નહિ. જો આ લાભ ચુકશો તો લક્ષ્મી ચાંલ્લો કરવા આવે અને મ્હોં ધોવા જવા જેવું થશે. દેસાઇજી મહાશય જેવા

જમાઇ મળવા એ તમારું મહદ્ સૌભાગ્ય જ ગણી શકાય."

"જગદીશપ્રસાદ તો પ્રથમથી જ રાજી હતા; પરંતુ તેમનાં સ્ત્રી વાંકાં થઇને બેઠાં હતાં. એવી વાત પહેલાં મ્હેં સાંભળી હતી."

"હા, તેઓ વાંકાં થઇને બેઠાં હતાં; પરંતુ સીધાં કેવી રીતે થયાં તે આપ મુરબ્બી જાણો છે કે?"

"ના, તમે જાણતા હો તો કહો જોઇએ?" ઉત્સુકતાથી હરિપ્રસાદે પૂછ્યું.

"એ આશ્ચર્યજનક વાત હજી સુધી આપના સાંભળવામાં આવી નથી! મ્હેં એમ ધાર્યું હતું કે, એ વાત આપે અવશ્ય સાંભળી હશે."

આ સમયે હરિપ્રસાદ ઉત્સુકતાથી સત્યેન્દ્રપ્રસાદના મ્હોં તરફ જોઇ રહ્યો. સત્યેન્દ્રપ્રસાદ કહેવા લાગ્યોઃ—"આપ જાણો છો કે, જે સૌન્દર્યશાલીની માલતી સાથે આપ મુરબ્બીશ્રીનું લગ્ન થવાનું છે એ કાંઇ હવે ન્હાની અજ્ઞાની બાળિકા નથી, તેમજ આપ પણ કાંઇ નવયુવક નથી. મહાનુભાવ! હું જૂઠું બોલી ખુશામદ નહિ કરતાં જે સાચી વાત છે તે જ આપને કહીશ. આપ હવે વૃદ્ધ થયા છો તેથી માલતી આપની પત્ની થવાનો અસ્વીકાર કરે એ સર્વાંશે સંભવિત છે; કેમ ખરું કે નહિ?"

હરિપ્રસાદથી ભમરો સંકુચિત થઇ. અંતરની વિરક્તિ છુપાવી રાખીને તેણે કહ્યુંઃ—"ખરું છે."

સત્યેન્દ્ર પોતાના મન સાથે હસ્યો; પરંતુ એ ભાવને છુપાવી રાખી પ્રથમના જેવી કૃત્રિમ ગંભીરતા દર્શાવતો તે કહેવા લાગ્યોઃ—"પરંતુ આ પ્રકારમાં તો તદ્દન ઉલટું જ બન્યું છે. એવી વાત સાંભળવામાં આવી છે કે, માલતીને જ્યારે એમ માલૂમ પડ્યું કે, તેની માતા આપની સાથે તેનો સંબંધ સાંધવાને નારાજ છે ત્યારે

તેણે ખાવું, પીવું, ઉંઘવું વગેરે છોડી દીધું. તેણે લજ્જાનો ત્યાગ કરી પોતાની એક બ્હેનપણી મારફત પોતાની માતાને એમ કહેવડાવ્યું કે, "જો એમની સાથે જ મ્હારો સંબંધ નહિ કરો તો હું ઝેર ખાઇને મરીશ !" આટલું બોલી સત્યેન્દ્રે ઓષ્ઠ અને હસ્તદ્વારા પોતે જાણે કે અત્યંત આશ્ચર્યચકિત બની ગયો હોય એવો મૂક અભિનય કર્યો.

તેનાં વચનો અને ભાવ જોઈ હરિપ્રસાદના હર્ષનો પાર રહ્યો નહિ. હર્ષાતિશયથી તેણે કહ્યું:—"આમ બાબત છે કે? આ હકીકત તમે કોની પાસેથી સાંભળી ?"

"મ્હારી સ્રીના મુખેથી સાંભળી છે. વિશેષમાં એમ પણ સાંભળ્યું છે કે, આપની ચિંતા કરી કરીને માલતી અડધી થઇ ગઇ છે. ચિંતાની પ્રબળતાથી તેની સ્વાભાવિક અંગકાન્તિ સહજ મલિન થઇ ગઇ છે. આંખો સુદ્ધાં ઉંડી ઉતરી ગઇ છે. ગઈ કાલથી આ વિવાહમાં જ્યારે તેનાં માતા પિતા સંમત થયાં ત્યારથી તેનું મ્હોં પ્રસન્ન થયું છે તેની સઘળી ચિંતા દૂર થઇ છે."

પાછા થોડા સમય સુધી બન્ને જણા શાન્ત રહ્યા. હરિપ્રસાદ પ્રસન્નતાથી ધુમ્રપાન કરતો હતો. તેનું મ્હોં ઘણું આનંદિત બની ગયું હતું. સત્યેન્દ્ર ગાલ ઉપર હાથ મૂકી વિચાર મગ્ન સ્થિતિમાં બેસી રહ્યો હતો. થોડા સમય પછી મસ્તક હલાવતાં હલાવતાં ધીમે ધીમે તેણે કહ્યું:—"ના ના, કાંઇ સમજાતું નથી. ખરું જ છે કે, **विस्तीर्णा पृथिवी जनोऽपि विविधः किं किं न संभाव्यते.**"

"શું બોલ્યા ? શું બોલ્યા ? એનો અર્થ શો થાય છે ?" વ્યાકુળતાથી હરિપ્રસાદે પૂછ્યું.

"એ વાક્યનો અર્થ એવો થાય છે કે, આ પૃથિવી વિસ્તીર્ણ હોઇ એમાં વિવિધ પ્રકારનાં માણસો રહે છે; તેથી આ પૃથિવીમાં

કોઇ પણ બનાવ અસંભવ નથી. વારુ, દેસાઇજી, આ પ્રકારનું કારણ આપ કહી શકો છો?" સત્યેન્દ્રે વાતચિતને વિશેષ રંગપર લઇ જવાના વિચારથી પુછ્યું.

હરિપ્રસાદ ઉત્તર આપવાને બદલે મૌન ધારણ કરી બેસી રહ્યો; તેથી સત્યેન્દ્ર કહેવા લાગ્યોઃ—"કુમારસંભવમાં, મહાદેવને મેળવવા માટે સતીએ કેવી કઠોર તપસ્યા કરી હતી એ આપને યાદ છે કે? સતીની ઉમ્મર ઘણી ન્હાની હતી અને મહાદેવની ઉમ્મરનો હિસાબ જ નહોતો; છતાં કવિ કાલિદાસે, મહાદેવને મેળવવા માટે સતીની કેટલી બધી વ્યાકુળતા વર્ણવી છે?!"

હરિપ્રસાદે કહ્યું:—"બરાબર છે—બરાબર છે."

ત્યાર પછી તેમની બન્નેની વચ્ચે માલતી સંબંધી ઘણી વાતચિત ચાલવા લાગી. અંતરના આવેગથી સઘળું સ્વપ્નવૃત્તાંત હરિપ્રસાદે સત્યેન્દ્રને કહી સંભળાવ્યું. સત્યેન્દ્ર એ હકીકત પ્રથમથી જ જાણતો હતો; છતાં પોતે જાણે કાંઇ જાણતો જ ન હોય એવો આશ્ચર્યયુક્ત ભાવ તેણે દર્શાવ્યો. તેણે એ વૃત્તાંત સાંભળી રહેતાંની સાથે જ કહ્યું:—"મહાશય! હવે સઘળી હકીકત મ્હારા સમજવામાં આવી ગઇ. ખરું કહું છું દેસાઇજી કે, માલતીની ચર્ચા જાણવામાં આવી ત્યારથી હું મ્હારા મન સાથે તેનું કોઇ કારણ સમજી શકતો નહોતો. ઇશ્વરકૃપાથી જ આ અસંભવનીય પ્રકાર સંભવનીય થયો છે." ત્યાર પછી ચ્હા પાન વગેરેથી સત્કાર પામી સત્યેન્દ્ર વિદાય થયો.

સત્યેન્દ્રના વિદાય થયા પછી હરિપ્રસાદે અંતઃપુરમાં જઇ હાથ મ્હોં ધોયું. પછીથી નિત્ય નિયમાનુસાર થોડું અફીણ ખાઇ તે બેઠકખાનામાં ગયો, અને હાથમાં એક જાડી વાંસની લાકડી લઇ હવા ખાવા માટે બ્હાર નીકળી પડ્યો. ગામની ભાગોળે જ એક બગીચો

આવેલો હતો. ધીમે ધીમે ગામ બ્હાર નીકળી હરિપ્રસાદે એ બગીચામાં પ્રવેશ કર્યો. બગીચામાં ફરતાં ફરતાં તે સત્યેન્દ્રે જે વચનો ઉચાર્યા હતાં તે વચનોનું સ્મરણુ કરવા લાગ્યો. આકાશમાં ચંદ્રદેવ ઉદિત થયા હતા. શીતળ પવન ફુંકાતો હતો. પુષ્પો વિકસિત થયાં હતાં. આ સમયે ત્રીસ વર્ષ પૂર્વેની વાત હરિપ્રસાદને યાદ આવી. ત્રીસ વર્ષ પૂર્વે પહેલી વખતનો વિવાહ થયા પછી, ચંદ્રના પ્રકાશમાં આવી રીતે વિહ્વળ બની જઇને તે આ બગીચામાં ફરતો હતો. એ સમયે તે જેનો વિચાર કરીને ફર્યાં કરતો હતો તે જ વ્યક્તિ આ પૃથિવીમાં ફરીથી નવીન સ્વરૂપથી આવી હતી! આમ છતાં પોતે પુરાતન થઇ ગયો હતો એ તેના માટે દુઃખનો પ્રકાર હતો!

બગીચાના પાછળના ભાગમાં એક બોરસલ્લીનું વૃક્ષ આવેલું હતું. સુગંધરૂપી દૂતને મોકલી એ વૃક્ષ જાણે કે હરિપ્રસાદને બોલાવવા લાગ્યું. ધીમે ધીમે તે બોરસલ્લીના વૃક્ષ પાસે ગયો. વૃક્ષની નીચે અંધકાર ફેલાયલો હતો. એ અંધકારમાં ઉભો રહી મૃદુસ્વરે સીટી વગાડી હરિપ્રસાદ યુવાવસ્થાના સમયનું એક ગાન ગાવા લાગ્યો. એ ગાન વિરહવ્યથાપરિપૂર્ણ હતું. ગાન ગાઇ રહ્યા પછી તે એ ગાનની કથાનો ઉચ્ચાર કરવા લાગ્યો. એવામાં એકાએક તેની નાસિકા કુંચિત થઇ. તેણે સ્વગત કહ્યું:—"ના ના! આ બધું જુના જમાનાનું છે! હવે આ વીસમી સદીમાં પ્રાણુસખી ટાણુસખી ચાલતું નથી. આજકાલ તો પ્રેમના પ્રસંગોમાં નાટકીય શ્રૃંગારભાવપરિપૂર્ણ કાવ્યોનો સદુપયોગ થાય છે!" સ્વગત આમ કહી હરિપ્રસાદે બોરસલ્લીના વૃક્ષનો ત્યાગ કર્યો. બગીચાના મધ્ય ભાગમાં પત્થરનો એક ચબુતરો હતો. ઓઢેલા ખેસના એક છેડાથી ચબુતરાનો થોડોક ભાગ સ્વચ્છ કરી હરિપ્રસાદ વિચારમગ્ન ચિત્તે એ સ્થળે બેઠો. બેઠો બેઠો

તે વિચારવા લાગ્યોઃ—"પૂર્વજન્મની વાત માણસના મનમાં રહે છે ખરી કે? માલતીના મનમાં પૂર્વજન્મની સઘળી કથાનું સ્મરણ ક્યાંથી થઇ આવ્યું? આ કળિકાળમાં એમ બનવું સંભવનીય નથી; છતાં 'જો એમની સાથેજ મ્હારો વિવાહ નહિ કરો તો હું ઝેર ખાઇને મરીશ.' એવું તેણે પૂર્વજન્મના સંસ્કારપ્રાબલ્યથી જ કહ્યું છે. સતી સ્ત્રી પોતાના પતિ સિવાય બીજાની સાથે કાળાંતરે પણ વિવાહ કરે ખરી કે?

બગીચાથી થોડે દૂર રસ્તો આવેલો હતો. એ રસ્તેથી વિદ્યાલયના કેટલાક વિદ્યાર્થીઓ વિતણ્ડાવાદ કરતા જતા હતા એ તરફ હરિપ્રસાદના કાન ગયા. એ વિદ્યાર્થીઓની કશી હકીકત સમજી શકાઇ નહિ. તેમના ચાલ્યા ગયા પછી તે પાછો વિચારવા લાગ્યોઃ—"કોઇ કોઇ માણસને પૂર્વજન્મની સઘળી હકીકત યાદ રહે છે એવું મ્હારા સાંભળવામાં આવ્યું છે. વળી જો માલતી પોતાના પૂર્વજન્મની સઘળી હકીકત નહિ જાણતી હોય અને વિવાહ થયા પછી હું જ્યારે એને એમ કહીશ કે, 'તું જ ગયા જન્મે મ્હારી સહધર્મિણી હતી' ત્યારે તેનો મ્હારાપરનો આંતરિક અનુરાગ અત્યંત વૃદ્ધિંગત થઇ જશે. આ માસમાં જ સર્વથી પ્રથમ જે મુહુર્ત આવતું હશે તેજ નક્કી કરવામાં આવશે. એ સમય દરમ્યાન કેરીઓ પાકી જશે તેથી માલતી સાથે રસ રોટલી અને કારેલાંનું શાક ખાવાની ઘણી મઝા પડશે!"

વળી પાછો થોડા સમય સુધી ચુપ રહી તે સ્વગત કહેવા લાગ્યોઃ—એ જન્મમાં માલતી ઘણા ક્રોધી સ્વભાવની કિંવા અભિમાનિની હતી. મન પણ હમ્મેશાં શંકાશીલ રહેતું હતું. આ નવા અવતારમાં તેના એ પૂર્વજન્મના ભાવમાં કાંઇ પરિવર્તન થયું છે કે કેમ એ પણ હું જોઇશ. એ વખતે એક દિવસે તેણે મ્હને એમ

કહ્યું હતું કે, 'યદા કદાચિત્ એકાદ માસમાં મ્હારું મરણ નીપજશે તો તમે પાછા થોડા કાળમાં જ તમારા હાથે મીંઢળ બંધાવશો!' એ સમયે તેની શંકાનું નિવારણ કરવા માટે મ્હેં એમ કહ્યું હતું કે, "ના ના–તું આવી અમંગળ વાત બોલીશ નહિ. તને ભૂલી જઇ બીજી કોઇ સ્ત્રી સાથે વિવાહ કરું એવો વિશ્વાસઘાતક નરાધમ હું નથી." હવે એ આવીને બીજી વખત મ્હેં વિવાહ કર્યો હતો એ માટે મ્હને ઠપકો નહિ આપે તો હું સર્વસત્તાધીશ શ્રી સત્યનારાયણ દેવની સવાપાંચશેરની કથા કહેવડાવીશ; છતાં જો તે ઠપકો આપશે–રીસ ચઢાવશે તો હું તેને કહીશ કે, 'ત્હારા મૃત્યુ વખતે જો ત્હેં મ્હને એમ કહ્યું હોત કે, હું પાછી તમારી ચરણસેવા કરવાને અમુક વર્ષ પછી આવવાની છું,' તો હું ત્હારી રાહ જોઇ બેસી રહેત."

આવા આવા અનેક તર્ક વિતર્કોમાં ઘણો સમય વીતી જવાથી વૃદ્ધ હરિપ્રસાદ વિચારમગ્ન સ્થિતિમાં ઘેર પાછો ગયો તો ગામનો ગોકુળ નામનો એક માણસ તેના દિવાનખાનામાં બેઠેલો હતો. ગોકુળ હરિપ્રસાદનો ખાતાદાર હતો. આજે સંધ્યાકાળ પછી ગોકુળે વ્યાજનો હિસાબ કરવા આવવા જણાવ્યું હતું એ વાત હરિપ્રસાદને યાદ આવી. ગોકુળે થોડા રૂપિયા આપવાને પણ જણાવ્યું હતું. ગોકુળ સાથેના કામકાજથી પરવારી, ભોજન કરી લઇ હરિપ્રસાદ પોતાના શયનગૃહમાં જઇ શય્યામાં બેસી ધૂમ્રપાન કરવા લાગ્યો. એવામાં એક વાત તેને યાદ આવી. બીજી વખતે વિવાહ કર્યા પછી એ દ્વિતીયા સ્ત્રીએ પોતાના પિત્રાલયમાંથી કેટલાક પ્રણયપત્રો હરિપ્રસાદને લખ્યા હતા. એ પુરાતન પ્રણયપત્રોને રેશમી રૂમાલમાં બાંધી તેણે પોતાની તીજોરીમાં સંભાળથી રાખી મૂક્યા હતા. માલતીના આવ્યા પછી ભાગ્યયોગે એ પ્રણયપત્રો જો કદાચ તેના જોવામાં આવે તો તે કેવો

ભયંકર કકળાટ કરે? આવી શંકા ઉત્પન્ન થવાથી એ પત્રો ફાડી નાખવાનો તેણે વિચાર કર્યો.

ધૂમ્રપાન કરી રહ્યા પછી હરિપ્રસાદ શય્યામાંથી ઉઠયો. કુંચીઓ લઇ તેણે તીજોરી ઉઘાડી. શયનગૃહમાં એક હૅરિકન લૅમ્પ સળગતું હતું. એને પલંગ પાસે પડેલા એક આસન પર મૂકી, આંખોએ ચશમાં ચઢાવી હરિપ્રસાદે એ પ્રણયપત્રો વાંચવા માંડયા. આવા કાર્યક્રમમાં મધ્યરાત્રિ થઇ, પછી સઘળા પત્રો યથાસ્થિત બાંધી દઇ, ઉશિકા નીચે મૂકી, દીપક બુઝાવી નાખી તે સૂઇ ગયો.

ઘણા સમય સુધી તેને નિદ્રા આવી નહિ. આજૂબાજૂ પાસું ફેરવી તે વિચારવા લાગ્યો:–" માયા–માયા–આ સઘળી માયા–સઘળો ભ્રમ છે. જ્યારે બે વખત ભ્રમ કર્યો છે–ત્યારે હવે આ ત્રીજી વખત ભલે થઇ જાય.

પ્રકરણ ૫ મું.

જળસમાધિ.

ધીમે ધીમે કાન્તિપ્રસાદની સમુદ્રપીડા શાન્ત થઇ ગઇ હતી. રાત્રિના અંધકારમાં સ્ટીમરે એશિયાનો ત્યાગ કરી આફ્રિકામાં પ્રવેશ કર્યો હતો. મધ્યાન્હકાળે બે વાગે સ્ટીમર સુએઝની નહેરમાં જઇ પહોંચવાની હતી. હમણાં તે સુએઝના સમુદ્રમાંથી પ્રસાર થતી હતી. બન્ને બાજૂએ આફ્રિકાનો ઉપકૂળ જોવામાં આવતો હતો. નગ્નકાય પહાડ પર્વતો સૂર્યપ્રકાશમાં ઘણા સુંદર દેખાતા હતા. પાસે જ મરૂભૂમિ આવેલી હતી; પરંતુ આ સ્થળ ઉત્તર તરફ બહુ દૂર આવેલું

હોવાથી ત્યાં વિશેષ ગરમીનો અનુભવ થતો નહોતો. જે સિનાઇ પર્વતના અગ્નિધૂમરાશીમાં પ્રાચીન યાહુદીય તપસ્વી મોઝેસ્ ભગવત્–સાક્ષાત્કાર, તથા લોકહિતાર્થે ભગવત્–આદેશ પ્રાપ્ત કરી ધન્ય થયો હતો અને યાહુદીઓના ધર્મનિયમનું આદિસૂત્ર પ્રાપ્ત કરી પાશ્ચાત્ય જગત્માં જેણે સભ્યતાનો પાયો સ્થાપિત કર્યો હતો; મિલ્ટનની અમર કવિતામાં તથા અન્યાન્ય સાહિત્ય અને ધર્મશાસ્ત્ર સહિત રત્નમાળાની માફક ભળી જઇને જે કથા અમર થઇ છે તે જ સિનાઇ પર્વત પાસે દેખાતો હતો. દક્ષિણે સકળ ધર્મના સ્થાયી સ્તંભ આવેલા હતા. હિન્દુ, બૌદ્ધ, મુસલ્માન, યાહુદી, ક્રિશ્ચિયન્ આદિ સકળ ધર્મના સ્થાપનકર્ત્તા, નેતા અને મુખ્ય પુરુષો આ એશિયાખંડમાં જ જન્મગ્રહણ તથા કર્મસૂત્રનું પ્રાધાન્ય સ્વીકારી, તેનો પ્રચાર કરીને ધન્ય અને જગત્ પવિત્ર તથા આધુનિક પ્રકાશમંડિત પ્રાશ્ચાત્ય જગતનો ભાવી ઉપકાર, એવં સાથે સાથેજ પ્રાચ્ય જગત્ની ઉન્નતિ અને રક્ષણના સ્થાયી ઉપાય કરી ગયા છે. યૂરોપ એશિયા પાસે કેવી રીતે ઋણી છે તે, ભક્તિપૂર્વક ક્રિશ્ચિયન્ ધર્મનું મૂળ સૂત્ર જાણવાનો જેણે જેણે પ્રયત્ન કર્યો છે તેને માલૂમ પડયું છે. બે હજાર વર્ષ પૂર્વે જો યૂરોપ અને એશિયા ભિન્ન રહ્યા હોત તો યૂરોપની કેવી દશા થાત તથા અક્રિશ્ચિયન્ બલદપ્ત યૂરોપની સાથે એશિયા આફ્રિકાની કેવી દશા થાત તેની કલ્પના કરતાં દેહમાં પ્રાણ રહેતો નથી.

મુસાફરીમાંથી સુયેઝથી પોષ્ટ જઇ શકતી હોવાથી એક વાગ્યાની અંદર પોષ્ટ લખી તૈયાર કરવી એવી નોટિસ સ્ટીમરમાં મારવામાં આવી હતી. ચોવીસ કલાક પછી પોર્ટસૈયદથી પણ પોષ્ટ જઇ શકે તેમ હતી; છતાં મેઇલ સ્ટીમર યથા સમયે ન મળે તો પોષ્ટ રોકાવાની સંભાવના હોવાથી ઘણાખરા મુસાફરો પોષ્ટ લખવાના કાર્યમાં

રોકાયા હતા. આપણો કાન્તિપ્રસાદ પણ પોષ્ટ લખવા બેઠો હતો.

બ્રિન્ડિસીના રસ્તે જતાં બે દિવસ વહેલા પહોંચી શકાય છે; પરંતુ જે સ્ટીમરો પોર્ટસૈયદથી બ્રિન્ડિસી જાય છે તે ઘણી ન્હાની હોવાથી સમુદ્રતરંગોમાં તે વિશેષ નૃત્ય કરે છે, તથા અઢી દિવસ સુધી સમુદ્રપ્રવાસ કરી ઇટાલીના મુખ્ય શહેરમાં ઉતરાય છે; પરંતુ કાન્તિપ્રસાદે લિલિયન વગેરેની સાથે માર્સેલ્સ થઇને જવાનો વિચાર રાખ્યો હતો, કેટલાક ઉતારુઓ માર્સેલ્સ, જિબ્રાલ્ટર, બિસ્કે વગેરે ફરીને ઠેઠ સૂધી સમુદ્રના રસ્તે જ Plymouth અથવા London જવાના હતા. જો સમય હોય, અને બિસ્કેના ભયંકર સ્વરૂપદર્શનથી ભય ઉપજે તેમ ન હોય તો એ માર્ગ કાંઇ ખોટો નથી. પાછા ફરતી વખતે ઇટાલીથી આવવાનો કાન્તિપ્રસાદનો વિચાર હતો; છતાં એ વાતનો હમણાં ઉલ્લેખ કરવાની જરૂર જ નથી. ભવિષ્યના ગર્ભમાં વિધાતાનું શું વિધાન છે એ કોણ જાણી શકે છે?

સુએઝ સમુદ્ર ધીમે ધીમે સાંકડો થયે જતો હતો. ધીમે ધીમે તે એટલો સાંકડો થઇ ગયો કે તેનો પટ એક મ્હોટી નદીના પટ જેવડો જ દેખાવા લાગ્યો.

યથા સમયે મકાનો, સ્ટીમરો નૌકાઓ, વગેરે નજરે પડવા લાગ્યું અમેરિકાની પ્રથમદર્શનથી કોલમ્બસના મનનો ભાવ જેવો થઇ ગયો હતો તેવો જ ભાવ આ સમયે ભારતીય પ્રવાસીઓનો જોવામાં આવતો હતો. જેમ જેમ પાણી ઓછું થવા લાગ્યું તેમ તેમ નાવિકો વિશેષ ધ્યાનથી પાણી માપવા લાગ્યા અને સાવધાનતાથી આગળ વધવા લાગ્યા; Deep Six, A half and Six, A quarter less Seven, Deep Seven આદિ અદ્દ્ભુત શબ્દો સંભળાવા લાગ્યા! કેપ્ટન તથા બીજા સઘળા નોકરો સંપૂર્ણ સાવધાનતાથી પોતપોતાનું

કામકાજ કરવા લાગ્યા. યથા સમયે સ્ટીમરે લંગર નાખ્યું. ભારતવર્ષની પોષ્ટ સ્ટીમરમાંથી રવાના થઇ. આ સ્થળે સ્થાનીય પોસ્ટના નિયમ ઘણા અદ્ભુત છે. સુયેજથી જે પોષ્ટ લઇ જઇ આપી આવવામાં આવે છે તે માત્ર ચાર પૈસામાં ઇંગ્લેન્ડ, ભારતવર્ષ વગેરે સર્વે સ્થળે જાય છે; પરંતુ પોર્ટસૈયદથી પોસ્ટ રવાના કરતાં Egyptian Government વધારે Stamp લે છે.

સ્ટીમરે લંગર નાખ્યું એટલે નવા યાત્રાળુઓ આવવા લાગ્યા. હાથીદાંતનો મ્હોટા જથ્થો સ્ટીમરમાં ચઢવા લાગ્યો. કિનારે જવા માટે ન્હાની ન્હાની નૌકાઓને ઉતારવામાં આવી.

આ સ્થળે પ્લેગની પરીક્ષા કરવામાં આવે છે. જો કે આનો અભિનય એક વખત મુંબાઇમાં થઇ ગયો હતો; છતાં તે પાછો અહીં પણ નજરે પડયો. જોકે સ્ટીમર આ સ્થળે નવમા દિવસે આવી હતી; છતાં પુનઃ પ્લેગની પરીક્ષા ચાલૂ થઇ. સભ્ય યુરોપનો પ્લેગભય જાણે કે કોઇ પણ રીતે દૂર જ થતો નથી ! Veince Conventionના નિયમ અનુસાર ચૌદ દિવસ સુધી સમુદ્રમાં વાસ કર્યા સિવાય ડૉક્ટરની પરીક્ષા ચાલુ જ રહેવાની હતી; પરંતુ એ પરીક્ષા નામ માત્રની અર્થાત્ હાસ્યાસ્પદ હોય છે. ડૉક્ટરોની નોકરી કાયમ રહેવી જોઇએ તેથી જ સ્થળે સ્થળે આવી પરીક્ષાની પીડા પ્રવાસીઓને ભોગવવી પડે છે. જો ઉપરોક્ત સ્થળે પ્લેગના સંદેહ જેવો કોઇ કેસ હોત તો Moses' Well નામના પાસે જ આવેલા સ્થળે યાત્રાળુને ઉતારી Quarantine માં રાખવામાં આવત; પરંતુ એવું કાંઇ હતું નહિ.

એ દિવસે સ્ટીમર સુયેઝની નહેરમાં જ રોકાઇ. Baron Lesseps નામના ફ્રેંચ ઇન્જીનિયરે આ નહેર કાઢી હતી. પૂર્વે Pharaoh ના અમલમાં આ નહેર Mediterranean થી Red Sea

સુધી એક હતી એવી અનેકની માન્યતા છે. આ વાતનું પ્રમાણ ફ્રેંચ ઇન્જીનિયરને મળ્યું હતું તેથીજ સેંકડો પ્રકારની ઉપાધિઓ અને અત્યંત અત્યાચાર સહન કરીને પણ તેણે આ નહેર તૈયાર કરવાનો દૃઢ સંકલ્પ કર્યો હતો. આ સંકલ્પ ક્રમે કાર્યમાં પરિણત થયો હતો. અમેરિકાની Panama Canal નો વિચાર અને નકશો આ મહાન કર્મવીર કરી ગયો હતો, કિન્તુ પોતાના અંતિમ જીવનકાળમાં અન્યાન્ય કર્મવીરોની માફક તેને ઘણા અપમાનિત અને દુઃખી થવું પડયું હતું. તેથી જ એ કાર્ય પાછળથી પરિપૂર્ણ થયું હતું. સુયેઝની નહેરની સફળતાની સંભાવના ધનકુબેર જગતમાં અત્યંત હાસ્યાસ્પદ વાતમાં ગણાતી હતી. પહેલાં તો કંપનીના શેર સુદ્ધાં કોઇએ ખરિદ્યા નહોતા !

Baron Lessepsને તેના દેશવાસીઓ પણ પહેલાં ઘણું હસવામાં ઉડાવી દેતા હતા. ગામનો સાધુ ઘણાં થોડાં જ સ્થળોએથી ભિક્ષા મેળવી શકે છે, જન્મભૂમીમાં મનુષ્યના મહત્વનું વિશેષ મૂલ્ય અંકાતું નથી. આ સૂત્ર Baron Lesseps ના માટે સત્ય ઠર્યાં હતાં; પરંતુ ઇંગ્લેન્ડનો મુખ્ય રાજમંત્રી દૂરદર્શી તીક્ષ્ણબુદ્ધિ ડિઝરેલી એ નહેરનો ભવિષ્યમાં ભારત સામ્રાજ્ય માટે ઘણો ઉપકાર થશે એમ ચોક્કસ સમજી શક્યો હતો અને તેથી જ સામાન્ય મૂલ્યે ઇંગ્રેજી ગવર્નમેન્ટ તરફથી બની શકે એટલા શેર છુપી રીતે તેણે ખરીદી લીધા હતા. આ દેખાદેખીથી ઇજીપ્ટના ખેદિવે પણ કેટલાક શેર ખરીદ્યા તથા ફ્રેંચોએ સુદ્ધા ખરીદ્યા. હમણાં ઇંગ્રેજનો ભાગ જ મ્હોટો છે, અને તેથી એ સૂત્રથી નહેર સંબંધી અને ઇજીપ્ટશાસન સંબંધી ઇંગ્રેજનું પ્રાધાન્ય થઇ ગયું છે ઇજીપ્ટ ઇંગ્રેજ સરદારના તાબાનો દેશ નહિ હોવા છતાં તેમની એ દેશમાં ઘણી સત્તા છે.

પહેલાં એ નહેર ઘણી સાંકડી હતી. હવે તેને પુષ્કળ વિસ્તૃત

કરી બન્ને બાજૂએ પત્થરોના મજબૂત બંધ બાંધવામાં આવ્યા છે. તીર ઉપર પુષ્કળ વૃક્ષો આવેલાં છે. નહેરના મુખપર ડૉક છે. આ નહેરમાંથી બે સ્ટીમરો એક બીજીની પાસેથી આવજા કરી શકે છે. નહેરમાં જે સ્થળેથી આવી રીતે બે સ્ટીમરો પણ પાસે પાસેથી જઇ શકતી નથી. ત્યાં નહેરમાં એક સ્ટીમર રોકાય એવો બંદોબસ્ત કરેલો છે. signal મારફત સઘળું કામકાજ થાય છે. જે સ્ટીમર જે રીતે જાય છે તેની ખબર તીરપરથી તાર મારફત તેને આપવામાં આવે છે. આ સ્થળેથી સ્ટીમરને ઘણી મૃદુ ગતિથી આગળ વધવું પડે છે. Electric Searchlight ની સહાયતાથી રાત્રે જવામાં પણ કશી અડચણ વેઠવી પડતી નથી. સુવેઝની નહેરના આવિષ્કાર અને અસ્તિત્વથી વિલાયત જવાનો માર્ગ ઘણો સુગમ થયો છે તેથી જ આ ઉપયોગી સ્થળનું આટલું વૃત્તાંત અત્રે નિવેદન કરવું અમે આવશ્યકીય વિચાર્યું છે. હવે અન્ય સ્થળોનું વિશેષ વિવરણ કરવાની આવશ્યતા નથી; કેમકે પ્રવાસવર્ણન વાંચવાની ઇચ્છા પરિતૃપ્ત કરવા માટે હવે ગુર્જર સાહિત્યમાં પણ કેટલાંક પ્રવાસવર્ણન વિષયક પુસ્તકો છે. હવે અમે કિલયોપેટ્રા સ્ટીમર સંબંધી જ અત્રે થોડુંઘણું વર્ણન કરીશું. આ કિલયોપેટ્રા સ્ટીમર ૩૭૭ ફીટ લાંબી હોઇ તે ૪૦૦૦ ટનની હતી. વિલાયત કિંવા યુરોપ જતી સ્ટીમરોમાં એ સ્ટીમર સર્વેથી ન્હાનામાં ન્હાની હતી; છતાં સ્ટીમરની સ્વચ્છતા, રંગરોગાન, ફરનીચર, કાચનો સુંદર સામાન વગેરે જોતાં તે કોઇ વિશાળ રાજપ્રાસાદ હોય એવો ભાસ થતો હતો. એક માળથી બીજા માળપર જવાના દાદરપર સુંદર ગાલિચા જડી લીધેલા હતા. દેશી રાજપ્રાસાદોમાં પણ એક સ્ટીમરના જેવાં સુખ, આનંદ અને વિનોદનાં સાધનો ભાગ્યે જ જોવામાં આવે છે. પી. એન્ડ ઓ. કંપનીની સ્ટીમરો સિવાય બીજી કંપનીઓની સ્ટીમરમાં ધાન્યાહાર પ્રાપ્ત કરવાની અડ-

ચણુ પડતી હોવાથી હિન્દુ મુસાફરો મુખ્ય રસોઇઆને મળી તેની સાથે ધાન્યાહાર મેળવવાની વ્યવસ્થા કરે છે. પ્રત્યેક સ્ટીમરપર વાયરલેસ ટેલીગ્રાફ (તાર વગરના સંદેશા) મોકલવાનું યંત્ર હોઇ તેની ઑફિસ સ્ટીમરના તદ્દન ઉપલા માળપર હોય છે. ક્લિયોપેટ્રા સ્ટીમરના ચોથા માળપર મધ્યભાગમાં વાયરલેસ ટેલિગ્રાફની ઑફિસ હતી. આ ઑફિસની આજૂબાજૂ અગાસી જેવી ખુલ્લી જગ્યા હોઇ એ અગાસીમાં ત્રીજા વર્ગના ઉતારુઓ હતા. અગાસીપર છત બાંધી દીધેલી હતી. ત્રીજા વર્ગના ઉતારુઓનો મ્હોટો ભાગ હિન્દુ અને મુસલ્માન જાતિનો હતો.

વાયરલેસ ટેલિગ્રાફથી બહુ દૂર આવેલા બંદર સુધી સમાચાર પહોંચાડી શકાતા નથી; જે બંદર પાસે આવેલું હોય છે ત્યાં જ સમાચાર પહોંચાડી શકાય છે, અને ત્યાંથી ઇચ્છિત સ્થળે સમાચાર જઇ શકે છે.

ત્રીજા વર્ગના ઉતારુઓને જો કે આગબોટના આગળના ભાગમાં ખુલ્લી જગ્યામાં રાખવામાં આવે છે; છતાં સમુદ્ર તોફાની હોય છે ત્યારે એમને ઉપરોક્ત સ્થળે લઇ જઇને રાખવામાં આવે છે. આ ઉતારુઓમાં કોઇ સૂઇ રહ્યા હોય છે, કોઇ ચુલ્હો સળગાવી રસોઇ કરતા હોય છે તો કેટલાક ગપાટા મારતા બેઠા હોય છે.

પહેલા અને બીજા વર્ગના ઉતારુઓની રહેવા જમવાની તથા હરવા ફરવાની વ્યવસ્થા ઘણી સારી હોય છે; પરંતુ ત્રીજા વર્ગના મુસાફરોને મુસાફરીમાં ઘણું દુઃખ ભોગવવું પડે છે. તેમની પાસે માત્ર સ્ટીમરમાં બેસવાનું ભાડું જ લેવામાં આવે છે.

હમ્મેશાં મધ્યાન્હકાળે સ્ટીમરે કેટલી મુસાફરી કરી છે તેની હકીકત ડેકપર લખી પ્રસિદ્ધ કરવાનો રીવાજ કેટલીક સ્ટીમરોપર

હોય છે. એ રિપોર્ટ પાસે એક નકશા ઉપર ટાંકણી લગાડી સ્ટીમર ક્યાં સુધી આવેલી છે તે પણ બતાવવામાં આવે છે.

યથા સમયે કિલયોપેટ્રા સુયેઝની નહેરનો ત્યાગ કરી આગળ વધવા લાગી, તથા પોર્ટસૈયદ, અલેકઝાન્ડ્રા વગેરે બંદરોનો ત્યાગ કરી ભૂમધ્ય સમુદ્રમાં પડી. ભૂમધ્ય સમુદ્ર પસાર કરીને તે માર્સેલ્સ બંદર સુધી જવાની હતી.

એક દિવસ સુધી તો ભૂમધ્ય સમદ્રનું સ્વરૂપ ઘણું શાન્ત હતું; પરંતુ બીજે દિવસે વાયુનું જોર વધવાથી સમુદ્રે પણ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. પર્વત જેવડાં મોજાં ઉછળવા લાગ્યાં, અને સ્ટીમર એક ન્હાના બાળકની માફક અગાધ જળરાશીમાં નૃત્ય કરવા લાગી. એ નૃત્ય કેવું ભયંકર અને હૃદયભેદક હતું. તેની કલ્પના અનુભવી સિવાય બીજા કોઇને આવી શકે તેમ નહોતી. આકાશમંડળ મેઘાચ્છન્ન હતું. સમુદ્રનું જળ તદ્દન કાળું બની ગયેલું હોવાથી જાણે કે પ્રચણ્ડ દેહધારી રાક્ષસો સ્ટીમરને વારંવાર ઉછાળતા અને પછાડતા હોય એવો ભાસ થતો હતો. આવા સમયે ડૅકપર ઉભા રહેવાની કે હરવા ફરવાની હિમ્મત કોઇ કરી શકે તેમ નહોતું.

રાત્રિ ઘણી વીતી ગઇ છતાં સમુદ્રે પોતાના ઉગ્રરૂપ શાન્ત કર્યું જ નહિ. કૅપ્ટન વિલિયમ નિર્ભયતાથી પોતાનું કર્ત્તવ્ય બજાવતો હતો. મધ્યરાત્રિના અરસામાં સ્ટીમરને એકાએક એક આચકો લાગ્યો. આ આચકાથી કૅપ્ટન ચમકીને ઉતાવળો ઉતાવળો તુતકપર ગયો. ત્યાં જતાં જ તેના મુખમાંથી એવા શબ્દો નીકળી પડયા કે, સ્ટીમર પાસેથી એક આઇસબર્ગ (હિમગિરી)* ગયો છે અને તેથી સ્ટીમરની

* કેટલીક વખતે સમુદ્રમાં બરફના મ્હોટા ડુંગરો તરતા તરતા નીચે ઉતરી સમુદ્રમાં ફર્યા કરે છે અને છેવટે ઓગળી જાય છે. આઇસબર્ગ

ડૂબ ચીરાઇ છે." આમ કહી નોકરોમાંના કેટલાકને ઉદ્દેશીને તેણે કહ્યું:— "પાણી આવવાનાં બારણાં જેમ બને તેમ ત્વરાથી સખ્ત બંધ કરો."

"બારણાં બંધ છે, સાહેબ!" આસિસ્ટન્ટે ઉત્તર આપ્યો.

"ત્યારે સુતારને મોકલી સ્ટીમર તપાસવો." આજ્ઞા સાંભળવામાં આવતાં જ સુતાર સ્ટીમર તપાસવા ગયો; પરંતુ તે પાછો ન જ આવ્યો.

હવે સ્ટીમર અવશ્ય ડૂબવાની જ છે એવું જાણવામાં આવ્યા છતાં સ્વકર્ત્તવ્યપરાયણ બહાદુર કૅપ્ટન વિલિયમ બિલકુલ ગભરાયો નહિ. વાયરલેસ તાર ઑફિસના બારણામાં ડોકિયું કરી તેણે તાર માસ્તર જૉન્સને કહ્યું:—"મિ૦ જૉન્સ! સત્વર મદદ મંગાવો."

આ હુકમ થતાં જ પાણીપર ચોતરફ સંદેશા છુટયા કે:—"દોડો દોડો—કિલયોપેટ્રા ડૂબે છે! મદદે દોડો!"

આટલા સમય સુધીમાં સ્ટીમરમાં એટલું બધું પાણી ભરાઇ ગયું કે તેનો આગલો ભાગ નીચો નમી ગયો. કૅપ્ટને કૅબિનમાંથી બ્હાર નીકળતા ઉતારુઓને કહ્યું:—"જીવનપટ્ટા પહેરો!"

પાણીની સપાટીપર દેખાય છે તેના કરતાં છ સાત ગણો પાણીની અંદર હોય છે, તથા એ એવો સખ્ત હોય છે કે, જો ગમે એવી મજબૂત સ્ટીમર હોય અને તેની સાથે અથડાય તો તે ભાંગી ગયા સિવાય રહે નહિ. જે 'ટાઇટૅનિક' સ્ટીમર સર્વેથી મ્હોટી સ્ટીમર હતી, જેના નામનો અર્થ જ પ્રચંડ, ભવ્ય કિંવા જબરદસ્ત થતો હતો તથા જેની એક હજાર ફીટ લંબાઈ હોઈ પાણીપર ૧૬૪ ફીટ બ્હાર રહેતી હતી તે સુદ્ધાં પોતાની પહેલી જ મુસાફરીમાં ઇ. સ. ૧૯૧૨ના એપ્રિલ માસની ૧૩ મી તારીખે રવિવારે મધ્યરાત્રે મહાસાગરમાં આઈસબર્ગ સાથે અથડાઇને ડૂબી ગઈ હતી. એ ટાઇટૅનિક સ્ટીમરને બનાવતાં ત્રણ વર્ષ જેટલો સમયાવધિ લાગ્યો હતો.

આ આજ્ઞા સાંભળી મુસાફરો ચિંતામગ્ન બની ગયા. જીવનસંરક્ષણની આશા તેમના અંતરમાંથી વિલુપ્ત થઇ ગઈ. સઘળાં મુસાફર મનુષ્યો આ સમયે દીનમુદ્રાથી કૅપ્ટન સ્હામે આવીને ઉભાં રહ્યાં હતાં, તથા સર્વે દીનદષ્ટિથી, શુષ્કપ્રાણે એકબીજાનાં નિરાશ બની ગયેલાં મ્હોં તરફ જોતાં હતાં. જીવનરક્ષણ સિવાય બીજો એકકે વિચાર આ સમયે કોઇ પણ ઉતારુના અંતરમાં ઉપજતો નહોતો.

કૅપ્ટને જીવનનૌકાઓને સમુદ્રમાં ઉતારવા માંડી. તેમાં બેસવા માટે સઘળાં મનુષ્યો અધીરા બની ગયાં. આવો પ્રકાર જોઇ કૅપ્ટને કહ્યું:–" પહેલાં સ્ત્રીઓ અને છોકરાંઓ. " આ આજ્ઞા સાંભળી પુરુષો એક બાજૂએ ખસી જઇને વિષણ્ણવદને ઉભા રહ્યા.

લિલિયન અને મેરીએ નૌકામાં બેસતાં બેસતાં આપણા કાન્તિપ્રસાદને કહ્યું:–" મિ૦ કાન્તિપ્રસાદ ! પરમકૃપાળુ પરમાત્મા આ પ્રાણહારક સંકટમાંથી આપને મુક્ત કરો."

ચિંતા તેમજ ભયની વિશેષતાથી કાન્તિપ્રસાદનો કંઠસ્વર રુંધાઇ ગયો હતો. ઉત્તરમાં તેણે પોતાનાં નેત્રોમાંથી અશ્રુજળની વૃષ્ટિ જ વર્ષાવી. આવો દીનતાપૂર્ણ દેખાવ જોતાં મેરી અને લિલિયનનું કરુણાપૂર્ણ હૃદય અત્યંત દુઃખિત થયું; કિન્તુ તેઓ શું કરે ?"

જેટલી નૌકાઓ હતી તેમાં સઘળી સ્ત્રીઓ તથા છોકરાંને બેસાડવામાં આવ્યાં. નિષ્ઠુર–દયાશૂન્ય સમુદ્રતરંગો એ નૌકાઓને ખેંચી જવા લાગ્યો. જ્યારે બધી નૌકાઓ ચાલી ગઈ અને માત્ર એક જ નૌકા જવાની બાકી રહી હતી ત્યારે કૅપ્ટન મિ૦ વિલિયમે તેની નવયુવતી પત્નીને ઉદ્દેશી હૃદયમાં અપૂર્વ સાહસબળ એકઠું કરીને કહ્યું:– " તમે હવે સત્વર આ નૌકામાં ઉતરી પડો."

"સ્વામિન્! આપના વિયોગે હું સંસારમાં જીવતી રહેવાને ઇચ્છતી નથી; માટે આપ જો ઉતરશો તો જ હું નૌકામાં આવીશ." સાધ્વી સ્ત્રીએ પતિને કહ્યું.

"તમે હઠ ન કરો. અત્યારનો એક ક્ષણનો સમય પણ ઘણો મૂલ્યવાન્ છે. તમે જાણો છો કે, સ્ટીમર પર એક પણ માણસ હશે ત્યાં સુધી હું મ્હારા જીવનનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરીશ નહિ. તમે જલ્દી ઉતરી જાઓ." કૅપ્ટને વ્યાકુળતાથી કહ્યું.

"હજી તો સ્ટીમરપર પોણોસો માણસો છે. બીજી એકકે નોકા પણ નથી; તેથી આપનો ત્યાગ કરીને હું જીવ બચાવવાને ઇચ્છતી નથી. ઇશ્વરના દરબારમાં આપણે બન્ને સાથે જ જઇશું."

"જેવી ઇચ્છા." વિશેષ આગ્રહ કરવાનો સમય નહોતો તેથી મિ૦ વિલિયમ પુનઃ પોતાના કાર્યમાં પ્રવૃત્ત થયો; પરંતુ હવે તે શું કરી શકે તેમ હતો! વિધાતાના ભયંકર વિધાનને અટકાવવાનું સામર્થ્ય તેનામાં નહોતું. ક્ષણે ક્ષણે સ્ટીમર અગાધ જળરાશીમાં વિશેષ ડૂબતી હતી. અંતે સર્વ નિરુપાયે મૃત્યુની મુલાકાત કરવા તૈયાર થયા. નિરુપાયે કૅપ્ટને સર્વને છેવટનું વાક્ય ઉદાસ બની જઇને કહી સંભળાવ્યું કે, "સર્વ પોતપોતાની સંભાળ રાખો. ઇચ્છિત કાર્ય કરવાની આ પ્રસંગે પ્રત્યેક વ્યક્તિને રજા છે.

હજી સુધી સ્ટીમરમાં વિજળીના દીવા સળગતા હતા. કૅપ્ટન બોલ્યોઃ—" મૃત્યુથી ડરો નહિ—બહાદુર બનો!"

પાણી સ્ટીમરપરથી ઘુંટણપર આવવા લાગ્યું. વાજાંવાળા વાજાં વગાડવા લાગ્યા. 'હે મ્હારા પ્રભુ! ત્હારી પાસે ને પાસે હું આવતો જાઉ છું." એ સુપ્રસિદ્ધ પ્રાર્થનાગીત ગવાવા લાગ્યું. સર્વ પોતપોતાની જગ્યાએ હતા અને એકાએક એક મ્હોટો ધડાકો થયો. તે સાથે જ

સ્ટીમરનાં બે અડધીઆં થઇ ગયાં અને સકળ મનુષ્યોએ જળસમાધિ લીધી ! ડૂબતાં માણસો કારમી ચીસો પાડવા લાગ્યાં. થોડા સમયમાં એ ચીસોનો અવાજ સંભળાતો બંધ થયો. પ્રિય પાઠકબંધુ ! આપણી આ વાર્તાનો નાયક પણ સમુદ્રના અગાધ જળરાશીમાં ડૂબી ગયો. તેની સંભાળ લેવાનું હાલ તરત મુલતવી રાખી આપણે લિલિયનની ખબર લેવા જઇશું.

મેરી અને લિલિયન જે નૌકામાં બેઠાં હતાં તે નૌકામાં બીજાં દશ માણસો હતાં. સાગરનાં પર્વત જેવડાં મોજામાં એક નૌકામાં માર્ગક્રમણ કરવાનું કાર્ય કેવું મુશ્કિલ હોય છે તેની કલ્પના અનુભવી સિવાય અન્યને આવી શકે તેમ નથી. નૌકા હમણાં જ ડૂબી જશે અને સ્ટીમરના સંકટમાંથી બચેલા જીવ પુનઃ જળસમાધિ જ કરશે એવો પ્રત્યેક વ્યક્તિના અંતરમાં ભય રહેતો હતો. આગળ ગયેલી નૌકાઓ પણ આડી અવળી જતી રહી હતી. વળી નૌકાઓમાં બેસીને સમુદ્રનો માર્ગ કાપવાથી એ નૌકાને ઇચ્છિત સ્થળે લઇ જવાનું કામ બની શકતું નથી; તેથી જે બાજૂએ નૌકા લઇ જાય તે બાજૂએ જ સર્વ નિરુપાયે જતાં હતાં. ચારે દિશાએ આસમાની જળ સિવાય બીજું કાંઈ જોવામાં આવતું નહોતું. અદ્યાપિ પ્રભાતકાળ થયો નહોતો તેથી અંધકારનું પણ પ્રબળ સામ્રાજ્ય સ્થાપિત થયું હતું. નૌકામાં બેઠેલાં માણસોનો જીવ પ્રતિ ક્ષણે ગભરાતો હતો.

આવી સ્થિતિમાં અડધો કલાક પસાર થયો હશે. એવામાં એક મ્હોટા મોજાના જોરથી, એક બાજૂ ભાર વધી જતાં નૌકા સમુદ્રમાં ઉંધી વળી ગઇ અને સર્વ માણસો જળમાં પડ્યાં. લિલિયન અને મેરીની પણ એવી જ દશા થઇ. અંધકાર દૂર નહિ થયેલો હોવાથી કોઇ કોઇનું મ્હોં સુદ્ધાં જોઇ શકતાં નહોતાં. લિલિયનને સારી રીતે

તરતાં આવડતું હતું. ઘણાખરા અંગ્રેજ પુરુષો, સ્ત્રીઓ અને બાળિકાઓ તરવાની વિદ્યામાં નિપુણ હોય છે. લિલિયન સંકટનો ખ્યાલ કરી પાણીમાં તરવા લાગી. તેણે માતાના નામનો ઉચ્ચાર કરી ઘણી બૂમો મારી; પરંતુ તેને કશો ઉત્તર મળ્યો નહિ.

લિલિયન એક કલાક સુધી સમુદ્રના જળમાં તરતી રહી એવામાં પૂર્વાકાશમાં ઉષાની જ્યોતિનો આવિર્ભાવ થવા લાગ્યો. સમુદ્રપર પણ પ્રભાતના પ્રકાશનો વિસ્તાર થવા લાગ્યો. એવામાં તેણે સ્હામેથી એક સ્ટીમરને પોતાના તરફ આવતી જોઇ. માતૃવિયોગથી જો કે તે અત્યંત ચિંતાતુરા બની ગઇ હતી; કિન્તુ આવા ભયંકર સંકટ પ્રસંગે એ સ્ટીમરને પોતાના તરફ આવતી જોઇ તેની ચિંતા થોડા અંશે ઓછી થઇ. અત્યંત થાકી ગયેલી હોવા છતાં તરતી તરતી તે એ સ્ટીમર તરફ જવા લાગી. પોતાના શરીરમાં રહેલું સઘળું બળ એકઠું કરીને તે તરતી હતી. આવી રીતે થોડા સમયમાં જ તેણે એ સ્ટીમર પાસે જઇ સહાયતા મેળવવા માટે બૂમ પાડી. સ્ટીમરમાંનાં કેટલાંક માણુસો ડેકપર હતાં. તેમણે લિલિયનની બૂમ સાંભળી તેને સ્ટીમરપર લઇ લીધી. આવી રીતે સ્ટીમરપર જતાં જ તે બેશુદ્ધ બની ગઇ. વાંચકબંધુઓ કદાચ વિચારમાં પડી જશે કે આવી રીતે, સમુદ્રમાં એકાએક એ સ્ટીમર ક્યાંથી આવી ચઢી? તેના ઉત્તરમાં જણાવવાની જરૂર રહે છે કે, જ્યારે સ્ટીમર ક્લિયોપેટ્રા ડૂબવા લાગી ત્યારે તેની મદદે આવવાના વાયરલેસ ટેલિગ્રાફથી સમાચાર મોકલવામાં આવ્યા હતા; તેથી તેની મદદે આ સ્ટીમર આવી હતી, પરંતુ અત્યાર પૂર્વે તો જે બનવાનું હતું તે સઘળું બની ગયું હતું. લાઇફબોટસ—જીવનનૌકાઓમાં બેઠેલાં ઘણાં ખરાં માણુસોને આ સ્ટીમરપર લઇ લેવામાં આવ્યાં હતાં.

પ્રકરણ ૬ હું.

સ્વાર્થસાધના.

હરિપ્રસાદના વિવાહ કિંવા ત્રીજા વરઘોડાનો દિવસ નક્કી થઇ ગયો. જગદીશપ્રસાદે તેના પુત્ર શાન્તિપ્રસાદને કે જે અમદાવાદમાં પ્રાઇવેટ માસ્તરનું કામ કરી, વિશ્વવિદ્યાલયમાં બી. એ. નો અભ્યાસ કરતો હતો, તેને ઘેર આવવા લખી જણાવ્યું. શાન્તિપ્રસાદ તેનો એકનો એક પુત્ર હતો.

માલતીને પહેલાં હરિપ્રસાદે ઘણી વખત જોઇ હતી; પરંતુ એ સમયે તે સંસારજ્ઞાનશૂન્યા બાળિકા હતી; પરંતુ ત્યાર પછી એક વર્ષના અંતરે માલતી પુનઃ નવીન સ્વરૂપમાં તેની નજરે પડી. તે નજરે પડતાં જ તેની પાસે જઇને થોડા સમય સુધી તેના સ્વર્ગીય સૌન્દર્યનું દર્શન કરવાની પ્રબળ વાસના વૃદ્ધ હરિપ્રસાદના અંતરમાં ઉપજી. પૂર્વ જન્મના ચ્હેરા સાથે આ જન્મના ચ્હેરાનું કાંઈ મળતાપણું છે કે કેમ એ જોવાની જ તેની ઇચ્છા હતી. સત્યેન્દ્રપ્રસાદ પાસે પણ તેણે આવી વાત કહી હતી, ત્યારે તેણે કહ્યું હતું કે, ' જો આપ વચ્ચે વચ્ચે મ્હારા બેઠકખાનામાં આવીને બેસશો તો અનાયાસે જ માલતીનું દર્શન કરી શકશો. અમારે ત્યાં પણ તે કેટલીક વખત આવે છે. ' આમ છતાં હરિપ્રસાદ સત્યેન્દ્રપ્રસાદને ત્યાં જઈ શકતો નહોતો. જો કદાચ કોઇ એનો ગુપ્ત ઉદ્દેશ જાણી જાય તો તે શું વિચારે ?

આજે સ્હવારે ઉઘરાણી કરી પાછા ફરતી વખતે હરિપ્રસાદનો સત્યેન્દ્રપ્રસાદ સાથે મેળાપ થયો. આ સમયે સત્યેન્દ્ર કોઇની સાથે વાતચિત કરતો હતો. તેને જોઇને હરિપ્રસાદ તેની પાસે ગયો એટલે

તેણે કહ્યું:—" કેમ દેસાઇજી મહાશય ! પ્રણામ ! આવો આવો, એક વખત આ ગરીબના ગૃહને તો પાવન કરો ! "

જો કે પ્રથમ તો તેને ઘેર જવાની હરિપ્રસાદે થોડી આનાકાની કરી; પરંતુ સત્યેન્દ્રનો અત્યાગ્રહ જોઇ તે તેને ઘેર ગયો. તેને બેઠકખાનામાં લઇ જઇ ગાદી પર બેસાડી, પાન સોપારી આપીને સત્યેન્દ્રે કહ્યું:—" બે ત્રણ દિવસથી હું આપની કાગના ડોળે રાહ જોયા કરું છું. આપ આવશો એમ ધારી મ્હેં સ્કૂલમાંથી પણ પાંચેક દિવસની રજા લીધી છે."

" ખરું છે; હું આવવાનો વિચાર કરતો હતો; પરંતુ મ્હને સમય મળ્યો નહોતો." આટલું બોલીને તે જાણે કે શર્માઇ ગયો.

પછીથી સત્યેન્દ્રે હરિપ્રસાદના કાન પાસે મ્હોં લઇ જઇને મૃદુસ્વરે કહ્યું:—" કાલે આવી હતી હોં કે ! "

" કોણ આવ્યું હતું ? " હરિપ્રસાદે પૂછ્યું.

પૂર્વવત્ સ્વરે હસતાં હસતાં સત્યેન્દ્રે કહ્યું:—" આપની માલતી. કાલે સ્હાંજે બ્હારથી ફરીને જ્યારે હું ઘેર આવ્યો ત્યારે મ્હેં તેને મ્હારે ઘેર આવેલી જોઇ. તે માતાજીની સાથે વાતચીત કરતી બેઠી હતી."

" શી વાતચિત ચાલતી હતી ? " ઉત્સુકતાથી હરિપ્રસાદે પૂછ્યું.

" મહાશય ! એ વાતચિત સાંભળીને હું દિઙ્મૂઢ બની ગયો હતો. મ્હેં ઘેર આવીને કપડાં ઉતાર્યા એટલામાં પાસેના ઓરડામાં કોઇ વાતચિત કરતું હોય એમ મ્હને લાગ્યું. માતાજીની સાથે કોણ વાતચિત કરે છે એ સંબંધી મ્હેં મ્હારી સહધર્મિણીને પૂછ્યું. તેણે માલતીનું નામ કહ્યું એટલે હું ગંભીર વિચારમાં પડી ગયો. મ્હેં વિચાર્યું કે, ' સારું ' જ થયું. ગઇ કાલે તો દેસાઇજી આવ્યા નહિ; પરંતુ જો તેઓ આજે આવશે તો જ્યારે માલતી ઘરમાંથી બ્હાર નીકળશે ત્યારે

તેઓ તેને જોઇ શકશે.' થોડા સમય પછી હું પગનો અવાજ સાંભળતાં જાણી શક્યો કે, પાસેના ઓરડામાંથી માતાજી માલતી સાથે બ્હાર નીકળ્યા. મ્હેં ચુપકીદીથી જોયું તો તેમને બન્નેને બ્હારની પડસાળમાં શેતરંજી પાથરીને બેઠેલાં જોયાં. માલતી માતાજી પાસે ચોટલો ઓળાવવા આવી હતી."

હરિપ્રસાદ ઘણા ધ્યાનથી કિંવા તન્મયતાથી સત્યેન્દ્રનાં વચનો સાંભળતો હતો. તેની તન્મયતાનું દર્શન કરી સત્યેન્દ્ર પાછો કહેવા લાગ્યોઃ—" પછીથી માતાજીને માલતીને એવું કહેતાં સાંભળ્યાં કે, 'અરે માલતિ ! બુઢ્ઢા વર સાથે ત્હારો વિવાહ સંબંધ નક્કી થઇ ગયો છે. એ બુઢ્ઢા વર તને ગમશે કે ?' મહાશય આ પ્રશ્નનો માલતીએ જે ઉત્તર આપ્યો તે સાંભળવામાં આવતાં મ્હારા આશ્ચર્યનો પાર જ રહ્યો નહિ." આમ કહી સત્યેન્દ્ર ધૂમ્રપાન કરવા લાગ્યો.

અધીરતાથી હરિપ્રસાદે પૂછ્યુંઃ—" તેણે શો ઉત્તર આપ્યો ? "

" દેસાઇજી મહાશય ! આપ તો વિજ્ઞ પુરુષ છો. વિદ્યાનું આપને વ્યસન લાગેલું છે એમ કહું તો એમાં પણ કાંઇ અતિશયોક્તિ જેવું નથી. આપ જ કહો જોઇએ કે તેણે શો ઉત્તર આપ્યો હશે ?" સત્યેન્દ્રે વિવાહ માટે પાગલ બની ગયેલા બુઢ્ઢાને બરાબર બનાવવા માંડયો.

" એણે શો ઉત્તર આપ્યો હશે એ હું કેવી રીતે કહી શકું ?" હરિપ્રસાદે ગંભીર ભાવ ધારણ કરીને કહ્યું.

સત્યેન્દ્રે કહ્યુંઃ—" જુઓ, તેણે એવો ઉત્તર આપ્યો કે, ' માણસની ઉમ્મર વધતી જાય છે તેમ તેમ તે વૃદ્ધ થાય છે. મ્હારા ઘરવાળા પણ કયાં પ્રથમથી જ વૃદ્ધ હતા ?! વળી જેવી રીતે તમે તમારા વૃદ્ધ પતિને ચ્હાઓ છો તેવી જ રીતે હું પણ મ્હારા વૃદ્ધ પતિને ચ્હાઉં છું."

આમ કહી સત્યેન્દ્ર થોડા સમય સુધી હરિપ્રસાદના મ્હોં તરફ જોઇ રહ્યો. હરિપ્રસાદના મ્હોંપર અત્યંત પ્રસન્નતા જોવામાં આવતી

હતી. સત્યેન્દ્રે કહ્યું:—" મહાશય ! આ તો સર્વથા કુમારસંભવ જેવું જ જણાય છે."

इति ध्रुवेच्छामनुशासती सुतां
शशाक मेना न नियन्तुमुद्यमात् ।
क ईप्सितार्थ स्थिर निश्चयं मनः
पयश्च निम्नाभिमुखं प्रतीपयेत् ॥

એ શ્લોક કાવ્યમાં વાંચ્યો હતો તે મ્હેં મ્હારી નજરે જોયો. વારૂં, માલતીના આ વચનોમાંનું ગૂઢ રહસ્ય શું છે એ આપ સમજી શકો છો કે ?"

" ગૂઢ રહસ્ય શું હોય ?" વિસ્મય દર્શાવતાં દેસાઇએ પૂછ્યું.

સત્યેન્દ્રે ગંભીર ભાવ ધારણ કરીને કહ્યું:—" એ રહસ્ય એકાએક સમજી શકાય એવું નથી. હું પણ ઘણા વિચારો કર્યા પછીથી જ સમજી શક્યો છું. જો આપે આપના સ્વપ્નની સકળ હકીકત મ્હને ન કહી હોત તો એ રહસ્ય હું કાળાંતરે પણ સમજી શકત નહિ."

અત્યંત અધીર બની જઇને દેસાઇ હરિપ્રસાદે સત્યેન્દ્રના મ્હોં તરફ જોયું. તેણે કહ્યું:—" મહાશય ! માલતીના ઉત્તરમાં ઉપમાન અને ઉપમેયનો સમાવેશ થયેલો છે. દંડીએ કહ્યું છે કે,—' यथा कथञ्चित् सादृश्यं यत्रोद्भूत प्रतीयते उपमा नाम सा ।' ઉપમાન અને ઉપમેયની સાથે સરખાપણું ક્યાં છે ?"

એ સરખાપણું ક્યાં છે તે હરિપ્રસાદ સમજી શક્યો નહિ, તેથી તે ચુપ રહ્યો. એટલે સત્યેન્દ્રે સ્મિત મુખે કહ્યું:—" માલતીએ જે વચન મ્હારાં માતાજીને કહ્યું તેનો અર્થ આવો છે. તમારા પતિ જેવી રીતે તમારા પ્રણયનું પાત્ર છે તેવી જ રીતે મ્હારા પતિ પણ મ્હારા પ્રણ-

યનું પાત્ર છે; તમારા પતિ જ્યારે યુવાવસ્થામાં હતા અને તમે તેમને જેવી રીતે ચ્હાતાં હતાં, તેમની ભક્તિ શ્રદ્ધા કરતાં હતાં તેવી જ રીતે હમણાં તેઓ વૃદ્ધ થયેલા હોવા છતાં તમે તેમને ચ્હાઓ છો અને તેમની ભક્તિ શ્રદ્ધા કરો છો એ જ પ્રમાણે મ્હારા પતિ જ્યારે યુવાન હતા ત્યારે તેમના તરફ મ્હારા મનનો જેવો ભાવ હતો એ ભાવમાં તેમની ઉમ્મર થઇ છે તેથી શું પરિવર્તન થાય કે? તેઓ પોતાની યુવાવસ્થામાં મ્હારા પ્રતિ હતા અને હમણાં પણ પતિ જ છે. બરાબર કુમારસંભવની ગૌરી—એમાં બિલકુલ તફાવત નથી. હવે કહો જોઇએ કે, માલતીના ઉત્તરનો આ સિવાય બીજો અર્થ થઇ શકે તેમ છે કે? હું તો એમ જ કહું છું કે, આ સિવાય બીજો અર્થ જ થઇ શકતો નથી."

ધુમ્રપાન કરતાં કરતાં આ મધુર વચનોની હરિપ્રસાદ પોતાના મનમાં ને મનમાં આલોચના કરવા લાગ્યો. છેવટે તેણે કહ્યું:—" જ્યારે તેમણે તમારાં માતાજીની ઉપમા પોતાના માટે પણ વાપરી છે ત્યારે પછી તેના ઉત્તરનો તમે કહો છો એવો જ અર્થ થાય છે."

આ સમયે સત્યેન્દ્રે ગર્વસૂચક સ્વરે કહ્યું:—" એમની વાતચિત કાંઇ એટલેથી બંધ પડી નહોતી, માલતીનો ઉત્તર સાંભળીને માતાજીએ એમ કહ્યું હતું કે, "નારે ના, માલતિ! હું તો ત્હારું મન જાણવાને માટે જ આમ બોલી છું. દેસાઇજી મહાશય શા માટે ગુસ્સે થઇ જાય? એ તો હું ત્હારા અંતરની વાત જાણવાને જ એમ બોલી હતી. હું એવો આશીર્વાદ આપું છું કે, તમારો બન્નેનો સારી રીતે વિવાહ થઇ જાઓ, અને તમે દંપતિ દીર્ઘાયુષી થાઓ. જો હજી પણ ઇશ્વરકૃપા હશે તો તને દશ છૈયાં છોકરાં થશે." આ વાક્યોના ઉત્તરમાં માલતીએ શું કહ્યું એ આપ જાણો છો કે?"

"તમે જ કહોને કે તેણે શું કહ્યું?"

"જુઓ, તેણે એમ કહ્યું કે, "મ્હોટાં બા! મ્હારા કાન્તિ અને વિહારી દીર્ઘાયુષી થાય એવો તમે આશીર્વાદ આપો. હું મ્હારા વિહારીને હવે એક જ વર્ષમાં પરણાવી દઇશ અને મ્હારો કાન્તિ બેરિસ્ટર થઇ આવે તે પહેલાં જ હું તેની વહુને અત્રે તેડાવીશ." સત્યેન્દ્રે ઉત્તર આપ્યો.

આ સમયે સ્વપ્નદર્શનની સઘળી હકીકતનું હરિપ્રસાદને સ્મરણ થયું. સત્યેન્દ્ર કહેવા લાગ્યોઃ—"મહાશય! જો એ કાન્તિપ્રસાદ અને વિહારીપ્રસાદની પૂર્વ જન્મની માતા ન હોય તો આમ બોલે કે?"

પછીથી વિવાહ સંબંધી તેમની બન્નેની વચ્ચે બીજી પણ ઘણી વાતચિત થઇ. દેસાઇએ કહ્યુંઃ—"હું ત્રીજી વખત વિવાહ કરવાનો છું તેથી આખા ગામના લોકોનાં અંતરમાં જાણે કે પ્રચંડ જ્વાળામુખી સળગી ઉઠયો છે!"

"મહાશય! ગામના માણસો કોઇનું સારું થયેલું કદાપિ જોઇ શકે છે કે? જો કોઇના કલ્યાણની વાત સાંભળવામાં આવે છે તો તેમનું કાળજું બળી જાય છે; પરંતુ ગામના સકળવાસીઓને આપે સંકટ પ્રસંગે રૂપિયા ધીરેલા હોવાથી આપનો ઉપકાર યાદ કરી તેમણે આપના તરફ કૃતજ્ઞ રહેવું જોઇએ; પરંતુ આ કળિયુગમાં કોણ ધર્મને માને છે?! છતાં કેટલાક માણસોને મ્હેં બરાબર અડાવ્યા છે!" સત્યેન્દ્રે જાણે કે પોતે કોઇ મહાભારત કામ કર્યું હોય એવા ભાવથી કહ્યું.

"તમે કોને અડાવ્યા છે?" હરિપ્રસાદે કિંચિત્ ક્રોધમિશ્રિત સ્વરે પૂછ્યું.

"કાલે આપની રાહ જોઇને જ્યારે હું થાકી ગયો, અને માલતી પોતાને ઘેર ચાલી ગઇ ત્યારે ફરતો ફરતો હું બ્રાહ્મણ ફળીઆમાં

સિદ્ધેશ્વર શાસ્ત્રીને ત્યાં જઇ ચઢયો. સિદ્ધેશ્વરના બેઠકખાનામાં ઘણા આણસોને એકઠા થઇને ગામ ગપાટા હાંકતા મ્હેં જોયા. આલી પેલી વાત થયા પછી આપના વિવાહની વાત કાઢીને એ લોકોએ ઠઠ્ઠામશ્કરી ચલાવી. એ સમયે પ્રાણશંકર શાસ્ત્રીએ કહ્યું:—" વૃદ્ધાવસ્થામાં હરિપ્રસાદ શા માટે આવી ભવાઇ કરવા તૈયાર થયા છે ? " આમ કહી તેણે એક શ્લોક ઉચ્ચાર્યો ! "

" કયો શ્લોક ઉચ્ચાર્યો ? "

" એક એવા ઉદ્ભટ્ શ્લોક છે કે:—

पाणौ गृहीतापि पुरस्कृतापि
स्नेहेन नित्यं परिवर्द्धितापि ।
परोपकाराय भवेदवश्यं
वृद्धस्य भार्या करदीपिकेव ॥

એનો અર્થ એવો થાય છે કે—"

સત્યેન્દ્રને એ શ્લોકનો અર્થ કરતો અટકાવીને દેસાઇએ કહ્યું:— " ચુલ્હામાં જાઓ એનો અર્થ. તમે શું કહ્યું ? "

" મ્હેં કહ્યું, 'પ્રાણશંકરનું કહેવું યથાર્થ છે; પરંતુ દેસાઇજીને વૃદ્ધ કોણ કહે છે ?' આ વાક્યના ઉત્તર પ્રાણશંકરે કહ્યું, ' એમને પચાસ વર્ષ થયેલાં હોવા છતાં તેઓ વૃદ્ધ નથી ? ' મ્હેં કહ્યું, ' વૃદ્ધ કોને કહેવાય છે એ તમે જાણો છો કે ? માત્ર બે ઉદ્ભટ શ્લોક મ્હોડે કરી ખોટી ચાલાકી ચલાવો છો કે ? પ્રથમ વૃદ્ધ કોને કહે છે તે સાંભળો—

आषोडशात् भवेद्बालस्तरुणस्तत उच्यते ।
वृद्धः स्यात् सप्ततेरुर्द्ध्वं वर्षीयान् नवतेः परम् ॥

જેની ઉમ્મર સીત્તેર વર્ષ કરતાં વિશેષ હોય છે તેને જ વૃદ્ધ કહી શકાય છે. નેવું વર્ષની ઉમ્મર થતાં વર્ષીયાન્ કહેવાય છે. આ સ્મૃતિનાં વચનની તમને ખબર છે કે ?"

હરિપ્રસાદે અત્યાનંદ પામીને કહ્યું:–"વાહ ! તમે પ્રાણશંકર શાસ્ત્રીને બરાબર બનાવ્યો છે ! પછી તે કાંઇ બોલ્યો કે ?"

"પછી શું બોલવાનું હતું. જો તેણે સ્મૃતિનાં વચનો અસત્ય ઠરાવવાનો પ્રયત્ન કર્યો હોત તો હું તેને વિશેષ મૂર્ખ બનાવ્યા સિવાય રહેત નહિ. મ્હારો શ્લોક સાંભળી તે ડાચું વકાસીને બેસી જ રહ્યો. ત્યાર પછી માધવપ્રસાદે કહ્યું, 'બરાબર છે. સીત્તેર વર્ષની ઉમ્મર થયા સિવાય કોઇને વૃદ્ધ કહેવો એ અન્યાય કરવા જેવું છે. પચાસ વર્ષ પૂર્ણ થયા પછી વનમાં જવું જોઇએ એમ આપણા શાસ્ત્રમાં લખેલું છે ને ? હવે દેસાઇજી મહાશય લગભગ પચાસવર્ષની ઉમ્મરના થયેલા હોવા છતાં તેઓ વનમાં નહિ જતાં વિવાહ કરવાને કેમ તૈયાર થયા છે ?' આ વચનો સાંભળી તેમને સર્વને બનાવવાની મ્હારી ઇચ્છા થઇ. મ્હેં કૃત્રિમ નમ્રતા દર્શાવી કહ્યું:–'અત્રે બિરાજેલા મહાશયો ! હું તો એક સામાન્ય શિક્ષક છું. આપના જેવો પંડિતપ્રવર કે સંસ્કૃતસાહિત્યશિરોમણિ નથી. મ્હારો નમ્ર મત એવો છે કે, આપ કહો છો તે પ્રમાણે દેસાઇજી પણ હવે વનમાં જ જાય છે.' આ સમયે તેઓ સર્વ બોલી ઉઠયા, 'કેવી રીતે વનમાં જાય છે ?' મ્હેં કહ્યું:–"હું એક શ્લોક બોલું છું. એ સાંભળી આપ સર્વ તેનાપર વિચાર કરજો કે દેસાઇજી મહાશય વનમાં જાય છે યા નહિ ? એ શ્લોક એવો છે કે:—

पुष्पबाणभवनो मनोभुवः
संविशेश नवयौवने वने ।

तत्र दृष्टिविशिखेन हन्यते
कातरे तव कृपा न जायते ॥

આ શ્લોક સાંભળી માધવપ્રસાદ વગેરે હસી પડયા."

"એ શ્લોકનો અર્થ શો થાય છે ?" હરિપ્રસાદે પૂછ્યું.

"નાયક, નાયિકાને કહે છે કે, કંદર્પબાણના ભયથી મ્હારા મનરૂપ મૃગે તમારા નવયૌવનરૂપ વનમાં પ્રવેશ કરી આશ્રય લીધો હતો; કિન્તુ સખિ! તમે એવાં નિષ્ઠુર છો કે એ મૃગને તમે નયન-બાણથી વીંધ્યો છે!" સત્યેન્દ્રે અર્થ કહી સંભળાવ્યો.

"વાહ વાહ! આ શ્લોક તો ઘણો સરસ છે. આ શ્લોક તમે મ્હને લખી આપો." ભવિષ્યમાં આ શ્લોક ઉપયોગી થઇ પડશે વિચારીને હરિપ્રસાદે કહ્યું.

સત્યેન્દ્રે કાગળ પેન્સીલ લઇ એ શ્લોક લખી આપ્યો. હરિપ્રસાદ હસતાં હસતાં એ શ્લોક વાંચવા લાગ્યો.

આ સમયે બ્હાર નજર ફેરવીને સત્યેન્દ્રે કહ્યું:-"ઓહ! લિમડા નીચે તડકો આવી ગયો છે. દશ વાગ્યા છે."

હરિપ્રસાદે કહ્યું:-"નિશાળે તો જવું નથી; પછી શી ચિંતા છે?"

"મહાશય! એક વખત મ્હારે પોસ્ટ ઑફીસે જવું પડશે. આજે એક ઘણો જરૂરી પત્ર આવવાનો છે. એ પત્ર માટે મ્હારું મન અત્યંત ઉદ્વિગ્ન બની ગયું છે." સત્યેન્દ્રે કહ્યું.

"વારુ, વખત થયો છે તેથી હું પણ હવે ઉઠીશ." આમ કહી પોતાની વાંસની મજબૂત લાકડી હાથમાં લઇ અફિણની લહેરમાં ને લહેરમાં હરિપ્રસાદ પોતાના ઘર તરફ જવા લાગ્યો.

ઘેર જઇ વસ્ત્રો બદલી સ્નાનાદિથી નિવૃત્ત થઇ તેણે ભોજન કરી

લીધું અને પછી તેણે શય્યાનો આશ્રય સ્વીકાર્યો. આજે તે સત્યેન્દ્રે લખી આપેલો શ્લોક વારંવાર વાંચી પોતાના મનમાં ને મનમાં મલકાતો હતો.

સંધ્યા સમયે સત્યેન્દ્ર હરિપ્રસાદ પાસે આવી પહોંચ્યો. તેનું મ્હોં ઘણું ચિંતાતુર બની ગયેલું જોવામાં આવતું હતું. તેણે દીનતાસૂચક સ્વરે હરિપ્રસાદને ઉદ્દેશીને કહ્યું:—"દેસાઇજી મહાશય! મ્હારા શિર-પર એક મહાભારત સંકટ આવી પડયું છે. આજે મ્હારા સાસરેથી એવા સમાચાર આવ્યા છે કે, ત્યાંની સઘળી સંપત્તિ કે જેનો ઉત્તરાધિકારી માત્ર હું એકલો જ છું, તે એક જણની ડિક્રી થવાથી હરરાજ થવાની છે. જો ડિક્રીદારને હમણાં પાંચસો રૂપિયા આપવામાં આવે તો જ સઘળી મિલકતનું રક્ષણ થાય તેમ છે. મિલકતનું મૂલ્ય ઘણું વધારે થાય છે. મહાશય! ભાગ્યદેવીની ભયંકરતાથી અને વિધાતાના વિચિત્ર વિધાનથી મ્હારા હાથમાં હમણાં એક પણ રૂપિયો નથી. આજે આખો દિવસ ગામમાં રખડી રઝળી મ્હેં રુપિયા મેળવવાનો પ્રયત્ન કર્યો છે; કિન્તુ મ્હારો સઘળો પ્રયત્ન વ્યર્થ થયો છે. હવે તો આપ જ આવા સંકટમાંથી મ્હારો અવશ્ય ઉદ્ધાર કરશો એવી આશાથી હું આપના ચરણોમાં ઉપસ્થિત થયો છું. મહાશય! હવે આ નિરાધારના આધાર આપ જ છો. મ્હને તારવો કે ડૂબાવવો એ આપ મહાનુભાવના હાથની વાત છે."

આ વચનો સાંભળી ઘરમાં જઇ તિજોરી ઉઘાડી એમાંથી પાંચસો રૂપિયા કાઢી લાવી હરિપ્રસાદે સત્યેન્દ્રપ્રસાદ પાસે મૂક્યા. સત્યેન્દ્રે કહ્યું:—"એક આનાની ટિકીટ હું મ્હારી સાથે જ લેતો આવ્યો છું. મ્હને કૃપા કરીને એક કાગળ આપો એટલે હું હેન્ડનોટ લખી આપું. વ્યાજનો દર શો છે?"

આ સમયે ગંભીરતાથી હરિપ્રસાદે કહ્યું:–"સારું સારું, તમે તો તદ્દન ગાંડા જણાઓ છો! તમારી પાસે હું હેન્ડનોટ લખાવું? તમે તમારે બેલાશક રૂપિયા લઇ જાઓ–બની શકે ત્યારે પાછા આપજો."

વાંચકબંધુઓ! હરિપ્રસાદે પોતાના જીવનમાં આવો બંધુપ્રેમ કોઈના તરફ કદાપિ દર્શાવ્યો નહોતો.

સત્યેન્દ્રપ્રસાદે કહ્યું:–" મહાશય! આજના આપના ઉપકાર-રૂણમાંથી આ જીવનમાં હું મુક્ત થઇ શકું તેમ નથી જ. હું વિશેષ શું કહું? મ્હારી આંતરિક ઇચ્છા એવી જ છે કે, હવે હરગૌરીનું પુનર્મિલન સત્વર થઇ જાય અને ત્વરાથી આપ મહાનુભાવનો ભાગ્યોદય થાય." આમ કહી હરિપ્રસાદની ચરણરજ શિરપર ચઢાવી; રૂપિયાની કોથળી ઘણી સંભાળથી ઉંચકી લઇ સત્યેન્દ્ર પ્રસન્નતાપૂર્વક વિદાય થયો.

પ્રકરણ ૭ મું.

નવા જમાઇની શોધમાં!

બીજી તરફથી ગૌરી મહાદેવને ઉદ્દેશીને એવી પ્રણયોક્તિ કરતી હતી કે, જે કુમારસંભવમાં તથા શિવપુરાણમાં ન હોય. માલતી તેના પ્રવીણ હસ્તાકાંક્ષીને ઉદ્દેશીને 'ગધેડો' 'નિર્લજ્જ' 'ઠચરો' એવાં સંબોધનો એકાન્તમાં વાપરતી હતી. આ ઉપનામો તે તેના સખીમંડળમાં વાપરતી હતી; પરંતુ ધીમે ધીમે પુત્રી આ વિવાહમાં નારાજ છે એવું તેનાં માતા પિતા જાણી શક્યાં; પરંતુ તેઓ શું કરે? માલતીનું મુખમંડળ રાત્રિ દિવસ ચિંતાતુર

રહેતું હતું. તે નામ માત્રનું ભોજન કરતી હતી. રડી રડીને તેની આંખો ફુલી ગઇ હતી. આવો દેખાવ જોઇ તેની માતા પણ એકાન્તમાં બેસી પોતાના ભાગ્યનો દોષ કાઢી વારંવાર રડતી હતી. કહેવાની જરૂર નથી કે, સત્યેન્દ્રપ્રસાદે હરિપ્રસાદ પાસે વર્ણવેલા ગૌરીની સ્થિતિના સમાચાર તેના સ્વકપોળકલ્પિત હતા.

જગદીશપ્રસાદનું એક માળનું મકાન અત્યારે જીર્ણશીર્ણ બની ગયું હતું. બ્હાર તેમજ અંદર, દિવાલમાંની કેટલીક ઇંટો ખસી પડેલી હતી. ઘરમાં બેસનાર માણસને દિવાલોના દેખાવપરથી એમજ લાગે તેમ હતું કે, જાણે દિવાલો પોતાના દાંત બ્હાર કાઢીને ગળી જવા માટે આવે છે; ઠેક ઠેકાણે ઉધેઇ થયેલી નજરે પડતી હતી.

જગદીશપ્રસાદની ઉમ્મર પચાસ વર્ષની હતી. પહેલાં તે એક વાણિયાને ત્યાં નામું લખતો હતો. એ ઠેકાણે તેને માસિક દશ રૂપિયાનો પગાર મળતો હતો. તેની પૈત્રિક સંપત્તિમાં દશ વીઘાં જમીન હતી. આજકાલ કરતાં પાંચ વર્ષથી નોકરી છુટી જવાથી તે ઘેર બેસીને જ મહામુશિબતે પોતાના કુટુંબનું ગુજરાન કરતો હતો; આમ છતાં ધીમે ધીમે વર્ષ ખરાબ આવવા માંડયાં. કોઇ વર્ષે અતિવૃષ્ટિ થવાથી તો કોઇ વર્ષે વૃષ્ટિ નહિ થવાથી વિકાળ દુષ્કાળ દર્શન દેતો હતો. આથી માત્ર દશ વીઘાં જમીનમાંથી સરકારી મહેસુલ ભરી ઘરખરચ ચલાવવાનું કાર્ય ઘણું મુશ્કિલ થઇ પડયું હતું. નિરુપાયે તેણે પોતાની દશ વીઘાં જમીન અને મકાનપર હરિપ્રસાદ પાસેથી જરૂર જેટલી રકમ લીધી હતી. હવે જો માલતીનો હરિપ્રસાદ સાથે વિવાહ કરવામાં આવે તો તે જગદીશપ્રસાદને ઋણમુક્ત કરવાને તૈયાર હતો.

એવામાં પિતાનો સંદેશો મળવાથી શાન્તિપ્રસાદ ઘેર આવી

પહોંચ્યો. તે માલતી કરતાં પાંચ છ વર્ષે મ્હોટો હતો. મૂછનો દોરો ફુટેલો હતો. તે ઘણો શાન્ત અને સચ્ચરિત્ર હતો. મેટ્રિકની પરીક્ષા પસાર કરી દશ રૂપિયા સ્કૉલરશિપ મેળવી, અમદાવાદ જઇને તે વિશ્વવિદ્યાલયનો અભ્યાસ કરતો હતો. પોતાના અભ્યાસ સંબંધીનું સઘળું ખરચ તે ખાનગી ટ્યુશન આપીને નભાવતો હતો. ગયે વર્ષે તે પરીક્ષામાં પસાર થયો હતો; પરંતુ તેને સ્કૉલરશિપ મળી નહોતી. ઘણાખરા માણસોએ તથા તેના પિતાએ સુદ્ધાં તેને અભ્યાસનો ત્યાગ કરી નોકરી કરવાની સલાહ આપી હતી; પરંતુ એ સલાહ તરફ તેણે ધ્યાન આપ્યું નહોતું. આ સમયે તે ફરીથી અમદાવાદ જઇ ટ્યુશનો આપી બી. એ. નો અભ્યાસ કરતો હતો.

જો કે જગદીશપ્રસાદને આજ સુધીમાં ઘણાં સંતાનો થયાં હતાં; પરંતુ માલતી અને શાન્તિપ્રસાદ સિવાય બીજાં સંતાનો બાલ્યાવસ્થામાં જ મૃત્યુ પામ્યાં હતાં. મે વેકેશનમાં અને દીપોત્સવીની રજાઓમાં શાન્તિપ્રસાદ ઘેર આવી તેની બ્હેન માલતીને સુશિક્ષણ આપતો હતો. પ્રત્યેક વખતે ઘેર આવતી વખતે તે માલતી માટે નવી નવી વસ્તુઓ લાવતો હતો.

શાન્તિપ્રસાદ ઘેર આવતાંની સાથે જ ભગિનીનામાં થયેલો ફેરફાર સમજી ગયો. તેણે જોયું કે, માલતીના મ્હોંપર પ્રથમના જેવું નિર્દોષ હાસ્ય હવે જોવામાં આવતું નહોતું. તેની પૂર્વેની પ્રફુલ્લતા અદૃશ્ય થઇ ગઇ હતી. તેની દેહલતા કૃશ થઇ ગઇ હતી. આવો દયાજનક દેખાવ જોવામાં આવતાં તેણે કહ્યું:—"માલતિ! તું આવી રોગિણી ક્યારથી થઇ ગઇ?"

"ના ના—મ્હને કશો રોગ થયો નથી." માલતીએ ઉત્તર આપ્યો.

"ત્યારે ત્હારું મ્હોં આમ સેવાઇ કેમ ગયું છે?"

"ભાઇ! તમે મ્હને કાંઇ પૂછશો નહિ." આટલું બોલતાં માલતીનાં નેત્રોમાં અશ્રુજળ ભરાઇ આવ્યું. તે સત્વર ત્યાંથી ચાલી ગઇ.

શાન્તિપ્રસાદે તેની માતા પાસે જઇ માલતીની ઉદાસિનતાનું કારણ પૂછ્યું તો તેણે ઉત્તર આપ્યો કેઃ—"હું શું જાણું? ભાઇ! જ્યારથી વિવાહની વાત ચાલે છે ત્યારથી માલતી ચિંતાતુર બની ગયેલી જણાય છે."

શાન્તિપ્રસાદે અત્યાશ્ચર્ય પામીને પૂછ્યુંઃ—"માલતીનો વિવાહ?! ક્યાં-કોની સાથે?"

"હરિપ્રસાદ દેસાઇજી—કાન્તિપ્રસાદના પિતાની સાથે."

આ ઉત્તર સાંભળી શાન્તિપ્રસાદે ઉત્તેજિત બની જઇને કહ્યુંઃ—"આ તમે શું કહો છો? દેસાઇજી સાથે માલતીનો વિવાહ? આ વિવાહમાં તમે તથા પિતાજીએ સંમતિ દર્શાવી છે કે? દેસાઇજી તો મ્હારા પિતાજીના જેટલી ઉમ્મરના છે!"

માતાએ કહ્યુંઃ—"ભાઇ! સંમતિ ન દર્શાવીએ તો શું કરીએ? જો કોઇ સારો જમાઇ મળી આવે તો કોઇ વૃદ્ધ પુરુષને જાણી જોઇને પોતાનો જમાઇ બનાવે કે? વળી હવે માલતીનો જલ્દી વિવાહ કર્યા વિના પણ ચાલે તેમ છે કે?"

શાન્તિપ્રસાદ થોડા સમય સુધી ચુપ રહ્યો પછીથી તેણે કહ્યુંઃ—"સઘળું નક્કી થઇ ગયું છે કે?"

"હા. જ્યેષ્ઠ માસની પાંચમનો દિવસ વિવાહ માટે નક્કી કરવામાં આવ્યો છે."

"ચાંલ્લો થઈ ગયો છે?"

"ના."

શાન્તિપ્રસાદે વિહ્વળતાથી કહ્યુંઃ—"મા! આવું અયોગ્ય કાર્ય

કદાપિ કરશો નહિ. દીકરી ને ગાય દોરે ત્યાં જાય છે; પરંતુ તેથી તેમના જીવનનો આવી રીતે નાશ કરવાથી માબાપ, ભાઈભાંડુ વગેરેને નરકમાં પણ સ્થાન મળતું નથી. માલતી હજી બાળિકા છે. પચાસ વર્ષની ઉમ્મરે પહોંચેલા દેસાઈજી સાથે એનો વિવાહ કરવાથી આ જીવનમાં એ સહજ પણ સુખ અનુભવી શકશે કે ?"

"ભાઈ! દેસાઈજી પાસે પુષ્કળ દ્રવ્ય છે; છતાં માલતી દુઃખી થશે ?"

"માતાજી! તમે બુદ્ધિમતી થઈને આમ બોલો છો ? માત્ર દ્રવ્યથી જ સ્રીજાતિને સુખ મળી શકે છે કે ?"

"હું બધું સમજું છું; પણ કરવું શું ? પ્રથમ દેસાઈજીએ જ્યારે વિવાહનો પ્રસ્તાવ કર્યો ત્યારે અમે એને હસી કાઢ્યો હતો. અંતે અમારે એમના પ્રસ્તાવને સ્વીકારવો પડ્યો. દેસાઈજી એમ કહે છે કે, જો આ વિવાહ નિર્વિઘ્ને થઈ જશે તો તેઓ આપણી સઘળી મિલકત એક પાઈ પણ લીધા સિવાય આપણને પાછી સોંપી દેશે. તે ઉપરાંત માલતીને લગભગ બે હજાર રૂપિયાનાં ઘરેણાં આપશે. વિવાહમાં આપણે એક પણ પૈસો ખરચવો પડે તેમ નથી. આપણું ખરચ ઉપાડી લેવાને પણ તેઓ તૈયાર છે. આમ હોવાથી જ અમે એમની વાત કબૂલ રાખી છે."

"માતાજી! માત્ર દ્રવ્યલોભથી માલતીને દુઃખના અતલસ્પર્શ સાગરમાં ડુબાવી દેવાનો જ તમારો વિચાર છે કે ? મ્હારી એકની એક બ્હેનને દુઃખી સ્થિતિમાં હું કદાપિ નહિ જોઈ શકું. બા! કાળાંતરે પણ તમે આવું અનુચિત કાર્ય કરશો નહિ."

"આ કાર્ય ક્યાં ઇચ્છાપૂર્વક કરવાનું છે ? માલતીને ચૌદમું વર્ષ આ મહિનામાં જ બેઠેલું છે. અત્યાર સુધીમાં એને યોગ્ય થઈ

પડે એવું એક પણ પાત્ર મળી આવ્યું નથી. જો આપણી સ્થિતિ સારી હોત તો અત્યાર સુધીમાં માલતી ક્યારનીય વિવાહિતા થઇ ગઇ હોત.”

“હું કદાચ બીજું યોગ્ય પાત્ર શોધી કાઢું તો તમે આ વિવાહ બંધ રાખશો?” શાન્તિપ્રસાદે પૂછ્યું.

“જ્યારે શોધી કાઢવાનો વિચાર હતો ત્યારે અત્યાર સુધી તું શા માટે ઉંઘતો હતો, ભાઇ?”

“જો કદાચ હું કોઇ ગરીબ પરંતુ ભણેલો સચ્ચરિત્ર યુવક શોધી કાઢું તો તમે તેની સાથે માલતીને પરણાવશો?”

“ઘણી ખુશીથી; પરંતુ હવે ત્હારે જે કાંઇ કરવું હોય તે જલ્દીથી કરવું જોઇએ; નહિ તો ધોબીનો કૂતરો ઘરનો નહિ અને ઘાટનો પણ નહિ એવી સ્થિતિ થશે.”

“એ માટે તમારે મ્હને નહિ કહેવું પડે. હું બે ચાર દિવસમાં જ સઘળું ચોક્કસ કરી આવીશ.”

“એ તો ખરું; પરંતુ વિવાહના ખરચનું કેમ કરીશું?”

“આખા ગામના લોકોને જમાડવા જ જોઇએ એવો કાંઇ કાયદો નથી. માત્ર વ્યવહાર કરીને જ આપણે વિવાહ કાર્ય ઉકેલી નાખીશું. એવી રીતે વર્તવાથી સો રૂપિયા ઉપરાંત વિશેષ ખરચ નહિ થાય, તથા એ સો રૂપિયાની વ્યવસ્થા પણ હું કરીશ.” આમ કહી જમ્યા કર્યા સિવાય જ વ્યથિત તથા ચિંતાતુર ચિત્તે શાન્તિપ્રસાદ બપોરની ગાડીમાં અમદાવાદ ચાલ્યો ગયો.

પ્રકરણ ૮ મું.

વિવાહની સાજસજ્જા.

વિવાહની ખટપટ ચાલી રહી હતી એવામાં એક દિવસે હરિપ્રસાદ સ્હાંજની ફાસ્ટ ટ્રેનમાં અમદાવાદ સ્ટેશને ઉતર્યો. અમદાવાદની રેલ્વે ઑડિટ ઑફિસમાં તેનો બાલ્યબંધુ જયન્તિપ્રસાદ કામ કરતો હતો. તે રાયપુરના લત્તામાં રહેતો હતો. સ્ટેશનેથી જ્યારે હરિપ્રસાદ જયન્તિપ્રસાદને ઘેર આવી પહોંચ્યો ત્યારે જયન્તિપ્રસાદનાં સંતાનો 'હરિપ્રસાદ કાકા આવ્યા છે.' કહીને નાચવા કૂદવા લાગ્યાં. હરિપ્રસાદે તેમનો આદર કર્યો. નોકરને પૂછતાં માલૂમ પડ્યું કે, જયન્તિપ્રસાદ સંધ્યાકાળે ઘેર આવશે; તેથી છોકરાં માટે લાવવામાં આવેલું ખાવાનું પડીકું અંતઃપુરમાં મોકલી, ટ્રંક પોટલી વગેરે બેઠકખાનામાં રખાવી, હાથ પગ ધોઇ હરિપ્રસાદ ધુમ્રપાન કરવા લાગ્યો. બાળક બાળિકાઓ તેની પાસે બેસી વિનોદ કરવા લાગ્યાં.

હરિપ્રસાદ કેટલાંક વસ્ત્રો તૈયાર કરાવવા અને માલતીને માટે ઘરેણાં ઘડાવવાને અત્રે આવ્યો હતો. જો કે તેની પહેલી વખતની પત્નીના કેટલાક અલંકારો ઘરમાં હતા; પરંતુ એ બધા જુના જમાનાના હતા. માલતી માટે તો અપ ટુ ડેટ ફેશનના અલંકારો તૈયાર કરાવવાનો પોતાના મન સાથે તેણે નિશ્ચય કર્યો હતો. જો કે સાણંદ ગામનો સોની કાંઇ ખોટા અલંકારો બનાવતો નહોતો; પરંતુ શહેરના જેવું ચમકતું પૉલિસ તે કરી શકતો નહોતો અને તેથી જ આપણા હરિપ્રસાદજીને અમદાવાદ આવવું પડ્યું હતું.

થોડા સમય પછી અંતઃપુરમાંથી ચ્હા પીવાનું નિમંત્રણ આવ્યું. જયન્તિપ્રસાદ હરિપ્રસાદથી એક બે વર્ષે મ્હોટો હોવાથી જયન્તિપ્રસાદની પત્ની ગંગાલક્ષ્મી હરિપ્રસાદને દિયરજી કહીને બોલાવતી હતી.

અંતઃપુરમાં પ્રવેશ કરી હરિપ્રસાદ એક પાટલાપર બેઠો, અને ગંગાલક્ષ્મી સાથે વિવિધ વાતો કરતો ચ્હા પીવા લાગ્યો.

ગામના સમાચાર, ફળીઆના સમાચાર વગેરે પૂછ્યા પછી ગંગાલક્ષ્મીએ પૂછ્યું:—" વિવાહનો દિવસ નક્કી થઇ ગયો છે કે ? "

" હા, હવે માત્ર એક અઠવાડીઆની જ વાર છે. વારુ, તમે આ વાત ક્યાંથી સાંભળી ? " હરિપ્રસાદે ઉત્તર આપીને પૂછ્યું.

" આવી મહત્વની વાત છુપી રહી શકે ખરી કે ? " ગંગાલક્ષ્મીએ સ્મિતમુખે કહ્યું.

" ઠીક, પણ વિચારી જુઓ કે, હું શું કરું ? આટલી મ્હોટી ઉમ્મરે વિવાહ કરવાની કોઇની પણ ઇચ્છા હોય ખરી કે? છતાં મ્હારે ફોઇબાના આગ્રહને માન આપીને આ કાર્યમાં સંમતિ દર્શાવવી પડી છે. " હરિપ્રસાદે ગંભીરતા ધારણ કરીને કહ્યું.

" એમાં તમે શું ખોટું કરો છો ? હજી તમારી ઉમ્મર ક્યાં એટલી બધી થઇ ગઇ છે ? તમારાં કરતાં પણ મ્હોટી ઉમ્મરના વૃદ્ધ પુરુષો આજકાલ પુનર્વિવાહ કરતા જોવામાં આવે છે. અમારી જ વાત કરોને-જુઓ હું કદાચ આજે મરી જાઉં તો તમારા ભાઇ-"

હરિપ્રસાદે ગંગાલક્ષ્મીનું વાક્ય પૂર્ણ થાય તે પૂર્વે જ કહ્યું:—" હવે એ વાતને ઉચ્ચારશો નહિ. હોય-દુનિયા એમજ ચાલે છે ! "

ધીમે ધીમે ઘરેણાંની વાત નીકળી. આ પ્રસંગે અત્યંત ઉત્સાહથી ગંગાલક્ષ્મી પોતાનો અભિપ્રાય જણાવવા લાગી. આજકાલ ક્યાં ક્યાં નવી જાતનાં ઘરેણાં પ્રચલિત થયાં છે એ સંબંધી તે વિ-

સ્તારથી હરિપ્રસાદને સમજાવવા લાગી. તેણે કહ્યું:—"અહીં અમારો ઓળખીતો એક સોની છે. અમારાં સઘળાં ઘરેણાં એજ ઘડે છે. કાલે સ્હવારે આપણે તેને બોલાવીશું. જો કે એ મજુરી કાંઇક વધારે લે છે; પરંતુ બીજા સોનીઓની માફક વિશ્વાસઘાત કરતો નથી. પૉલિશનું કામ પણ એ ઘણું સુંદર અને આકર્ષક કરે છે."

આ સમયે એક ખુરસીપર બેસી હરિપ્રસાદ પાન ચાવતો હતો. તેણે કહ્યું:—"પણ આ વિવાહમાં તમારે આવવું જ પડશે ભાભીજી, નહિ આવો તો હું તમને છોડવાનો નથી."

"જો કે મ્હારી આવવાની તો ઘણી ઇચ્છા છે; પરંતુ એક મ્હોટી મુસ્કેલી આવેલી છે. મ્હોટી છોકરી હવે થોડા દિવસમાં જ અહીં સુવાવડ ખાવા આવવાની છે. એને એવી સ્થિતિમાં અત્રે રાખી હું વિવાહમાં કેવી રીતે આવી શકું? વિવાહ થઇ ગયા પછી એક વખત નવી વહુની સાથે જ અહીં આવજો." ગંગાલક્ષ્મીએ કહ્યું.

"ભાભીજી, માલતીને તમે જોઇ છે કે?" આ પ્રશ્ન ઉપસ્થિત થતાં જ માલતીના રૂપગુણની પ્રશંસા ચાલૂ થઇ ગઇ, અને એ પ્રશંસા કરવામાં જ અડધા કલાક જેટલો સમય પસાર થઇ ગયો. સંધ્યાકાળ થયો. ઘરમાં દીપકના પ્રકાશનો વિસ્તાર થયો. નીશા વગર એચેની લાગતી હોવાથી, હરિપ્રસાદે બેઠકખાનામાં જઇ, ટ્રંક ઉઘાડી થોડું અફીણ ખાઇ લીધું. એવામાં જયન્તિપ્રસાદ પણ આવી પ્હોંચ્યો. આનન્દપૂર્વક બાલ્યબંધુની અભ્યર્થના કરી, વસ્ત્રો બદલી જયન્તિપ્રસાદ જમવા માટે તેની સાથે અંતઃપુરમાં ગયો.

જમતાં જમતાં જયન્તિપ્રસાદે હરિપ્રસાદના મતને પુષ્ટિ આપતાં કહ્યું:—"જુઓ ભાઇ! કાન્તિ અને વિહારી મ્હોટા થયા છે. તેઓ ભણી ગણી નોકરીએ લાગશે કિંવા વકિલાત કે બૅરિસ્ટરી કરશે

એટલે તેઓ કોઇ સારા શહેરમાં પોતાના કુટુંબસહ જઇને રહેશે. એમ થશે એટલે પછી તમારી સંભાળ કોણ રાખશે ? હવે ફોઇબાના જીવનો ભરોંસો નથી. જો કદાચ થોડા કાળમાં જ તેમનો પરલોકવાસ થાય તો તમારી કેવી દશા થાય ? સેવા ચાકરીની વાત બાજૂએ મૂકીએ તો પણ બે વખત રસોઈ બનાવીને તમને જમાડશે કોણ ? વળી માણસ જેમ જેમ મ્હોટું થતું જાય છે તેમ તેમ તેનું શરીર બેચેન અને શક્તિહીન બનતું જાય છે; તેથી મ્હોટી ઉમ્મરમાં સેવા ચાકરીની પણ જરૂર રહે છે. જો કદાચ બે દિવસ તાવ આવશે તો તમને પાણી સુદ્ધાં કોણ પાશે ? ના ભાઇ ના–કોઇની વાત તમે સાંભળશો નહિ. આ વિવાહ થઇ જ જવા દો !"

× × × ×

બીજે દિવસે સંધ્યાકાળે બેઠકખાનામાં બેસીને જયન્તિપ્રસાદ અને હરિપ્રસાદ ચ્હા પીતા હતા. જયન્તિપ્રસાદે પૂછ્યું:–" ભાઇ ! આજે આખા દિવસમાં શું કર્યું ?

" ખાઇ પીને બપોરે થોડો સમય સૂઇ રહ્યો હતો. ત્રણ વાગે ઉઠી હાથ મ્હોં ધોઇ રીચીરોડ ગયો હતો. કેટલાંક કપડાં ખરીદી લાવ્યો છું.

" ઠીક, બીજું શું શું ખરીદી લાવ્યા છો ? " થોડો સમય ચુપ રહ્યા પછી જયન્તીપ્રસાદે પૂછ્યું.

ચ્હા પી રહ્યા પછી હરિપ્રસાદે ટ્રંક ઉઘાડી. પછીથી વર્ત્તમાન પત્રોના કાગળો સાથે બાંધેલાં કેટલાંક પડીકાં તેણે બ્હાર કાઢયાં, અને ટેબલપર મૂક્યાં. બીજું એક કાગળનું ખોખું કાઢીને તે પણ તેણે ટેબલપર મૂક્યું. તેને જોતાં જ એમાં બૂટ હોય એમ લાગતું હતું. એ સઘળું જોતાં જ જયન્તિપ્રસાદે કહ્યું:–" વાહ ! આપ તો

ઘણી વસ્તુઓ ખરીદી લાવ્યા હો એમ લાગે છે. સઘળું ખોલો એટલે જોઉં તો ખરો કે અંદર શું છે ?"

સઘળાં પડીકાંમાંથી એક ઉચકીને હરિપ્રસાદે ખોલ્યું તો તેમાંથી સાદા ટ્વીલ કાપડનાં ચાર ખમીસ અને છ રુમાલ બ્હાર નીકળ્યા. ખમીસ તથાં રુમાલ હાથમાં લઇ જયન્તિપ્રસાદે પૂછ્યુંઃ—"આ ખમીસ પહેરીને તમે પરણવા જશો કે ?"

"હારતો, એટલા માટે જ ખરીદ કર્યાં છે ! હું જો કે મ્હારી ઉમ્મર મ્હોટી થઇ છે છતાં આ વીસમીસદીના સુધારકો જેવો પોષાક પહેરી પરણવા જાય છે તેવો જ પોષાક પહેરીને પરણવા જઇશ ! વળી તમે જાણો છો કે, આર્ય ધર્માનુસાર શાસ્ત્રોક્ત પદ્ધતિથી મ્હેં આ વિવાહ કરવાનો નિશ્ચય રાખ્યો છે; જેથી વર્ત્તમાનપત્રોમાં મુક્તકંઠે મ્હારી પ્રશંસા થવાની સંપૂર્ણ સંભાવના છે !!"

એ રુમાલ હાથમાં લઇ મૃદુ હાસ્ય કરતાં કરતાં જયન્તિપ્રસાદે કહ્યુંઃ—"આ રુમાલ જો કે હમણાં સારા દેખાય છે; પરંતુ એક વખત ધોવામાં આવશે એટલે કાળા કોલસા જેવા થઇ જશે. વારુ, તમે શી કિમ્મત આપી છે ?"

"એક એક રુમાલના દશ દશ પૈસા." હરિપ્રસાદે ઉત્તર આપ્યો.

"આજકાલ લડાઇ ચાલતી હોવાથી સારા ઇટાનિયાના એક એક રુમાલના ઓછામાં. ઓછા સાત આના આપવા પડે છે. ઠીક, બીજું શું ખરીદ્યું છે ?"

હરિપ્રસાદે બીજું એક પડીકું છોડયું તો એમાંથી ચાઇના-સિલ્કનું કપડું નીકળ્યું. જયન્તિપ્રસાદ એ કપડું જોવા લાગ્યો, એટલે હરિપ્રસાદે કહ્યુંઃ—"આજકાલ અમદાવાદમાં એટલા બધા દરજીઓ વધી ગયા છે કે, કયો દરજી સારાં અંગ્રેજ લોકોના જેવાં કપડાં

સીવતો હશે એ સમજી શકાતું નથી. કોઇ સારો દરજી તમારા ધ્યાનમાં છે કે ?"

"હા-રીચીરોડપર ફુવ્વારા સ્હામે સોમનાથ ધનજીની ટેલરીંગ શૉપ આવેલી હોઇ ત્યાં ઘણાં સારાં કપડાં નિયમિત સીવાય છે, તેમજ એ શૉપમાં સીલાઇ પણ વ્યાજબી જ લેવાય છે." જયન્તિપ્રસાદે ઉત્તરમાં કહ્યું.

ત્રીજા પડીકામાંથી મોજાંની બે જોડ નીકળી, તથા બૂટનું કાગળનું ખોખું ઉઘાડતાં તેમાંથી બોસ્ટોક કંપનીના વિલાયતી બૂટ નીકળ્યા. એ સઘળી વસ્તુઓ જયન્તિપ્રસાદ તપાસી રહ્યો એટલે તે બરાબર બાંધી હરિપ્રસાદે પાછી ટ્રંકમાં મૂકી દીધી.

બીજે દિવસે સોની આવ્યો. ગૃહિણીએ તેને યથોચિત ઉપદેશ આપ્યો. તેણે સોનીને વારંવાર એમ કહ્યું કેઃ-"જોજે મોહન ! કોઇ પણ વસ્તુ બગડે નહિ. કુટુંબી માણસોમાં વાહ વાહ બોલાવી જોઇએ !"

"એ માટે તદ્દન નિશ્ચિંત રહેજો." સોનીએ ઉત્તર આપ્યો. આમ કહી હરિપ્રસાદે તેને જે સોનું આપ્યું તે તેમજ જણસો બનાવવાનું લિસ્ટ લઇ તે ચાલ્યો ગયો.

આજે શનિવાર હોવાથી સોની સાથેનું કામ પતાવી હરિપ્રસાદ જયન્તિપ્રસાદની ઑફિસમાં ગયો. ત્યાંથી બે વાગે ઑફિસનું કામ બંધ થતાં બન્ને જણા સાથે બજારમાં નીકળ્યા. બજારમાં એક દવાની દુકાનેથી જયન્તિપ્રસાદે એક શીશી ખરીદી. હરિપ્રસાદે પૂછ્યુંઃ-"શાની દવા છે ?"

"છે એક જાતની." જયન્તિપ્રસાદે કહ્યું.

તે દિવસે રાત્રે ભોજન વગેરે કરી રહ્યા પછી જયન્તિપ્રસાદ હરિપ્રસાદને પોતાના શયનગૃહમાં લઇ ગયો. ટેબલપર જ્યાં દીપક

સળગતો હતો ત્યાં એક ખુરસીપર હરિપ્રસાદને બેસાડી તેણે શયનગૃહનું બારણું બંધ કરી દીધું.

"શું કરવાનો તમારો વિચાર છે ?" હરિપ્રસાદે આશ્ચર્ય પામીને પૂછ્યું.

ઉત્તરમાં જયન્તિપ્રસાદે માત્ર સ્મિતહાસ્ય કર્યું. પછી તેણે સંધ્યાકાળે બજારમાંથી જે શીશી ખરીદી હતી તે ઉઘાડી તેમાંનો થોડો પ્રવાહી પદાર્થ એક કાચના ગ્લાસમાં નાખ્યો, અને એક ન્હાનું બ્રશ એ પદાર્થમાં ભીંજવી તે હરિપ્રસાદ પાસે આવ્યો. હરિપ્રસાદે પૂછ્યું:– "ભાઈ! છે શું તે કહો તો ખરા ?"

"એક જાતનું ઔષધ છે. એ હું તમારી મુછોપર ચોપડીશ એટલે જેટલી સફેદ મુછો હશે તે કાળી થઇ જશે." જયન્તિપ્રસાદે કહ્યું.

હરિપ્રસાદે કંપિત બની જઇને પુછ્યું:–"કલપ છે કે ?"

"ના ના–આ તો હેર ડાઇ છે. આટલી મ્હોટી ઉમ્મરે વિવાહ કરતા હોવાથી તમને આવાં ઘણાં ઔષધોની જરૂર પડશે." જયન્તિપ્રસાદે કહ્યું.

હરિપ્રસાદ ખુરસીપરથી ઉઠી ઉભો થઇ ગયો. તેણે કહ્યું:— "ના ભાઇ! ના. એવું કોઇ પણ ઔષધ ચોપડવાની મ્હારી ઇચ્છા નથી. ગામના સઘળા લોકો જો આ પ્રકાર જાણી જાય તો મ્હારી કેવી ઠઠ્ઠા મશ્કરી કરે ?!"

આ સમયે દ્વાર ઉઘાડી ગંગાલક્ષ્મીએ શયનગૃહમાં પ્રવેશ કરી કહ્યું:–"આ સઘળી શાની તકરાર કરો છો ?"

"ભાભી! જુઓ તો ખરાં! મ્હારા ભાઇ મ્હને કલપ ચોપડે છે!" વિહ્વળ ભાવથી હરિપ્રસાદે કહ્યું.

જયન્તિપ્રસાદે હરિપ્રસાદને ઘણું સમજાવ્યો; પરંતુ કલપ ચો-

પડાવવા તે કોઇ પણ રીતે રાજી થયો નહિ. અંતે ગ્લાસમાંનો પદાર્થ શીશીમાં પાછો રેડી દઇને જયન્તિપ્રસાદે કહ્યુંઃ-" પૈસા છુટી પડવા ને કશો ઉપયોગ થયો નહિ."

આ સમયે ગંગાલક્ષ્મીએ કહ્યુંઃ-" સાંભળો છો કે? આ શીશા તમે સાચવી રાખજો. મ્હારૂં શરીર હવે વધારે કાળ સુધી ટકી રહે એમ મ્હને લાગતું નથી. મ્હારો સ્વર્ગવાસ થયા પછી એ કલપ કદાચ તમારા જ ઉપયોગમાં આવશે." આમ કહીને તેણે મૃદુ હાસ્ય કર્યું.

રાત્રે શય્યામાં આળોટવા છતાં ઘણા સમય સુધી હરિપ્રસાદપર નિદ્રાદેવીએ કૃપા કરી નહિ. ઘેર તે વિશેષ ચ્હા પીતો નહિ; પરંતુ અત્રે આવ્યા પછી દરરોજ ત્રણ ચાર વખત ચ્હા પીવામાં આવતી હોવાથી નિદ્રા તેનો ત્યાગ કરી ગઇ હતી. શય્યામાં સૂતો સૂતો તે વિવાહનું ખરચ ગણવા લાગ્યો. લૂગડાં લત્તાં, ભોજન અને અલંકાર વગેરેનું ખરચ તથા જગદીશપ્રસાદ પાસેનું લેણું માંડી વાળતાં પાંચ હજાર રૂપિયાનો વ્યય થશે એમ તેને લાગ્યું; છતાં આ સમયે તેને એવો વિચાર ઉપજ્યો કે, જો શાસ્ત્રી રામશંકરનાં વચનો ફળશે તો આવા ઘણાય પાંચ હજાર પોતાને પ્રાપ્ત થશે!

રવિવારે સ્હવારે જયન્તિપ્રસાદ અને હરિપ્રસાદ ચ્હા પીતા બેઠા હતા એવામાં પાડોશમાં રહેતા એક યુવકે આવીને કહ્યુંઃ-" હું ડર્બીની ટિકીટોની ચોપડી લઇ આવ્યો છું-આપને ટિકીટ લેવી છે કે?"

" હા, દર વર્ષે લઉં છું તેથા આ વર્ષે પણ એક ટિકીટ લેવાનો વિચાર છે. જો ભાગ્ય ઉઘડશે તો ઠીક છે, અને નહિ ઉઘડે તો એટલા રૂપિયાનો ક્યાં સવાલ છે?" જયન્તિપ્રસાદે કહ્યું.

" આ સમયે અત્યંત કુતુહલને વશ થઇ હરિપ્રસાદે પૂછ્યુંઃ—" શાની ટિકીટ?"

"ઘોડાદોડની લૉટરીની. વિલાયતમાં ઘોડાઓ દોડે છે, તેની અહીં લૉટરી થાય છે. જેનું ભાગ્ય તેજ હોય છે તેને ઘણું સારું ઇનામ મળે છે." જયન્તિપ્રસાદે ઉત્તર આપ્યો.

"શાનું ઇનામ મળે છે ?" અધીરતાથી હરિપ્રસાદે બીજો પ્રશ્ન પૂછ્યો.

"રૂપિયાનું—પહેલું ઇનામ ૭ લાખ રૂપિયાનું છે કેમ ?" આ પ્રશ્ન આગંતુક યુવક તરફ જોઇને જયન્તિપ્રસાદે કર્યો.

"ગયા વર્ષે પહેલું ઇનામ ૭ લાખ વીસ હજાર રૂપિયાનું હતું."

"શું કહો છો ? માત્ર દશ રૂપિયાની ટિકીટ ખરીદવાથી ૭ લાખ વીસ હજાર રૂપિયાનું ઇનામ મળે છે ?!" હરિપ્રસાદે આશ્ચર્યોદ્‌ગાર કાઢયા.

"દશ દશ રૂપિયાની ટિકીટ તો લાખો લોકો ખરીદે છે. હું વીસ વર્ષથી ટિકીટ ખરીદું છું—છતાં હજી સુધી એકે વર્ષે કાંઇ મળ્યું નથી ! એ સઘળું ભાગ્યપર આધાર રાખે છે." જયન્તિપ્રસાદે કહ્યું.

"હું પણ એક વખત ભાગ્યપરીક્ષા કરી જોઉં કે ?"

"હા કરી જુઓ, કદાચ નવી વહુનાં પગલાં સારાં હોય તો ભાગ્ય ફરી પણ જાય અને પુષ્કળ દ્રવ્યની અનાયાસે જ પ્રાપ્તિ થાય."

ક્ષણકાળ પર્યંત કાંઇ વિચાર કરી, ટ્રંક ઉઘાડી હરિપ્રસાદે દશ રૂપિયા કાઢી આપ્યા.

યુવકે હરિપ્રસાદનું નામ તથા ઠેકાણું ટિકીટમાં લખ્યું. પછી તેણે કહ્યું:—"હવે એક ગુપ્ત નામ લખાવો."

"એટલે ?" હરિપ્રસાદે પૂછ્યું.

"ગમે તે એક કલ્પિત નામ લખાવવું જોઇએ. એ જ નામે સોર્ટી થાય છે. હિન્દુઓ દેવદેવાદિનાં નામ લખાવે છે. તમે ગમે તે એક નામ બોલો." જયન્તિપ્રસાદે ઉત્તરમાં કહ્યું.

હરિપ્રસાદ વિષમ ચિંતામાં પડી ગયો. કયા દેવનો ત્યાગ કરી તે કયા દેવનું નામ લખાવે ? જયન્તિપ્રસાદે કહ્યું:-" ઠીક છે-લ્યો તમારાવતી હું જ લખું છું." આમ કહી એક નામ લખીને તેણે ચોપડીમાંથી ટિકીટ ફાડી લીધી. યુવક ચોપડી લઇ ચાલ્યો ગયો.

હરિપ્રસાદે પોતાના હાથનાં ટિકીટ લઇને પૂછ્યું:—" કયા દેવનું નામ લખ્યું ?"

જયન્તિપ્રસાદે ઠાવકું મ્હોં કરીને કહ્યું:—" દેવનું નહિ પણ દેવીનું નામ લખ્યું છે."

" કયાં દેવી ? અંબાજી કે બહુચરાજી ?"

" અંબાજી નહિ તથા બહુચરાજી નહિ; પરંતુ માલતીનું નામ લખ્યું છે."

" આમ મશ્કરી શું કરો છો; સાચું કહોને ?"

" ખરું કહું છું કે માલતીનું જ નામ લખ્યું છે. આ જુઓને-M—a—"

હરિપ્રસાદ અંગ્રેજી અક્ષર વાંચી શકયો. તેણે માલતીનું નામ જ ટિકીટપર જોયું. એથી તેનું મન પ્રસન્ન થયું; કિન્તુ એ ભાવ છુપાવીને તેણે સાવધાનતાથી ટિકીટને ટૂંકમાં મૂકી દીધી.

એ દિવસે કપડાં સીવવા આપી દઇ, સોનીને જેમ બને તેમ જલ્દીથી ઘરેણાં તૈયાર કરવાની સૂચના કરી રાત્રિની ટ્રેનમાં હરિપ્રસાદ ઘેર જવા નીકળ્યો.

ટ્રેન જ્યારે સાબરમતી સ્ટેશનનો ત્યાગ કરી ગંભીર ધ્વનિ કરતી આગળ વધવા લાગી ત્યારે હરિપ્રસાદ બારીમાંથી બ્હારના અંધકાર તરફ જોઇ સ્વગત વિચારવા લાગ્યો:—" કેવો યોગાયોગ ! હું અત્યાર પહેલાં ઘણી વખત અમદાવાદ ગયો હતો; પરંતુ કોઇ

વખતે ડર્બીની લૉટરીનું નામ સુદ્ધાં મ્હારા સાંભળવામાં આવ્યું નહોતું. માલતીની સાથે વિવાહ નક્કી થયો—અને ટિકીટ પણ ખરીદી. વળી જયન્તિપ્રસાદે પણ કેવું કર્યું ? આટઆટલાં દેવ દેવીઓ હોવા છતાં ટિકીટમાં મ્હારી માલતીનું જ નામ લખ્યું ! આ સઘળી ઘટના દૈવાધીન છે. એ છોકરો ટિકીટોની ચોપડી લઇ આજના બદલે કાલે આવ્યો હોત તો ! હું લૉટરીનું નામ સાંભળી શકત નહિ અને ટિકીટ પણ ખરીદી શકત નહિ; પરંતુ હું અત્યારની ગાડીમાં પાછો જનાર છું એ વાત પરમાત્મા જાણતા હોવાથી જ તેમણે આજે એ છોકરાને અમારી પાસે મોકલ્યો હતો. વળી જયન્તિપ્રસાદભાઇએ ટિકીટપર માલતીનું નામ લખ્યું એ પણ શું કાંઇ તેમણે પોતાની ઇચ્છાથી લખ્યું છે ? પરમાત્માએ જ એ નામ લખવાની તેમને પ્રેરણા કરી છે. શાસ્ત્રનાં વચન કદાપિ અસત્ય ઠરે ખરાં કે ? નહિ જ. ”

પ્રકરણ ૯ મું.

લંડનની નાટકશાળાના સ્ટેજપર લિલિયન.

अवश्यं भाविनो भावा भवन्ति महतामपि ।

नग्नत्वं नीलकण्ठस्य महाहिशयनं हरेः ॥

(ભાવાર્થઃ—જે બનાવો બનવાના જ હોય છે તે મહાન્ પુરુષો માટે પણ અવશ્ય બને છે. શંકરને નગ્નપણું તથા વિષ્ણુને મ્હોટા સર્પપર શયન કરવું પડે છે.)

યથા સમયે હતભાગિની—માતૃવિયોગીની લિલિયન ઘેર જઇ પહોંચી; પરંતુ હજી સુધી તેના દુઃખનો અંત

આવ્યો જ નહોતો. દુઃખ આવે છે ત્યારે સામટું જ આવે છે એ સુત્રનો હજી આપણી લિલિયનને સંપૂર્ણ સાક્ષાત્કાર થવાનો હતો. તેના પિતાએ લંડનની એક પ્રતિષ્ઠિત બેન્કમાં પોતાના રૂપિયા ડિપોઝીટ મૂક્યા હતા. એ રૂપિયા કિંવા દ્રવ્યના વ્યાજમાંથી મેરી તથા લિલિયનના જીવનનો નિર્વાહ સારી રીતે થતો હતો; પરંતુ વિધાતાના વિચિત્ર વિધાનથી એ બેન્કે દીવાળું ફુંક્યું હતું અને બેન્ક પડી ભાંગી હતી. એ બેન્કમાં ઘણી અનાથિની વિધવાઓએ પોતાનું દ્રવ્ય અનામત મૂક્યું હતું. ઘણા શ્રીમંત ગૃહસ્થોએ વ્યાજ મેળવવાની મહત્વાકાંક્ષાથી સારી રકમો ડિપૉઝીટ મૂકેલી હતી, એ સઘળી દીવાળામાં ડૂબી ગઇ. ઘેર જતાં જ આ દુઃખકર સમાચાર અભાગિની લિલિયનના જાણવામાં આવ્યા. આ સમયે તેના અંતરમાં જે દારુણ દુઃખ ઉત્પન્ન થયું તેનું વર્ણન કરવાને અમે સમર્થ નથી. ઘરમાં નજીવું દ્રવ્ય સિલ્લકે હતું. એટલા દ્રવ્યમાંથી લિલિયન માત્ર બે ચાર માસ સુધી પોતાનું ખરચ નીભાવી શકે તેમ હતી; છતાં ભવિષ્યની ભયંકર દુઃખદાયક સ્થિતિ તેનાં નેત્રો સમક્ષ તરવરવા લાગી. અંતે કોઇ પણ સ્થળે નોકરી મેળવી પોતાના જીવનનો નિર્વાહ કરવાનો વિચાર કરી, આવશ્યકીય સરસામાન સાથે લઇ અને બીજો અલ્પ મૂલ્યે વેચી દઇ ઑક્ષફર્ડનો ત્યાગ કરી લિલિયન ઇંગ્લેંડના રાજનગર લંડનમાં જઇ પહોંચી.

અમે જણાવી ચુક્યા છીએ કે લિલિયન સંગીત વિદ્યામાં ઘણી નિપુણ હતી તેથી તેણે લંડનની એક નાટકશાળામાં સહેલાઇથી નોકરી મેળવી તથા આકર્ષક, મનમોહક અને હૃદયરંજક અભિનયથી તેણે સમસ્ત લંડનવાસીઓના ચિત્તનું આકર્ષણ કરી લીધું.

નાટકમાં નોકરી કરવાના વ્યવસાયને હિન્દુસ્તાનમાં જેવો અધમ વ્યવસાય સમજવામાં આવે છે તેવો અધમ વ્યવસાય પાશ્ચાત્ય દેશમાં

તેને સમજવામાં આવતો નથી. પાશ્ચાત્ય અભિનેતાઓ અને અભિનેત્રીઓ પ્રજાજનોની પ્રીતિનાં જ પાત્રો હોય છે, અને તેથી પાશ્ચાત્ય રંગાલય (નાટકશાળા)માં બાળિકાઓ સુદ્ધાં સંકોચ સિવાય નોકરી સ્વીકારે છે.

નાટકશાળા રાત્રે હસે છે અને દિવસે રડે છે. રાત્રે જેવો સુંદર દેખાવ હોય છે તેનાથી દિવસે જૂદો જ ભાવ હોય છે. દિવસે તે નિરાનન્દ જનશૂન્ય—ઉત્કટ અંધકારમય હોય છે. રિહર્સલ સમયે અંદરની સ્થિતિ ઘણા અંશે એવી જ હોય છે છતાં ગૅલેરીની પાછળ આવેલી બારીઓ અને જાળીઓમાંથી સૂર્યકિરણો અંદર પ્રવેશ કરી સામાન્ય પ્રકાશનો વિસ્તાર કરે છે. શૉખીન મણુસોને બેસવાનાં સ્થળો (જેવાં કે, બૉક્ષ, ડ્રેસ સરકલ વગેરે) કેલિકોની ચાદરથી આવૃત્ત થયેલાં હોય છે. પાઠકબંધુઓ ! ચાલો હમણાં આપણે લંડનની જે નાટકશાળામાં લિલિયન નોકરી કરે છે તેમાં જવાનું છે.

એક વૃદ્ધા રમણી હાથમાં ઝાડુ લઇ ગઇ રાત્રિનો પૂંજો સ્વચ્છ કરતી હતી. એ શાન્તિમય મહારાજ્યમાં જાણે કે વિપ્લવ ઉપસ્થિત થતો હોય એવો ભાસ થતો હતો !

ઑરચેસ્ટ્રાનો એક ન્હાનો ગૅસનો દીપક દિવસનો સમય હોવા છતાં સળગાવવામાં આવ્યો હતો. તેની પાસે બેસી રહી કાર્ડલિખિત સ્વરગ્રામ જોઇને વાજીંત્ર માસ્તર વાદ્યયંત્ર વગાડતો હતો. પોતાના આ વ્યવસાયમાં તે એટલો બધો તલ્લીન થઇ ગયો હતો કે, તેનું માથું ધુણતું જોવામાં આવતું હતું.

સ્ટેજના ડાબી બાજૂના ખુણામાં એક ટેબલ પડી રહેલું હતું —તેના પર નાટકની હસ્તલિખિત નકલ હતી. ત્યાં લેખનસામગ્રી પણ પડી રહેલી હતી. ટેબલ સ્હામે પડેલી ખુરસીપર એક યુવક બેઠેલો હતો. તેનાં નેત્રોમાં ઉત્સુકતા જોવામાં આવતી હતી. વદનમંડળ-

પર ચિંતાની છાયા છવાઇ રહેલી હતી. તે શી ચિંતામાં નિમગ્ન હતો એ સમજી શકવાનું કાર્ય મુશ્કેલીભર્યું હતું. એ રિહર્સલ માસ્તર હતો.

સ્ટેજપર પોતાની સ્થિતિ અનુસાર પોષાક પહેરીને સ્ત્રીઓ તેમજ પુરુષો હાજર હતાં. તેઓ નાટકનાં પાત્રો હતાં. તેઓ રાત્રે રાજા, રાણી, લૂંટારો, મહાત્મા આદિનો અભિનય ભજવતાં હતાં. નાટક કંપનીનો અધ્યક્ષ મિ. લેમિંગ્ટન ખર્વાકૃતિ પુરુષ હતો. તેની ભમર સદા સર્વદા સંકુચિત રહેતી જોવામાં આવતી હતી—નેત્રો લાલચોળ રહેતાં હતાં. પ્રત્યેક વાતમાં સોગન ખાવાની તેની પ્રકૃતી હતી. કંઠસ્વર ઘણો કર્કશ હતો. તે એમજ સમજતો હતો કે, તેની બુદ્ધિવિદ્યાથી તથા તેના જ કળાકૌશલથી નાટકશાળા સારી રીતે ચાલી શકે છે; વળી લેમિંગ્ટન એક ક્ષણ માટે પણ સ્થિર રહી શકતો નહિ—સ્ટેજપર ચોતરફ તે ફર્યા કરતો હતો—જાણે કે પ્રત્યેક ક્ષણે તે મહાન્ કાર્ય કરવામાં જ પ્રવૃત કેમ ન થયો હોય! રણક્ષેત્રની વચ્ચે ઉભા રહેલા સેનાપતિની માફક વચ્ચે વચ્ચે તે અભિનેતા અને અભિનેત્રીઓનું સૂક્ષ્મદૃષ્ટિથી અવલોકન કરતો હતો. જો કોઇનો કશો અપરાધ પકડી શકાતો તો મિ. લેમિંગ્ટન અત્યંત પ્રસન્ન થતો હતો; કેમ કે જે અભિનેતા કિંવા અભિનેત્રીનો અપરાધ તેના જોવામાં આવતો તેનો તે તત્કાળ પાંચ સાત શિલિંગ ફાઇન (દંડ) કરી જાવક ખાતાનો આવકમાં ઉમેરો કરતો હતો.

યથા સમયે ઘડીઆળ જોઇ મિ૦ લેમિંગ્ટને સર્વને સ્ટેજનો ત્યાગ કરી જવાની આજ્ઞા ફરમાવી. સર્વે સ્ટેજની પાછળના ભાગમાં જઈ પોતપોતાની ભૂમિકાની પરીક્ષા આપવાની રાહ જોવા લાગ્યાં.

ટેબલપરથી નાટકની નકલ હાથમાં લઇ મિ. લેમિંગ્ટને ઉચ્ચ અને કઠોર સ્વરે કહ્યું:—" તૈયાર થાઓ—પહેલો અંક—પહેલો સીન

(દેખાવ)-લૂંટારાઓનો અડ્ડો,-પર્વતગુહા-આસપાસ નિબિડ જંગલ-" તે આટલું બોલ્યો ન બોલ્યો એટલામાં તો સઘળું યથાસ્થિત થઇ ગયું.

મિ. હેમિંગ્ટને કહ્યું:-" મિ. હેન્રી ! તમે લૂંટારાના સરદાર છો-સર્વથી પ્રથમ તમારું ભાષણ છે."

હેન્રી સાદો, સરળ સ્વભાવનો પુરુષ હતો. અધ્યક્ષનું વાક્ય સાંભળી તેણે પોતાના ભાષણનો આરંભ કરી દીધોઃ-" શું મ્હને ઓળખતા નથી ? હું એજ રિકાટો છું-ભયંકર બાલ્ટિક સમુદ્રનો ભીષણ જીવ છું-જમીનપરથી કે જળ પરથી કોઇ આ બહાદુર લૂંટારાના પંઝામાંથી છટકી જાય તેમ નથી-પેલા ધનવાનનો રક્તપિપાસુ-સાક્ષાત યમદૂત રિકાટો,-આજે પ્રણયપ્રાપ્તિ માટે ઉન્મત્ત બની ગયો છે-જોઉં છું કે આજે હું એ નવજવાન નાજનીનને મેળવી શકું છું કે નહિ ? હું આ માર્ગ રોકીને જ ઉભો રહું છું ! આ કોણ આવે છે-કહે કહે, જલ્દી કહે કે કોણ છે તું—"

આ સમયે કોઇએ ઉત્તર આપ્યો નહિ તેથી મિ. હેમિંગ્ટન રાતો પીળો થઇ ગયો. ગર્જનાસૂચક સ્વરે તે બોલી ઉઠયોઃ—" મિ. સ્મિથ ! ક્યાં છો તમે ? હેન્રી પછી તમારું ભાષણ છે એ તમારા સ્મરણમાં નથી કે શું ?"

આ વખતે મિ. સ્મિથ એક ખુણામાં નવીના અભિનેત્રી લાવણ્યમયી લિલિયન સાથે વાતચિત કરવામાં તન્મય બની ગયો હતો. એકાએક અધ્યક્ષની ગર્જના સાંભળી ભયભીત અને વિસ્મિત બની જઇ 'પ્રેઝન્ટ સર' (હાજર સાહેબ) કહી તે સ્ટેજપર ઉપસ્થિત થયો.

અત્યંત ક્રોધાધીન બની જઇ મિ. હેમિંગ્ટને કહ્યું:—" પ્રેઝન્ટ સર ! પરંતુ તમે તો પ્રેઝન્ટ (હાજર) નહોતા સર ! (સાહેબ). જે

સમયે તમારે હાજર થવું જોઇતું હતું સાહેબ! તે સમયે તમે લિલિયન સાથે વાતચિત કરવામાં તલ્લીન બની ગયા હતા, સાહેબ! એ વિષય હું જાણુતો નહોતો એમ તમે ધારો છો કે સાહેબ? વારૂં, તમારો બન્નેનો પાંચ પાંચ શિલિંગ દંડ કરવામાં આવે છે, સાહેબ!"

આ વચનો વિરુદ્ધ એક અક્ષર ઉચ્ચારવાનું સાહસ મિ. સ્મિથ કરી શકયો નહિ. કાંઇ પણ બોલ્યા સિવાય તેણે રિહર્સલમાં યોગ આપ્યો.

મિ. હેન્રી પોતાનું છેવટનું વાક્ય ફરીથી બોલ્યો:—"આ કોણ આવે છે? કહે, કહે, જલ્દી કહે કે કોણ છે તું—"

"હું ફારેન્ડો છું!"

"કોણ તું? હા હા શું જોઇએ છીએ ત્હારે?"

"વૈરનો બદલો—પ્રચંડ પ્રતિશોધ!"

"ત્હારે વૈરનો બદલો જોઇએ છીએ?"

"હા, એજ જોઇએ છીએ. હું ઈશ્વરના નામથી સોગન ખાઉં છું કે, હે શયતાન લૂંટારા! હું મ્હારા હાથે જ ત્હારું ખૂન કરીશ!"

"ઓ મૂર્ખ છોકરા! મ્હારી દૃષ્ટિથી સત્વર દૂર થા!"

"ના ના—ત્હારું ખૂન કર્યા સિવાય હું અહીંથી દૂર થનાર નથી."

"દૂર થનાર નથી! ઠીક છે ત્યારે તું પણ આ યમદૂતનો ભોગ થા!"

રિહર્સલ સમયે તલ્વાર કોઇની પાસે નહોતી; તેથી હેન્રી અને સ્મિથ પોતાની 'વૉકિંગ સ્ટિક' (ફરવા જવાની લાકડી)થી રિવાજ પ્રમાણે લઢવા લાગ્યા.

આવી રીતે ઘણા જ ઉત્સાહથી રિહર્સલનું કાર્ય ચાલવા લાગ્યું. પહેલો દેખાવ પૂર્ણ થયા પછી મિ. સ્મિથે કહ્યું:—"જ્યારે ન્હાની

લાકડીથી યુદ્ધ કરવા છતાં આપણે બન્ને જણા ઉત્તેજિત બની ગયા હતા એટલે પછી ખેલની રાત્રે તલ્વાર લઇને યુદ્ધ કરીશું ત્યારે પ્રેક્ષકો ભયભીત બની ગયા સિવાય રહશે નહિ."

મિ. હેન્રીએ બે ચપટી છીંકણી સુંઘીને કહ્યું:—"એમાં શો સંદેહ છે? આપણું દ્વંદ્વયુદ્ધ જોઈ પ્રેક્ષકો હાહાકાર કરી મૂકશે. રંગભૂમિ ગાજી ઉઠશે."

સ્ટેજની પાછળ જે સ્થળે અભિનેતા અને અભિનેત્રીઓ એકત્રિત થઈ હતી ત્યાં એકાએક એક યુવક આવી પહોંચ્યો. તેનો પોષાક છેલ્લામાં છેલ્લી ફેશનનો હોઇ ઘણો મૂલ્યવાન્ હતો. એ યુવકનો ચ્હેરો પણ દેખાવડો હતો. તેની ઉમ્મર લગભગ પાંત્રીસ છત્રીસ વર્ષની હોય એમ લાગતું હતું. તેનું મ્હોં તેમજ નેત્રો લાલચોળ જણાતાં હતાં. તેની શારીરિક સ્થિતિ સ્વાભાવિક હોય એમ લાગતું નહોતું. તે એક મ્હોટો માણસ હતો. તેનું નામ કાઉન્ટ ફ્રેડરિક હતું. સમસ્ત શહેરમાં એક વિલાસી, વ્યસની, સ્વેચ્છાચારી અને ખરચાળ માણસ તરીકે તે અત્યંત પ્રખ્યાત થઈ પડેલો હતો. કાઉન્ટે સહજ લથડતાં લથડતાં આવી, નટીઓની એક ખુરસીપર બેસી, એક બાળિકાને ઉદ્દેશીને કહ્યું:—"કેમ છો મોડ?"

બાળિકાએ જાણે કે અત્યંત સંમાનિત થઇ મૃદુહાસ્ય કરીને કહ્યું:—"સારી છું—આપ મઝામાં છો ને?"

કાઉન્ટે કિંચિત્ ગર્વસૂચક ઉત્તર આપ્યો:—"ઘણી મઝામાં છું. વળી ખાસ કરીને તમારી પાસે આવી—"

લજ્જાવતી મોડે સાહસનો સંચય કરીને કહ્યું:—"જ્યારે કૃપા કરીને આપ અત્રે પધાર્યા છો ત્યારે થોડું ખરચ કરો. સર્વે સાથે મળીને આનંદ કરીએ—સ્વાસ્થ્યપાન કરીએ!"

"ખરચ કરવાને હું હમ્મેશાં તૈયાર છું. આ સંસારમાં ખરચ કરવાને માટે જ હું જન્મ્યો છું. શી વસ્તુનો ઑર્ડર આપું ?" કાઉન્ટે કહ્યું.

"વધારે નહિ—માત્ર અડધો ડઝન પોર્ટ હશે તો ચાલશે." આમ કહીને મોડે બીજી નટીઓને ઉદ્દેશીને કહ્યું:—"આજે આપણું સુપ્રભાત હોવાથી જ કાઉન્ટ મહાશય આપણા માટે ઉદાર થયા છે.–"

મોડનાં વચનો બોલાઈ રહેતાં સઘળી નટીઓએ કાઉન્ટની ચોતરફ ફરી વળી તેને એક સ્વરે 'ધન્યવાદ' આપ્યો. કાઉન્ટને એટલું જ જોઇતું હતું. ચોતરફ અપ્સરાસ્વરૂપિણી નટીઓને ફરી વળેલી જોઇ તે જાણે કે ગંભીરતાના સાગરમાં ડૂબી ગયો. પછીથી મૃદુહાસ્યસહ તે તેમની સાથે વાર્તાવિનોદ કરવા લાગ્યો. એક નોકર મદ્ય લઈ આવવા ચાલ્યો ગયો.

લિલિયન સિવાય નાટકશાળાની સઘળી નટીઓ આ આનંદ વિનોદમાં ભાગ લેવા ઉત્સાહથી આવી હતી. લિલિયન સ્વેચ્છાથી જ એ સ્થળે આવી નહોતી. આ સમયે તે એક પડદા પાછળ ઉભી રહી નવયુવક મિ. સ્મિથ સાથે વાતચિત કરી રહી હતી. લિલિયનને ઉચ્છૃંખલ આનંદવિનોદ બિલ્કુલ પસંદ નહોતો એમ તેનું મ્હોં જોતાં જ માલૂમ પડી આવતું હતું.

નેપથ્યમાં જ્યારે સઘળી નટીઓની સાથે કાઉન્ટનો પ્રણયવ્યાપાર ચાલતો હતો ત્યારેસ્ટેજ પર નિયમાનુસાર રિહર્સલનું કાર્ય પણ ચાલતું હતું. નૃત્યગીતના અભ્યાસ માટે અભિનેત્રીઓને બૂમ પડી–ઉપરા ઉપરી બેલ વાગવા માંડયો. અધ્યક્ષ મિ. લેમિંગ્ટને પણ પોતાના સ્વાભાવિક કંઠસ્વરથી બૂમો પાડવા માંડી. અભિનેત્રીઓ કિંવા નટીઓ નિરૂપાયે કાઉન્ટનો ત્યાગ કરી વિષાદ ચિત્તે સ્ટેજપર

હાજર થઇ. કાઉન્ટ ઘણો અકળાયો. પોતાની અકળામણ શાન્ત કરવા માટે તેણે મદ્યનું એક પાત્ર ગળામાં રેડી દીધું. બરાબર આ સમયે લિલિયન કાઉન્ટ પાસે થઇને ડ્રેસિંગ રૂમ (વસ્ત્રગૃહ) માં જતી હતી. પોતાની સ્હામે લાવણ્યમયી લિલિયનને જોતાં જ કાઉન્ટ વિહ્વળ ચિત્તે બોલી ઉઠયો:—"વાહ! કેવી ગુલબદન ગુલજાર છે! આવ સુંદરી, એક પ્યાલાને ન્યાય આપ—"

લિલિયને સહજ ચમકીને પૂછ્યું:—"આપે મ્હને કાંઇ કહ્યું છે કે?"

"હા—ત્હારા જેવી સુરસુંદરી સિવાય કોને હું વિશેષ આગ્રહ કરું? ત્હારું મુખમંડળ ઘણું મનોહર છે! આખા થીએટરમાં ત્હારા જેવી રૂપસુંદરી બીજી એક પણ નથી! આવ—પ્રણયપ્રતિમા! મ્હારી પાસે આવ. પ્રિયતમે! અત્યાર સુધી તું કયાં હતી? જો તું મ્હારી પાસે હોત તો હું બીજી કોઇ સુંદરીની સાથે બિલ્કુલ વાત કરત નહિ!" કાઉન્ટે વાસનાની ઉત્તેજનાને આધીન થઇને અંતરોદ્દગાર કાઢયા.

કાઉન્ટનાં વચનો સાંભળવામાં આવતાં લિલિયનને ઘણો ક્રોધ ઉપજ્યો. તેણે કહ્યું:—"મહાશય! મ્હારી પાસે તમે આવાં વચનો ઉચ્ચારશો નહિ! આવાં વચનો સાંભળવાની મ્હારી બિલ્કુલ ઇચ્છા નથી. જેમને આવાં વચનો સાંભળવાં ગમતાં હોય તેમની પાસે જ તમે આવાં વચનો ઉચ્ચારજો—" આમ કહીને લિલિયન ત્યાંથી જવા લાગી. લિલિયનને ત્યાંથી ચાલી જતી જોઇને મદ્યપાનથી મદોન્મત્ત બનેલો કાઉન્ટ ખુરસીપરથી ઉઠી ઉભો થઇ લથડીઆં ખાતો ખાતો તેની પાસે ગયો, અને પોતાના બે હાથ પહોળા કરી તે તેનો માર્ગ રોકીને ઉભો રહ્યો. આવો પ્રકાર જોઇ લિલિયનનો ક્રોધ અત્યંત વૃદ્ધિંગત થયો. તેણે કહ્યું:—"તમે મ્હને અહીંથી નહિ જવા દો કે?"

"ના—કોઈ પણ રીતે નહિ જવા દઉં. શું તું જાણતી નથી કે હું કોણ છું ?"

"તમે કોણ છો એ હું સારી રીતે જાણું છું."

"કોણ છું તે કહે જોઇએ ?"

"દારુડીઆ—વ્યભિચારી—લંપટ."

પોતાનો આવો તિરસ્કાર થયેલો જોઇ કાઉન્ટ લિલિયનને પકડવા આગળ ધસ્યો. બરાબર આ સમયે લિલિયને તેના નાકપર બળપૂર્વક મુષ્ટિપ્રહાર કર્યો. પછીથી એ સ્થળે નહિ રોકાતાં તત્કાળ તે ડ્રેસિંગ રૂમમાં ચાલી ગઇ. નાકપર પ્રહાર થતાં જ કાઉન્ટને પોતાની ચોતરફ અંધકાર જણાવા લાગ્યો. તરત જ ખીસ્સામાંથી રૂમાલ બ્હાર કાઢીને તેણે નાકપર દબાવી દીધો. નાકમાંથી નીકળતા લોહીથી એ રૂમાલ ભીંજાઈ ગયો. દુઃખથી અસ્થિર બની જઈ કાઉન્ટ લિલિયનને બિભત્સ ભાષામાં ગાળો દેવા લાગ્યો.

લિલિયન ડ્રેસિંગ રૂમમાંથી નીકળી થીએટરની બ્હાર ચાલી ગઇ. સ્ટેજના પહેરાવાળાએ તેને ઉદ્દેશીને કહ્યું:—"જેમને તમે માર્યા છે તેઓ કોણ છે તે તમે જાણો છો કે ?"

"ના."

"તેઓ લંડન શહેરના સુવિખ્યાત નાગરિક કાઉન્ટ ફ્રેડરીક છે—અગાધ સંપત્તિના તેઓ માલિક છે. તમે તેમને ઓળખતાં જ નથી ?"

"ઓળખવાની મ્હારે જરૂર જ નથી. તે મ્હોટો કાઉન્ટ હોય કે ગરીબ માણસ હોય તેની સાથે મ્હારે શી લેવા દેવા છે ? તેણે મ્હારું અપમાન કરેલું હેવાથી મ્હેં તેને ઉચિત શિક્ષા કરી છે."

આ સમયે ત્યાં આગળ અધ્યક્ષ મિ. લેમિંગ્ટને દોડી આવી.

લિલિયનને ઉદ્દેશીને કહ્યું:–"લિલિયન ! તમે શું કર્યું છે? તમે કોને માર્યા છે? કાઉન્ટ ફ્રેડરિકને ? અરેરે ! તમે મ્હારા સર્વસ્વનો નાશ કર્યો છે. મ્હારા થીએટરમાં રહી તમે આવા મ્હોટા માણસનું અપમાન કર્યું ? કાઉન્ટ મહાશયની કૃપાથી જ આ નાટક કંપની ચાલે છે. પ્રત્યેક ખેલની રાત્રે તેઓ આઠદશ બૉક્ષનો ચાર્જ આપે છે. નવીન નાટક બ્હાર પાડતી વખતે તેઓ બસો પાંચસો પાઉન્ડ આપી ઉત્સાહ આપે છે. તેમનું એક તુચ્છ નટીએ–અપમાન કર્યું છે ? તમે આટલું બધું અભિમાન રાખો છો ? એક સારાં નટી તરીકે તમે પ્રખ્યાત થયેલાં હોવાથી તમે આવું સાહસ કર્યું છે ? કાઉન્ટે તમારાપર કૃપા કરવાની ઉચ્છા દર્શાવી હતી એ તમારે તમારું પોતાનું મહદ્ સૌભાગ્ય સમજવું જોઇતું હતું."

"પણ હું શું કરું ? તેઓ મ્હારું અપમાન કરે એ હું કેવી રીતે સહન કરી શકું ?" નિર્ભયતાથી લિલિયને કહ્યું.

વિશેષ કર્કશકંઠે લેમિંગ્ટન બોલ્યો:–"એમાં અપમાન જેવું શું છે ? એક અમીર માણુસ પ્રેમ પ્રદર્શિત કરીને બોલાવે–એમાં તમારું શું અપમાન છે ? વળી ધારો કે તેઓ કદાચ તમારું અપમાન કરે તો તમે પણ તેમનું અપમાન કરવાનું સાહસ કરશો કે ? તમારી આવી ભયંકરતાનો ઉપયોગ અત્રે થઈ શકે તેમ નથી જ. હું હવે તમને આ થીએટરમાં રાખી શકું તેમ નથી; હમણાં જ તમે અહીંથી ચાલ્યાં જાઓ. એક અક્ષર પણ બોલશો નહિ; સત્વર અહીંથી જાઓ !"

લિલિયન પોતાનો પગાર માગવાની પણ હિમ્મત કરી શકી નહિ. તે થીએટરનો ત્યાગ કરી ચાલી ગઇ. તેને વિદાય કર્યા પછી મિ. લેમિંગ્ટન કાઉન્ટના બરડાપર હાથ ફેરવવાને ચાલ્યો ગયો. ત્યાં

જઇને લિલિયનને કાઢી મૂકયાના સમાચાર તેણે કાઉન્ટને કહી સંભળાવ્યા. વિશેષમાં તેણે તેને એમ પણ કહ્યું કે, નાટયમંદિરમાં લિલિયન ઘણી હોશિયાર નટી હોવા છતાં તે તરફ ધ્યાન નહિ આપતાં તેને રજા આપવામાં આવી છે.

પ્રકરણ ૧૦ મું.

પિશાચિનીના પંઝામાં.

નાટકશાળામાંથી નીકળી પડી અભાગિની લિલિયન મુખ્ય રસ્તાપર જઇને ઉભી રહી. શું કરવું અને કયાં જવું તેનો કશો નિર્ણય તે કરી શકી નહિ. સંસારમાં તેનું પોતાનું હવે એક પણ મનુષ્ય નહોતું. આજે હતભાગિની લિલિયન સંકટસાગરમાં એકલી તણાતી હતી. તેના અંતરમાં આ સમયે અનેક પ્રકારની દુશ્ચિંતા ઉત્પન્ન થવા લાગી. ચિંતાતુર ચિત્તે તે ધીમે ધીમે વેસ્ટમિનિસ્ટરના પૂલપર જઇ પહોંચી. રેલિંગ પાસે ઉભી રહી તે સરિતાના જળનું દર્શન કરવા લાગી. ભયંકર જળપ્રવાહને પોતાના પૂર્ણ વેગથી પ્રવાહિત થઇ જતો તેણે જોયો! પ્રતિ ક્ષણે નવા તરંગો ઉત્પન્ન થઇ પૂલના થાંભલાઓ સાથે જોરથી અથડાઇ પાછા હઠી જતા હતા. એ ઠેકાણે ઘણું ફીણ થઇ રહેતું હતું. લિલિયને સ્વગત વિચાર્યું:—" જો હું નદીના આ જળમાં ડૂબી જાઉં તો મ્હારા સકળ કષ્ટનો આ ક્ષણે જ અંત આવી જાય. જીવતાં રહેવામાં મ્હને શું સુખ છે ? "

મૃત્યુની વાત અંતરમાં ઉપજતાં જ દુઃખિની લિલિયનનું કોમળ

હૃદય કંપી ઉઠયું. પુનઃ તેણે એમ વિચાર્યું કે, આત્મહત્યા એ મહા પાપ છે ! આત્મહત્યા કરવાને માટેજ પરમાત્માએ તેને આ સંસારમાં મોકલી છે કે શું ? મૃત્યુનો સંકલ્પ તત્કાળ અંતરમાંથી દૂર કરી લિલિયન એ સ્થળે વિશેષ નહિ રોકાતાં પુલપરથી ચાલી ગઇ.

આશ્રય વગરની–સહાય વિનાની લિલિયન ઘણે ઠેકાણે રખડી રઝળી અત્યંત થાકી જઇને અંતે એક મકાનના દ્વાર પાસે બેસી પડી. ઘણા સમય સૂધી ત્યાં બેસી રહીને તેણે પોતાના મનમાં ઘણા વિચારો કર્યા. પછી વ્યાકુળ બની જઇને તે હૃદયવિદારક રુદન કરવા લાગી. તેની પાસેથી ઘણા પથિક ચાલ્યા ગયા; પરંતુ કોઇએ એ અભાગિની તરફ નજર સુદ્ધાં કરી નહિ. ઘણા સમય સૂધી રુદન કરી પોતાની જાતે જ તે ચુપ રહી; પરંતુ પુનઃ તેના અંતરમાં એવી ચિંતા થવા લાગી કે કયાં જવું અને શું કરવું ?

તેણે પોતાની મની બૅગ ઉઘાડી જોઇ તો તેમાં માત્ર પાંચ શિલિંગ રહેલા હતા ! એ પાંચ શિલિંગમાંથી કોઇ ન્હાની ઓરડી એ ચાર દિવસ માટે ભાડે લેવાનો તેણે વિચાર કર્યો. સંધ્યાકાળ થવાને હજી એક કલાકનો વિલંબ હતો. એટલા સમયમાં જ એક આશ્રય સ્થાન શોધી કાઢવાની આવશ્યક્તા હતી. પછીથી સ્હવારે કોઇ ઠેકાણે નોકરી શોધવાનો તેનો વિચાર હતો. એમ કર્યા સિવાય બીજો તેના માટે ઉપાય પણ શો હતો ? ગર્વિતા–સ્વાભિમાની લિલિયને સ્વગત એવો દૃઢ સંકલ્પ કર્યો કે, “ આ જીવ જવાનો હોય તો ભલે જાય; પણ હવે પુનઃ હું નાટકશાળાના અધ્યક્ષ મિ. લેમિંગ્ટનનો આશ્રય સ્વીકારવાની નથી જ. ”

આવો સંકલ્પ કરી લિલિયન જ્યાં બેઠી હતી ત્યાંથી ઉઠી, મુખ્ય રસ્તેથી સેન્ટપાલ તરફ જવા લાગી. જતાં જતાં જે જે મકાનો

પર ' આ મકાન ભાડે આપવાનું છે. ' એવી જાહિરખબર હતી તે તે મકાનોની તપાસ કરવા લાગી; પરંતુ દુઃખનો વિષય એ હતો કે લિલિયનની કંગાલ હાલત જોઇ કોઇ પણ ઘરના માલિકે તેને ઘર ભાડે આપવાની ઇચ્છા દર્શાવી નહિ. વળી લિલિયનની પાસે કશો સરસામાન નહોતો. તેની જામિનગીરી આપનાર પણ કોઇ નહોતું; તેથી તેને કોઇએ પોતાનું મકાન ભાડે આપ્યું નહિ.

જોત જોતાંમાં રાત્રિ થઇ. ઘણાં મકાનોની તપાસ કર્યા છતાં લિલિયન એકકે આશ્રયસ્થાન મેળવી શકી નહિ. વિશેષ ચાલવામાં આવ્યાથી તે હવે ઘણી થાકી ગઇ હતી. શું કરવું તત્સંબંધી તે કશો નિર્ણય કરી શકી નહિ. આવી સખ્ત ઠંડીમાં અંતે તેને રસ્તાપર પડી રહી મરવું પડશે કે ? તે બિચારી થાકથી રસ્તાપર જ બેસી પડી.

બરાબર આ સમયે જ કોઇ ઠેકાણેથી એક પ્રૌઢાએ એકાએક તેની પાસે આવી સ્નેહથી તેનો હાથ પોતાના હાથમાં લઇને મૃદુ-સ્વરે પૂછ્યું:—" બેટા ! શું થયું છે ? તું આવી રીતે રસ્તાપર કેમ બેસી રહી છે ? "

એ વૃદ્ધાને જોઇ લિલિયન પ્રથમ તો ચમકી ઉઠી હતી; પરંતુ વૃદ્ધાનાં કોમળતાપૂર્ણ અને સ્નેહસૂચક વચનો સાંભળવામાં આવતાં તેણે નિર્ભયતાથી તેમજ દીનદષ્ટિથી એ રમણીના મુખમંડળ તરફ જોયું; છતાં તે એક પણ શબ્દ ઉચ્ચારી શકી નહિ. મનમાં ને મનમાં શાન્ત થઇને તેણે કહ્યું:—" ઇશ્વરે આ અભાગિનીના મ્હોં તરફ જોયું હોય એમજ લાગે છે. "

લિલિયનને ચુપ રહેલી જોઇ આગંતુક રમણીએ કહ્યું:—" બેટા ! તું ઘણી થાકી ગઇ છે કે શું ? તને ઘણી રખડામણ થઇ હોય એમ જ લાગે છે. "

"હા, આપનું કહેવું ખરું છે."

"તું ઘેર જાય છે કે શું?"

રમણીનો આ પ્રશ્ન સાંભળવામાં આવતાં લિલિયનથી રડી દેવાયું તેણે કશો ઉત્તર આપ્યો નહિ.

"કેમ? શું થાય છે? બેટા! તું રડે છે શા માટે? ઉઠીને તું મ્હારી સાથે કોઇ શાન્ત સ્થળે ચાલ. હું ત્હારી સઘળી હકીકત સાંભળીશ. તું ભય રાખીશ નહિ. તું મ્હને ત્હારાથી પરાઇ સમજીશ નહિ!" આમ કહી એ રમણીએ લિલિયનનો હાથ પકડી તેને રસ્તાપરથી ઉઠાડી, તથા સ્નેહપૂર્વક એક વખત તેને પોતાના હૃદય સાથે દબાવી તે તેને રિચમંડ બિલ્ડીંગ્ઝ નામના નિર્જન રસ્તાપર લઇ ગઇ. ત્યાં ગયા પછી રમણીએ કહ્યું:—"બેટા! હવે તું ત્હારી સ્થિતિની હકીકત નિર્ભયતાથી મ્હને કહી સંભળાવ. શા માટે રસ્તાપર બેસી રહીને તું રડ્યા કરે છે? તને જે દુઃખ હોય તે તું સંકોચ રાખ્યો સિવાય કહે? હું બનતા પ્રયત્નોથી ત્હારું સઘળું દુઃખ જરૂર દૂર કરીશ. ત્હારું સુંદર મુખ જોવામાં આવતાં ત્હારાપર મ્હને ઘણો પ્રેમ ઉપજ્યો છે. હું જરૂર તને સુખી કરીશ એ માટે તું સર્વ રીતે નિશ્ચિંત રહે."

"માતાજી, ઇશ્વર આપનું કલ્યાણ કરો. આપનાં સ્નેહમય વચનો સાંભળવામાં આવતાં મ્હારા મૃતદેહમાં પુનઃ પ્રાણ આવ્યો છે. માતાજી, આપ સ્વર્ગનાં દેવી છો—" લિલિયને ગદ્‌ગદ કંઠે કહ્યું.

"હમણાં આવી નિરુપયોગી વતચિત કરી વખત વ્યર્થ જવા દેવાની કશી જરૂર નથી. તું સત્વર ત્હારા દુઃખની હકીકત કહે? ત્હારાપર ઉપકાર કરવાને મ્હારો પ્રાણ અસ્થિર બની ગયો છે!" આમ કહી રમણીએ વારંવાર લિલિયનના કપોળપ્રદેશપર ચુંબન કરી તેના

તરફ પ્રેમ દર્શાવવા માંડયો. લિલિયને શાન્તીથી પોતાની સઘળી જીવન કથા એ રમણીને અકપટ ચિત્તે કહી સંભળાવી; છતાં તેણે કોઇનું નામ કહ્યું નહિ. તેણે માત્ર એ વિષયમાં એટલું જ કહ્યું કે, આ સંસારમાં ભ્રાતા, પિતા, માતા, ભગિની વગેરેમાંથી તેનું એક પણ આત્મીય નથી, તથા આશ્રય મેળવવા માટે એક ઝુંપડી સુદ્ધાં નથી.

લિલિયનની જીવનકથા સાંભળી રમણીએ થોડા સમય સુધી પોતાના મન સાથે કાંઇ વિચાર કર્યો. પછી તેણે કહ્યું:-"જો બેટા! હું પણ ગરીબ છું! મ્હારી પાસે, હું તને સુખસ્વચ્છંદતામાં રાખી શકું એટલું દ્રવ્ય નથી; આમ છતાં ત્હારાપર મ્હને જ્યારે ઘણો પ્રેમ ઉપજ્યો છે ત્યારે કોઇ પણ રીતે ત્હારો હું આવી દુઃખદ સ્થિતિમાં ત્યાગ કરી શકતી નથી. હું સોહો સ્કવેરમાં રહું છું. ત્હારી ઇચ્છા હોય તો તું બેલાશક મ્હારી સાથે ચાલ-જ્યાં સુધી તું કોઇ ઠેકાણે ત્હારી નોકરીની વ્યવસ્થા કરી શકે નહિ ત્યાં સુધી નિર્ભયતાથી મ્હારી પાસે રહેજે. મ્હારે ત્યાં તને બિલકુલ દુઃખ પડશે નહિ. જો આવવાની ઇચ્છા હોય તો તું મ્હારી સાથે ચાલ. વિના કારણ અહીં ઉભાં રહી વખત વીતાડવાની શી જરૂર છે!"

લિલિયને વ્યાકુળતાથી કહ્યું:-"માતાજી! આપની કૃપા માટે અંતઃકરણપૂર્વક હું આપનો આભાર માનું છું. ચાલો, હું આપના આશ્રયમાં આવવા તૈયાર છું."

આ સમયે લિલિયનનું ચિત્ત એટલું બધું અસ્થિર બની ગયું હતું કે, તે કોઇ પણ વિષયનો સંપૂર્ણ વિચાર કરી શકે નહિ તેમ નહોતી. એક અજાણી સ્ત્રીનો આશ્રય સ્વીકારવો ઉચિત છે કે કેમ તેનો કશો વિચાર તેણે કર્યો નહિ. તે એ રમણીની સાથે અંતઃકરણમાં ઇશ્વરનો આભાર માનતી માનતી જવા લાગી.

અરેરે! અનાથિની લિલિયન સમજી શકી નહિ કે તેણે એક રાક્ષસી, પિશાચિની અને કુલટા કામિનીનો આશ્રય સ્વીકાર્યો હતો! ભાવિનું અદ્ભુત વિધાન આવુંજ હોય છે. ભાગ્યના લેખને વૃથા કરવાનું શક્તિ સામર્થ્ય કોઇનામાં હોતું નથી.

પ્રકરણ ૧૧ મું.

નિરાશામાં આશા.

" કહીં લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે."

—સ્વ. મણિલાલ.

સંધ્યાકાળ થવાને થોડો વિલંબ હતો. આવા સમયે વીસેક વર્ષની ઉમ્મરનો એક નવયુવક અમદાવાદમાં આવેલા વિક્ટોરિયા ગાર્ડન તરફ જતો હતો. હમણાં તેની આતુર દૃષ્ટિ ચોતરફ ફરતી હોવાથી તે કોઇને શોધતો હોય એમ લાગતું હતું.

એ નવયુવકનું નામ પ્રમોદકુમાર હતું. શરીરપર તેણે સાદા જીનનો એક કોટ પહેરેલો હતો. કોટનાં પાંચ બટનોમાં ત્રણ હતાં અને બે નહોતાં. જે ત્રણ બટનો હતાં તેમાંનાં બે એક જાતનાં અને ત્રીજું બીજી જાતનું હતું. કોટના કૉલરનો પાછળનો ભાગ થોડો ફાટી ગયેલો હતો. તેણે એક દેશી ધોતીઉં પહેરેલું હોઇ તે પણ એક બે ઠેકાણેથી સાંધેલું નજરે પડતું હતું. તેના પગમાં બદામી રંગની સ્લીપર હતી, તથા એ સ્લીપર સુદ્ધાં એકાદ ઠેકાણે સાંધેલી હતી.

પ્રમોદકુમાર ઘણો ગરીબ હતો. પહેલાં આ સંસારમાં તેની એક વિધવા માતા સિવાય બીજું કોઇ હયાત નહોતું; પરંતુ એક વર્ષથી તેની

મમતામયી માતા પણ આ અસાર સંસારનો ત્યાગ કરી સ્વર્ગવાસિની થઇ હતી. પ્રમોદકુમારનું આ વિશ્વસંસારમાં કોઇ સગું વ્હાલું નહોતું તેમજ રહેવાના આશ્રયસ્થાનરૂપ ઘર પણ નહોતું. તેનું મૂળ ગામ બારેજડી હતું. ત્યાં તેનું એક વડિલોપાર્જિત ઘર હતું તે હમણાં બીજાઓના અધિકારમાં હતું. જે થોડી જમીન હતી તે પણ અન્યના અધિકારમાં ગયેલી હતી. માતાના મૃત્યુ પછી એ ઘરને તથા જમીનને એક પાડોશીએ કબજે કરી લીધી હતી. એ પાડોશીએ પ્રમોદકુમારને એમ જણાવ્યું હતું કે, તેની માતાએ એ પાડોશી પાસેથી બસો રૂપિયા એ ઘર તથા જમીનપર લીધા હતા. હમણાં વ્યાજ સાથે એ રકમ પાંચસોની થઇ હતી. કેટલાક ગામ લોકોના કહેવાથી પ્રમોદકુમારે એ પાડોશી પાસે ઘર તથા જમીન સંબંધીનું ખત જોવા માંગ્યું હતું; તેના ઉત્તરમાં એ પાડોશીએ એમ કહ્યું હતું કે, "ભાઇ ! જો મ્હારાં વચનપર તને વિશ્વાસ ન બેસતો હોય તો પછી ખત જોવાથી પણ ત્હારા મનનું સમાધાન કેવી રીતે થશે ? તું કદાચ ખતને જ ખોટું ઠરાવે તો ? જો મ્હારાં વચનપર તને વિશ્વાસ ન બેસતો હોય તો તું બેલાશક ફરિયાદ કર. જો ખત બતાવવું પડશે તો તે હું ન્યાયમંદિરમાં જ બતાવીશ." અસ્તુ.

પ્રમોદકુમારે પુનઃ એક વખત ચોતરફ દષ્ટિ ફેરવી બગીચામાં પ્રવેશ કર્યો, તથા ચિંતાતુર ચિત્તે તે એક બેન્ચપર બેઠો.

પ્રમોદકુમાર આખો દિવસ ઑફિસનું કામકાજ કરી થાકી ગયો હતો. સ્હવારે વીશીમાં તેણે ભાવે અભાવે થોડું ભોજન કરી લીધું હતું. ત્યારપછી આખા દિવસમાં તેણે બીજું કાંઇ ખાધું નહોતું. હમણાં તેનું મ્હોં શ્રમની વિશેષતાથી લેવાઇ ગયું હતું.

માત્ર થોડા માસથી જ પ્રમોદકુમાર નોકરીમાં જોડાયો હતો. જ્યાં

સુધી મમતામયી માતા જીવતી હતી ત્યાં સુધી તે પુત્ર માટે દરમાસે થોડી રકમ મોકલતી હતી, અને પ્રમોદકુમાર કાલેજમાં ભણતો હતો. માતા ધાન્ય વેચીને પણ પુત્રના વિદ્યાભ્યાસાર્થે પૈસા મોકલતી હતી. એ માટે કદાચ તેને થોડું દેવું પણ કરવું પડયું હશે. જો કે તે જે પૈસા મોકલતી હતી તેમાંથી પ્રમોદકુમારના વિદ્યાભ્યાસનું સઘળું ખરચ નભતું નહોતું; પરંતુ ખાનગી ટયુશન આપી તે બાકીનું ખરચ કાઢતો હતો. પ્રિવિયસની પરીક્ષા પછી તે માતૃવિયોગી થયો. માતૃવિયોગના શોકથી ઘણા દિવસ સુધી તે બેચેન રહ્યો. અંતે નિરુપાયે તેને વિદ્યાભ્યાસનો ત્યાગ કરવો પડયો. હવે તે કોના માટે વિદ્યાભ્યાસ કરે ? પહેલાં તો તે માતાનું સઘળું કષ્ટ દૂર કરવાના ઉદ્દેશથી અભ્યાસ કરતો હતો; કિન્તુ એ માતાનો ચિરવિયોગ થવાથી તે નિરુત્સાહિત બની ગયો. કોઇ પણ ઠેકાણે નોકરી મેળવી તેણે પોતાના જીવનનો નિર્વાહ કરવાનો નિશ્ચય કર્યો; આમ છતાં તેની વિદ્યાપ્રીતિ ઓછી થઇ નહિ. સહવારે અને રાત્રે તેને જે સમય મળતો હતો તે એ વિવિધ વિષયોનાં પુસ્તકો વાંચવામાં પસાર કરતો હતો. જે ઠેકાણે તે નોકરીમાં જોડાયો ત્યાંથી તેને શુરુઆતમાં માસિક વીસ રૂપિયા પગાર મળવા લાગ્યો; છતાં ભવિષ્યમાં એ નોકરીની ઉન્નતિ થાય એવો સંપૂર્ણ સંભવ હતો. વીશી, કપડાંલત્તાં, ઘરભાડું વગેરેનું ખરચ બાદ કરતાં તેની પાસે જે કાંઇ રકમ બચતી તેનાં તે પુસ્તકો ખરીદતો હતો. આથી હમ્મેશાં તે ગરીબ હાલતમાં રહેતો જોવામાં આવતો હતો.

સંધ્યાકાળ થવાને હવે વિશેષ વિલંબ નહોતો. ઘણા વિદ્યાર્થીઓ બગીચામાં આવી પોતપોતાના મિત્રમંડળ સાથે બેસી તર્કવિતર્ક કિંવા વિતંડાવાદ કરતા હતા. વારંવાર તેમનો ઉચ્ચહાસ્યધ્વનિ સાંભળવામાં આવતો હતો; આમ છતાં પ્રમોદકુમારની જે વ્યક્તિને મળવાની ઇચ્છા

હતી તે વ્યક્તિ હજી સુધી આવી નહોતી. બગીચામાં કેટલાંક ઠેકાણે કેટલીક કુસુમ કોમળાંગી નવયુવતી વિલાસિનીઓ વીસમી સદીનાં તદન બારીક વિલાયતી વસ્ત્રો પહેરી સંધ્યાના વાયુનું સેવન કરતી ફરતી હતી.

સાણંદથી અમદાવાદ આવી શાન્તિપ્રસાદે પોતાના અંતરંગ બંધુઓને સઘળી હકીકત કહી સંભળાવતી હતી. એ હકીકત તેણે પ્રમોદકુમારને પણ કહી હતી; કેમ કે કેટલાંક વર્ષથી પ્રમોદકુમાર સાથે તેની મૈત્રી થઇ હતી. પ્રમોદકુમાર બે ત્રણ વખત શાન્તિપ્રસાદ સાથે તેને ઘેર પણ જઇ આવ્યો હતો. છ મહિના પૂર્વે માલતીને તેણે જોઇ હતી. પછીથી શાન્તિપ્રસાદના મુખે તેણે જ્યારે માલતીના દુઃખની હકીકત સાંભળી ત્યારે તે પણ ઘણો દુઃખી થયો હતો. કુળગૌરવમાં પ્રમોદકુમાર શાન્તિપ્રસાદથી ઉતરતો નહોતો તેથી માલતી સાથે અનાયાસે જ તેનો વિવાહ થઇ શકે તેમ હતો; પરંતુ તેની દરિદ્રતાને લીધે આજ સુધી શાન્તિપ્રસાદે તેની પાસે એવી વાત કાઢી નહોતી. શાન્તિપ્રસાદે પોતાના બીજા મિત્રોને જેવી ભલામણ કરી હતી તેવી જ કોઇ પાત્ર શોધી કાઢવાની ભલામણ તેણે પ્રમોદકુમારને પણ કરી હતી. જે દિવસે શાન્તિપ્રસાદે તેને આવી ભલામણ કરી તે દિવસે સંધ્યાકાળે ઘેર જઇ, છિન્ન શેતરંજીપર આડો પડી તે જાગ્રત સ્થિતિમાં જ એવું સ્વપ્ન જોવા લાગ્યો કે, મનોહારિણી માલતી સાથે તેનો શુભવિવાહ થઇ ગયો છે—માલતીનાં માતાપિતા તેનાં જ માતાપિતા થયાં છે—હવે તે સહાયહીન—સગાં સંબંધી વગરનો નથી. બીજે દિવસે જ પ્રમોદકુમાર તબિયત બગડવાથી ઑફિસમાં જઇ શક્યો નહોતો, શય્યામાં સૂતો સૂતો તે એવું સ્વપ્ન જોતો કે, જાણે માલતી તેની પાસે બેઠેલી છે. અને તેના ગરમ મસ્તકપર પોતાનો કોમળ હાથ ફેરવ્યા કરે છે.

તેની તબિયત બગડ્યાની ખબર મળતાં શાન્તિપ્રસાદ તેને જોવા આવ્યો. માલતી સંબંધી પ્રમોદકુમારે પોતાના મનમાં જેવી કલ્પના કરી હતી તેજ પ્રમાણે શાન્તિપ્રસાદે કર્યું. તેણે તેના મસ્તકપર હાથ ફેરવીને પાણી પાયું. સ્નેહપૂર્વક તેણે તેની સાથે કેટલીક વાતચિત કરી થોડી ઘણી આશા પણ દર્શાવી. કૃતજ્ઞતાથી પ્રમોદકુમારે 'ભાઇ' કહીને શાન્તિપ્રસાદનો હાથ પકડ્યો.

હજી સુધી શાન્તિપ્રસાદ માલતી માટે કોઇ યોગ્ય પાત્ર શોધી શક્યો નહોતો. આજે સ્હવારે તેણે પ્રમોદકુમારને વિક્ટોરિયા ગાર્ડનમાં પોતાને મળવાનું કહ્યું હતું; અને તેથી જ તે બગીચામાં બેસી રહ્યો હતો. શાન્તિપ્રસાદના આગમનમાં જેમ જેમ વિલંબ થવા લાગ્યો તેમ તેમ પ્રમોદકુમારનું આશાતુર અંતર નિરાશ બનવા લાગ્યું. તે એમ વિચારવા લાગ્યો કે શું શાન્તિપ્રસાદે માલતી માટે બીજું કોઇ પાત્ર તો નહિ શોધી કાઢ્યું હોય ?! છતાં આવા વિચારથી પણ તે અત્યંત કષ્ટ અનુભવવા લાગ્યો. જે આશાનું તેણે છુપી રીતે પોતાના મનમાં ને મનમાં પોષણ કર્યું હતું તે આશા અંતે વિફળ થશે કે ?

પ્રમોદકુમાર મનને સમજાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તેણે વિચાર્યું, "હું તો માલતીના કલ્યાણાર્થે જ તેની સાથે વિવાહ કરવાને તૈયાર થયો છું; છતાં જો મ્હારી સહાયતા સિવાય જો તેનું કલ્યાણ થતું હોય તો તેમાં મ્હારે શા માટે નારાજ થવું જોઇએ ?" આમ છતાં આ ઉપદેશ તેના મનોદેવતાએ માન્યો નહિ.

પ્રમોદકુમાર આવી રીતે આશા નિરાશાના હિંચકાપર ઝુલતો હતો એવામાં શાન્તિપ્રસાદ તેની પાસે ઉપસ્થિત થયો, તથા તેણે કહ્યું:— "ભાઇ ! મ્હને આવતાં થોડો વિલંબ થયો છે; તમે ક્યારના અહીં આવીને બેઠા છો ?"

" લગભગ કલાકેક થયો હશે." પ્રમોદકુમારે ઉત્તર આપ્યો.

" ત્યારે હજી સુધી ઘેર ગયા જ નથી કે શું ?"

" ના-ઑફિસમાંથી છૂટી બારોબાર આ તરફ આવ્યો છું."

" ભાઈ ! મ્હેં આજે તમને ઘણું કષ્ટ આપ્યું છે. તમને ક્ષુધા પણ લાગી હશે. ચાલો, ક્ષુધાશાન્તિગૃહમાં જઈ આપણે ચ્હા પીએ."

" ના ના-આપની વાતચિત પૂરી થયા પછી હું અન્નપૂર્ણાગૃહમાં જઈને જમીશ."

આ વાક્ય તરફ લક્ષ્ય નહિ આપતાં શાન્તિપ્રસાદ પ્રમોદકુમારને એક ક્ષુધાશાન્તિગૃહમાં લઇ જવા લાગ્યો. રસ્તે જતાં જતાં પ્રમોદકુમારે પૂછ્યું: " ભાઇ! હવે તમારે મ્હને જે વાત કહેવી હોય તે કહો ?"

" મ્હારી વાત બહુ લાંબી છે. ચાલતાં ચાલતાં પૂર્ણ થાય તેમ નથી."

" શી વાત છે તેનો મ્હને આભાસ તો આપો ?"

" મ્હારી બ્હેનના વિવાહની વાત"

" કોઇ ઠેકાણે સગવડ થઇ છે કે નહિ ?"

પ્રમોદકુમાર વિશેપ કાંઇ બોલ્યો નહિ. તે મૌનાવલંબન કરી શાન્તિપ્રસાદની સાથે એક ન્હાની હૉટલમાં ગયો. ત્યાં થોડો નાસ્તો કરી ચ્હા પી લઇ બન્ને બંધુ પાછા બગીચામાં ગયા.

રાત્રિના લગભગ આઠેક વાગ્યા હતા. બગીચામાં હવે માત્ર થોડાં માણસો હતાં. બન્ને બંધુઓ એક ખાલી આસનપર જઇને બેઠા. પછી શાન્તિપ્રસાદે પૂછ્યું:-" ભાઈ ! માલતીને તમે જોઇ છે ?"

" હા."

" એના માટે તમારો કેવો અભિપ્રાય છે ?"

" ઘણો સારો."

"ત્યારે પછી તમે પોતે જ તેની સાથે વિવાહ કેમ કરતા નથી ?"

"હું શું એને યોગ્ય છું ?"

"ત્યારે તમે શી રીતે અયોગ્ય છો ?"

"જુઓ, આ સંસારમાં મ્હારું કોઇ સગું વ્હાલું નથી. મ્હારી પાસે પૈસો પણ નથી. મહિને જે વીસ રૂપિયા પગાર મળે છે તેમાંથી હું સુખે દુઃખે મ્હારા જીવનનો નિર્વાહ કરું છું. હું તમારી ભગિની સાથે વિવાહ કરું તો તે સુખી થશે કે ?"

"ભાઇ ! સંસારમાં હમ્મેશાં કોઇની સરખી સ્થિતિ રહેતી નથી. ભવિષ્યમાં તમારો ભાગ્યોદય થાય એવો સંપૂર્ણ સંભવ છે. વળી વિચાર કરી જુઓ કે, વૃદ્ધ હરિપ્રસાદ કે જે મ્હારી ભગિનીને દુઃખના અગાધ સમુદ્રમાં ડૂબાવી દેવાને તૈયાર થયો છે તે મ્હારા પિતાના કરતાં પણ ઉમ્મરે મ્હોટો છે. માત્ર વસ્ત્રાલંકારો અને દ્રવ્યપ્રાપ્તિથી સ્ત્રીજાતિ સુખ મેળવી શકતી નથી. જો સ્વામી સાથે પોતાના મનનું મિલન થાય છે તોજ સ્ત્રીનું જીવન સુખમય થાય છે." શાન્તિપ્રસાદે કહ્યું.

"એ તો ખરું છે; પરંતુ ઘરમાં જો અન્ન ન હોય તો મનના મિલનથી પેટ ભરી શકાય ખરું કે ?"

"ભાઇ ! એક વખત તો હું કહી ચુક્યો છું કે, તમારી સ્થિતિ કાંઇ હમ્મેશાં આવી રહેવાની નથી. ભવિષ્યમાં તમારો ભાગ્યોદય થવાનો સંપૂર્ણ સંભવ છે."

"જેવી રીતે ભાગ્યોદય થવાનો સંભવ છે તેવી જ રીતે ભવિષ્યમાં મ્હારી સ્થિતિની વિશેષ અવનતિ થવાનો પણ સંભવ છે!"

"ના ના—હું એવી અમંગળ શંકાને મ્હારા મનમાં સ્થાન આપતો નથી. જુઓ, તમે પ્રિવિયસ સુધી ભણ્યા છો. ભવિષ્યમાં વિશેષ ઉન્નતિ થવાની આશાથી જ તમે હમણાં માસિક વીસ રૂપિ-

યાની નોકરી સ્વીકારી છે; પરંતુ જો કદાચ તમે માસ્તરની નોકરી કરો અને એક બે ટયુશનો ભણાવો તો પણ સહેલાઇથી ચાલીસ પચાસ રૂપિયા દર મહિને કમાઇ શકો તેમ છો. વળી તમે ઘણા સચ્ચરિત્ર અને બુદ્ધિશાળી યુવક હોવાથી સત્વર તમારી સ્થિતિ ઉન્નત થશે એવો મ્હને દૃઢ વિશ્વાસ છે."

"મ્હારા માટે આવા સારા વિચારોએ ક્યારથી તમારા અંતરમાં સ્થાન મેળવ્યું છે ?"

આ પ્રશ્ન સાંભળી શાન્તિપ્રસાદે સહજ લજ્જિત બની જઇને કહ્યું:—"ભાઇ! પ્રથમ મ્હેં તમને આવો પ્રસ્તાવ કર્યો નહોતો તેથી તમને મ્હારાપર માઠું લાગ્યું છે કે ?"

"માઠું શા માટે લાગે ?"

"આવો પ્રસ્તાવ પૂર્વે મ્હેં શા માટે તમને કર્યો નહોતો એ તમે જાણો છો કે ? આ વિવાહ પ્રસંગે અમે વરપક્ષને કાંઇ આપી શકીએ તેમ નથી. તમે ભણ્યા ગણ્યા છો—નોકરી કરો છો. ધીમે ધીમે તમારી ઉન્નતિ થશે. એવી ઉન્નત સ્થિતિમાં તમે મ્હારી ભગિની કરતાં પણ ઉત્તમ પંક્તિની પત્ની પ્રાપ્ત કરી શકો તેમ છો; પરંતુ મ્હારી ભગિની સાથે જે વિવાહ કરે તેને કેટલોક ત્યાગસ્વીકાર કરવો પડે તેમ છે. આમ હોવાથી જ પૂર્વે તમારી પાસે મ્હેં આવો પ્રસ્તાવ કર્યો નહોતો."

આ વાક્યોપર વિશ્વાસ મૂકી પ્રમોદકુમારે કહ્યું:—"ભાઇ! ઘણા સમયથી આપણે એક બીજાના મિત્ર છીએ. જ્યારે તમારી ખાસ ઇચ્છા હોય, તમારાં માતા પિતા રાજી હોય તો તમારી ભગિનીને પત્ની તરીકે સ્વીકારમાં મ્હને કશી અડચણ નથી."

પછીથી બન્ને મિત્રોએ એ વિષય સંબંધી ઘણી વાતચિત કરી.

ભવિષ્યમાં કરવાનાં કાર્યોનો ક્રમ પણ નક્કી કરી નાખવામાં આવ્યો. અંતે શાન્તિપ્રસાદે કહ્યું:—"આજે સોમવાર થયો છે. આવતા શુક્રવારે વિવાહ છે."

"ઠીક, ઑફિસમાંથી કેટલા દિવસની રજા લઉં ?"

"વધારે ન મળી શકે તો પાંચ દિવસની."

"પાંચ દિવસની રજા સાહેબ મંજૂર કરશે કે કેમ એ શંકાયુક્ત છે."

"પાંચ દિવસની ન મળી શકે તો ચાર દિવસની મેળવજો. ગુરુવારે સ્હાંજની ટ્રેઇનમાં આપણે અહીંથી સાણંદ જઇશું. આવતી કાલે સ્હવારે ઘેર જઇ હું પાછો બુધવારે અત્રે આવીશ. બુધવારે સ્હાંજની ટ્રેઇનપર બની શકે તો તમે સ્ટેશને આવજો."

આ પ્રમાણે વાતચિત કરી બન્ને બંધુ છુટા પડયા. બીજે દિવસે શાન્તિપ્રસાદે ઘેર જઇ સઘળી હકીકત માતાપિતાને કહી સંભળાવી. જગદીશપ્રસાદે અને તેની પત્નીએ પુત્રના કાર્યમાં સંમતિ દર્શાવી, તથા કહ્યું:—"આ વાત છેવટ સુધી ગુપ્ત રાખવાની છે."

યથા સમયે શાન્તિપ્રસાદે પુનઃ અમદાવાદ આવી વિવાહોપયોગી સરસામાન ખરીદ્યો. બે ચાર અંતરંગ મિત્રો પાસેથી તેણે થોડા દિછીના રૂપિયા પણ મેળવ્યા. ગુરુવારે સ્હાંજની ટ્રેઇનમાં શાન્તિપ્રસાદ પ્રમોદકુમારની સાથે સાણંદ ગયો. એ દિવસે વૃદ્ધ હરિપ્રસાદ તેના સહચર સત્યેન્દ્રપ્રસાદ સાથે જણસો, કપડાં તથા બીજી વિવાહોપયોગી વસ્તુઓ લેવા અમદાવાદ ગયો હતો બીજે દિવસે રાત્રિની ટ્રેઇનમાં તે પાછો ઘેર આવ્યો. હાથ મ્હોં ધોઇ હરિપ્રસાદ સાયંસંધ્યા કરવાની ખટપટમાં પડયો; એવામાં પાડોશમાં રહેતી એક ચંચળ નામની પ્રૌઢા સ્ત્રીએ આવીને કહ્યું:—"કેમ બા ! મ્હેં એમ સાંભળ્યું છે કે, જગદીશપ્રસાદની પુત્રી સાથે દેસાઇજીનો વિવાહ થવાનો છે ?"

"હા, ખરું છે." ફોઇએ ઉત્તર આપ્યો.

"ત્યારે માલતીનો આજે કોની સાથે વિવાહ થાય છે?"

આ વાક્ય સાંભળવામાં આવતાં વિસ્મિત બની જઇ હરિપ્રસાદે બ્હાર પડસાળમાં આવી કહ્યું:—"કોણ, ચંચળ બ્હેન કે?"

"હા, દેસાઇજી."

"કોનો વિવાહ થાય છે?" હરિપ્રસાદે અધીરતાથી પૂછ્યું.

"માલતીનો!" ચંચળે ઉત્તર આપ્યો.

"જગદીશપ્રસાદની માલતીનો! કોની સાથે? આ વાત તમને કોણે કહી?"

"હું મ્હારી જાતે જોઇ આવી."

"શું જોઇ આવ્યાં?"

"એમને ત્યાં દીવાઓ સળગી ઉઠયા છે. ઢોલ નગારાં અને શરણાઇ વાગે છે. વર પણ આવ્યો છે—"

"ફોઇ બા! આ શું?" હરિપ્રસાદથી બોલી જવાયું.

"ભાઇ! પહેલાં હું પણ કાંઇ જાણતી નહોતી. હમણાં જ મ્હને ખબર પડી છે કે, અમદાવાદથી વર આવ્યો છે." ફોઇએ બ્હીતાં બ્હીતાં કહ્યું.

"ત્યારે હું આવ્યો એટલે તરત તમે મ્હને આ વાત કેમ કહી નહિ?" હરિપ્રસાદ ગરજી ઉઠયો.

"તું સંધ્યાદિ કરી ખાઇ પીને ઠંડો થાય એટલે આ વાત તને કહેવાનો મ્હારો વિચાર હતો. વળી જગદીશપ્રસાદ ભલે બીજા સાથે એની છોકરી પરણાવે. આપણને બીજી કોઇ કન્યા નહિ મળી આવે કે? કન્યાઓની શી ખોટ છે.?"

ફોઇબાનાં વચનો સાંભળવા તરફ ધ્યાન નહિ આપતાં ઉઘાડે

શરીરે ક્રોધાતુર વાઘની માફક હરિપ્રસાદ જગદીશપ્રસાદના ઘર તરફ જવા લાગ્યો. રસ્તે અંધકાર હોવાથી બે ત્રણ વખત તેને ઠોકર વાગી; છતાં તેની ચાલ ધીમી પડી નહિ. તે ઉન્માદગ્રસ્ત માણસની માફક હાવરો બાવરો બની જઇ જગદીશપ્રસાદના ઘર પાસે જઇ પહોંચ્યો.

જગદીશપ્રસાદના ઘર આગળ મંડપ બાંધવામાં આવ્યો હતો. દીપકોના પ્રકાશથી એ મંડળ ઝળહળી રહ્યો હતો. મંડપમાં કેટલાક લોકો બેઠેલા હતા. મંડપની પાસે પુરોહિત વરકન્યાની વિવાહક્રિયા કરતો હતો. તે જગદીશપ્રસાદને ઉદ્દેશીને બોલ્યો:-" કહો કે-**एनां कन्यां**-"

બરાબર આ સમયે ત્યાં હરિપ્રસાદ ઉપસ્થિત થવાથી પુરોહિત ચુપ થઇ ગયો. જગદીશપ્રસાદનું મ્હોં લેવાઈ ગયું. મંડપમાં બેઠેલા પુરુષો પણ હરિપ્રસાદની સ્થિતિ જોઇ શંકાશીલ ચિત્તે ઉઠી ઉભા થઇ ગયા. હરિપ્રસાદ ક્રોધ કર્કશ સ્વરે બોલી ઉઠયો:-" જગદીશ! આ શું?"

જગદીશપ્રસાદ અત્યંત ભયભીત બની જઇ હરિપ્રસાદની ઉગ્ર મૂર્ત્તિ તરફ જોઇ રહ્યો. હરિપ્રસાદે ક્રોધાવેશમાંજ પોતાની જનોઇ હાથમાં લઇ ઉચ્ચકંઠે કહ્યું:—" અંતે ત્હેં ત્હારા વચનો ભંગ કરી એક બ્રાહ્મણને છેતર્યો કે? સત્યાનાશ વળી જાઓ—નખ્ખોદ વળી જાઓ—હું તને આજે એવો બ્રહ્મશાપ આપું છું કે, માત્ર એક જ વર્ષમાં ત્હારી પુત્રી વિધવા થશે." આમ કહી, સઘળું બળ એકઠું કરી હાથમાંની જનોઇના તેણે બે કડકા કરી નાખ્યા. તે સાથે જ એ મુર્ચ્છાવશ થઇ ગયો. તેનો પગ લાગવાથી ઘીનો દીવો ઉંધો પડી ગયો. વાદ્યધ્વનિ અને સ્ત્રીઓનો મંગળ ગીતધ્વનિ બંધ ગઇ ગયો. સત્યેન્દ્રપ્રસાદ થોડે દૂર ઉભો રહી આ સઘળો પ્રકાર જોયા કરતો હતો. તે ત્રણ માણસોની મદદથી હરિપ્રસાદને પોતાને ઘેર લઇ ગયો. બરાબર આ સમયે જ રેલ્વેનો નોકર એક તાર આપી ગયો. એ તાર મુંબાઈથી

વિહારીપ્રસાદે કરેલો હોઇ એમાં કિલયોપેટ્રા સ્ટીમર ડુબ્યાના સમાચાર તેણે લખી જણાવ્યા હતા, તથા પિતાને તરત મુંબાઇ આવવા લખી જણાવ્યું હતું. હરિપ્રસાદ જ્યારે શુદ્ધિમાં આવ્યો અને સત્યેન્દ્રપ્રસાદે તેને તારના સમાચાર કહી સંભળાવ્યા ત્યારે તે પુનઃ એક હાય પોકારીને બેહોશ બની ગયો.

પ્રકરણ ૧૨ મું.

મૃત્યુના મુખમાંથી ઉદ્ધાર.

વાંચક બંધુઓ જાણે છે કે, કિલયોપેટ્રા સ્ટીમર સમુદ્રના અગાધ જળરાશીમાં ડુબી ગઇ ત્યારે આપણો કથાનાયક કાન્તિપ્રસાદ પણ ડૂબી ગયો હતો. અંતે તે જીવનસંરક્ષણની આશામાં સર્વથા નિરાશ થઇ તરવા લાગ્યો. તરતાં તરતાં તેના સદ્‌ભાગ્યે એક લાકડું તેના હાથમાં આવી ગયું. એ લાકડાને મજબૂતાઇથી પકડી રાખી તે સમુદ્રના પ્રચંડ જળરાશીમાં મ્હોટાં પર્વત જેવડાં મોજાંઓ સાથે તણાવા લાગ્યો. અંધકારનું પ્રબળ સામ્રાજ્ય સ્થાપિત થયેલું હોવાથી સમુદ્રનું જળ તદ્દન કાળા રંગનું જણાતું હતું. સમસ્ત વિશ્વ-સંસારનો અંધકારે ગ્રાસ કર્યો હોય એવો જ આ સમયે ભાસ થતો હતો. કાન્તિપ્રસાદનું ચિત્ત સર્વાંશે અસ્થિર બની ગયું હતું. ક્ષણે ક્ષણે તેને પોતાની જન્મભૂમિનું, આત્મીય સ્વજનોનું સ્મરણ થઇ આવતું હતું. કાળની કળા આવી વિચિત્રતાપૂર્ણ જ હોય છે. મનુષ્ય જીવન આજે છે અને કાલે નથી. વસ્તુસ્થિતિ આવી હોવા છતાં સુખના સમયમાં ઇશ્વરનું વિસ્મરણ કરનાર મનુષ્યો કેવો ભયંકર ભ્રમ કરે છે ?

લગભગ ત્રણેક કલાક સૂધી કાન્તિપ્રસાદે સમુદ્રમાં સંતરણ કર્યું. હવે વિશેષ તરવાની શક્તિ તેનામાં રહી નહોતી. તેનું શરીર ધીમે ધીમે દુર્બળ બની જતું હતું. હાથ પગની ગતિ શિથિલ થઇ જતી હતી. થોડા સમયમાં જ પોતાના જીવનનો આ સમુદ્રના જળમાં અંત આવી જશે એમજ તેને લાગ્યું; છતાં 'જીવની માયા ડુંગર જેવડી' એ સૂત્રાનુસાર તે સમુદ્ર જળમાં તર્યા કરતો હતો એવામાં એકાએક બાજૂએ મ્હોટો પહાડ આવેલો તેની નજરે પડયો. આ સમયે પૂર્વાકાશમાં ઉષાની જ્યોતિનો વિસ્તાર થયેલો હતો. એ જ્યોતિની સહાયતાથી સમુદ્ર જળ વચ્ચે આવેલા પહાડને જોઇ કાન્તિપ્રસાદના અંતરમાં આશા ઉપજી. શરીરમાં અવશિષ્ટ રહેલા શક્તિ સામર્થ્યને એકત્રિત કરી તે એ પહાડ તરફ જવા લાગ્યો, અને પંદરેક મિનિટમાં જ તે પહાડ પાસેના પાણીમાં જઇ પહોંચ્યો. પહાડની આસપાસ વિશેષ પાણી નહોતું; પરંતુ પ્રત્યેક ક્ષણે સમુદ્રના પ્રચંડ જળતરંગો એ પહાડ સાથે અફળાઇ ભીષણ ગર્જના કરતા હતા. એ પહાડ ઘણો ઉંચો હતો. તેની ઉંચાઇ લગભગ ત્રણસો ફીટ ઉપરાંતની અને પહોળાઇ આશરે એક માઇલની હોય એમ લાગતું હતું સમુદ્રના જળમાં તે જાણે કે કોઇ પ્રચંડ અંગવાળો રાક્ષસ ઉભો હોય એમ જ લાગતું હતું. એ પહાડના પત્થર તદ્દન કાળા રંગના હતા. કાન્તિપ્રસાદ સાવધાનતાથી એ પહાડ ઉપર ચઢવા લાગ્યો અને પોતાના જીવનરક્ષણ માટે અંતઃકરણમાં ઇશ્વરનો આભાર માનવા લાગ્યો. પહાડ સર્વથા નિર્જન હતો. તેમાં કેટલેક ઠેકાણે ભોંયઘરાંઓ જેવી મ્હોટી બખોલો આવેલી હતી. કેટલાંક જંગલી પંખીઓ કોઇ કોઇ ઠેકાણે નજરે પડતાં હતાં.

સમુદ્રનું ખારું જળ પીવાના કામમાં આવી શકતું નહિ હોવાથી પ્રથમ પહાડપર સ્વચ્છ જળ મળી આવશે કે કેમ તે સંબંધની તપાસ

કરવાનો કાન્તિપ્રસાદે વિચાર કર્યો; પરંતુ શ્રમની વિશેષતાથી તેનામાં હવે સામાન્ય શક્તિ રહી નહોતી; તેથી તે એ પહાડના શિખર નજીક જઇ વિશ્રાન્તિ લેવા બેઠો. આ સમયે તેને રૉબિન્સન ક્રુઝોના સમુદ્ર–જીવનનું સ્મરણ થઇ આવ્યું. તેની પોતાની સ્થિતિ પણ હમણાં રૉબિન્સનના જેવી જ થઇ ગઇ હતી. પહાડની ચોતરફ માત્ર સમુદ્રજળ સિવાય બીજું કાંઇ તેની નજરે પડ્યું નહિ. આ સ્થળેથી પોતે સ્વદેશમાં ક્યારે કેવી રીતે જઇ શકશે, શો આહાર કરીને તથા ક્યાંથી સ્વચ્છ જળ મેળવીને તે પોતાની તૃષ્ણા શાન્ત કરશે એવા વિચારોથી તે ચિંતાતુર બની ગયો હતો.

લગભગ દોઢ બે કલાક સુધી બેસી રહ્યા પછી તેનો શ્રમ થોડા અંશે દૂર થયો. પછીથી તે એ પહાડ પર સ્વચ્છ જળની શોધમાં ફરવા લાગ્યો. હવે સૂર્ય ભગવાન્ પૂર્વાકાશમાં ઘણે ઉંચે આવી પહોંચ્યા હતા. તેમનાં પ્રખર કિરણો સમુદ્રના જળરાશીમાં નૃત્ય કરતાં હતાં. કાળરાત્રિનો ભીષણ અંધકાર અદૃશ્ય થઇ ગયો હતો.

પહાડમાં આવેલી કેટલીક ગુફાઓ વગેરેમાં કાન્તિપ્રસાદ ફર્યો; પરંતુ કોઇ સ્થળે એકકે સ્વચ્છ જળનું સ્થાનક તેના જોવામાં આવ્યું નહિ. અરેરે ! ત્યારે શું ક્ષુધા તૃષ્ણાના દારુણ દુઃખથી જ તેના મનુષ્ય–જીવનનો અકાળે અંત આવશે કે ? નિરાશ બની જઇ તે સ્વગત વિચારવા લાગ્યોઃ–" અરેરે ! હવે મ્હારા જીવનનું રક્ષણ કેવી રીતે થશે ? ક્યાં જન્મભૂમિ ? ક્યાં ઇંગ્લેન્ડ અને ક્યાં આ વિશાળ સાગરમાં આવેલો એક ક્ષુદ્ર પહાડ ! ચોર, લૂંટારા, ઠગ અને રાજ્યદ્રોહી કેદીઓને સરકાર દેશનિકાલની સજા કરે છે તેવીજ દેશનિકાલની સજા મ્હારે ક્યાં સુધી ભોગવવી પડશે ? એ કેદીઓને તો યથાસમયે ખાવા પીવા-ના પદાર્થો પણ મળે છે; કિન્તુ હું શું ખાઇ પીને અત્રે મ્હાર

જીવનનું રક્ષણ કરી શકીશ ? ભાગ્યદેવીની ભયંકરતાથી મ્હારી સ્થિતિ એવા કેદીઓના કરતાં પણ વિશેષ દુઃખી બની ગઇ છે. માત્ર પરમાત્મા સિવાય આ નિર્જન સ્થળેથી મ્હારો કોઇ ઉદ્ધાર કરી શકે તેમ નથી જ. અરેરે ! સ્ટીમર ડુબ્યાના સમાચાર જ્યારે પિતા, ભ્રાતા વગેરે સગાં વ્હાલાંના જાણવામાં આવશે ત્યારે તેઓ મ્હને મરી ગયેલો વિચારી મ્હારા નામની પોક મૂકશે અને અસહનીય કષ્ટ અનુભવશે. એ વિષયનો વિચાર કરતાં મ્હારું હૃદય ભરાઇ આવે છે; મ્હને કાંઇ સૂઝતું નથી.” સ્વગત આમ કહી કાન્તિપ્રસાદ જળની શોધ કરતો કરતો બીજી એક ગુફામાં પેઠો. એ સ્થળે એક ઝરો જોવામાં આવતાં તે ક્ષણ કાળ માટે પોતાનું સઘળું દુઃખ ભૂલી ગયો. એ ઝરાનું પાણી પી જોતાં તેને તે ક્ષારશૂન્ય જણાયું. પુષ્કળ જળ પી તે પુનઃ એ સ્થળે જ વિશ્રાન્તિ લેવા બેઠો. બેઠો બેઠો તે પાછો સ્વગત કહેવા લાગ્યોઃ—“ આ પહાડ પાસે થઇને કોઇ પણ સ્ટીમર આવશે કિંવા જશે નહિ; આમ હોવાથી મ્હારા ઉદ્ધાર માટે જ્યાં સૂધી હું કશો પ્રયત્ન કરીશ નહિ ત્યાં સૂધી મ્હારે અત્રે જ રહી અપાર કષ્ટ વેઠવું પડશે. મ્હારે પ્રયત્ન તો કરવો જ જોઇએ. ફળદાતા દયાળુ દીનાનાથ છે; છતાં દિવસે જો હું કશો પ્રયત્ન કરીશ તો તે વ્યર્થ જશે. મ્હારે મ્હારો પ્રયત્ન રાત્રિના સમયે જ કરવાનો છે.”

સ્વગત આવો નિશ્ચય કરી તે એક સ્થળે સૂઇ ગયો. શ્રમની વિશેષતાથી પાષાણશય્યાપર પણ તેને એવી ગાઢ નિદ્રા આવી ગઇ કે તે નમતા પહોરે જાગ્રત થયો. પછી તેણે ઉઠી આખો પહાડ ફરી ત્રણ ચાર લાંબાં લાકડાં શોધી કાઢ્યાં. એ લાકડાંને લૂગડાથી એક બીજા સાથે બાંધી દઇ તેના એક છેડાપર તેણે એક મ્હોટું લૂગડું બાંધી દીધું. તેની પાસેનાં વસ્ત્રોનો આવો ઉપયોગ થવાથી એક ઘડી

સિવાય તેના ગુપ્ત અંગને ઢાંકવાનું બીજું એક પણ વસ્ત્ર રહ્યું નહિ. આજે આખો દિવસ કાંઇ ખાવાનું મળેલું નહિ હોવાથી તેનું શરીર સ્વાભાવિક રીતે જ દુર્બળ બની ગયું. જો એના ઠેકાણે કોઇ અંગ્રેજ આવી પરિસ્થિતિમાં આવી પડયો હોત તો તે જળચર પ્રાણીઓનો આહાર કરી પોતાની ક્ષુધા શાન્ત કરત; કિન્તુ કાન્તિપ્રસાદ જેવા હિન્દુના અંતરમાં એવો વિચાર સુદ્ધાં ઉપજવો અસંભવનીય હતો.

રાત્રિનો સમય ઉપસ્થિત થયો. ચોતરફ અંધકારનો વિસ્તાર થયો એટલે પહાડના ઉંચામાં ઉંચા ભાગપર જઇ શોધી કાઢેલા ચકમકની સહાયતાથી દેવતા પાડી કાન્તિપ્રસાદે જે વસ્ત્રને લાકડાના મથાળે બાંધ્યું હતું તેને સળગાવ્યું, અને તે એ લાકડું ઉંચું ધરી એ સ્થળે ઉભો રહ્યો. વસ્ત્ર ધીમે ધીમે વિશેષ પ્રમાણમાં સળગવા લાગ્યું. સમુદ્રનાં પ્રચંડ મોજાં પહાડના પત્થરો સાથે અફળાઇ પોતાનું પ્રાબલ્ય પ્રદર્શિત કરતાં હતાં. વારંવાર સમુદ્રનો ભયંકર ઘુઘવાટ સાંભળવામાં આવતો હતો. આજે વાયુનું જોર સહજ નરમ હતું. આકાશમંડળ સ્વચ્છ હોઇ તેમાં કેટલાક તારાઓ પ્રકાશી રહેલા હતા.

લગભગ અડધા કલાક સુધી એ લૂગડું બળ્યા કર્યું અને ત્યાર પછી ઉપરનું લાકડું બળવા લાગ્યું. એવામાં કાન્તિપ્રસાદ એક બ્યુગલનો અવાજ સાંભળી શકયો. એ અવાજ સાંભળવામાં આવતાં અત્યંત આનંદિત બની જઇ તેણે હાથમાંનું લાકડું હલાવ્યું. વળી પાછો પુનઃ બ્યૂગલનો અવાજ સાંભળવામાં આવ્યો. હવે કાન્તિપ્રસાદની એવી દૃઢ ખાત્રી થઇ ગઇ કે, તેના સદ્ભાગ્યે કોઇ સ્ટીમર તેને સંકટમાં સપડાયલો વિચારો સહાયતા કરવાને આવે છે. આશામાં ને આશામાં તે જ્યાં બેઠો હતો ત્યાં જ બેસી રહ્યો.

કાન્તિપ્રસાદની આશા અનુચિત નહોતી. થોડા સમયમાં જ એક

ન્હાની બોટમાં બેસી બે પુરુષ પહાડ પાસે આવી પહોંચ્યા અને નૌકાને યથાસ્થળે રાખી પહાડપર ચઢયા. કાન્તિપ્રસાદે એ બન્ને પુરુષ પાસે ઉપસ્થિત થયો. આવનાર પુરુષો વિદેશી જણાવાથી કાન્તિપ્રસાદે તેમની સાથે અંગ્રેજીમાં વાત કરી. એ વાતનો ભાવાર્થ અત્રે આપવામાં આવે છે. કાન્તિપ્રસાદે કહ્યું:-"પરોપકારી મહાનુભાવ ! આપ દેવદૂતની માફક મ્હારો સંકટમાંથી ઉદ્ધાર કરવા આવ્યા છો; તેથી અંતઃકરણ-પૂર્વક હું આપનો આભાર માનું છું. ક્ષુધાની જ્વાળાથી મ્હારૂં સર્વાંગ દુર્બળ બની ગયું છે. આપ મ્હને સત્વર સ્ટીમર પર લઇ જાઓ."

આવનાર બન્ને પુરુષો કાન્તિપ્રસાદ આ પહાડપર કેવી રીતે આવી ચઢયો હશે તે જાણવા માટે અધીરા બની ગયા હતા; પરંતુ સમુદ્રમાં સ્ટીમર ખોટી થતી હોવાથી પ્રથમ તેઓ કાન્તિપ્રસાદ સાથે નૌકામાં જઇને બેઠા અને થોડા સમયમાં જ સ્ટીમર પાસે જઇ પહોંચ્યા. સ્ટીમર પાસે જઇ તેઓ નૌકામાંથી સ્ટીમરપર ચઢી ગયા અને નૌકાને પાછી સ્ટીમર સાથે બાંધી દેવામાં આવી.

સ્ટીમરપર જતાં જ કૅપ્ટન મિ. મેરિસ અને ડૅાક્ટર મિ. ડૅાવલિન કાન્તિપ્રસાદ પાસે આવ્યા કાન્તિપ્રસાદની નાડી તપાસી ડૅાકટરે તેને ઔષધ આપ્યું; જે બે પુરુષો તેને નૌકામાં બેસાડી લાવ્યા હતા તેમણે બિસ્કિટ, ફ્રૂટ વગેરે લાવી તેને ખાવા આપ્યું. ખાઇ પી સ્વસ્થ થયા પછી કૅપ્ટનના પૂછવાથી કાન્તિપ્રસાદે કિલયોપેટ્રા સ્ટીમર ડૂબવાના, તે સાથે પોતાની જળસમાધિના અને ઉદ્ધારના સઘળા સમાચાર કહી સંભળાવ્યા. એ સમાચાર સાંભળવામાં આવતાં સર્વના અંતરમાં તેના માટે સહાનુભૂતિ ઉપજી. તે ફર્સ્ટ કલાસની એક કૅબિનમાં રહી શકે એવો કૅપ્ટને બંદોબસ્ત કર્યો.

જે સ્ટીમરમાં કાન્તિપ્રસાદ આવ્યો હતો તે માર્સેલ્સથી આવતી

હોઇ મુંબઈ જતી હતી. એમાં લગભગ સો પ્રવાસીઓ હતા. એ સ્ટીમરનું નામ વિક્ટોરિયા હતું ક્લિયોપેટ્રા કરતાં તે મ્હોટી હોઇ તેની સુંદરતા પણ વિશેષ હતી.

સ્ટીમર જ્યારે અલેક્ઝાન્ડ્રીઆ બંદરે જઇ પહોંચી ત્યારે કાન્તિપ્રસાદે કેપ્ટન પાસે ત્રણ ઠેકાણે તાર કરાવ્યા એક તાર તેણે વિહારીપ્રસાદને મુંબાઇ, બીજો પિતાને સાણંદ અને ત્રીજો પોતાને સાસરે કરાવી સર્વને પોતાનું જીવન બચ્યાના સમાચાર મોકલ્યા.

પ્રકરણ ૧૩ મું.

પરલોકપ્રયાણ.

કાન્તિપ્રસાદના ડૂબી જવાના સમાચાર જાણવામાં આવતાં જ હરિપ્રસાદની વ્યથાનો પાર રહ્યો નહિ વાસ્તવિક રીતે તેનું શરીર રોગી હતું. તેનાં ફેફસાં નબળાં પડી ગયાં હતાં. વળી આ પ્રસંગે તેના મસ્તકપર જાણે કે વજ્રાઘાત થયો હોય એવી વેદના તે અનુભવતો હતો. ગામના વૈદ્યે આવી નાડી તપાસી એકાન્તમાં સત્યેન્દ્રપ્રસાદને એમ જણાવ્યું કે “ ભાઇ ! દેસાઇજીના હૃદયપર ગંભીર આઘાત થયો છે. આ પ્રકારનું પરિણામ કેવું આવશે તે હમણાં કહી શકાય નહિ. ” આમ કહી તે ઔષધની વ્યવસ્થા કરી ચાલ્યો ગયો સત્યેન્દ્રપ્રસાદ હરિપ્રસાદને એક પલંગમાં સુવાડી ચાર માણસની સહાયતાથી તેને ઘેર લઇ ગયો. ઘેર કાન્તિપ્રસાદના ડુબ્યાના સમાચાર જ્યારથી ફોઇબાના જાણવામાં આવ્યા હતા ત્યારથી તેમણે રડારોળ કરી મૂકી હતી. આડોશપાડોશની સ્ત્રીઓ તેમનું સાંત્વન કરતી બેઠેલી હતી.

સત્યેન્દ્રપ્રસાદે હરિપ્રસાદને એક એકાન્ત ઓરડામાં લઇ જઇને સુવાડ્યો. રાત્રે તેને સખ્ત તાવ આવ્યો. ફરીથી વૈદ્યને બોલાવવામાં આવ્યો તો તેણે નિરાશા જ દર્શાવી. આથી સત્યેન્દ્રપ્રસાદે વિહારી-પ્રસાદને તાર કરી તેને સાણંદ બોલાવ્યો. તારમાં તેણે હરિપ્રસાદ ગભીર બિમારીમાં છે એમ લખી જણાવ્યું. તે સાથે અમદાવાદના એક સુવિખ્યાત ડૉકટરને તાર કરી સ્હવારની ટ્રેનમાં જ આવવા લખી જણાવ્યું.

ધીમે ધીમે તાવ વધવા લાગ્યો હરિપ્રસાદ બેશુદ્ધાવસ્થામાં હતો ક્વચિત્ ક્વચિત્ તેના મુખમાંથી કેટલાંક ત્રુટક વાક્ય નીકળતાં હતાં. આવી પરિસ્થિતિ જોઇ ફોઇબા વખત વિચારી ચુપ થઇ ગયાં અને હરિપ્રસાદની શય્યા પાસે જઇ ચિંતાતુર મુખે બેસી રહ્યાં. આડોશ-પાડોશમાં રહેતા કેટલાક માણસો ખબર જોવા આવ્યા. મધ્યરાત્રિ પછી હરીપ્રસાદ શુદ્ધિમાં આવ્યો. પોતાની બન્ને આંખો ઉઘાડી તેણે પાણી માંગ્યું. ફોઇબાએ પાણી લઇ આવીને તેને પાયું તથા વિષણ્ણવદને પૂછ્યું:–“ ભાઇ ! હવે કેમ છે ? ”

“ ફોઇ ! મ્હને લાગે છે કે, હવે મ્હારું જીવન બચી શકનાર નથી. પુત્રવિયોગથી મ્હારું હૃદય અને મન અસ્થિર બની ગયું છે. અરેરે મ્હેં મ્હારા કાન્તિને આટલો મ્હોટો કરી વિલાયત જવા દીધો તેથી જ મ્હારે આવો પ્રસંગ જોવો પડયો. હે પ્રભુ ! એને કેટલું બધું કષ્ટ વેઠવું પડયું હશે ? ફોઇ ! હવે વિહારીને હું તમારા હાથમાં સોંપી જાઉં છું. ક્યાં છે મ્હારો વિહારી ? આજે જ તેને અહીં બોલાવો. આ સંસારમાંથી વિદાય થતી વખતે છેવટ એક વખત હું તેનું દર્શન કરવાને ઇચ્છું છું. અરેરે ! મ્હારી છાતીમાં અપાર દુઃખ થાય છે. મ્હારાથી વિશેષ બોલી શકાતું નથી. પાણી પાઓ–”

આટલું બોલી હરિપ્રસાદ રડી પડયો. ફોઇબાએ તેનું અશ્રુજળ

સ્વચ્છ કરી પુનઃ તેને પાણી પાઇને કહ્યુંઃ—"ભાઇ ! સંસારની લીલા આવી જ છે. જે અસહ્ય દુઃખ આપણા શિરપર આવી પડ્યું છે તે વેઠી લીધા સિવાય કાંઇ આપણો છુટકો છે? તું નિરાશ થઇશ નહિ. તને આરામ થઇ જશે. ડૉકટરને તાર કરી બોલાવવામાં આવ્યા છે."

હરિપ્રસાદ આ વાકયોના ઉત્તરમાં કાંઇ બોલ્યો નહિ. હજી સુધી તેનો તાવ નરમ પડયો નહોતો. થોડા સમયમાં જ તે પાછો બેશુદ્ધ બની જઇ 'ભાઇ ભાઇ' શબ્દનો અસ્પષ્ટ ઉચ્ચાર કરવા લાગ્યો. આ સમયે બેશુદ્ધાવસ્થામાં તેણે જાણે કે એક સ્વપ્ન જોયું. સ્વપ્નમાં તેણે સમુદ્રના અગાધ જળરાશીમાં સ્ટીમરને ડૂબતી જોઇ. સ્ટીમરપર જીવનરક્ષણની આશામાં નિરાશ બની ગયેલા કાન્તિપ્રસાદને તેણે જોયો. સ્ટીમર સાથે જાણે કે કાન્તિપ્રસાદ પણ ડૂબી ગયો. એ સ્થળે થોડા સમય સુધી જળનાં ચક્કર ફર્યાં. થોડા સમય પછી એક ભયંકર સમુદ્રપ્રાણીને કાન્તિપ્રસાદનો દેહ ગળી જતું તેણે જોયું. આવો પ્રકાર જોવામાં આવતાં જ તેનાથી એક કારમી ચીચીઆરી પડાઇ ગઇ અને તે સાથે વૃદ્ધ હરિપ્રસાદનું પ્રાણપંખી આ માયાવી મૃત્યુલોકનો ત્યાગ કરી કોઇ અગમ્ય સ્થાને ચાલ્યું ગયું. આ સમયે તેનું સર્વાંગ શીતળ થઇ ગયેલું હોઇ તેના શરીરે પાણ્ડુવર્ણ ધારણ કર્યા હતો.

આ તરફ જ્યારે હરિપ્રસાદના મૃત્યુની પોક પડી ત્યારે બીજી તરફ જગદીશપ્રસાદને ત્યાં પ્રમોદકુમાર સાથે માલતીનો વિવાહ થઇ ગયો. વિધાતાની આવી અપૂર્વ લીલાના દર્શનથી ગામ લોકો આશ્ચર્યચકિત અને વિસ્મિત બની ગયા. ડૉકટરને નહિ આવવાનો બીજો તાર કરવામાં આવ્યો. સૂર્યોદય થતાં પૂર્વેજ વૃદ્ધ હરિપ્રસાદનો મૃતદેહ સ્મશાન ભૂમિમાં લઇ જવામાં આવ્યો. બીજે દિવસે રાત્રે મુંબાઇથી વિહારીપ્રસાદ આવી પહોંચ્યો. પિતા તથા ભાઇના અકાળ મૃત્યુથી તેની ચિંતાનો પાર રહ્યો નહિ.

પ્રકરણ ૧૪ મું.

મધુની માંદગી.

વાંચકબંધુઓ ! હવે ચાલો એક વખત આપણે કાન્તિપ્રસાદના શ્વસુરાલની પરિસ્થિતિનું દર્શન કરી આવીએ. કાન્તિપ્રસાદના શ્વસુરનું નામ ગણપતિરામ હતું. આપણી વાર્તાના આરંભકાળ સમયે તેમની ઉમ્મર લગભગ પચાશેક વર્ષની હતી. તેઓ અમદાવાદમાં સાંકડીશેરીમાં રહેતા હતા. તેમની સ્થિતિ સારી હતી. તેમને એક પુત્ર અને પુત્રી હતી. પુત્રનું નામ મણિલાલ હતું અને પુત્રીનું નામ મધુરી હતું. મધુરી ગુણવતી બાળિકા હોઇ માતાપિતાના લાડકોડમાં ઉછરેલી હોવાથી ઘરમાં સર્વ તેને મધુ કહીને જ બોલાવતાં હતાં. મણિલાલની ઉમ્મર હમણાં પચીસેક વર્ષની અને મધુની ઉમ્મર વીસેક વર્ષની હતી. ગણપતિરામ પાસે પૈત્રિક સંપતિ લગભગ ચાર પાંચ લાખ રૂપિયાની હતી. તેમનો પુત્ર મણિલાલ બી. એ. માં બે વખત નપાસ થયો હતો; આમ થવાનું કારણ એ હતું કે બ્હારનાં પુસ્તકો વાંચવાનું તેને વ્યસન જ લાગેલું હતું. દરેક શનિવારે બે ત્રણ મિત્રો સાથે તે નાટક જોવાને છુપી રીતે જતો હતો. હજી સુધી તે કુંવારો જ હતો. તેને માટે ઘણા સંબંધ આવતા હતા; પરંતુ પુત્રની ઇચ્છા હજી સુધી લગ્ન કરવાની નહી હોવાથી ગણપતિરામે હજી સુધી એકે સંબંધ માન્ય કર્યો નહોતો. પહેલાં એક વખત તેનો વિવાહ કરવામાં આવ્યો હતો; પરંતુ એ કન્યા વિવાહ પછી થોડા દિવસમાં જ પરલોકવાસિની થઇ હતી.

મધુરી કે જેને હવે આપણે મધુ નામથી જ સંબોધીશું તે

ઘણી સચ્ચરિત્રા, સુશિક્ષિતા અને સ્વધર્મપરાયણા બાળિકા હતી. ગુજરાતી કન્યાશાળામાં તેણે પાંચમા ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. પછીથી શાળાનો ત્યાગ કરી ઘેર બેસીને જ તે મહાભારત, રામાયણ, મનુસ્મૃતિ આદિ ધર્મગ્રંથો વાંચતી હતી. આના ધાર્મિક અભ્યાસથી તેની ધર્મપ્રીતિ ઘણી દૃઢ થઇ ગઇ હતી; આમ હોવાથી તે વીસમી સદીની વિલાસિની બાળિકાઓના જેવી અપ ટુ ડેઇટ ફેશનમાં રહેનારી નહોતી. તેના શરીરનો રંગ કિંચિત્ શ્યામ હોવા છતાં તેજોમય હતો. કાન્તિપ્રસાદ સાથે તેનો માત્ર વિવાહ થયો હતો; પરંતુ હજી સુધી તેમનું બન્નેનું લગ્ન થયું નહોતું. કાન્તિપ્રસાદ બૅરીસ્ટર થઇને આવશે એટલે લગ્નક્રિયા સંપન્ન કરી નાખવામાં આવશે એવું વૃદ્ધ હરિપ્રસાદે વેવાઇને આશ્વાસન આપ્યું હતું. મધુ જો કે કાન્તિપ્રસાદના સહવાસમાં બિલ્કુલ રહી નહોતી; છતાં પોતાના અંતરમાં પતિની મૂર્ત્તિની સ્થાપના કરી તે રાત્રિ દિવસ તેનું ધ્યાન ધરતી હતી. પતિની વિદ્યાભ્યાસમાં ઉન્નતિ થતી જોઇ તે સર્વદા પ્રસન્ના રહેતી હતી, અને ભવિષ્યના સુખની વિવિધ કલ્પનાઓ પોતાના મનમાં કરતી હતી. પોતાના ભાઇ પાસેથી તેણે કાન્તિપ્રસાદનો એક ન્હાનો ફોટો મેળવી તે તેણે પોતાના શયનગૃહમાં રાખ્યો હતો. એ ફોટા તરફ ઘણીખરી વખતે મુગ્ધદૃષ્ટિથી તે જોઇ રહેતી હતી; પરંતુ કાન્તિપ્રસાદના વિચારો વિરુદ્ધ પ્રકારના હતા. ગુંથવું, ભરવું પ્રેમના પત્રો લખવા, હારમોનિયમ સાથે ' અહો દિલદાર જરા દેદાર દીવાનીને દેખાડો ને ! ' વગેરે શૃંગારિક ગાયનો ગાવાં, શૃંગારિક નવલકથાઓ વાંચવી તેને જ તે સ્ત્રીજાતિના સદ્ગુણ સમજતો હતો. મધુ ઘરને સાફ રાખવું, રસોઇ બનાવવી, ધર્મગ્રંથોનો અભ્યાસ કરવો, સ્વામી તથા શ્વસુરપક્ષમાં વડિલ માણસોની સેવા કરવી વગેરેને જ તે સ્ત્રીજાતિના સદ્ગુણ સમજતી હતી.

કાન્તિપ્રસાદ નિર્દોષ બાળિકા મધુના દૈવી પ્રેમને પિછાની શકે તેમ નહોતો. એ કાંઇ ન્હાની નદીનું સીમાયુક્ત વેગવાળું જળ નથી—અનંત છે—સીમા વગરનું છે—પ્રશાન્ત સાગરનું જળ છે. સામયિક ઉચ્છ્વાસથી તે હાલી ઉઠે કે કંપી ઉઠે એવું નથી. સાધારણ સૂર્યતાપથી તે તપી જાય એવું હોતું નથી. સાધારણ વાયુના તોફાનથી તે કંપી ઉઠતું નથી. મધુ એમ સમજતી હતી કે, પતિ એજ દેવતા છે. તે પોતે સારું સમજીને જે કરે તેમાં જ પોતાના સકળ સુખનો સમાવેશ થયેલો છે. પતિપ્રેમ આત્મસુખને માટે નથી. પતિપ્રેમ દૈહિક મિલનને માટે નથી. પતિપ્રેમ કાંઇ માત્ર મધુરી વાતચિત નથી.

ગણપતિરામની ગૃહિણી વિમળાસુંદરી ત્રણેક વર્ષથી માંદી સાજી રહેતી હતી; તેથી સઘળું ગૃહકાર્ય મધુ બજાવતી હતી. ગઇ કાલથી ગણપતિરામના ઘરમાં શોકના તરંગો ઉછળી રહ્યા હતા; કેમ કે ગઇ કાલે જ કાન્તિપ્રસાદની સ્ટીમર ભૂમધ્ય સમુદ્રમાં ડૂબી ગયાનો તાર આવ્યો હતો; એટલું જ નહિ પણ આજે સ્હવારે વૃદ્ધ હરિપ્રસાદના મૃત્યુના સમાચારનો તાર આવ્યો હતો. સર્વના શોકનો પાર રહ્યો નહોતો. જે સમયે કાન્તિપ્રસાદની સ્ટીમર ડૂબ્યાના સમાચાર જાણવામાં આવ્યા તે સમયે શોકની વિશેષતાથી મધુ મુર્ચ્છિતા થઇ ગઇ હતી. પછીથી તે શુદ્ધિમાં આવી ત્યારથી તેના શરીરમાં તાવ ભરાયો હતો. તેનું કુસુમકલિના જેવું સુંદર મુખમંડળ તાવની ગરમીથી મલિન થઇ ગયું હતું. આજે સ્હવારથી તો તેનો તાવ ઘણો વધી ગયો હતો. તાવની વિશેષતાથી તે ઘણો ખરો સમય બેશુદ્ધાવસ્થામાં જ રહેતી હતી. વિમળાસુંદરી તેના માથાપર આઇસબેગ ફેરવ્યા કરતી હતી. આખી રાત તેણે પુત્રીના મસ્તક પાસે પંખો હલાવ્યો હતો. ગણપતિરામ પણ હમણાં મધુની શય્યા પાસે વિષણ્ણ-

વદને બેસી રહ્યો હતો. તેણે ઉઠી એક વખત જ્વરમાપકયંત્ર મૂકી જોયું તો ૧૦૫ ડિગ્રી તાવ જણાયો. તેણે ગદ્‌ગદ કંઠે પૂછ્યું:–" મધુ ! બ્હેન ! હવે કેમ છે ? તાવ તો ઘણો વધી ગયો છે–માથું દુઃખે છે કે ?"

" હા–માથું જાણે કે ફાટી જાય છે." મધુએ ઉત્તર આપ્યો.

ગણપતિરામે પુત્રને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું:–" ભાઇ ! રાત્રે મંગાવેલો બરફ થઇ રહેવા આવ્યો છે; માટે કોઇને બરફ લેવા મોકલી તું ડૉકટરને ખબર આપી આવ કે પ્રથમ તે અહીં જ આવે."

મણિલાલે કહ્યું:–" બરફ લેવા માટે હું હમણાં જ માણસને મોકલું છું; પરંતુ ડૉકટર તો આઠ વાગ્યા પહેલાં નહિ આવે. આઠ વાગ્યા સુધી દવાખાનામાં રોગીઓ તપાસીને તેઓ આવશે. અહીં તેઓ લગભગ સાડાઆઠ વાગે આવશે."

" ત્યારે તો ઔષધ મંગાવતાં અને પાતાં દશ વાગી જશે. તે પહેલાં જો કોઇને તબિયત બતાવી હોત તો સારું થાત." ગણપતિરામે કહ્યું.

" આપણા પ્રિયકાન્તને બોલાવું કે ? ડૉકટર આવતાં પહેલાં તે આવીને ખબર જોઇ જશે."

" ભલે તેને બોલાવ; વિલંબ કરીશ નહિ."

પ્રિયકાન્ત ગણપતિરામની પાડોશમાં રહેતા હરિવલ્લભનો પુત્ર હતો. આ સમયે તેણે મેડિકલ કોલેજમાં એમ. બીની પરીક્ષા આપી હતી. હરિવલ્લભનું મકાન ગણપતિરામના મકાન પાસે જ આવેલું હતું. ઘણા કાળથી આ બન્ને પરિવાર વચ્ચે આત્મીયતા ચાલી આવી હતી. પહેલાં એક વખત પ્રિયકાન્ત સાથે મધુના વિવાહની વાત પણ નીકળી

હતી; પરંતુ કેટલાંક કારણવશાત્ છેવટે આપણા કાન્તિપ્રસાદ સાથે મધુનો વિવાહ થયો હતો.

મણિલાલ પ્રિયકાન્તને બોલાવવા ચાલ્યો ગયો એટલે વિમળા-સુંદરીએ પતિને પૂછ્યું:–" કેમ લાગે છે ? "

" તાવ ૧૦૫ ડિગ્રી છે. બીજો બરફ મંગાવ્યો છે. આઇસબૅગ ફેરવ્યા કરજો. "

થોડા સમયમાં જ પ્રિયકાન્તને બોલાવી લાવી મણિલાલ આવ્યો, તથા તેણે દ્વાર પાસે ઉભા રહીને કહ્યું:–" પિતાજી ! પ્રિયકાન્તભાઇ આવ્યા છે; પરંતુ અંદર આવતાં તે શર્માય છે. "

ગણપતિરામે દ્વાર પાસે જઇને કહ્યું:–" પ્રિયકાન્ત ! શર્માય છે શા માટે ? તું તો મ્હારા મણિ બરાબર છે. આવ અંદર આવ ! "

આમ કહી પ્રિયકાન્તનો હાથ પકડી તે તેને ઘરમાં રોગિણીની શય્યા પાસે લઇ ગયો. આ સમયે મધુએ પહેરેલા વસ્ત્રમાં પોતાનું મ્હોં ઢાંકી દીધું.

પ્રિયકાન્ત ઉજ્વળ શ્યામવર્ણ મધ્યમાકૃતિ યુવક હતો. મસ્તક-પરના કેશને તેણે બરાબર ઓળેલા હતા. મુછ ફ્રેંચકટની જોવામાં આવતી હતી. તે શર્માતો શર્માતો મધુની શય્યા પાસે આવી ઉભો રહ્યો, તથા હાથમાં ઘડીઆળ રાખી તે નાડીપરીક્ષા કરવા લાગ્યો. નાડી પરીક્ષા કરી રહ્યા પછી તેણે પૂછ્યું:–"જ્વરમાપકયંત્ર મૂક્યું હતું કે ? "

"હા; છતાં ભાઇ ! તું ફરીથી એક વખત મૂકી જો ને ? "

પ્રિયકાન્તે પોતાના હાથે જ્વરમાપકયંત્ર નહિ મૂકતાં તે તેણે ગણપતિરામના હાથમાં આપ્યું. ગણપતિરામે એ યંત્ર મધુની બગ-લમાં મૂક્યું. પ્રિયકાન્ત હાથમાંની ઘડીઆળ જોતો ઉભો રહ્યો. પાંચ મિનિટ પછી યંત્ર બહાર કાઢ્યું તો તાવ ૧૦૫ ડિગ્રી જ હતો.

પ્રિયકાન્તે રોગિણીની આંખો જોવાની ઇચ્છા દર્શાવી; પરંતુ મધુએ મ્હોંપરનું વસ્ત્ર ખસેડયું જ નહિ. ગણપતિરામે કહ્યું:-" બેટા મધુ ! શર્માય છે શા માટે ? પ્રિયકાન્તની સાથે તો ઘણા કાળ સુધી ત્હેં રમતગમત કરી છે. એની પાસે ત્હારે શા માટે શર્માવું જોઇએ ? "

આમ છતાં મધુએ પોતાના મ્હોંપરનું વસ્ત્ર ખેંચી લીધું નહિ. પ્રિયકાન્તે કહ્યું:-" હશે, આંખો જોવાની જરૂર નથી. આંખો લાલ તો નથી થઇને ? "

" ના લાલ નથી થઇ. " ગણપતિરામે ઉત્તર આપ્યો.

" રાત્રે બેશુદ્ધ સ્થિતિમાં બકવાદ કર્યો હતો કે ? "

" કોઈ કોઇ વખત. "

" બરાબર છે, મ્હેં પણ એવું જ અનુમાન કર્યું છે. નાડીની સ્થિતિપરથી ડિલિરિયમ થવાનો સંભવ લાગે છે. માથાપર આઇસ-બૅગ રાખી મૂકજો. "

પછીથી પ્રિયકાન્તના બીજા એક પ્રશ્નના ઉત્તરમાં વિમળાસુંદરીએ કહ્યું:-" પેટપર હાથ ટીપતાં કલકલ અવાજ થાય છે. "

આટલી તપાસ કર્યા પછી પ્રિયકાન્ત એ ઓરડાની બ્હાર ગયો. ગણપતિરામ પણ તેની સાથે સાથે ગયો. બેઠકખાનામાં જઇને બેઠા પછી પ્રિયકાન્તે કહ્યું:-" જ્વરની સ્થિતિ સારી જણાતી નથી. ટાઇ-ફાઇડ (જ્વરવિકાર) થાય એવો સંભવ છે,."

ગણપતિરામે અત્યંત ભયભીત બની જઇને કહ્યું:-" હેં ભાઇ ! આ ત્હેં શું કહ્યું ? ત્હારી ભૂલ તો નથી થતી ને ? "

પ્રિયકાન્તે કહ્યું:-" આપ બિલ્કુલ ભય રાખશો નહિ. ટાઇફાઇડ જ્વરથી કાંઇ પ્રાણ જતો રહે છે એમ આપ સમજશો નહિ; છતાં આરામ થતાં વખત લાગશે. "

ગણુપતિરામનો એક પુત્ર ટાઇફાઇડ જ્વરથી મૃત્યુ પામ્યો હતો; તેથી પ્રિયકાન્તનાં વચનો સાંભળવામાં આવતાં તેના અંતરમાં ઘણો ભય ઉપજ્યો. તેણે એક ગાઢ નિશ્વાસ મૂકીને કહ્યું:—" ભાઇ પ્રિયકાન્ત ! હવે શું કરવું ? મ્હને તો કાંઇ સૂઝતું નથી. " આટલું બોલતાં બોલતાંમાં ગણુપતિરામનાં નેત્રોમાંથી અશ્રુજળની વૃષ્ટિ થવા લાગી. આવો પ્રકાર જોવામાં આવતાં પ્રિયકાન્તે વિચલિત બની જઇને કહ્યું:—" આપ શા માટે આટલો બધો ભય રાખો છો? કદાચ મ્હારી માન્યતા ભૂલ ભરેલી પણ હોઇ શકે ? એક વખત ડૉકટરને આવી તપાસ તો કરી જોવા દો. ડૉકટર આવશે એટલે હું પણ પાછો આવી જઇશ. "

આમ કહી પ્રિયકાન્ત તરત જ ત્યાંથી ચાલ્યો ગયો. ગણુપતિપ્રસાદ પોતે અશ્રુજળ સ્વચ્છ કરી ગાડી જોડાવી જાતે જ ડૉકટર તરફ ગયો.

બરાબર આઠ વાગ્યે ડૉકટરને સાથે લઇ ગણુપતિરામ ઘેર આવી પહોંચ્યો. ડૉકટરે રોગિણી પાસે બરાબર પંદર મિનિટ સુધી બેસી તેની સંપૂર્ણ ચિકિત્સા કરી. એવામાં પ્રિયકાન્ત પણ આવી પહોંચ્યો, ગણુપતિરામે પ્રિયકાન્તનો ડૉકટરને પરિચય કરાવ્યો. શારીરિક ચિકિત્સા કરી રહ્યા પછી ડૉકટરે કહ્યું:—" રોગીની તપાસ થઇ ગઇ છે. હવે ચાલો, નીચે બેઠકખાનામાં જઇને હું પ્રિસ્ક્રિપ્શન લખી આપું. "

ગણુપતિરામ તેમને નીચેના બેઠકખાનામાં લઇ ગયો, તથા અત્યંત વ્યાકુળ બની જઇને તેણે ડૉકટરને પૂછ્યું:—"આપને કેમ લાગે છે તે કૃપા કરી મ્હને જલ્દી કહો ? "

ડૉકટરે રૂમાલથી હાથ લુંછતાં લુંછતાં કહ્યું:—" જો કે ટાઇફાઇડ જ્વર છે; પરંતુ હજી બહુ વધી ગયો નથી."

ગણુપતિરામે અત્યંત ઉદ્વિગ્ન બની જઇને કહ્યુંઃ–" ત્યારે અંતે પ્રિયકાન્તનું કહેવું સાચું જ ઠર્યું કે? ડૉકટર સાહેબ! હવે કાંઇ ઉપાય?"

" આપ આટલા બધા ગભરાઇ ન જાઓ ઘણા માણસોને આવો જ્વર આવે છે અને મટી જાય છે. " ડૉકટરે કહ્યું.

ડૉકટરનાં વચનો નહિ સાંભળતાં ગણુપતિરામ રડી પડયો. આવો દેખાવ જોઈ ડૉકટરે કહ્યુંઃ–" જો આપ આવી રીતે ગભરાઇ જશો તો રોગિણીને સંભાળવાનું કામ મુશ્કેલી ભર્યું થઇ જશે. હજી રોગ ચિંતા ઉપજાવે ત્યાં સુધી પહોંચેલો નથી."

ગણુપતિરામે ચક્ષુઓના અશ્રુજળને સ્વચ્છ કરતાં કરતાં કહ્યુંઃ–" ઠીક ત્યારે હવે આપ ઔષધની વ્યવસ્થા કરો. "

ડૉકટર પ્રિસ્ક્રિપ્શન (વ્યવસ્થાપત્ર) લખવા લાગ્યો. પ્રિયકાન્ત નીચી નજરે તે જોવા લાગ્યો. પ્રિસ્ક્રિપ્શન લખાઇ રહ્યા પછી તે ગણુપતિરામના હાથમાં આપીને ડૉકટરે કહ્યુંઃ–" આ ઔષધ સત્વર મંગાવો. માથાપરથી આઇસ બૅગ બિલકુલ ખસેડશો નહિ. પથ્ય જે પ્રમાણે ચાલે છે તેજ પ્રમાણે ચાલવા દેજો. "

ગણુપતિરામે ડૉકટરના હાથમાંથી પ્રિસ્ક્રિપ્શન લઇ તેને દશ રૂપિયા આપ્યા. ડૉકટર તરત જ ચાલ્યો ગયો. ઔષધ લઇ આવવા માટે માણુસ મોકલી ગણુપતિરામે પ્રિયકાન્તને ઉદ્દેશીને કહ્યુંઃ–" ભાઈ! અંતે ત્હારું કહેવું જ સાચું ઠર્યું! "

" પરંતુ આપ આમ ગભરાઇ ન જાઓ. "

" ભાઇ! એક વખત એવો બનાવ બનેલો છે કે, આ તાવનું નામ સાંભળવામાં આવતાં જ મ્હારું હૃદય શંકાશીલ બની જાય છે. તું વચ્ચે વચ્ચે આવીને મધુની તબિયત જોઇ જજે. ત્હારે શર્માવાનું કારણુ નથી. "

" વારું આવીશ. " આમ કહી પ્રિયકાન્ત ચાલ્યો ગયો.

પ્રકરણ ૧૫ મું.

બાળિકાપર બળાત્કાર.

પેલી પ્રૌઢા સ્ત્રીની સાથે લિલિયન સોહોસ્કવેરની એક ન્હાની ગલીમાં પ્રવેશ કરી એક મ્હોટા બંગલા પાસે ઉપસ્થિત થઇ. રમણીએ એ બંગલાના દ્વારપર બે વખત હાથ ઠોક્યો એટલે એક દાસીએ આવીને દ્વાર ઉઘાડયું. પ્રૌઢા રમણીએ તેને પૂછ્યું: " છોકરીઓ અંદર છે કે? "

" હા, સર્વ અંદર જ છે. " આમ કહીને દાસીએ લિલિયન તરફ જોયું. પ્રૌઢારમણીએ લિલિયનને ઉદ્દેશીને કહ્યું:–" બ્હેન! અંદર ચાલ, ત્યાં મ્હારી પુત્રીઓ સાથે હું ત્હારો પરિચય કરાવીશ. " આમ કહી લિલિયનનો હાથ પકડી તે બંગલામાં ગઇ, તથા તેણે એક સુંદર સુસજ્જિત ઓરડામાં પ્રવેશ કર્યો. એ ઓરડામાં એક રાઉન્ડ ટેબલની આસપાસ ચાર સુંદરીઓ બેસીને તાસ ખેલતી હતી. તાસ ખેલવામાં તેઓ અત્યંત આનંદ અનુભવતી હોય એવો તેમને જોતાં તત્કાળ ભાસ થતો હતો. તેમનું પ્રત્યેકનું મ્હોં હાસ્યમય જણાતું હતું. એ યુવતીઓ ઘણી રૂપવતી હતી; પરંતુ તેમનું પ્રત્યેકનું મ્હોં લક્ષ્યપૂર્વક જોતાં એવું અનુમાન થઈ શકે તેમ નહોતું કે તેઓ સગી બ્હેનો હોવી જોઇએ.

એ યુવતીઓને સંબોધીને પ્રૌઢા રમણીએ કહ્યું:–" જુઓ, હું તમારા માટે એક નવી સહચરી લઇ આવી છું. આ બાળિકા ઘણી દુઃખિની છે–સમસ્ત સંસારમાં તેનું કોઇ સગું વ્હાલું નથી. તમે એની સાથે વાર્તાવિનોદ કરી તેની ચિંતા તેમજ દુઃખ દૂર થાય એવો પ્રયત્ન કરો. "

સઘળી યુવતીઓએ એક સ્વરે કહ્યું:-" અવશ્ય કરીશું. એ સંબંધીની અમને ભલામણ કરવાની કાંઇ જરૂર નથી. " આમ કહી તેમણે ઉઠી લિલિયનનો હાથ પકડી તેને પ્રેમપૂર્વક પોતાની પાસે એક ખુરસીપર બેસાડી.

પ્રૌઢા રમણીનું નામ મૅડમ રોઝિની હતું. લિલિયનને વિષણ્ણવદના જોઇને રોઝિનીએ કહ્યું:-" બેટા ! હજી ત્હારું મ્હોં ચિંતાતુર કેમ છે ? ત્હારી નવી બ્હેનો સાથે તું બે ઘડી આનંદવિનોદ કર. ત્હારું મુખમંડળ અપૂર્વ સુંદર છે. આટલી ન્હાની ઉમ્મરમાં ત્હારે શા દુઃખે ચિંતાતુર રહેવું જોઇએ ? ત્હારા જેવી ત્રિભુવનમોહિની રૂપસુંદરીને માટે તો સંસારમાં સઘળા ભોગવિભવ ઉત્પન્ન થયેલા છે. "

આ વચનો લિલિયનને ગમ્યાં નહિ. તેણે કહ્યું:-" આપ શું કહો છો ? હું આપનું કહેવું બરાબર સમજી શકતી નથી ! " આ વચનો સાંભળી લિલિયન પાસે બેઠેલી યુવતીઓ ઉચ્ચ સ્વરે હસી પડી, તથા તેઓ એક બીજીના મ્હોં તરફ જોઇ ચંચળ ચક્ષુઓ ફરકાવવા લાગી.

લિલિયનના આવા પ્રકારના સરળ નિર્દોષ આચરણથી સહજ વિરક્ત થઇને રોઝિનીએ કહ્યું:-" બ્હેન ! બે ચાર દિવસમાં જ તું સઘળું સમજી શકીશ. ત્હારી ભાગ્યદેવી ત્હારાપર અત્યંત સુપ્રસન્ના હોવાથી જ ત્હારી સાથે મ્હારો મેળાપ થયો છે. તું મ્હને નિરંતર ત્હારી શુભાકાંક્ષિણી જ સમજ જે ! પ્રાણાર્પણ કરીને પણ હું ત્હારું કલ્યાણ કરીશ. હવે ત્હારા સુખની ચિંતા મ્હારે જ રાખવાની છે. "

લિલિયને કહ્યું:-" ના માતાજી, આપને એટલું બધું દુઃખ દેવાની મ્હારી ઇચ્છા નથી. મ્હને આપે કૃપા ભાવે આશ્રય આપ્યો છે એથી જ હું આપનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. "

"હમણાં એ સંબંધી વાતચિત કરવાની કશી જરૂર નથી. જે ઇશ્વિરે ત્હારું રક્ષણ કર્યું છે તેઓ જ ત્હારું કલ્યાણ કરશે; હું તો માત્ર નિમિત્ત સ્વરૂપ છું." પ્રૌઢાએ હાવકું મ્હોં રાખીને કહ્યું, તથા વિશેષમાં તેણે ઉમેર્યું કે, "જો તું મ્હારાપર સંપૂર્ણ વિશ્વાસ રાખીશ, તું બુદ્ધિમતી બાળાની માફક મ્હારી સલાહ પ્રમાણે વર્તીશ તો ત્હારું પરમ કલ્યાણ થશે એવી મ્હારી ખાત્રી છે."

"માતાજી, જ્યાં સુધી હું આપના આશ્રયમાં રહીશ ત્યાં સુધી સઘળું કામકાજ કરીશ. આપ મ્હને જે કામ કરવાનું હોય તે બતાવો. આળસુ થઇને બેસી રહેવાથી મ્હારો વખત ખુટશે નહિ." લિલિયને સરળભાવથી કહ્યું.

લિલિયનનાં આ વચનો સાંભળી રોઝિની અત્યંત પ્રસન્ના થઇ. તેણે લિલિયન ના પાડતી હોવા છતાં તેનો સુંદર કેશકલાપ ગુંથી તેનું મ્હોં ધોઇ સ્વચ્છ કરીને કહ્યું:–"બેટા! તું અહીં જ રહે. અત્રે તને કોઇ વિરક્ત કરશે નહિ એક જરૂરી કાર્યાર્થે મ્હારે હમણાં જ બ્હાર જવું છે. તું ત્હારી આ સમવયસ્યા ભગિનીઓ સાથે બેસી આનંદ-વિનોદ કર. તું કુસુમ કોમળાંગી મનોહારિણી બાળીકા છે. હુ ત્હારી પાસે એક દાસીની માફક કામકાજ કરાવું એવો નિષ્ઠુર મ્હારો સ્વભાવ નથી. ત્હારા માટે મ્હારે કાંઇ બીજી જ વ્યવસ્થા કરવી પડશે. આવતી કાલે મ્હારા એક ભાઇ અત્રે આવનાર છે તેમને પૂછીને હું ત્હારી કાંઇ વ્યવસ્થા અવશ્ય કરીશ!"

"આપના સગા ભાઇ આવનાર છે કે?" લિલિયને પૂછ્યું.

"ના–સગા ભાઇ નહિ–મ્હારા મામાના પુત્ર–તે પણ મ્હારા ભાઇ થાય કે નહિ? એ ઘણા સારા માણુસ છે–તેમની પાસે પુષ્કળ પૈસા છે–તેમની કીર્ત્તિ પણ સમસ્ત દેશમાં ફેલાઇ રહેલી છે. દેશમાં તેઓ એક

ધનાઢ્ય પુરુષ છે. તેમનો ચહેરો ઘણો સુંદર હોઇ સ્વભાવ ઘણો મળતાવડો છે. તને જોતાંની સાથે જ તેઓ અત્યંત આનંદિત થઇ જશે. તેઓ ત્હારી કોઇ પણ વ્યવસ્થા જરૂર કરશે જ એ ચોક્કસ છે." પ્રૌઢાએ ઉત્તર આપી પ્રલોભનનું દર્શન કરાવ્યું.

એ પ્રલોભન તરફ ધ્યાન નહિ આપતાં લિલિયને ગદ્ગદ કંઠે કહ્યું:–" ના ના–મ્હારા સંબંધી આપ કોઇને કાંઇ કહેશો નહિ. આપ મ્હને ગમે તે કાર્ય સોંપજો. હું આપને દુઃખ કારિણી થઇ રહેવાને ઇચ્છતી નથી. આપ મ્હારો સ્વભાવ જાણતાં નહિ હોવાથી જ, મ્હારાથી કામકાજ નહિ થઇ શકે એમ કહો છો. આપ મ્હને જે કાર્ય સોંપશો તે હું પ્રસન્નતાપૂર્વક કરીશ. હું ઘણો શ્રમ કરી શકું તેમ છું."

લિલિયનનાં વચનો સાંભળી વિરક્ત બની જઇને રોઝિનીએ કહ્યું:–" ચુપ રહે ગાંડી છોકરી! અજ્ઞાની છોકરાની માફક શું બકબક કરે છે? વારંવાર મ્હેં તને કહ્યું છે કે ત્હારે પોતે ત્હારી ચિંતા રાખવાની જરૂર નથી. ત્હારો સઘળો ભાર મ્હારાપર નાખી તું નિશ્ચિંત રહે! હવે હું જાઉં છું–મ્હારાથી વિશેષ વિલંબ કરી શકાય તેમ નથી."

આમ કહી રોઝિની ત્યાંથી ચાલી ગઇ. વિશેષ રાત્રિ વીતી ગઇ. એટલે લિલિયને સુઇ જવાની ઇચ્છા પ્રદર્શિત કરી. પાસે બેઠેલી યુવતીઓમાંથી એક જણીએ લિલિયનને એક અલગ સુસજ્જિત ઓરડો બતાવી રાત્રે ત્યાંજ સુઇ રહેવાની સૂચના કરી.

બીજે દિવસે પ્રભાતકાળે લિલિયને જ્યારે શય્યાનો ત્યાગ કર્યો ત્યારે મૅડમ રોઝિનીએ તેની પાસે જઈ કૃત્રિમ હાસ્ય કરીને પૂછ્યું:– "કેમ બ્હેન! રાત્રે સારી નિદ્રા આવી હતીને ?"

" હા, ગાઢ નિદ્રા આવી હતી."

" ઠીક, હું ચ્હા બિસ્કિટ મોકલાવું છું. નાસ્તો કરીને તું સ્વસ્થ થા; પછીથી તું દીવાનખાનામાં આવજે." આમ કહી રોઝિની મન સાથે હસતી હસતી ચાલી ગઇ.

અડધા કલાક પછી પુનઃ લિલિયન સાથે તેની મુલાકાત થઇ. રોઝિનીએ કહ્યું:—"આવ—મ્હારી સાથે આવ. હું આજે તને ઘણાં સુંદર વસ્ત્રો પહેરાવું. ત્હારા જેવી મનોહારિણી ત્રિભુવનમોહિની બાળિકાને આવો વેષ ઠીક લાગે ખરો કે?"

વેષ બદલવા માટે લિલિયને ઘણી ના પાડી. રોઝિનીને તેણે વારંવાર એમ કહ્યું કેઃ—"હમણાં મ્હારો પોષાક મ્હારી સ્થિતિને સર્વાંશે લાયક છે. મ્હારા જેવી નિર્ધન ભિખારિણી અન્ય માણસો પાસેથી સુંદર પોષાક લઇને પહેરે એ વ્યાજબી કહેવાય કે? પુનઃ જ્યારે હું જાતમ્હેનતથી દ્રવ્ય કમાઇશ ત્યારે જરૂર સુંદર પોષાક પહેરીશ." છતાં રોઝિનીએ લિલિયનનાં આ વચનો તરફ ધ્યાન આપ્યું નહિ. તે તેને બળાત્કારે ડ્રેસિંગ રૂમ (વસ્ત્રગૃહ)માં લઇ ગઇ, તથા ગઇ રાત્રિની પેલી યુવતીઓમાંથી મિસ વૉર્ન નામની એક યુવતીને બોલાવીને તેણે તેના કાનમાં કશો મંત્ર ફુંક્યો. મિસ વૉર્ન પોષાકો ઉથામવા લાગી. સઘળા પોષાકો ઉથામ્યા પછી એક બહુમૂલ્ય મનોરંજક પોષાક બ્હાર કાઢી તે તેણે લિલિયનને પહેરવા માટે કહ્યું. લિલિયન કોઇ પણ પ્રકારે એ પોષાક પહેરવા કબૂલ થઇ નહિ. રોઝિનીએ કહ્યું:—"ઠીક છે, હમણાં રહેવા દો. સંધ્યા સમયે એ પોષાક સવિશેષ સુંદર લાગશે. એ સમયે પહેરશે તો પણ અડચણ નથી."

સમય કોઇની રાહ જોઇ બેસી રહેતો નથી. સુખમાં દુઃખમાં, શોકમાં સંતાપમાં સમયની ગતિ નિત્ય નિયમાનુસાર અબાધિત જ હોય છે. સર્વનો સમય પસાર થયા જ કરે છે. જેવી રીતે સુખનો સમય પસાર થાય છે તેવીજ રીતે દુઃખનો સમય પણ પસાર થાય છે. સુખી દુઃખી, ભોગી રોગી સર્વના દિવસો પસાર થાય છે. પૂર્ણિમાનો ઉજ્વળ પ્રકાશ જે પ્રમાણે સદા કાયમ રહેતો નથી તેજ પ્રમાણે કાળરાત્રિનો અંધકાર પણ કાયમ રહેતો નથી.

જેમ જેમ સમય વીતવા લાગ્યો તેમ તેમ સૂર્ય ભગવાન્ પશ્ચિમાકાશમાં નમી પડવા લાગ્યા—પરંતુ વખત વીતવા લાગ્યો એટલે લિલિયનનું અંતર કોઇ અવ્યક્ત ભયથી ભયભીત બની જવા લાગ્યું. સંધ્યા સમયે સર્વના અત્યાગ્રહથી લાચાર બની જઇને તેને પેલો પોષાક પહેરવો પડયો. રેઝિનીએ તેને કેટલાક મૂલ્યવાન્ અલંકારો પણ પહેરાવી દીધા. ભય, વિસ્મય વગેરેથી લાવણ્યમયી લિલિયન જાણે કે દિઙ્મૂઢ બની ગઇ. અભાગિની પોતાના મુખમાંથી એક પણ અક્ષર ઉચ્ચારી શકી નહિ. તેના અંતરમાં પ્રતિ ક્ષણે એવો જ વિચાર ઉપજવા લાગ્યો કે, તે એક ભયંકર કારાગૃહમાં બંદિની થઇ પડી છે.

થોડા સમય પછી સાહસ એકઠું કરીને લિલિયને રેઝિનીને કહ્યું:-" આપ શા માટે બળાત્કારે મ્હને આવી રીતે મૂલ્યવાન્ અલંકારો તેમજ પોષાક પહેરાવો છો ? મ્હને આમાંનું કાંઇ સારું લાગતું નથી ! હું આપના ચરણોમાં નમી પડીને આપને કરગરું છું કે, કૃપા કરી આપ મ્હને કોઇ પરપુરુષની સાથે મુલાકાત કરવાને કહેશો નહિ–"

" મ્હારા ભાઇની સાથે મુલાકાત કરવામાં તને શી અડચણ છે? મિ. વિલ્બર સાથે પરિચિતા થવાની ત્હારી ઇચ્છા નથી ? " પ્રૌઢાએ કિંચિત્ કર્કશ કંઠે પૂછ્યું.

" ના–મ્હારે કોઇની સાથે પરિચિતા થવું નથી. હું ઘણી દુઃખિની છું. આપની પાસેથી બીજું કાંઇ મ્હારે જોઇતું નથી. દયાભાવે થોડા દિવસ સુધી આપ મ્હને આપના મકાનમાં રહેવા દ્યો, તથા મ્હને દ્રવ્યોપાર્જન કરવાની અનુમતિ આપો ! " લિલિયને કરુણાજનક વચનો ઉચ્ચાર્યાં.

" મ્હને લાગે છે કે, તું તદ્દન મૂર્ખ બાળિકા છે. તું પોતે પણ સમજી શકતી નથી કે ત્હારો ચહેરો કેવો સુંદર તેમજ મનહર છે ?

જો સોસાયટીમાં પરિચિત થતાં તું શંકોચાઇશ તો એક અરણ્યમાં વિકસિત થયેલી નૂતન કુસુમકલિકા અરણ્યમાં જ સુકાઇ જઇ ખરી પડે છે તેજ પ્રમાણે ત્હારું આ સ્વરૂપસૌન્દર્ય વયોવૃદ્ધિની સાથે ધીમે ધીમે અદશ્ય થતું જશે અને તેથી ત્હારે ત્હારું સમસ્ત જીવન દુઃખમાં પસાર કરવું પડશે; આમ છતાં જો તું મ્હારું કહેવું માનીશ તો ત્હારા આ સૌન્દર્યપ્રભાવથી તને ઘણા મ્હોટા શ્રીમંત પ્રતિષ્ઠિત તેમજ કીર્ત્તિશાળી પતિની પ્રાપ્તિ થશે." પ્રૌઢા રોઝિનીએ કહ્યું.

રોઝિનીનાં આ વચનો સાંભળી લિલિયન કંપી ઉઠી. તેણે ભયથી વ્યાકુળ બની ગયેલા કંઠે કહ્યું:—" ના—ના, મ્હારે એવી રીતે સુખી થવું નથી. સુંદરતા વેચીને જે સુંદરી સુખી થવાની રાક્ષસી મહત્વાકાંક્ષા રાખે છે તેને સુજ્ઞજનો કુલટા—કુળકલંકિની અને વ્યભિચારિણી સમજે છે."

રોઝિનીએ હવે વિશેષ ક્રોધે ભરાઇને કહ્યું:—" ચુપ રહે—ત્હારો મૂર્ખાઇ ભરેલો લવારો સાંભળવાની મ્હારી ઇચ્છા નથી. સઘળી છોકરીઓનો સ્વભાવ શુરુઆતમાં ત્હારા જેવો જ હોય છે; પરંતુ ધીમે ધીમે તેઓ સ્વાર્થવૃત્તિને વશ થઇ સઘળું કરે છે. જો તું વારંવાર આવી મૂર્ખતા કરીશ તો ત્હારાપર મ્હને ઘણો ક્રોધ ઉપજશે?"

આ વચનો રોઝિનીએ એવા કઠોર ભાવથી ઉચ્ચાર્યાં કે, લિલિયન તેનો પ્રતિવાદ કરવાનું સાહસ કોઇ પણ રીતે કરી શકી નહિ. તેણે નિરુપાયે રોઝિનીની ઇચ્છાનુસાર વસ્ત્રાલંકારો પહેર્યા. કયી સુંદરીને કયો પોષાક અને કયા અલંકારો પહેરાવવાથી તે વિશેષ સુંદર દેખાશે એ વિષયમાં રોઝિની ઘણું જ્ઞાન ધરાવતી હતી. એ વિષયના વ્યવસાયમાં તેનું આજ સુધીનું જીવન પસાર થયું હતું. લિલિયનને સર્વ પ્રકારે સુસજ્જિત કરી એકાગ્રદષ્ટિથી તેના મનોહર મુખમંડળ તરફ જોઇ રહી,

હાસ્યમુખે રોઝિનીએ કહ્યું:–"આહ ! કેવું ભુવનમોહન રૂપ છે ? આવી અપ્સરાતુલ્ય સ્વરૂપવતી સુંદરી પત્ની તરીકે મેળવવા માટે કયો પુરુષ પાગલ ન બની જાય ? "

લિલિયન નીચું જોઇ ચિંતાતુર ચિત્તે ઉભી રહી. રોઝિનીનાં અંતિમ વચનો સાંભળતાં તેના હૃદયમાં જાણે કે સેંકડો વીંછીઓએ એક સાથે જ દંશ દીધો હોય એવી વેદના તે અનુભવવા લાગી.

મૅડૅમ રોઝિનીએ અત્યાર સુધીમાં છુપી રીતે મિ. વિલ્બરને એક પત્ર લખ્યો હતો, તથા એ પત્રનો તેને ઉત્તર પણ મળી ગયો હતો. એ રાત્રે બરાબર દશ વાગ્યાના અરસામાં મૅડૅમ રોઝિનીએ એક સુંદર સુસજ્જિત ઓરડામાં દીપક સળગાવી તેમજ ત્યાં વિવિધ પ્રકારની ખાદ્ય અને પેય વસ્તુઓ યથાસ્થિત ગોઠવી દીધી. પછીથી એ ઓરડામાં જ તેણે લિલિયનને એક પલંગપર બેસાડી. યાંત્રિક પુતળીની માફક લિલિયન લાચારીથી રોઝિનીની આજ્ઞાનુસાર વર્તવા લાગી.

એવામાં બંગલા પાસે એક સુંદર બે ઘોડાની ગાડી આવીને ઉભી રહી. ગાડી આવ્યાનો અવાજ સાંભળી રોઝિનીએ લિલિયનને ઉદ્દેશીને સ્નેહસૂચક સ્વરે કહ્યું:–" મ્હારા ભાઇ આવી પહોંચ્યા છે. લિલિયન ! આજે ત્હારો એક શ્રીમંત વિદ્વાન્ પુરુષ સાથે પરિચય થશે–એ પરિચયથી ત્હારા સકળ કષ્ટનો સત્વર અંત આવી જશે. "

લિલિયન મૌનાવલંબન કરી બેસી રહી. રોઝિનીનાં વચ્ચનો ઉચ્ચારાઇ રહ્યાં એવામાં મિ. વિલ્બરે વૉર્ન નામની યુવતી સાથે એ ઓરડામાં મૃદુગતિથી પ્રવેશ કર્યો. તેને જોતાંની સાથે જ મૅડૅમ રોઝિનીએ ત્વરાથી તેની પાસે જઇ, તેનો હાથ પકડી તેને સંમાનસહ એક પલંગપર બેસાડ્યો.

મિ. વિલ્બરે ગંભીર ભાવથી પૂછ્યું:–"કેમ, સઘળા સારા સમા-

ચાર છે ને ?" ઉત્તર સાંભળવાની રાહ નહિ જોતાં તેણે લજ્જાથી નીચું જોઇ રહેલી સંકુચિત લિલિયન તરફ જોયું. મિ. વિલ્બરની ઉમ્મર લગભગ પચાસેક વર્ષની હોય એમ લાગતું હતું. કેશપર તેણે હેરડાઇ લગાવ્યું હોય એવો ભાસ થતો હતો. તેનું શરીર વિશેષ જાડું નહિ તેમજ વિશેષ પાતળું પણ નહોતું. શરીરનો રંગ ગોર હતો. તેનો પોષાક મૂલ્યવાન્ હતો. જમણા હાથની એક આંગળીપર હીરાજડિત મુદ્રિકા ચમકી રહી હતી.

મૅડમ રોઝિનીએ લિલિયન તરફ અંગુલિનિર્દેશ કરી મિ. વિલ્બરને કહ્યું:—"ડિયર વિલ્બર ! આ નવયુવતીનું નામ લિલિયન છે, કે જેની વાર્ત્તા મ્હેં તમને કહી હતી."

મિ. વિલ્બરે હસીને કહ્યું:—"વાહ ! આજે મ્હને ઘણો આનંદ થયો છે." આમ કહી મિ. વિલ્બર તેનાં ઉંડાં ઉતરી ગયલાં નેત્રો સંપૂર્ણ વિકાસી ભુવનમોહિની, લાવણ્યમયી લિલિયન તરફ લોલુપતાથી જોઇ રહ્યો.

"છોકરી ઘણી શાણી છે." આમ કહી લિલિયન પાસે જઇ રોઝિની તેના બરડાપર હાથ ફેરવવા લાગી.

"હા હા—એનો ચહેરો જોતાં જ ઘણો આનંદ થાય છે; છતાં તે આવી રીતે શર્મથી સંકુચિતા બનીને દૂર કેમ બેસી રહી છે ? લ્યો, ચાલો હું જ એની પાસે જઇને બેસું છું. આવી ત્રિભુવનમોહિનીને તસ્દી આપવી એ એક પ્રકારની નિષ્ઠુરતા જ કહી શકાય." આમ કહી મિ. વિલ્બર લિલિયન જે પલંગપર બેઠેલી હતી તે પલંગ પાસે જઇ, તેની પાસે જ બેઠો. લિલિયન વિશેષ સંકુચિતા બની જઇ સહજ દૂર ખસીને બેઠી. મિ. વિલ્બરે કહ્યું:—"ચાલો હવે આપણે સર્વે મળી એકઠાં બેસી ભોજન કરીએ. આજે મૅડમ રોઝિનીએ ઘણી

તસ્દી લઇ ભોજનાદિ વગેરેની સુવ્યવસ્થા કરી હોય એમ લાગે છે. આજે તો અપાર આનંદ થશે. આહ ! આજે હું ખરેખર મુગ્ધ બની ગયો છું."

મિ. વિલ્બરની ઇચ્છાનુસાર રોઝિની, લિલિયન અને વિલ્બરની સાથે ભોજન કરવા બેઠી. રોઝિનીએ ઘણી તૃપ્તિ સહિત ભોજન કર્યું. લિલિયને લજ્જા તેમ જ ભયથી કાંઇ ખાધું નહિ, તથા મિ. વિલ્બરે પુષ્કળ મદ્યપાન કરી સામાન્ય ભોજન કર્યું.

એવામાં મિસ વૉર્ને એ સ્થળે આવી મૅડમ્ રોઝિનીને કહ્યું:-"માતાજી, એક વખત બ્હાર આવો જોઇએ. એક પ્રતિષ્ઠિત ગૃહસ્થ જરૂરી કાર્યાર્થે તમને મળવા માટે આવેલા છે."

રોઝિનીએ જાણે કે અત્યંત વિરક્ત થઇને કહ્યું:-"આટલી રાત્રે પણ લોકોએ જંપીને બેસવા દીધી નહિ. ભાઇ વિલ્બર! મ્હને માફી આપજો. હું થોડા સમયમાં જ એ ગૃહસ્થને મળી પાછી આવું છું."

મિ. વિલ્બરે મુછમાં ને મુછમાં હસીને કહ્યું: "એમાં શું થઇ ગયું ? તમારે કામ છે તો ભલે તમે જાઓ-તમારા કાર્યમાં મ્હારે શા માટે અડચણ કરવી જોઇએ ? પહેલાં કામ અને પછી આનંદ-વિનોદ ! જાઓ જાઓ-આવનાર ગૃહસ્થ તમારી રાહ જોઇ ક્યારનાય ખોટી થતા હશે !"

રોઝિની બ્હાર જવાને ઉઠી કે તરત જ લિલિયન પણ તેની સાથે જવાને ખુરસીપરથી ઉઠી ઉભી થઇ. તેને ઉઠી ઉભી થયેલી જોઇ રોઝિનીએ બળપૂર્વક પાછી તેને ખુરસીમાં બેસાડી દીધી, તથા કિંચિત્ ભયસૂચકસ્વરે તેણે કહ્યું:-"તું મ્હારી સાથે શા માટે આવે છે ? તું મિ. વિલ્બર પાસે બેસી તેમને ત્હારી સમસ્ત જીવનકથા કહી

સંભળાવ. તેઓ સઘળી હકીકત સાંભળી યથોચિત વ્યવસ્થા કરશે. તું અહીં જ બેસ. હું થોડા સમયમાં જ આવું છું. ”

“ ના—ના—હું તમારી સાથે બ્હાર આવું છું. ” આમ કહી લિલિયને રોઝિનીના પ્રસ્તાવ પ્રતિ અસંમતિ દર્શાવી; પરંતુ આ સમયનો રોઝિનીનો કુટિલ મુખભાવ જોઇ નિર્મળ હૃદયવાળી, સરળ સ્વભાવની બાલિકા લિલિયન વિશેષ ભય પામી. નાછુટકે તે પુનઃ ખુરસીપર બેસી પડી. તે સાથે જ રોઝિની ત્યાંથી ચાલી ગઇ; એ સ્થળે હવે માત્ર તે અને મિ. વિલ્મર રહ્યાં.

અત્યાર સુધી મિ. વિલ્મર રોઝિની અને લિલિયન વચ્ચે ચાલતા વ્યાપારનું ચુપકીદીથી દર્શન કરી રહ્યો હતો. રાઝિનીના વિદાય થયા પછી પુનઃ તેણે દારુનો એક પ્યાલો ગળામાં રેડી દીધો, તથા પુનઃ એ મદિરાપાત્ર ભરી લિલિયન તરફ જોઇને તેણે કહ્યું:—“ પ્રિયતમે! ત્હારે શું જોઇએ છીએ તે તું મ્હને નહિ કહે કે ? કહે કહે—ત્હારો વીણાના જેવો મધુર સ્વર સાંભળવાને હું અધીરો બની ગયો છું. અહા ! કેવું સુંદર ત્હારું મ્હોં છે ! જ્યારથી ત્હારું મનોહર મુખમંડળ મ્હેં જોયું છે ત્યારથી મ્હારું દિલ બેચેન બની ગયું છે. રોઝિનીએ ત્હારા જેવી એક ત્રિભુવનમોહિની શોધી કાઢી છે તેથી તેમને પણ ધન્યવાદ ઘટે છે. પ્રિયે ! ત્હારે જે કહેવું હોય તે તું બિલકુલ સંકોચ રાખ્યા સિવાય કહે. ત્હારાં માતાપિતા હયાત છે કે ? ”

“ ના મહાશય ! આ સંસારમાં મૅડમ રોઝિની સિવાય મ્હારું પોતાનું એક પણ માણસ નથી. ”

“ ના ના—તું આમ ન બોલ. મનોહારિણિ ! આજથી હું પણ ત્હારો જ છું. ત્હારી આવી દશા કેમ થઇ છે તે તું મ્હને કહીશ કે ? મ્હને લાગે છે કે, એમાં કાંઇ પ્રેમનો વ્યાપાર—”

વિલ્બરને બોલતો અટકાવી ભ્રુકુટી ચઢાવીને લિલિયને કહ્યું:–" આપ આ શું કહો છો ? "

" એજ કે, પ્રેમના વ્યાપારથી જ ત્હારી આવી શોચનીય સ્થિતિ થઇ હશે; કેમ મ્હારું કહેવું ખરું છે ને ? "

" મહાશય! આપનું કહેવું હું બિલ્કુલ સમજી શકતી નથી. "

" હવે સમજવાની જરૂર પણ શી છે ? ભૂતકાળની વાત યાદ કરવાથી તને તેમ જ મ્હને કશો લાભ નથી. હવે તું મ્હારી પ્રણયિન છે. હું તને મ્હારા જીગરથી ચ્હાઉં છું; તેથી તું પણ મ્હને ચ્હા. શું તું મ્હને નહિ ચ્હાય ? તેનું કાંઇ કારણ ? હું કાંઇ ખરાબ માણસ નથી. હું ત્હારો દાસ થઇ રહીશ. ત્હારા કહેવા પ્રમાણે જ કરીશ. આવ–જાનોજીગર ! પાસે આવીને આપણા પ્રેમની આબાદી માટે આ મદ્યપાત્રને ન્યાય આપ.

The thirsty earth soaks up the rain
And drinks, and gapes for drink again.

એ ન્યાયાનુસાર મદ્યપાન કરવામાં તું વિલંબ ન કર." આમ કહી મદ્યપાનની વિશેષ ઉત્તેજનાથી મિ. વિલ્બર ખુરસીપર બેસી વિવિધ ચેષ્ટા કરવા લાગ્યો.

લિલિયન ભયભીત દ્દષ્ટિથી એ નરપિશાચ તરફ જોઇ રહી હતી. તે પોતાના મનમાં એમજ વિચાર્યા કરતી હતી કે, " કેવી રીતે આ ઓરડામાંથી બહાર ચાલી જાઉં ? આવા ઉન્મત પુરુષ પાસે એકાંતમાં બેસી રહેવામાં કશું કલ્યાણ નથી. " થોડા સમય પછી તેણે મિ. વિલ્બરને કહ્યું:–" જો આપ મનમાં કાંઇ અંદેશો ન રાખો તો હું એક વખત મૅડમ રોઝિના પાસે જઇ આવું—" આમ કહી તે ખુરસીપરથી ઉઠી ઉભી થઇ.

" ના-ના-એમ બની શકશે નહિ. " આમ કહી વિલ્બર પણ ખુરસીપરથી ઉઠી ઉભો થઇ ગયો, તથા પુનઃ કહેવા લાગ્યો. ત્હારે જવાની જરૂર નથી. હું સર્વ પ્રકારનો બંદોબસ્ત મૅડમ રોઝિનીને મળી કરીશ. તે મ્હારા કહેવા પ્રમાણે જ વર્તશે. ત્હારે તેની પાસે જવાની કશી જરૂર નથી. કેટલીક વાતચિત તો મ્હેં નક્કી પણ કરી નાખી છે ! "

" આપે શી વાત નક્કી કરી નાખી છે, મહાશય ? " લિલિયને ભયથી કંપતાં કંપતાં પૂછ્યું. આ સમયે તેણે જોયું કે, મિ. વિલ્બર મદ્યપાનની વિશેષતાથી અત્યંત ઉન્મત્ત પશુ જેવો બની ગયો હતો. હવે તે સ્થિરતાથી ઉભો પણ રહી શકતો નહોતો. તેની મૂર્ત્તિ જોતાં જ અભાગિની લિલિયનનો અંતરાત્મા સુકાઇ ગયો. મિ. વિલ્બર તેના પ્રશ્નના ઉત્તરમાં કહેવા લાગ્યોઃ-" દિલજાન ! શું નક્કી થઇ ગયું છે એ તું જાણતી નથી કે ? ના ના-તું સઘળું જાણે છે ! " આમ કહી તે ખડખડ હસવા લાગ્યો. લિલિયને કહ્યુંઃ-" મહાશય ! ઇશ્વરનું નામ લઇને કહું છું કે, હું કાંઇ જાણતી નથી ! મ્હને માફી આપો. "

" માફી ! હા-હા-હા ! હું પણ ઇશ્વરનું નામ લઇને કહું છું કે, આવી મનમોહન મૂર્ત્તિ મ્હેં કદાપિ જોઇ નથી. અહા ! જાણે કે નવવિકસિત ગુલાબકલિકા ! પ્રાણેશ્વરી, હૃદયેશ્વરી-તને હું મ્હારા પ્રાણથી પણ વધારે ચ્હાઉં છું. ત્હારા માટે હું મૃત્યુને આલિંગન કરવાને પણ તૈયાર છું. તું આજ્ઞા કરે તો હું કૂદકો મારી આકાશના ચંદ્રને સુદ્ધાં ત્હારી પાસે લાવીને હાજર કરું તેમ છું. જો પ્રિયતમે ! આ જીવનમાં મ્હેં કોઇ પણ સ્રીનાપર પ્યાર કર્યો નથી-તથા કરવાનો પણ નથી !

Dance my Lilian, kiss me sweet ! "

આમ કહી મિ. વિશ્વંભર નૃત્ય કરવા લાગ્યો તથા કહેવા લાગ્યો:– "Who are you? Oh my love–my sweetest, dearest loveliest love–My Lilian! Are you my Lilian? Kiss me–kiss me, Miss?" આમ કહેતો મિ. વિશ્વંભર લિલિયનના અંગને આલિંગન કરવા આગળ વધ્યો. લિલિયન એક કારમી ચીસ પાડી બારી પાસે જઇને ઉભી રહી. મિ. વિશ્વંભર તેની પાસે જઇને ઉભો રહ્યો.

લિલિયને કરુણાજનક કંઠે કહ્યું:—" ના ના–મ્હને અભય આપો શા માટે આપ મ્હારાપર આવો અમાનુષિક અત્યાચાર કરો છો? આપ એક ગૃહસ્થ—"

"શું હું એકલો ગૃહસ્થ જ છું? હું એક ધનાઢ્ય પુરુષ છું; છતાં હું ત્હારો દાસાનુદાસ થવાની યોગ્યતા સુદ્ધાં ધરાવતો નથી. પ્રાણેશ્વરિ! ત્હારે મ્હારી પ્રિયતમા થવું જ પડશે—" આમ કહી મિ. વિશ્વંભરે લિલિયન પાસે જઈ તેનો કોમળ હાથ પોતાના હાથમાં લીધો. જાળમાં સપડાયલી વિહંગિની બાળા લિલિયન ઉચ્ચ સ્વરે બૂમ પાડી ઉઠી કે:—"કોઈ રક્ષણ કરો–કોઇ રક્ષણ કરો—"

"અરે! આ તું શું કરે છે? બારી ઉઘાડી છે; છતાં તું મ્હોટેથી બૂમો પાડે છે! રસ્તે જતા લોકો ત્હારી બૂમ સાંભળશે તો?!"

આમ છતાં વિશ્વંભરનાં વચનો તરફ દુર્લક્ષ્ય કરી લિલિયન બૂમો પાડવા જ લાગી કે, "કોઇ રક્ષણ કરો–કોઇ રક્ષણ કરો—"

એવામાં મૅડમ રોઝિનીએ ત્વરિતગતિથી એ ઓરડામાં આવી બળપૂર્વક લિલિયનનો હાથ પકડી તેને બારી પાસેથી ખસેડી, અને તેણે એ બારી બંધ કરી દીધા પછી કહ્યું:—"છોકરી, તું ગાંડી બની ગઇ છે કે શું? આવી રીતે બૂમો પાડી ત્હારે મ્હારા નિવાસસ્થાનને કલંકી કરવું છે કે શું?"

રોઝિનીને પોતાની પાસે આવેલી જોઇ લિલિયને સહજ શાન્ત થઇને કહ્યું:—" માતાજી, મ્હારું રક્ષણ કરવા આપ આવી પહોંચ્યાં કે? આ કેવા માણસ છે એ તમે પહેલાં નહોતાં જાણતાં કે? એમનો સ્વભાવ અને ચરિત્ર ઘણું ખરાબ છે–"

"ચુપ–ચુપ" કહીને રોઝિનીએ લિલિયનને વિશેષ બોલતાં અટકાવી; પરંતુ લિલિયન ચુપ રહી નહિ. તે કહેવા લાગી—" આ ઘણા ભયંકર સ્વભાવના માણસ છે. એમને જ્યારે જોયા ત્યારે જ એમના દુશ્ચરિત્ર માટે મ્હારા અંતરમાં સંશય ઉપજ્યો હતો. હવે મ્હારી દૃઢ ખાત્રી થઇ ગઇ છે કે, એમની સાથે વાતચિત કરવી, એમની વાત સાંભળવી તથા એમનું દર્શન કરવું એમાં મહા પાપ છે! માતાજી, શું આટલા માટે જ આપે મ્હને આપના ગૃહમાં આશ્રય આપ્યો છે? આટલા માટે જ તમે મ્હને આવો સુંદર પોષાક પહેરાવ્યો હતો કે? આવા આશ્રય કરતાં વૃક્ષ નીચે પડી રહેવું હજાર દરજ્જે ઉત્તમ છે! હું ઘેર ઘેર ભિક્ષા માગીને મ્હારો નિર્વાહ કરીશ–ભૂખનું કષ્ટ વેઠી રસ્તાપર પડી રહીશ. જીવન પર્યંત માત્ર એક જ વસ્ત્ર પહેરીશ; પરંતુ આવા પાપસ્થાનમાં તો હવે રહીશ નહિ. જગદીશ્વર આ દુઃખિનીનું રક્ષણ કરશે. પૃથિવીમાં મ્હારાપર ધર્મ બુદ્ધિથી દયા કરે એવું એક પણ મનુષ્ય નહિ હોય કે?"

લિલિયનનાં આ વચનો સાંભળી ઉન્મત્ત વિલ્બરે તેના ચરણો પાસે ઘુંટણીએ બેસીને કહ્યું:—" સુંદરિ! મ્હારાપર તું આટલી બધી નિર્દયા થઇશ નહિ."

અત્યંત તિરસ્કારસૂચક સ્વરે લિલિયને કહ્યું:—" જેવી રીતે અંતઃકરણપૂર્વક હું તમારો તિરસ્કાર કરું છું તેવી જ રીતે તમારા દ્રવ્ય અને ઐશ્વર્યનો પણ તિરસ્કાર કરું છું."

મૅડમ રોઝિનીએ અપાર ક્રોધે ભરાઇને કહ્યું—"લિલિયન! ચુપ રહે કહું છું; છતાં કેમ કાંઇ સાંભળતી નથી!" આમ કહી અત્યંત આદરથી વિલ્બરને જમીનપરથી ઉઠાડી તેને તેણે ખુરસીપર બેસાડ્યો, તથા કહ્યું:—"ભાઇ વિલ્બર! તમે બિલકુલ માઠું લગાડશો નહિ. તમે સ્વસ્થ થાઓ. પ્રથમ દિવસે જ આટલી બધી ઉતાવળ કરવી એ ઠીક નથી. અજ્ઞાન બાળિકાને તો મનાવી પટાવી ધીમે ધીમે પોતાની પ્રણયિની બનાવવી જોઇએ!"

મિ. વિલ્બરે સહજ વ્યાકુળતાથી કહ્યું:—"બરાબર છે-મ્હારો થોડો અપરાધ થઇ ગયો છે. ખરું છે-લિલિયન હજી સંસારજ્ઞાનવિહીના બાળિકા જ છે."

બરાબર આ સમયે મિસ વૉર્ને એ સ્થળે ઉપસ્થિત થઇને કહ્યું:—"મા! એક ગૃહસ્થ આવી તેઓ લિલિયનને શોધે છે!"

વ્યાકુળતાથી લિલિયન બોલી ઉઠી:—"કોને, મ્હને શોધે છે?"

રોઝિનીએ કહ્યું:—"ના ના-તને નહિ."

મિ. વિલ્બરે કહ્યું—"જાઓ, એને અહીંથી કાઢી મૂકો."

"કેવી રીતે કાઢી મૂકું. એ તો એમજ કહે છે કે, 'લિલિયનનો પત્તો મેળવ્યા સિવાય હું અહીંથી પાછો જનાર નથી.' વિશેષમાં તે એમ કહે છે કે, લિલિયને બારી પાસેથી સ્વસંરક્ષણાર્થે બૂમ પાડી છે. એ ગૃહસ્થ લિલિયનનો કોઇ આત્મીય છે—"

આ સમયે નીચે સહજ ગડબડ થઇ રહેલી જાણવામાં આવી. મિસ વૉર્ને ત્વરાથી એ ઓરડામાંનું એક ગુપ્તદ્વાર ઉઘાડ્યું. તરત જ લિલિયન સાથે મૅડમ રોઝિનીએ એ ગુપ્તદ્વારમાં પ્રવેશ કર્યો. અંદર ગયા પછી નિષ્ઠુર સ્વભાવની રોઝિનીએ લિલિયનને એક બેંચપર સુવાડી, ઓષ્ઠ સાથે દાંત પીસી મિસ વૉર્નેને ઉદ્દેશીને કર્કશ કંઠે કહ્યું:—

"બાંધ—લુચ્ચીને આ બેંચપર બળપૂર્વક મજબૂતાઇથી બાંધી દે." આમ કહી પ્રથમ તેણે એક રૂમાલથી લિલિયનનું મ્હોં બાંધી દીધું, તથા બીજા એક રૂમાલથી તેના બન્ને હાથ પાછલા ભાગમાં બાંધી દીધા. લિલિયનનામાં હવે હાલવા ચાલવાનું સામર્થ્ય સુદ્ધાં રહ્યું નહિ. આટલું કાર્ય થઇ ગયા પછી રોઝિનીએ કર્કશ કંઠે કહ્યું:—હવે બૂમો પાડજે—હું જોઉં છું કે, મ્હારા ક્રોધાગ્નિમાંથી તું કેવી રીતે બચી જાય છે!" આમ કહી તેના મ્હોંપર તેણે એક મુક્કી લગાવી તેને બેશુદ્ધા બનાવી દીધી. લિલિયનને એવી જ સ્થિતિમાં રાખી મૅડમ રોઝિની મિસ ચૅાર્નની સાથે ત્યાંથી બ્હાર નીકળી પડી, તથા પુનઃ પેલા સુસજ્જિત ઓરડામાં મિ. વિલ્બર પાસે ઉપસ્થિત થઇ. એ સમયે મિ. વિલ્બર એક બારી પાસે ઉભો રહ્યો હતો, તથા સ્વગત કાંઇ ચિંતા કર્યા કરતો હોય એવો તેનું મ્હોં જોતાં ભાસ થતો હતો.

એવામાં એકાએક ઓરડાનું દ્વાર ઉઘડી રૉયલ વિક્ટોરિયા થીએટરનો સુપ્રસિદ્ધ અભિનેતા મિ. સ્મિથ એ ઓરડામાં હાજર થયો.

મિ. સ્મિથે ત્યાં હાજર થઇ નમ્રતાપૂર્વક કહ્યું:—"મ્હારા અપરાધની મ્હને ક્ષમા આપજો; કેમ કે આપની અનુમતિ લીધા સિવાય હું અત્રે આવેલો છું. આ ઓરડાની બારી પાસેથી થોડા સમય પૂર્વે એક નવયુવતીએ સહાયતા મેળવવા માટે બૂમ પાડી હતી ને? એ નવયુવતીનો કંઠસ્વર હું સારી રીતે ઓળખું છું તેનું મ્હોં સુદ્ધાં મ્હારા જોવામાં આવ્યું છે. હું એને ઘણી સારી રીતે ઓળખું છું એક વખત એ નવયુવતીને મળવાની મ્હારી ઇચ્છા છે."

આ વચનો સાંભળી મિ. વિલ્બરે અત્યંત ક્રોધે ભરાઇને કહ્યું:—"મહાશય! આપ જાણો છો કે, રજા સિવાય અત્રે આવી તમે ઘણો ગંભીર ગુન્હો કર્યો છે. તમારા ગુન્હાની તમને કોઇ પણ રીતે ક્ષમા

આપી શકાય તેમ નથી જ. સુધરેલી સોસાયટીના નિયમનું તમારે પ્રતિપાલન કરવું જ જોઇએ."

મૅડમ રોઝિનીએ કહ્યું:—" તમે એવા તે કયા મહાન્ પુરુષ છો કે, આવા રાત્રિના સમયે રજા લીધા સિવાય તમે એક ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કર્યો છે ?"

"હું કોણુ છું એ જાણવાથી આપને કશો લાભ નથી. રસ્તાપરથી એક રમણીને સહાયપ્રાપ્તિ માટે બૂમો પાડતી મ્હેં સાંભળી છે. એ રમણી ભયાનક સંકટમાં સપડાઇ હશે એમ ધારી, સંકટમાંથી તેનો ઉદ્ધાર કરવાના ઉદ્દેશથી આપની અનુમતિ લીધા સિવાય મ્હેં આપના મકાનમાં પ્રવેશ કર્યો છે." મિ. સ્મિથે પૂર્વવત્ સ્વરે કહ્યું.

મૅડમ રોઝિનીએ મિસ વૉર્નને ઉદ્દેશીને કહ્યું:—" વૉર્ન ! એક પહેરેગીરને બોલાવી લાવ જોઇએ !"

આ વાકયના ઉત્તરમાં મિસ વૉર્ને કહ્યું:—" માતાજી, આ ગૃહસ્થનો કશો દોષ હોય એમ લાગતું નથી તેઓ ભૂલમાં જ આપણા મકાનમાં આવ્યા છે. એમને એમનો દોષ સમજાવવામાં આવશે એટલે તેઓ પોતાના અપરાધની ક્ષમા માગી અહીંથી ચાલ્યા જશે!" આમ કહી મિ. સ્મિથ તરફ જોઇને મિસ વૉર્ન કહેવા લાગી:—" મહાશય ! આપે રમણીના મુખેથી સહાયપ્રાપ્તિની પ્રાર્થના સાંભળી છે એ ખરું છે; પરંતુ જે રમણીને આપ આપની પરિચિતા સમજી અત્રે શોધવાને આવ્યા છો તે રમણી આ મકાનમાં નથી. મ્હેંજ બારી પાસે ઉભી રહી 'રક્ષણુ કરો—રક્ષણુ કરો.' એવી બૂમ પાડી હતી. અમે ત્રણુ જણાં આનંદવિનોદ કરતાં કરતાં ઉત્તેજિત બની ગયાં હતાં. મ્હારા આ ભાઇએ વિનોદમાં ને વિનોદમાં જ મ્હારી આંગળી પરની મુદ્રિકા કાઢી લીધી હતી—એ મુદ્રિકા પાછી મેળવવા માટે જ ઉત્તેજનાને આધીન

થઇ મ્હેં એવી બૂમો પાડી હતી. હવે આપ સમજી શકશો કે, આ વિષય સાથે આપનો બિલકુલ સંબંધ નથી!"

મિ. સ્મિથે અત્યાશ્ચર્ય પામીને કહ્યું:–" તમે શું કહો છો? શું બારી પાસે ઉભાં રહીને તમે બૂમ પાડી હતી?!"

"હા, મ્હારાં વચનોપર આપને વિશ્વાસ બેસતો નથી? જુઓ, હજી પણ એ મુદ્રિકા મ્હારા ભાઇની આંગળીમાં જ છે, મ્હારી આંગળીપરથી મુદ્રિકા કાઢી લઇને તેમણે પોતાની આંગળીપર પહેરી લીધી છે."

મિ. વિલ્બર કહેવા લાગ્યો:–" પોતાના ઘરનાં બેસીને પણ આનંદવિનોદ ન કરી શકાય એ કેવું કહેવાય?!"

મિ. સ્મિથનું મુખ મલિન બની ગયું. તેણે કહ્યું:–" મહાશય! મ્હારો જે ગંભીર દોષ થયો છે એ માટે હું આપની સર્વેની પાસે ક્ષમા માગું છું. આપ માઠું લગાડશો નહિ. લ્યો, આપને હું મ્હારું કાર્ડ આપું છું. એ વાંચી જોવાથી આપ મ્હને ઓળખી શકશો." આમ કહી મૅડૅમ રોઝિનીના હાથમાં એક કાર્ડ આપી મિ. સ્મિથ ત્યાંથી વિદાય થઇ ગયો.

કાર્ડમાં 'મિ. સ્થિમ' લખેલું હતું. એ નામ વાંચી રોઝિનીએ કહ્યું:–" એ પુરુષ કોણ હશે! તેને જોતાં તે એક અભિનેતા હોય એમ લાગે છે! હશે તે ગમે તે હોય, હવે તેનું આપણને શું કામ છે? મિ. વિલ્બર! તમે ઉતાવળ કરીને બધી બાજી બગાડી છે. મ્હેં તમને વારંવાર કહ્યું હતું કે, એ તદ્દન નવીના યુવતી છે!"

મિ. વિલ્બરે બીજી કોઇ વાત નહિ કહેતાં મૅડૅમ રોઝિનીને એક બાજૂએ લઈ જઇ મૃદુસ્વરે તેના કાનમાં કશો મંત્ર ફુંક્યો, અને કહ્યું:–" ગમે તેમ હોય; પરંતુ એ સુંદરી મ્હારે અવસ્ય જોઇએ જ.

એના માટે જેટલું દ્રવ્ય ખરચવું પડે તેટલું ખરચવાને હું તૈયાર છું. એના માટે જો મ્હારી સઘળી સંપત્તિ ચાલી જાય તો તેની મ્હને બિલ્કુલ ચિંતા નથી; પરંતુ એ સુંદરી તો મ્હારે જોઇએ જ, સમજ્યાં? લ્યો, હવે હું વિદાય થાઉં છું!"

"શા માટે વિદાય થાઓ છો? આજની રાત્રિ મિસ વૉર્ન સાથે આનંદ ભોગવવામાં પસાર કરોને! શું લિલિયન જોવામાં આવ્યાથી હવે મ્હરી વૉર્નને તમે ભૂલી જશો કે?" મૅડમ રોઝિનીએ કટાક્ષ કર્યો. મિ. વિલ્બર તેના પ્રસ્તાવને સંમત થયો.

પ્રકરણ ૨૬ મું.

લગ્ન.

વાંચકબંધુઓ! લગભગ ૭ માસથી કાન્તિપ્રસાદ સુખરૂપ ઘેર આવી પહોંચ્યો હતો. તેના સુખરૂપ આગમનથી હવે મધુની બિમારી પણ ઓછી થઇ ગઇ હતી. વિહારીપ્રસાદનો પિતૃવિયોગશોક બંધુમિલનથી ઓછો થયો હતો. આ ૭ માસમાં રૌઇબાએ આ સંસારક્ષેત્રમાંથી પરલોકપ્રયાણ કર્યું હતું. પિતાનું મૃત્યુ નિપજવાથી સંસારનો સઘળો કાર્યભાર કાન્તિપ્રસાદને ઉપાડી લેવો પડયો હતો. બંધુની સલાહથી અભ્યાસનો ત્યાગ કરી વિહારીપ્રસાદ પણ સાણંદ આવીને રહ્યો હતો. છતાં રસોઇ, ગૃહકાર્ય વગેરેમાં અડચણ પડતી હોવાથી કાન્તિપ્રસાદના લગ્નનો શુભ દિવસ નક્કી થઇ ગયો હતો. લગ્નને હવે માત્ર આઠ દિવસનો જ વિલંબ હતો. કેટલાંક સગાં વ્હાલાં

આવી લગ્નનું આયોજન કરવા લાગ્યાં હતાં. કાન્તિપ્રસાદના અને વિહારીપ્રસાદના કેટલાક મિત્રોને પણ નિમંત્રણ ગયું હતું.

દિવસો પસાર થતાં વાર લાગતી નથી. ધીમે ધીમે લગ્નનો દિવસ પણ આવી પહોંચ્યો. આવતી કાલે જ જાન અમદાવાદ જવાની હતી. બીજા દિવસે યથા સમયે ગાડીમાં બેસી જાન ધામધૂમથી અમદાવાદ જઇ પહોંચી. કેટલાંક બૈરાંનો અવાજ વિશેષ ગાવાથી બેસી ગયો હતો. કાન્તિપ્રસાદે આજે ઉપવાસ કર્યો હતો. તેના મસ્તકપરથી ઢીંચણ સુધી પુષ્પોનો સોનેરી તારથી ગુંથેલો ઝુંપ ઝૂલી રહ્યો હતો.

વરને પોંખી માહ્યરામાં લઇ જવામાં આવ્યો. તેને ચૉરીમાં બેસાડી પુરોહિતે વેદીમાં અગ્નિ સળગાવ્યો. કન્યાને પણ વરની સાથે બેસાડવામાં આવી. મંત્રોચ્ચાર થવા લાગ્યા. મંગળાષ્ટક ગવાવા લાગ્યાં. આ લગ્નની વિશેષ હકીકતમાં શું લખવાનું હોય ? એમાં કાંઇ નવીનતા હોતી નથી. સર્વત્ર જેવી રીતે લગ્નક્રિયા થાય છે તેવી જ રીતે આ લગ્નક્રિયા પણ થઇ ગઇ.

વિવાહની ક્રિયા પણ ફોટોગ્રાફીને જ મળતી છે. જે ક્ષણે તેનો આરંભ થાય છે તેજ ક્ષણે તે પૂર્ણ થાય છે. ચતુર્ચક્ષુનું મિલન એ એક અનંત મુહૂર્ત છે ! એજ ક્ષણે એક અપરિચિતા પ્રતિમાની તસ્વીર કિંવા ફોટો હૃદયમાં પાડવો પડે છે. એ પ્રતિમા ક્યાંથી આવે છે તેના ઉત્તરમાં એમજ કહેવું જોઇએ કે એ વિધાતાની લીલા છે.

કાન્તિપ્રસાદ પરણીને ઘેર જઇ પહોંચ્યો. ત્હાંજે તે પોતાના મિત્રમંડળ સાથે બ્હાર ફરવા નીકળી પડયો. મુંબાઈથી તેના બેચાર મિત્રો લગ્ન પ્રસંગે આવેલા હોઈ હમણાં તેઓ તેની સાથે જ હતા. આવતી કાલે મેઇલમાં તેઓ પાછા મુંબાઈ ચાલ્યા જવાના હતા.

હીરાલાલ કાન્તિપ્રસાદની સાથે ચાલતો હતો. તેણે કહ્યું:–" ભાઇ

ત્હારી સહધર્મિણી તો ઘણી સ્વરૂપવતી છે, હાં!"

કાન્તિપ્રસાદે કિંચિત્ વિરક્તિસુચક સ્વરે શુષ્ક હાસ્ય કરીને કહ્યું:- "માનસિક સૌન્દર્ય સિવાય શારીરિક સૌન્દર્ય નકામું છે. Accomplishments તો જોઇએ જ."

"ભાઇ! પયત્નથી શું થતું નથી. સંસારમાં ઇચ્છિત પત્ની મળી આવવી એ ઘણું અસંભવ છે; છતાં પુરૂષે સ્વપ્રયત્નથી પત્નીને પોતાની ઇચ્છાનુરૂપ બનાવવી જોઇએ. તું પણ ત્હારી પત્નીને માનસિક સૌન્દર્યથી સૌન્દર્યવતી કરવાનો પ્રયત્ન કર. હજી ઘણો અવકાશ છે. તું ત્હારી ઇચ્છા હશે એવી એને ટૂંક સમયમાં અવશ્ય બનાવી શકીશ."

"ભાઇ! મ્હને એમ લાગે છે કે, સ્ત્રી કેળવણીના વિષયપરત્વે આજકાલ સઘળા દેશબંધુઓની ઘણી ઉદાસિનતા જોવામાં આવે છે. સ્વાર્થસાધના એજ વીસમીસદીનો મૂળમંત્ર થઇ પડ્યો છે. વળી આ ગામમાં એવી કોઇ સ્કૂલ કિંવા બોર્ડિંગ નથી કે, જેમાં હું એને રાખીને સુશિક્ષિતા બનાવી શકું!"

"ભાઇ! તું ભૂલે છે. સ્ત્રી જાતિને સ્કૂલ કિંવા બોર્ડિંગમાં રાખ્યા સિવાય શિક્ષણ ન આપી શકાય કે? હિંદુનો સંસાર એજ હિંદુ સ્ત્રીઓની બોર્ડિંગ કિંવા સ્કૂલ છે. પૂર્વે મ્હારી ધારણા એવી હતી કે, સાહેબ લોકોના જેવી Home educations home influnce આપણે નથી; પરંતુ ધીમે ધીમે મ્હારી એ ભ્રમમૂલક ધારણા દૂર થઇ ગઇ છે. હિન્દુના આચાર વિચાર એ જ એનો ધર્મ, હિન્દુનો ગૃહસંસાર એજ હિન્દુ સ્ત્રીઓનું વિદ્યાલય અને વડિલવર્ગની સેવા એજ ઇશ્વરસેવા છે. જે મનુષ્યનામાં આ જ્ઞાન હોતું નથી-જે મનુષ્ય વીસમીસદીના બાહ્ય દેખાવોને જ પોતાના આદર્શ સમજે છે એનું જીવન અંતે ઘણું દુઃખમય બની જાય છે."

"ભાઇ ! મ્હારી સહધર્મિણી અજની મહિષી, ઇન્દુમતીની આફક ગૃહસંસારમાં ગૃહિણી, કામકાજમાં સચિવ, શાન્તિમાં સખા-સ્વરૂપિણી અને લલિતકળામાં પ્રિયશિષ્યા હોય એમ હું ઇચ્છું છું."

"ત્હારાં વચનો જ મ્હને કવિત્વમય લાગે છે. રસિક વાંચનના વ્યવસાયથી તું એક કવિના જેવી કલ્પનાઓ દોડાવે છે; પરંતુ પ્રત્યેક વિષયમાં મનુષ્યે સંભવિતતા અને અસંભવિતતાનો વિચાર કરવો જોઇએ. મ્હને એમ લાગે છે કે, ત્હારી પત્ની, અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી આદિ સાહિત્યમાં પારંગત હોય, જનસમાજમાં સુધારાનાં ભાષણો કરતી હોય, તેને પ્રમુખસ્થાને બેસાડી તું ભાષણ કરવા ઉભો થઇને તેને Lady Precident શબ્દોથી સંબોધતો હોય તો જ ત્હારા અંતરને આનંદ થાય, કેમ ખરું ને ?"

"હા, એમજ છે. ત્હારા અને મ્હારા વિચારોમાં ઘણો પ્રભેદ છે. તું આપણા હિન્દુ ગૃહસંસારને સ્ત્રીજાતિનું વિદ્યાલય કહે છે; પરંતુ અત્યંત અજ્ઞાનતાના પરિણામે આધુનિક આર્યગૃહસંસારોમાં કેવો કલહકંકાશ, કેવી દ્વેષભાવના અને કેવી સ્વાર્થસાધનાનો દઢ પાયો નખાયો છે એ વિચારવાની જરૂર છે. એ સર્વેનું કારણ સ્ત્રીજાતિની અજ્ઞાનતા સિવાય બીજું કાંઇ નથી. વળી આધુનિક સમયના પ્રાચીન કિંવા વૃદ્ધ પુરુષો સ્ત્રીઓને શિક્ષણ આપવાના વિષયથી સર્વથા વિરુદ્ધ મત ધરાવે છે. સ્ત્રીજાતિને દાસી કિંવા ગુલામડીની ઉપમા આપી તેમણે પોતે જાણે કે ઇચ્છાનુસાર વર્તવાનો અધિકાર મેળવ્યો છે !"

"ના ભાઇ ! વીસમીસદીમાં સંસારસુધારકો સ્ત્રીજાતિના શિક્ષણની આવશ્યક્તા સર્વાંશે સમજવા લાગ્યા છે. પ્રૉફેસર કર્વેનું વિદ્યાલય, વનિતાવિશ્રામ, સેવાસદન, મહાત્મા ગાંધીનો આશ્રમ વગેરે સંસ્થાઓ અને મહાન્ પુરુષો સ્ત્રીજાતિની માનસિક ઉન્નતિ માટે અત્યંત સ્તુત્ય

પ્રયાસ કરી રહ્યા છે. મ્હારો નમ્ર મત એવો છે કે, પુરુષ અને સ્ત્રીના શિક્ષણમાં પ્રભેદ હોવો જોઇએ પુરુષના ભાવ અને સ્ત્રીના ભાવમાં બ્રહ્માએ ઘણો ભેદ રાખેલો છે. કામસ્ચાટકા ક્યાં આવ્યું ? પ્રિન્સ બિસ્માર્કે જર્મનીની ઉન્નતિ અર્થે શાં શાં કાર્યો કર્યાં એ સઘળું સ્ત્રીઓને જાણવાની જરૂર હોય એમ હું ધારતો નથી. આજકાલ બહુધા એવો જ પ્રકાર જોવામાં આવે છે કે, જે સ્ત્રીઓ કૉલેજની કેળવણી મેળવે છે, તેઓમાંની ઘણી ખરી ગૃહકાર્યોથી સર્વાંશે વિરક્ત રહે છે. આ વિરક્તિનું કારણ એ છે કે, ગૃહનાં કાર્યોની તેમનામાં આવડત હોતી નથી. વળી તેઓ રાત્રિ દિવસ નૉવેલો, કાવ્યગ્રંથો અને અભ્યાસ-વિષયક પુસ્તકો વાંચવામાં જ વ્યસ્ત રહે છે. વસ્તુસ્થિતિ આવી હોવાથી તેમનો સંસાર પણ કેટલીક વખતે આવશ્યકીય સાધનોના અભાવે સંકટમય થાય છે. ”

“ ત્હારા આ મતને હું કેટલાક અંશે મળતો છું. અમેરિકામાં સ્ત્રીજાતિને માટે ઉચ્ચ કેળવણીનાં જેવાં વિદ્યાલયો સ્થાપિત થયાં છે તેવાં જ વિદ્યાલયો આપણા ભારતવર્ષમાં સ્થાપિત થવાની અતિશય અગત્ય છે. યૂરોપે પણ અમેરિકાના એ આદર્શને સ્વીકારી સ્ત્રીકેળવણી વિષયક વિદ્યાલયો તથા કૉલેજોની સ્થાપના કરી છે. ”

આવી રીતે બન્ને મિત્રો વચ્ચે ઘણી વાતચિત થઇ. થોડે સુધી ફરી તેઓ પુનઃ ઘેર ગયા. બીજા જ દિવસે કાન્તિપ્રસાદ અને વિહારીપ્રસાદના મિત્રો યથાસ્થાને રવાના થઇ ગયા.

પ્રકરણ ૧૭ મું.

રૂપોન્માદ.

કાન્તિપ્રસાદનું લગ્ન થઇ ગયાને બે વર્ષ વીતી ગયાં. એ સમય દરમ્યાન વિહારિપ્રસાદનું પણ લગ્ન થઇ ગયું. વિહારીપ્રસાદની નવવધૂ મંદાકિનીએ શ્વસુરપક્ષમાં આવી, પતિને ઉંધુ ચત્તું સમજાવી બન્ને ભાઇઓને જૂદા કરી નાખ્યા. પ્રથમથી જ આપણા કાન્તિપ્રસાદને ગ્રામ્યજીવન પસંદ નહોતું. તેણે સઘળી લૌકિક સંપત્તિ કનિષ્ઠ બંધુને સોંપી પોતે તેના બદલામાં એટલી રોકડ રકમ વિશેષ લીધી. ભાગ પડતાં બન્ને બંધુઓને લગભગ પચાસ હજાર રૂપિયાની રકમ મળી. એ રકમ લઈ કાન્તિપ્રસાદ મુંબાઇ રહેવા ચાલ્યો ગયો. એ પ્રસંગે તેણે પોતાની પતિપ્રાણા સાધ્વી સહધર્મિણી મધુને પણ પોતાની સાથે લીધી. મુંબાઇ જઇ ગિરગામ બેક રોડ પર તે એક ચાલમાં બે ઓરડીઓ ભાડે રાખી રહેવા લાગ્યો. નોકરી કરવાની કિંવા બીજા કોઇ માર્ગથી દ્રવ્ય ઉપાર્જન કરવાની ચિંતા તેણે રાખી નહોતી. આમ હોવાથી મધુ વારંવાર નમ્રતાપૂર્વક તેને દ્રવ્યોપાર્જન કરવા કહેતી હતી; પરંતુ પત્નીના ઉપદેશ તરફ કાન્તિપ્રસાદ હમ્મેશાં દુર્લક્ષ્ય જ કરતો હતો. એવામાં તેણે ગુજરાતી પત્રમાં એક એવી જાહેર ખબર વાંચી કેઃ—

જોઇએ છીએ.

મેટ્રિકનો અભ્યાસ કરતી એક બાળિકાને ખાનગી શિક્ષણ આપવા માટે સુયોગ્ય શિક્ષક. અરજદારે કાલબાદેવી રોડપર કાવેલ સ્ટ્રીટમાં મિ. મનમોહન એન. શર્માને મળવું. '

આ જાહેરખબર વાંચવામાં આવતાં તે તરફ આપણા કાન્તિપ્રસા-

હનું લક્ષ્ય ખેંચાયું. તેણે એ બાળિકાને શિક્ષણ આપવા જવાનો એક વખત પોતાના મન સાથે વિચાર કર્યો. મુંબાઇ શહેરમાં બાળિકાઓને શિક્ષણ આપવા જતા પંડિતો કેવી સહેલાઇથી પ્રેમામૃતનું પાન કરી શકે છે એ પ્રકાર કાન્તિપ્રસાદથી અજાણ્યો નહોતો. વળી એવા પ્રસંગે પ્રણય ઉત્પન્ન થવાની સંભાવનાની કલ્પના તેણે કેટલીક નવલકથાઓમાં પણ વાંચી હતી; તેથી મધુને આ વાત નહિ કરતાં, વસ્ત્રો પહેરી તે જાહિરખબરમાં દર્શાવેલા સ્થળે જવા નીકળી પડ્યો.

વાંચકબંધુઓ ! કાન્તિપ્રસાદ ત્યાં જઇ પહોંચે તે પુર્વે જ આપણે તેની નવીન શિષ્યાને જોઇ આવીએ.

સંધ્યાકાળના ચાર વાગ્યા હતા. આકાશમાં વાદળાં છવાઇ રહ્યાં હતાં, બૅરિસ્ટર મિ. મનમોહન શર્માના બંગલામાં એક સોળવર્ષની નવયુવતી ગાલપર હાથ મૂકી કશો વિચાર કરતી બેઠી હતી. સ્હામે ટેબલપર એક દર્પણ અને સુંદર લેખનસામગ્રી યથાસ્થિત ગોઠવેલી હતી. એ ઓરડો ન્હાનો હોવા છતાં વિવિધ પ્રકારના સરસામાનથી તેને સુસજ્જિત કરેલો હતો. આલમારીમાં કેટલાંક અંગ્રેજી તથા કેટલાંક દેશી સાહિત્યનાં પુસ્તકો ગોઠવેલાં હતાં. એક બે પુસ્તકો પાસેના ટેબલપર પડેલાં હતાં. ક્વચિત્ એ નવયુવતી પુસ્તક ઉઘાડી વિરક્ત ચિત્તે તેનાં પૃષ્ઠ ફેરવતી હતી તો કવચિત્ લેખિની હાથમાં લઇ કાંઇ લખવા બેસતી હતી; છતાં લખતાં લખતાં પણ ક્વચિત્ વિરક્ત બની જઈ આયના સ્હામે જોઇ તે શિરપરના કેશ યથાસ્થિત કરતી હતી. આજે કોઇ પણ રીતે તેને ચેન પડતું નહોતું. એના ચહેરાપરથી તે કશી ગંભીર ચિંતામાં નિમગ્ન થઇ ગઇ હોય એમ લાગતું હતું. ક્વચિત્ તેનાં નેત્રોમાંથી અશ્રુબિંદુઓ ટપકી પડતાં હતાં તો ક્વચિત્ ક્રોધથી તેનાં નેત્રો લાલચોળ થઇ જતાં હતાં. વિચારોના તરંગોથી

એકાએક તેનું હૃદય ભરાઈ આવ્યું. જે વાત અત્યાર સુધી તેના મનમાં ગુંચાયા કરતી હતી તે તેના મુખમાંથી શબ્દોદ્વારા બ્હાર નીકળવા લાગી. અંતરનો ભાર હલકો કરવાના વિચારથી તે કહેવા લાગી:—

" હજી સુધી પિતા મ્હને બાળિકા સમજે છે. હું યુવતી થઇ ગઇ છું. પાપી અનંગ રાત્રિ દિવસ મ્હારા અંગને પીડે છે. એક ક્ષણ માટે પણ મ્હને ચેન પડતું નથી. એ બીજો પુરુષ લાગે છે તો સારો. તે ધનાઢ્ય હોઇ તેની ઉમ્મર માત્ર સત્તાવીશ વર્ષની છે. તે કોઇ પણ રીતે કુરૂપ નથી; પરંતુ અહા ! જ્યારથી પેલા એ રતિપતિ તુલ્ય યુવકનું મ્હોં જોયું છે ત્યારથી મ્હારું મન પાણી પાણી કેમ બની ગયું છે? રાત્રિ દિવસ તેની મનમોહન મૂર્ત્તિ મ્હારી પાસે જ જાણે કે ફર્યા કરતી હોય એમ મ્હને લાગે છે. તે વિશેષ ભણ્યો ગણ્યો હોય એમ તો લાગતું નથી તેમજ તેની પાસે પુષ્કળ દ્રવ્ય પણ નથી; છતાં તે પ્રેમ કરવો જાણે છે. મ્હારી ઇચ્છા તો એને જ મ્હારો પતિ બનાવવાની છે. જે પુરુષો ઉપરથી મીઠી મીઠી વાતો કરે છે તેઓ છેવટે સારા નીવડતા નથી. અત્યાર સુધીમાં ઘણા પુરુષો મ્હારા હાથની માગણી કરી ચુકયા છે. કેટલાક મ્હોટા લોકો તો મ્હારી ખુશામદ કર્યા કરે છે. વીસમીસદીની સભ્યતાનુસાર એમની સાથે કોર્ટશિપ કરતાં કરતાં હું થાકી ગઇ છું, કોર્ટશિપ એ પણ અડધો વિવાહ જ છે. હશે, જેમ થવાનું હશે તેમ થશે. હવે હું એ બન્ને પુરુષોમાંથી કોને મ્હારા પ્રિયતમ તરીકે પસંદ કરું ? આ એક ગંભીર પ્રશ્ન છે. આના કરતાં તો સનાતનધર્માવલંબી હિન્દુઓની રીત સર્વોત્તમ છે. તેમનામાં માતાપિતા જ સારી રીતે તપાસ કરી પુત્ર પુત્રીઓનું લગ્ન કરી નાખે છે. પિતાએ જાતિબંધન છોડી નાખ્યું છે એ એમણે પણ ખોટું કર્યું છે, જો હું દાદા પાસે રહેતી હોત તો

ક્યારનુંય મ્હારું લગ્ન થઇ ગયું હોત. અત્યાર સુધીમાં તો હું કદાચ સંતાનવતી પણ થઇ હોત. હજી સુધી પિતા પોતાની હઠ છોડતા નથી. તેઓ હજી બે વર્ષ મ્હને આવી સ્થિતિમાં જ પસાર કરવાને કહે છે. મ્હારું યૌવન ચાલ્યું જાય છે. હે ભગવાન્ ! હવે હું શું કરું ? અરેરે ! જો પિતા પોતાના દુરાગ્રહનો ત્યાગ નહિ કરે તો તેમને પસ્તાવું પડશે. " બરાબર આ સમયે જ એ નવયુવતી કે જેનું નામ રમા હતું તેના પિતાએ એ ઓરડામાં પ્રવેશ કર્યો. પુત્રીનાં છેવટનાં કેટલાંક વચનો બ્હારથી તેના સાંભળવામાં આવ્યાં હતાં. પુત્રી પાસે ઉપસ્થિત થઇને મિ. મનમોહન શર્માએ કહ્યું:–"રમા! મ્હારે શા માટે પસ્તાવું પડશે

" કોણ પિતાજી કે ? આવો–કોણ જાણે કે આ સમયે મ્હારાથી શું બકી જવાયું છે ? " વિસ્મિત બની જઇને રમાએ કહ્યું.

"રમા ! તું મ્હારા પ્રશ્નનો ઉત્તર કેમ આપતી નથી ? " ક્રોધ-સૂચક સ્વરે મિ. મનમોહને પૂછ્યું.

" પિતાજી ! આ પ્રશ્નનો ઉત્તર આપવા જેવો નથી; પરંતુ હવે ઉત્તર આપ્યા સિવાય ચાલી શકે તેમ નથી. હવે જો આપ મ્હારું કોઇ સ્થળે ચોક્કસ નહિ કરો તો અંતે આપને અનુતાપ કરવો પડશે ! " રમાએ સાહસ એકઠું કરીને કહ્યું.

" બ્હેન ! તું ભણી ગણી સુશિક્ષિતા થયેલી છે. ત્હેં ઘણા સંસાર-સુધારાનાં ભાષણોમાં સાંભળ્યું છે કે, બાળવિવાહથી જ ભારતવર્ષની અધોગતિ થયેલી છે. આ વીસમીસદીના સુધારકોએ સ્વદેશની સુધારણા કરવાનું બીડું ઝડપ્યું છે. આપણે જ્યારે સુધારકોની સોસાયટીમાં છીએ ત્યારે પછી આપણાથી સંસાર સુધારાની વિરુદ્ધ કેવી રીતે વર્તી શકાય ? રમા ! તું બે વર્ષ સુધી ધીરજ રાખ. ત્યાં સુધીમાં મોહિની-ન્ત વિલાયતથી બૅરિસ્ટરી પાસ કરીને અત્રે આવી પહોંચશે. તેમની

સાથે ત્હારું લગ્ન થશે તો સુવર્ણમાં સુગંધિ ભળ્યા જેવું થશે. વળી ત્યાં સુધીમાં તું પણ લગભગ ઇન્ટરની પરિક્ષામાં પસાર થઇ બી. એ. ક્લાસમાં જઇશ." મિ. મનમોહને કહ્યું.

"પિતાજી ! હું સઘળું જાણું છું. આ હકીકત મ્હેં વ્યાખ્યાનોમાં સાંભળી છે તેમજ અનેક પુસ્તકો તથા વર્તમાનપત્રોમાં વાંચી છે. મ્હેં પોતે પણ બાળલગ્નની વિરુદ્ધમાં કેટલાક લેખ લખ્યા છે. એ વિષયપર સ્ત્રીસમાજમાં મ્હેં કેટલીક વખતે વ્યાખ્યાન સુદ્ધાં કર્યા છે; પરંતુ પિતાજી કહેવામાં અને કરવામાં ઘણું અંતર રહે છે. મ્હારું મન શા માટે અસ્થિર બની ગયું છે એ સંબંધી હું આપને કાંઇ કહી શકતી નથી; છતાં એટલું તો હું ચોક્કસ સમજી શકી છું કે, બાળિકાઓનો યુવાવસ્થામાં જ વિવાહ કરવાનો જે લોકો ઉપદેશ આપે છે એ લોકો ગંભીર ભૂલ કરે છે." રમાએ લજ્જાનો ત્યાગ કરી અંતરોદ્દગાર કાઢયા.

"બ્હેન ! જો તું મ્હારું કહેવું નહિ માને તો તને ઘણો પશ્ચાત્તાપ થશે." આમ કહી મિ. મનમોહન ત્યાંથી ચાલ્યા ગયા. તેઓ જ્યારે પોતાના સુસજ્જિત દિવાનખાનામાં જઇને બેઠા ત્યારે નોકરે એક કાર્ડ લઇ આવી તેમના ટેબલપર મૂકયું. કાર્ડ વાંચી તેમણે આજ્ઞા કરીઃ— "અચ્છા, અંદર લે આવ."

નોકર ચાલ્યો ગયો અને થોડા સમયમાંજ તે આપણા કાન્તિપ્રસાદને દિવાનખાનામાં મૂકી ત્યાંથી પુનઃ બ્હાર જઇને બેઠો.

આંખોપરનાં ચશ્માં સહજ ઉંચા કરી મિ. મનમોહન શર્માએ તીક્ષ્ણ દૃષ્ટિથી કાન્તિપ્રસાદ તરફ જોઇને પૂછયુંઃ—"Good evening (નમસ્કાર.) Sit Down, (બેસો.) What do you want ?" (તમારે શું જોઇએ છીએ ?)

કાન્તિપ્રસાદે એક ખુરસીપર બેસી નમ્રતાયુક્ત સ્વરે કહ્યું:– "આપે એક Private tutor (ખાનગી શિક્ષક)ને માટે advertisement (જાહિરખબર) આપેલી છે. હું તેનો એક candidate (ઉમ્મીદવાર) છું."

કાન્તિપ્રસાદે જોયું કે, મિ. મનમોહન શર્માની ઉમ્મર લગભગ પચાસેક વર્ષની હતી. નાકપર સોનેરી ફ્રેમનાં ચશ્માં હતાં. તેમના શરીરનો રંગ એક યૂરોપિયન જેવો જણાતો હતો. શરીર સુપુષ્ટ હતું. ચહેરો આકર્ષક હતો.

મિ. મનમોહનદાસે કાન્તિપ્રસાદને પૂછ્યું:–" તમે કયાં સુધી અભ્યાસ કરેલો છે, તથા હમણાં તમે અત્રે શું કરો છો ?"

" મહાશય ! વિશ્વવિદ્યાલયની બી. એ. ની પરીક્ષામાં ફર્સ્ટ ક્લાસમાં હું પસાર થયેલો છું. પરીક્ષામાં પસાર થયા પછી બૅરિસ્ટરની પરિક્ષા આપવા માટે હું ક્લિયોપેટ્રા નામની સ્ટીમરમાં બેસી વિલાયત જવા સ્વદેશનો ત્યાગ કરી નીકળી પડયો હતો; પરંતુ રસ્તામાં જ સ્ટીમર ડુબી જવાથી હું મ્હારો ઉદ્દેશ સફળ કરી શક્યો નથી. હમણાં હું અત્રે રહી પૈત્રિક સંપત્તિમાંથી મ્હારા જીવનનો નિર્વાહ કરું છું તથા કેટલાંક સુધારકપત્રોમાં સંસાર સુધારાસંબંધીના વિષયો પણ લખું છું. મ્હારું નામ મિ. કે. એચ. દેસાઇ છે." ઉત્તરમાં કાન્તિપ્રસાદે કહ્યું.

આ વચનો સાંભળવામાં આવતાં કાન્તિપ્રસાદની સઘળી હકીકત સાંભળવા માટે મિ૦ મનમોહનદાસના અંતરમાં કુતૂહલ ઉપજ્યું. તેમણે કાન્તિપ્રસાદને તેની સઘળી હકીકત જણાવવા માટે કહ્યું. સંક્ષિપ્તમાં એ સઘળી હકીકત તેણે તેમને કહી સંભળાવી. સઘળી હકીકત સાંભળી રહ્યા પછી મિ. મનમોહને કહ્યું:–" મિ. દેસાઇ !

જો તમે પ્રયાસ કરો તો અત્રેની કોઇ કૉલેજમાં સારી નોકરી મેળવી શકો તેમ છો. શા માટે તમે એવો પ્રયાસ કરતા નથી."

"મહાશય ! નોકરી કરવાની મ્હારી ઇચ્છા નથી. આજકાલ સઘળા ભણેલા યુવકોમાં નોકરી મેળવવાની સ્પર્ધા ચાલૂ થયેલી જોવામાં આવે છે. કોઇ પણ પ્રકારે સ્વતંત્રતાથી જીવિકાનો નિર્વાહ કરવાનો કોઇ પ્રયત્ન કરતું નથી. વીસમીસદીના વિદ્યાધરોનો નોકરી કિંવા દાસત્વ એજ મૂળમંત્ર થઇ પડેલો છે. મ્હારા મત પ્રમાણે તો ભારતવર્ષના સુશિક્ષિત યુવકોએ હવે શિલ્પ વાણિજ્ય વગેરેમાં પડી તેની ઉન્નતિ કરવાની જરૂર છે. હું પણ એવી જ કોઇ લાઇનમાં પડવાને ઇચ્છું છું; છતાં હાલ ઘણો અવકાશ મળતો હોવાથી આપને ત્યાં ટ્યુશન આપવા આવવાનો મ્હેં વિચાર રાખેલો છે." કાન્તિપ્રસાદે કૃત્રિમ વિચાર દર્શાવી મનમોહનનું મન હરવાનો પ્રયત્ન કર્યો.

"મિ. દેસાઇ ! તમારા વિચાર ઉચ્ચ છે. જે કાર્ય તમે સ્વીકારશો તેમાં ફતેહમંદ થશો એવી મ્હારી દૃઢ ખાત્રી છે. જુઓ, તમારા જેવા સારા ગૃહશિક્ષક મળી આવવાથી મ્હને અત્યંત આનંદ થયો છે. તમારે મ્હારી પુત્રી રમાસુંદરીને દરરોજ એક કલાક શિક્ષણ આપવા આવવાનું છે. હમણાં તે મેટ્રિક કલાસમાં અભ્યાસ કરે છે. લ્યો, હું તેને અત્રે બોલાવી તમારી સાથે તેનો પરિચય કરાવું છું !" આમ કહી મિ. મનમોહને ટેબલપરનો બેલ વગાડયો. તરત જ નોકર અંદર આવી ઇંગ્લિશ સીસ્ટમથી સલામ કરી ઉભો રહ્યો એટલે તેણે તેમને કહ્યું:–"જાઓ, રમાબ્હેનકુ જલ્દી ખબર ભેજો."

"જો હુકમ" કહી નોકર રમાસુંદરીને બોલાવવા ચાલ્યો ગયો. થોડા સમયમાં જ રમાસુંદરી દીવાનખાનામાં આવી પહોંચી. તેનું ત્રિભુવનમોહન સ્વરૂપસૌન્દર્ય જોઇ કાન્તિપ્રસાદ વિસ્મિત, આશ્ચર્ય-

ચકિત અને મંત્રમુગ્ધ બની ગયો. તેનાં હરિણના જેવાં ચંચળ નેત્રો, સુંદર નાસિકા, રક્તપ્રવાળના જેવા ઓષ્ઠ, મોતીના જેવી દંતપંક્તિ જોઇ કાન્તિપ્રસાદ દિંગ્મૂઢ બની ગયો.

રમાસુંદરીને પોતાની પાસે ઉપસ્થિત થયેલી જોઇ મિ. મનમોહનદાસે તેને ઉદ્દેશીને કહ્યું:—" બ્હેન ! આજથી આ ગૃહસ્થની હું ત્હારા ગૃહશિક્ષક તરીકે નિમણુંક કરું છું. તેઓ એક સુધારક, જ્ઞાની અને ઉચ્ચ વિચાર ધરાવનાર સજ્જન છે." આમ કહી કાન્તિપ્રસાદ તરફ જોઇને તેમણે કહ્યું:—" મિ. દેસાઇ ! હું ધારું છું કે, સ્હાંજનો ટાઇમ તમને અનુકૂળ થશે, કેમ ખરું નં ?

" જી, હા."

" ત્યારે આવતી કાલથી હમ્મેશાં છ વાગ્યે તમને લેવા માટે ગાડી આવશે. તમને માસિક પચાસ રૂપિયા પગાર મળશે."

" આપની કૃપા માટે હું અંતઃકરણપૂર્વક આપનો આભાર માનું છું." આમ કહી ખુરસીપરથી ઉઠી, એક પત્રપર પોતાનું ઠેકાણું લખી આપી, મિ. મનમોહન સાથે હસ્તધૂનન કરી કાન્તિપ્રસાદ રમાની મોહિની પ્રતિમાની મનમંદિરમાં સ્થાપના કરી પ્રસન્નવદને ત્યાંથી વિદાય થયો.

અરેરે ! આવી ઉચ્છૃંખલ યુવતીઓના રૂપાગ્નિમાં કેટલા નવયુવકો પતંગની માફક બળી જાય છે ! એ રૂપાગ્નિમાં કેટલા બધા તપસ્વીઓએ પોતાની તપસ્યાની આહુતિ આપી છે ! રૂપનો મોહ કોઇ પણ સ્થળે સુખના કારણરૂપ થઇ પડતો નથી. રૂપ તો દુઃખનું જ મૂળ છે. જેને રૂપ હોય છે તે દુઃખી થાય છે તથા જે એ રૂપ જોઇ દીવાનું બને છે તે પણ અવસ્ય દુઃખી થાય છે.

પ્રકરણ ૧૮ મું.

પ્યારનો પ્રસ્તાવ.

પુનઃ રમાસુંદરી પોતાના શયનગૃહમાં જઈને સ્વગત કહેવા લાગીઃ—"ઓહો! ૭ વાગી ગયા છતાં હજી સુધી કેમ આવ્યા નહિ? તેઓ વાયદો ચુકે એમ તો નથી જ. કદાચ કોઈ જરૂરી કામમાં રોકાઈ ગયા હોય એમ લાગે છે. બારીમાંથી જોઉં તો ખરી કે કોની સાયકલ આવે છે?! હા, એજ. ચાલો, ત્યાં સુધીમાં હું વસ્ત્રો બદલી લઉં. "આજે મ્હારી સાથે ચોપાટીપર ફરવા આવવાને તેમણે કહ્યું છે." આમ કહી એક કાચનું કબાટ ઉઘાડી રમાસુંદરીએ તેમાંથી એક ગુલાબી રંગની રેશમી સાડી બ્હાર કાઢી. પગમાં મોજાં પહેર્યાં. ત્યાર પછી ગંજીફ્રાકપર સોનાના આંકડાવાળું રેશમી પોલકું પહેરી તેનાપર સાડી પહેરી લીધી. પુનઃ એક વખત આયનામાં જોઈ કૃષ્ણકેશકલાપને સુવ્યવસ્થિત કર્યો. આ સઘળાં વસ્ત્રોથી રમાસુંદરીની દેહલતા સવિશેષ સૌન્દર્યમયી બની ગઈ.

બરાબર આ સમયે એક પુરુષે એ શયનગૃહમાં ઉપસ્થિત થઈ વિહ્વળ દૃષ્ટિથી રમાસુંદરીની મનમોહક દેહલતાનું દર્શન કરતાં કહ્યુંઃ—"તમે વસ્ત્રો પહેરતાં હોવા છતાં હું તમારા શયનગૃહમાં આવ્યો છું એ અપરાધ માટે તમે ઉદારતાપૂર્વક મ્હને ક્ષમા આપશો એવી આશા છે. મ્હારાથી આજે સભ્યતાના નિયમનો ભંગ થયો છે એ માટે હું દિલગીર છું."

"આપ જાણો છો કે સભ્યતાના નિયમો લોકોને દેખાડવા માટે જ છે. એકાન્તની પ્રાપ્તિ થયા સિવાય ભવિષ્યમાં થનાર પતિની

પ્રીતિ પ્રાપ્ત કેવી રીતે કરી શકાય ? રમાસુંદરીએ સ્મિતહાસ્ય કરતાં કહ્યું.

" તમારા હાસ્યસુખમાંથી નીકળેલાં આ વચનો સાંભળતાં હવે મ્હને એમજ લાગે છે કે સત્વર મ્હારા અંતરની આશા સફળ થશે. જીવનાધિકારિણિ ! કૃપા કરીને હવે મ્હને તમે પ્રાણપ્યારી કહેવાની રજા આપો ! "

" આપના માટે મ્હારા મન સાથે હજી સૂધી મ્હેં કોઇ પણ પ્રકારનો નિશ્ચય કર્યો નથી; છતાં મ્હારું અંતર આપના તરફ આકર્ષાય છે. આજકાલ બે મનુષ્યોના સ્નેહની પરસ્પર લઢાઇ ચાલે છે. મનોદેવતા સમક્ષ તેમનો બન્નેનો ન્યાય થનાર છે. જે મ્હને જીતશે તેની જ હું સહધર્મિણી થઇશ. " રમાસુંદરીએ પૂર્વવત્ સ્વરે કહ્યું.

" સુંદરિ ! નિરંતર હું તમારી સેવામાં તૈયાર છું. હું સંગીત-વિદ્યાવિશારદ છું. પિયાનો, હાર્મોનિયમ વગેરે બજાવવાનો સ્વભાવથી જ મ્હને અનુરાગ છે. મ્હારી પાસે દ્રવ્ય નથી તેથી શી ચિંતા છે ? પ્રકૃત પ્રેમનો દ્રવ્ય સાથે બિલકુલ સંબંધ હોતો નથી. "

આ વાક્યોનો કાંઇ ઉત્તર નહિ આપતાં એક હાથમાં રૂમાલ લઇ ચિંતાતુર ચિત્તે રમાસુંદરી બુટ પહેરવા બ્હાર નીકળી. નોકરે બાઇસિકલ સાફસુફ કરી રાખી હતી. બન્ને જણાં સાયકલપર સવાર થઇ, તેની ઘંટડી વગાડતાં, વગાડતાં, જનકોલાહલપરિપૂર્ણ માર્ગેથી સાવધાનતાથી ચોપાટી તરફ જવા લાગ્યાં. સુર્યાસ્ત સમયે તેઓ ચોપાટી-પર જઈ પહોંચ્યાં.

રમાસુંદરીના પિતાનો એક બીજો નોકર ચોપાટીપર હાજર હતો. બન્ને જણાં તેને પોતાની સાયકલો સોંપી એક બીજાનો હાથ પકડી સમુદ્રના સાંધ્યવાયુનું સેવન કરતાં ફરવા લાગ્યાં. સમુદ્રમાં વિશેષ

ભરતી આવેલી હતી. વાયુ સ્વચ્છંદતાથી વિહરતો. હતો; કેટલીક પારસી સ્ત્રીઓ, યૂરોપિયન સ્ત્રીઓ, પોતાના પ્રિયતમનો હાથ પકડી મૃદુમંદ ગતિથી ત્યાં ફરતી હતી. કેટલાક કૉલેજીઅનો બેન્ચોપર બેસી પાઠ્ય પુસ્તકો સંબંધી, વિશ્વવિદ્યાલયના પ્રૉફેસરો સંબંધી તેમજ તેમની શિક્ષણપ્રણાલિ સંબંધી, વાદાનુવાદ કરી રહ્યા હતા. કેટલીક સ્વચ્છે-ચારિણી સુંદરીઓ વિકારવશ થઇ ચંચળદૃષ્ટિથી આશકોની શોધમાં ફરતી હતી. આખા દિવસની દોડધામથી કિંવા વ્યવસાયની વિશેષતાથી શ્રાન્ત અને ક્લાન્ત બની ગયેલા લક્ષ્મીસંપન્ન શેઠીઆઓની ઘોડા ગાડીઓ સમુદ્રતટપર આવતી હતી.

રમાસુંદરી તેના આશકની સાથે એક બેંચપર જઇને બેઠી. આ સમયે બન્ને વચ્ચે પ્રેમની વાત નીકળી. આશકે પ્રેમ નીભાવવાની વારંવાર પ્રતિજ્ઞા કરી. રમાસુંદરી જ્યારે તેની સાથે વાત કરતાં કરતાં હસતી હતી ત્યારે તેને અવર્ણનીય આનંદ થતો હતો. અંતે આશકે બીજે દિવસે મળવાનો પોતાનો વિચાર પ્રકટ કર્યો; પરંતુ રમાસુંદરીના કહેવાથી ત્રીજે દિવસે મળવાનો નિર્ણય થયો. પછીથી આશકે જાણી જોઇને રમાસુંદરી પાસે એક હીરાની મુદ્રિકા પાડી નાખી. રમાસુંદરી-એ કહ્યું:—" આ શું પડી ગયું ?"

" એ તો મ્હારી હીરાજડિત મુદ્રિકા છે. ખીસ્સામાંથી રૂમાલ કાઢતાં પડી ગઈ છે. મનુષ્ય તો શું પરંતુ નિર્જીવ ધાતુને આકર્ષવાની શક્તિ પણ તમારામાં હોય એમ લાગે છે. જુઓ, આ પ્રેમમય મુદ્રિકા પણ મ્હારો ત્યાગ કરી તમારો આશ્રય સ્વીકારવાની ઇચ્છા રાખે છે."

" વાહ ! આ મુદ્રિકા સાથે મ્હારો શો સંબંધ છે ? લ્યો, હવે બરાબર સંભાળજો; પાછી પડી ન જાય!" રમાસુંદરીએ મુદ્રિકા ઉંચકી લઇને તે આશકના હાથમાં આપતાં કહ્યું.

" શું હજી પણ હું તમને મ્હારાં પ્રાણેશ્વરી કહીને બોલાવી શકું તેમ નથી ? હવે એ મુદ્રિકા તમારા શરણે આવી છે. તમે એનો તિરસ્કાર કિંવા ત્યાગ ન કરશો. "

" એમાં તિરસ્કાર કરવા જેવું શું છે ? આપની વસ્તુ આપે આપની પાસે જ રાખવી જોઇએ. "

" કૃપા કરી તમે મ્હારી આ તુચ્છ ભેટ સ્વીકારો. "

" આ પ્રકારથી પિતાજી જો કે દુઃખી થશે; પરંતુ મુદ્રિકાનો અસ્વીકાર કરવાથી આપ દુઃખિત થાઓ તેમ હોવાથી હું સ્વીકારું છું. હું એને આપનું સ્મૃતિચિહ્ન સમજીશ. " રમાસુંદરીએ મુદ્રિકાનો સ્વીકાર કરતાં કહ્યું.

રમાસુંદરીએ પોતાની અંગુલિપર મુદ્રિકા પહેરી લીધી. બન્ને જણાં પછીથી પોતપોતાની સાયકલપર બેસી વિદાય થયાં. નલિનીકાન્ત રમાસુંદરીને એના બંગલા સુધી પહોંચાડી ઘેર ચાલ્યો ગયો.

બીજે દિવસે નલિનીકાન્ત પોતાના નિવાસસ્થાનમાં એક ખુરસીપર બેઠો બેઠો સ્વગત વિચારતો હતો કે :-" એની ઇચ્છા તો માલૂમ પડી આવે છે. જો એ હાથમાંથી છટકી જશે તો આવેલો લાભ હાથમાંથી જશે. એના પિતા પાસે પુષ્કળ પૈસા છે. વળી પિતાની સઘળી મિલકતની ઉત્તરાધિકારિણી એ મનમોહિની જ છે; તેથી સ્વરૂપવતી સુંદરી સાથે પુષ્કળ લક્ષ્મીની પ્રાપ્તિ થાય એના જેવો આનંદદાયક-સુખદાયક પ્રકાર બીજો કયો ગણી શકાય ? રમાસુંદરી ભોળી હોવાથી તે મ્હારા પંઝામાં ફસાઇ પડે એવો પૂર્ણ સંભવ છે. કોર્ટશિપ પણ સ્ત્રીપુરુષોને ફસાવનારી મનોમુગ્ધકારિણી જાળ છે. વાતમાં ને વાતમાં મ્હેં તેને જણાવી દીધું છે કે, હું નિર્ધન છું; પરંતુ મ્હારા જુગાર અને શરાબની તેને ખબર ન પડે એ માટે

મ્હારે ઘણી સાવધાનતા રાખવાની જરૂર છે. આ શુભ કાર્યને સત્વર પાર ઉતાર્યા સિવાય મ્હારો અંતરાત્મા સ્વસ્થ થનાર નથી. આજે જ હું એને મળીને બરાબર પીગળાવું છું. લગ્ન થઇ ગયા પછી મ્હારા આચાર વ્યવહાર, વ્યસન વગેરેનો તેને પરિચય થશે તો પણ કોઇ પ્રબળ કારણ સિવાય તેનાથી છૂટાછેડા કરી શકાશે નહિ."

સ્વગત આવો વિચાર કરી ટેબલ પાસે જઇ, ખુરસીપર બેસી તે એક પત્ર લખવા લાગ્યો. એ પત્રમાં તેણે લખ્યું કે,

" **મહાશયા !**

ગઇ કાલે રુબરુમાં થયેલી વાતચિત પ્રમાણે આજે રાત્રે હું તમને મળવા આવવા બંધાયલો છું. હું તમારી આજ્ઞા પાળવા પ્રતિ· પળે તૈયાર છું. તમારી સાથેની વાતચિતપરથી હવે સત્વર મ્હારી આંતરિક આશા ફળવતી થશે એમ હું ધારું છું. એ આશાથી એક આવશ્યક વાતની સૂચના તમને હું કરું છું. મ્હારે એક પરમોપયોગી વિષય પરત્વે તમારી સાથે કેટલીક વાતચિત કરવી છે. જો આજે તમે મ્હારી વાતચિત નહિ સાંભળો તો તેથી આપણું બન્નેનું અક-લ્યાણ થવાનો સંભવ છે. વખત ઘણો થોડો રહ્યો છે. મ્હારા પત્રનો ઉત્તર મળી શકે એટલો સમય નથી. આજે રાત્રે આઠ વાગ્યે હું તમને રૂબરૂ મળીશ. હું ધારું છું કે, તમારા શયનગૃહમાં એ સમયે હું તમારી એકાન્ત મુલાકાત કરી શકીશ. હું આશા રાખું છું કે, મ્હારું આગમન તમને અપ્રિય તો નહિજ લાગે. મ્હારી ધૃષ્ટતા માટે ઉદારતાપૂર્વક મ્હને ક્ષમા આપજો.

લિ.

નિરંતર તમારો પ્રેમાકાંક્ષી

નલિનીકાન્ત."

નલિનીકાન્તે પત્ર તો લખ્યો; પરંતુ તે હવે મોકલવો કોની સાથે ? તેની પાસે એકકે નોકર નહોતો. તે મકાનની બ્હાર નીકળી નીચે રસ્તાપર ઉતર્યો. પોષ્ટદ્વારા મોકલવાથી તે વખતસર પહોંચે એવો સંભવ નહોતો. શું કરવું તેના વિચારમાં જ અડધા કલાક જેટલો સમય પસાર થઇ ગયો. એવામાં સંયોગવશાત્ રમાસુંદરીનો પેલો નોકર કે જે ચોપાટીપર સાયકલો સાચવીને ઉભો રહ્યો હતો તે ભટકતો ભટકતો ત્યાં આવી પહોંચ્યો. નલિનીકાન્તે એ નોકરને જોયો. તરતજ તેણે એ નોકર પાસે જઇ તેના હાથમાં પત્ર આપીને કહ્યું:– " તું જલ્દી રમાસુંદરી પાસે જઇને તેમને આ પત્ર આપજે." આમ કહી નોકરના હાથમાં તેણે ઇનામ તરીકે એક રૂપિયો આપ્યો.

પત્ર જોતાં જ રમાસુંદરીને ઘણો ક્રોધ ઉપજ્યો તથા આશય સમજી તેણે સ્મિત હાસ્ય કર્યું.

એ દિવસે યથા સમયે કાન્તિપ્રસાદ મિ. મનમોહનની ગાડીમાં બેસી રમાસુંદરીને શિક્ષણ આપવા આવ્યો, અને કલાકેક સૂધી શિક્ષણ આપી આજે પ્રથમ જ દિવસ હોવાથી વિશેષ કાંઇ વાતચિત નહિ કરતાં તે વ્યથિત ચિત્તે ઘેર ચાલ્યો ગયો.

સ્હાંજે સાડા સાત વાગે નલિનીકાન્ત અપ ટુ ડેઇટ પોષાકથી સુસજ્જિત થઇ સાયકલપર સવાર થયો. તેની લાલ ચમકતી આંખો, ગોળ ચહેરો, ઉજવળવર્ણ, ભુરી મુછ, હૃષ્ટપુષ્ટ શરીર તથા ચઢતી યુવાની સ્વાભાવિક રીતે જ સ્ત્રીઓના ચિત્તને આકર્ષી શકે તેમ હતી. બરાબર આઠ વાગ્યે તે રમાસુંદરીના મકાન પાસે ઉપસ્થિત થયો. રમા તેના શયનગૃહમાં બેસીને કાંઇ લખતી હતી. જો કે રજા લીધા સિવાય એક અબળાના શયનગૃહમાં જવું એ નિયમ વિરુદ્ધ હતું; છતાં પરમ દિવસે તેણે એ નિયમનો ભંગ કરેલો હોવા છતાં રમાએ એ માટે

તેને કશો ઠપકો આપેલો નહિ હોવાથી આજે પણ તેણે એ નિય. મનો ભંગ કર્યો. એકાએક તેને પોતાની પાસે આવેલો જોઇ રમા. સુંદરી શર્માઇ ગઇ; છતાં એનો ઠાઠમાઠ જોઇ તે મંત્રમુગ્ધા બની ગઇ. બન્ને વચ્ચે શિષ્ટાચારની વાત થયા પછી બન્ને જણાં એકબીજાંની સ્હામે ખુરસીપર બેઠાં.

કેમ ? આજે આ સમયે કેમ આવવું પડ્યું ? વર્તમાન તો કુશળ છે ને ?" રમાસુંદરીએ પૂછ્યું.

" હવે કુશળતા આપના આધારપર છે. ગઇ કાલે તમને મળ્યા પછી હું ઘેર ગયો ત્યારે એક વિષયના શુભ સમાચાર મ્હારા જાણવામાં આવ્યા. એ સમાચાર સત્વર તમને જણાવવા જોઇએ; કેમકે તેમાં તમારું અને મ્હારું હિત છે. આજ સુધી નિર્ધનતાને લીધે હું તમારો સેવક થતાં શર્માતો હતો; કિન્તુ ઇશ્વરકૃપાથી એ ચિંતાનો અંત આવી ગયો છે. મ્હારા કાકા વિઠ્ઠલપ્રસાદ વડોદરામાં એક ધનાઢ્ય ગૃહસ્થ છે. તેમને એક પણ સંતાન નહિ હોવાથી તેમની અઢી લાખ રૂપિયાની સંપત્તિનો તેમણે મ્હને ઉત્તરાધિકારી બનાવ્યો છે. હું વકિલનો અભ્યાસ કરી શકું એવી વ્યવસ્થા પણ તેમણે કરી છે. હવે હું નિર્ધન નહિ; પણ ગર્ભશ્રીમંત છું. થોડા કાળમાં જ કાકાની સઘળી મિલકત મ્હને મળશે. વળી જો હું આજે ન આવ્યો હોત, તો તમે કદાચ પેલા બીજા યુવકની પ્રણયયાચના સ્વીકારી હોત, અને તેથી આપણી બન્નેની ઘણી હાનિ થાત."

" ધારો કે કદાચ આપ ન આવ્યા હોત તો આપની હાનિ થાત; પરંતુ મ્હારી શી હાનિ થવાની હતી ?" રમાસુંદરીએ પૂછ્યું.

" પહેલાં એ હકીકત હું તમને કહેવી ભૂલી ગયો હતો. તમારા

બીજા ઉમ્મીદવાર જયકૃષ્ણપ્રસાદની પ્રથમ સ્ત્રી અદ્યાપિ હયાત છે. જયકૃષ્ણપ્રસાદે એ વિચારીને મારી કૂટી બ્હાર હાંકી કાઢી છે. હમણાં જયકૃષ્ણપ્રસાદ એક કુળકલંકિની કુલટા–વેશ્યાની મોહજાળમાં ફસાઇ પડેલો છે; માટે તમને જેમ ઠીક લાગે તેમ વર્તજો." ગંભીરતાથી નલિનીકાન્તે કહ્યું.

" આ વિષયની સત્યતાનું આપની પાસે શું પ્રમાણ છે ? જો જો, મ્હને સહધર્મિણી બનાવવાની મહત્વાકાંક્ષાથી તમે મ્હારી પાસે કોઇની અસત્ય નિંદા કરશો નહિ." રમાસુંદરીએ સંશય પામીને કહ્યું.

આ વાક્યોના ઉત્તરમાં નલિનીકાન્તે રમાસુંદરીના હાથમાં એક પત્ર આપીને કહ્યું:–" લ્યો તમે એ અભાગિની અબળાનો આ પત્ર વાંચી જુઓ. તે પોતાના પતિની ઇચ્છા જાણી મુંબઇમાં આવેલી છે. કાંદાવાડીમાં મ્હારા એક મિત્રના મકાન પાસે એ ઉતરી છે. જો તમારી ઇચ્છા હશે તો તેની સાથે તમારી મુલાકાત થઇ શકે એવો બંદોબસ્ત હું કરીશ."

આ વાક્યોના ઉત્તરમાં કાંઇ કહ્યા સિવાય રમાસુંદરીએ હાથમાંનો પત્ર વાંચવા માંડયો:–

"વ્હાલી બ્હેન !

જો કે હું આપનાથી સર્વથા અપરિચિતા છું; છતાં એક આવશ્યકીય કાર્યવશાત્ હું આપને પત્ર લખવાનું સાહસ કરું છું. મ્હારા જાણવામાં એમ આવ્યું છે કે, મ્હારા પતિ સાથે વિવાહિતા થઇ આપ મ્હારી સૉક્ય બનવાને ઇચ્છો છો. તમે જ્ઞાની અને સુશિક્ષિતા સુંદરી છો; તેથી જે કાંઇ કરો તે ભવિષ્યનો સંપૂર્ણ વિચાર કરીને જ કરજો. આપને કયારે અવકાશ મળે તેમ છે તે લખી જણાવ-

વાની કૃપા કરશો તો પ્રત્યક્ષ મુલાકાત કરી હું મ્હારી સઘળી કર્મ-કથા આપને કહી સંભળાવીશ.

લિ. કૃપાભિખારિણી **પ્રમદાસુંદરીના** પ્રણામ."

પત્ર વાંચતાં જ રમાસુંદરીનો ભાવ બદલાઇ ગયો. ઘણા સમય સુધી તે વિચારમગ્ન સ્થિતિમાં જ બેસી રહી. કોણ જાણે કે આ વિષય સંબંધી તેણે પોતાના મનમાં શો વિચાર કર્યો ?! નલિનીકાન્ત તેના મુખભાવના દર્શનથી કાંઇ સમજી શક્યો નહિ; તેથી તેણે કહ્યું-" તમે આવી ગંભીર ચિંતામાં કેમ પડી ગયાં છો ? મ્હારો કશો અપરાધ તો નથી થયો ને ?"

" ના ના-આપ એવા વિચારને આપના અંતરમાં સ્થાન આપશો નહિ. અપરાધ સાથે આપનો શો સંબંધ છે ? હવે આપ એટલું અવશ્ય સ્મરણમાં રાખજો કે, મ્હને પત્ની તરીકે મેળવવાનો આપનો અધિકાર વૃદ્ધિંગત થયો છે." રમાસુંદરીએ ચંચળ દૃષ્ટિથી નલિનીકાન્તના મ્હોં તરફ જોઇ રહીને કહ્યું.

" આ વચનો સાંભળવામાં આવ્યાથી હવે મ્હારા મનમાં ઘણી આશા ઉપજી છે. તમારા મ્હોંપર ઘણી ઉદાસિનતા જોવામાં આવે છે. જો તમને અડચણ ન હોય તો એક ગ્લાસ મદ્ય લઇ લ્યો. એમ કરવાથી તમારી સઘળી ચિંતા ક્ષણ માત્રમાં જ દૂર થઇ જશે, તથા નીશામાં ગાનતાન પણ બરાબર જામશે." નલિનીકાન્તે કહ્યું.

" આપ હાર્મોનિયમપર ગાઇ શકો છો કે શું ?" રમાસુંદરીએ પૂછ્યું.

" હા; પરંતુ સુરાપાન કર્યા સિવાય સંગીતમાં બરાબર રંગ આવતો નથી."

" જુઓ, મ્હારા પિતા સુધારક છે. પૂર્વે અમારે ત્યાં કોઇ મ્હને

સ્પર્શ સુદ્ધાં કરતું નહિ; એને સ્પર્શ કરવામાં પણ પાપ સમજવામાં આવતું હતું; પરંતુ જ્યારથી પિતાએ જાતિબંધનનો ત્યાગ કર્યો છે ત્યારથી તેઓ ખુલ્લી રીતે મદ્યપાન કરવા લાગ્યા છે. તેઓ જ્યારે તેમના કેટલાક અંગ્રેજ મિત્રો તથા સુધારક સ્નેહીઓને પાર્ટી આપે છે ત્યારે પણ મદ્યનો મુક્તહસ્તે ઉપયોગ કરવામાં આવે છે. જો કે મદ્ય નહિ પીવાની પ્રતિજ્ઞા મ્હેં કરેલી નથી; પરંતુ સ્વભાવતઃ તેના પર મ્હને તિરસ્કાર કેમ ઉપજે છે એ હું સમજી શકતી નથી. જ્યારે જ્યારે હું મદ્યપાન કરું છું ત્યારે બે દિવસ સુધી મ્હારું મસ્તક દુઃખે છે અને હું બરાબર અભ્યાસ કરી શકતી નથી.”

“જો તમે સોડાનું મિશ્રણ કરી મદ્યપાન કરવાનો મ્હાવરો રાખશો તો તમારું મસ્તક બિલકુલ દુઃખશે નહિ; ઉલટો એથી તમને વિશેષ આનંદ થશે.” નલિનીકાન્તે કહ્યું.

રમાસુંદરીના શયનગૃહમાં મદ્યની એક પણ બૉટલ નહિ હોવાથી તે તેના પિતાના ગૃહમાંથી એક બૉટલ લઇ આવી. પછીથી નોકરને મોકલી તેણે બે સોડા અને આઇસ મંગાવ્યો. બન્ને જણાંએ વીસમી-સદીની સભ્યતાનુસાર સ્વાસ્થ્યપાન કર્યું. પ્રેમના સંબંધથી તેમણે પોતાનાં પાન પાત્રો અદલબદલ કર્યાં. ધીમે ધીમે સુરાસુંદરીની ઉત્તે-જનાથી બન્ને જણાંને નશો ચઢવા લાગ્યો. પછીથી બન્ને જણાંએ હાર્મોનિયમને યથાસ્થિત ગોઠવ્યું. પ્રથમ સરગમ બજાવી સ્વર ઠીક કરવામાં આવ્યા. પછી રમાસુંદરીની ઇચ્છાને આધીન થઇ નલિની-કાન્ત ગાવા લાગ્યો:—

યક માર પલક દિખલાકે ઝલક જોબનકી;
લે ગઇ કરેજા કાઢિ નોંક નૈનનકી.
આલમસે આલા દિયા નૂરતાલા હય,

કયા બની ઠની દિલરૂબા અજબ બાલા હય;
કિતનોંકો અદા દિખલાકે કહીં ડાલા હય,
કિતનોંકો માર દિલ ઘાયલ કર ડાલા હય.

હય ચ'ચલ ચપલ ચલાક ચતુર હરકનકી,
લે ગઇ કલેજા કાઢિ નોંક નૈનનકી.

એંદી બેસર લટકન કિ લટક લટકાતી,
બાલી બાલા જોબનકી ઝલક ઝલકાતી;
લટ લટકાકે લટકા લટકા દિખલાતી,
રંફતારમેં સો સો બાર કમર ખમખાતી.

કલસે એકલ કર ગઇ ચોપ ચિતવનકી,
લે ગઇ કલેજા કાઢિ નોંક નૈનનકી.

સિર સજે ચૂનરી સુર્ખ સોફિયાની હય,
ચોલી ફુલવરકી ચમક દમકધાની હય;
સારી સાટનકી ફબન આસમાની હય,
નૌજવાઁ સરાપા નાજૂક નૂરાની હય.

ગુલબદન ગલે ગુલહાર બડી હીરનકી,
લે ગઇ કલેજા કાઢિ નોંક નૈનનકી.

કયા પરી પડી ઇસ ઘડી નજર બસ્તીમેં,
છબી અજબ નાજ અન્દાજ ભરી મસ્તીમેં.
પેશાની શાની નહીં હુસ્ન હસ્તીમેં
કુલ કિયે ઇશ્ક બીમાર મગર ગસ્તીમેં.

કયા કહું યાર દિલદાર હકીકત મનકી,
લે ગઇ કલેજા કાઢિ નોંક નૈનન કી.

હાર્મોનિયમપર સ્ફુર્તિથી ચાલતી નલિનીકાન્તની આંગળીઓ, તેનો આકર્ષણીય રાગ, અને ગાવાની ઉત્તમ પ્રકારની ઢબ જોઇને તેમજ તેનું સૌન્દર્ય જોઇને રમાસુંદરી પોતાને સંભાળી શકી નહિ; તેણે નલિનીકાન્તનું સંગીત સાંભળી તેની પ્રશંસા કરીને તેના તરફ એક કાતિલ કટાક્ષ ફેંકયો. પછીથી તે હાર્મોનિયમને પોતાની પાસે ખેંચી લઇને ગાવા લાગી. એ નવયુવતી નાજનીનપર નલિનીકાન્ત મુગ્ધ બની ગયેલો હોવાથી તેના મનહર સંગીતે નલિનીકાન્તના અંતરમાં જાદુઇ અસર કરી. તેનું સંગીત સાંભળવામાં આવતાં નલિનીકાન્તનું હૃદય પાણી પાણી થઇ ગયું. રમાસુંદરીએ ગાયું કેઃ—

"મોહન, ત્હારી સુંદર સુરત નાજુક જીવને જાદુ કરે રે;
કાચા સુતરને તાંતણે તાણી પ્રેમ કેદમાં કેદ પૂરે રે. મોહન૦
ભોળી સુરતમાં ફંદ આ કયાંના ધુતારાના ઢંગ!
મંતર જંતર જાદુ સમાવા મદનની ચેલી હું તો બની રે. મોહન૦
આ દિલ બુલબુલ અજબ ખુબીથી લોભ લગાડી બાંધી લીધું રે.
ભુખ્યું તરસ્યું શીદને રીબાવે કહે કાંઇ ત્હારું ખાધું પીધું રે. મોહન૦"

એ સંગીત સમાપ્ત થતાં રમાસુંદરી પુનઃ બીજું એક સંગીત ગાવા લાગીઃ—

"બંસરી બજાવી ગયો, મોહિની લગાડી ગયો,
મોહન મ્હારો વ્હેની મ્હારી, કહે કયાં છુપાઇ ગયો? બંસરી૦
પ્રેમબાણુ, રામબાણુ કામબાણુ મારી ગયો,
હાય રે હૃદય મ્હારું મનહર હરી ગયો! બંસરી૦
ચુમીને ચુમાવી ગયો, અંતરમાં વસી રહ્યો,
સંગે હસ્યો રમ્યો ફર્યો, છતાં કયાં છુપાઇ ગયો?! બંસરી૦

નશાના ઉત્તેજનાથી બન્નેનો સંગીત પ્રત્યેનો અનુરાગ વૃદ્ધિંગત થઇ ગયો. તેમણે ઉભયે ક્રમાન્વયે ઘણી ચીજો લલકારી. વચ્ચે વચ્ચે મદ્યપાનનો વ્યવસાય પણ ચાલૂ થયો. સંગીતનો વ્યવસાય સમાપ્ત થઇ ગયા પછી ઉત્તેજનાને આધીન થઈ નલિનીકાન્ત બોલી ઉઠયોઃ—

"બુલબુલકી જિન્દગી, ગુલ ઔર ગુલજાર દેખના;
અય મેરી જિન્દગી, તેરા દીદાર દેખના.
લગ જા ગલેસે તબ અબ આયે નાજની નહિ,
હય હય ખુદા કે વાસ્તે મત કર નહિ નહિ.

રમાસુંદરિ ! બુલબુલ જેવી રીતે સુગંધિત પુષ્પની પ્રાપ્તિ થાય છે, અને બીજું કાંઇ પ્રાપ્ત કરવાને ઇચ્છતું નથી તેવી જ રીતે તમારા આ સુંદર મુખ અને મનહર નેત્રયુગલના દર્શનથી હું પરમ આનંદિત થાઉં છું." આમ કહી નલિનીકાન્તે આવેગમાં ને આવેગમાં જ રમાસુંદરીના ગાલપર ચુંબન કર્યું. રમાસુંદરીના અંગમાં પણ આ સમયે મદનજ્વાળા સળગી ઉઠી હતી. તેણે નલિનીકાન્તના ચુંબનનું પ્રતિદાન ચુંબનદ્વારા જ આપ્યું.

રાત્રિનો વિશેષ સમય થવાથી નલિનીકાન્ત ઘર તરફ જવા માટે ઉઠયો. પછી તેણે રમાસુંદરી સાથે હસ્તધૂનન કરીને કહ્યુંઃ—

"કેમ મહાશયા ? હવે તો હું તમને મ્હારાં પ્રાણેશ્વરી કહી શકીશ ને ? હવે આપણો વિવાહ સત્વર થઇ જાય એવો પ્રયત્ન કરો કે જેથી આપણા દિવસો સુખમાં પસાર થાય."

"હવે વિવાહમાં બાકી શું રહ્યું છે. કોર્ટશિપ થઇ એટલે વિવાહ જ થયેલો સમજવો." રમાસુંદરીએ કટાક્ષ ફેંકીને કહ્યું.

"છતાં લોકલજ્જાને આધીન થઇ વિવાહ કર્યા સિવાય આપણે દાંપત્યસુખ અનુભવી શકીશું નહિ." નલિનીકાન્તે અધીરતા દર્શાવી.

"પ્યારા! આપ આમ અધીરા ન બની જાઓ. હું વખત જોઇને પિતાજીને કહીશ. જો કે મ્હારા આ પ્રસ્તાવથી તેઓ અપ્રસન્ન તો થશે જ; પરંતુ હું શું કરું? હવે પતિ સિવાય મ્હારાથી રહી શકાતું નથી. વળી મ્હારા પિતા સુધારક હોવાથી સ્વયંવરા થવાનો-ઇચ્છિત પતિને પરણવાનો મ્હને સંપૂર્ણ અધિકાર છે." રમાનાં આ વચનો સાંભળી પ્રસન્ન મુખે નલિનીકાન્ત તેની પાસેથી વિદાય થયો.

પ્રકરણ ૧૯ મું.

ઠાકોર જાલિમસિંહ.

હવે એક વખત આપણે માલતીની સ્થિતિનું દર્શન કરી આવીએ. તેનું પ્રમોદકુમાર સાથે લગ્ન થઇ ગયાને એક વર્ષ થઇ ગયું હતું. હવે તે ઘણોખરો સમય પતિની પાસે જ રહેતી હતી. સૌભાગ્યનો વિષય એ હતો કે, હજી સુધી વૃદ્ધ હરિપ્રસાદનો બ્રહ્મશાપ સફળ થયો નહોતો. માલતી પતિના સહવાસમાં સુખપૂર્વક પોતાનો કાળ પસાર કરતી હતી. આ સમય દરમ્યાન શાન્તિપ્રસાદ પણ બી. એ. ની પરીક્ષા પસાર કરી એક અંગ્રેજી સ્કૂલમાં અધ્યાપક તરીકે માસિક રૂપિયા પચાસના પગારથી જોડાયો હતો. હમણાં પ્રમોદકુમારનો પગાર પણ વધીને ચાળીશ રૂપિયા થયો હતો. તેણે એક નવી નોકરી મેળવવા માટે અરજી કરેલી હતી. એ અરજી વર્ત્તમાનપત્રમાં છપાયલી એક જાહિરખબરપરથી તેણે કરી હતી. કાઠિયાવાડમાં આવેલા શ્યામગઢ રાજ્યના ઠાકોરને ત્યાં એક પ્રાઇવેટ સેક્રેટરીની જરૂર હતી. એ જગ્યાનો પગાર દર માસે

રૂપિયા પોણોસો હોઇ, બોર્ડિંગ અને લૉજીંગ ખરચ ઠાકોર તરફથી આપવામાં આવતું હતું. શાન્તિપ્રસાદની સલાહ લીધા પછીથી જ પ્રમોદકુમારે એ જગ્યા મેળવવા માટે પંદરેક દિવસથી અરજી કરી હતી, તથા પોતાની અરજીનો શો ઉત્તર આવે છે એની આશામાં તે પોતાનો વખત પસાર કરતો હતો.

લગભગ બીજું એક અઠવાડીઉં વીતી ગયા પછી પ્રમોદકુમારને તેની અરજીનો ઉત્તર મળ્યો. તેની અરજી મંજુર કરવામાં આવી હતી. આ ઉત્તર વાંચી તે ઘણો પ્રસન્ન થયો. શાન્તિપ્રસાદ એ દિવસથી સાણંદ ગયેલો હોવાથી તેના આવતા સુધી નવી નોકરીપર ક્યારે જવું, ઑફિસમાંથી ક્યારે છૂટા થવું વગેરે વિષયોનો તે નિર્ણય કરી શક્યો નહોતો.

માલતી હવે ઉમ્મર લાયક થએલી હતી. નવયૌવનથી તેનું અંગ પ્રત્યંગ વિશેષ મનોહર બન્યું હતું. તેની દેહલતાએ મનોરમ સૌન્દર્ય ધારણ કર્યું હતું. પતિને તે પ્રભુ સ્વરૂપ સમજી રાત્રિ દિવસ તેની સેવા કરવામાં જ તે સુખ અનુભવતી હતી. પ્રમોદકુમારની વાંચનપ્રિયતાએ ધીમે ધીમે માલતીના મનમાં પણ સંચાર કર્યો હતો. પતિએ પસંદ કરી આપેલાં પુસ્તકો તે અવકાશના સમયે વાંચતી હતી.

બપોરે ભોજન કરતી વખતે પ્રમોદકુમારે માલતીને પોતાની અરજી મંજૂર થયા સંબંધીની હકીકત કહી સંભળાવી. એ હકીકત સાંભળવામાં આવ્યાથી માલતીને પણ ઘણો આનંદ થયો. પ્રથમ તો પ્રમોદકુમારે શ્યામગઢ એકલા જવાની ઇચ્છા દર્શાવી; પરંતુ માલતીનો આગ્રહ થવાથી અંતે તેણે તેને પોતાની સાથે લઇ જવાની વાત કબૂલ કરી.

વાંચકબંધુઓ ! પ્રમોદકુમાર અમદાવાદનો ત્યાગ કરી શ્યામગઢ જાય તે પૂર્વે જ આપણે ચાલો ત્યાંનું દિગ્દર્શન કરી આવીએ. શ્યા-

મગઢ કાઠિયાવાડમાં આવેલું એક દેશી ન્હાનું રાજ્ય હોઈ તેનું વાર્ષિક ઉત્પન્ન ત્રણ ચાર લાખ રૂપિયાનું હતું. રાજ્યનું ખરચ પણ વર્ષે દિવસે દોઢ બે લાખ રૂપિયાનું હતું. હમણાં શ્યામગઢનો જે ઠાકોર હતો તેનું નામ જાલિમસિંહ હતું. જાલિમસિંહ રજપૂત હતો. પૂર્વજોના સમયથી શ્યામગઢના રાજ્યનો તે ઉત્તરાધિકારી હતો; છતાં જાલિમસિંહ તેના પૂર્વજોના જેવો જંગબહાદુર, શૂરવીરશિરોમણિ કિંવા આદર્શ ઠાકોર નહોતો. મૌજ શૉખ, વિલાસ વિભવ, વ્યસન વ્યભિચાર વગેરે મનુષ્યજીવનની સર્વાંશે અધોગતિ કરનારા દુર્ગુણોની તે એક ખાણુ સ્વરૂપ જ હતો. સુરા અને સુંદરી સિવાય એક ક્ષણ માટે પણ તેને ચેન પડતું નહોતું. તેના આવા દુર્ગુણોથી પ્રજાજનો પણ રાત્રિ દિવસ શંકિત, ભયભીત અને ચમકિત રહેતાં હતાં. કોઇ પણ મનુષ્ય એક ક્ષણ માટે શાન્તિ ધારણ કરી શકતું નહિ. ઠાકોર જાલિમસિંહના જનાનખાના કિંવા અંતઃપુરમાં સાત સુંદરીઓ તેની સહધર્મિણી રૂપે રહેતી હતી. આમ હોવા છતાં તેમના સહવાસથી જાલિમસિંહની વાસના પરિતૃપ્ત થતી નહિ. ભોગી ભ્રમર જેવી રીતે ક્રમાન્વયે પુષ્પોનો રસ અને સુગંધિ હરી લઇ નવવિકસિત પુષ્પ તરફ આકર્ષાય છે તેવી જ રીતે જાલિમસિંહ પણ નવી નવી નવયૌવનાઓના સ્નેહસુધાનું પાન કરવાને રાત્રિ દિવસ વ્યાકુળ રહેતો હતો. તેના અધિકારીઓ પણ ખુશામદીઆ હતા. વારંવાર 'ખમા બાપુને—બાપુ તો આ કળિકાળમાં સાક્ષાત ધર્માવતાર છે.' એવાં વચનો તેઓ ઉચ્ચારી, ખુશામદ કરી પોતાનું પેટ ભરતા હતા.

ઠાકોર જાલિમસિંહના કારભારીનું નામ કામેશ્વરપ્રસાદ હતું. કામેશ્વરપ્રસાદ પ્રથમ તો શ્યામગઢની ગુજરાતી નિશાળનો એક મુખ્ય શિક્ષક હતો; પરંતુ તેની સૌભાગ્યવતી સહધર્મિણી રતિસુંદરીનું જ્યા-

રથી તેના સંસારમાં આગમન થયું ત્યારથી તેનો ભાગ્યોદય થયો હતો ! રતિસુંદરી તેના નામ પ્રમાણે જ સૌન્દર્યમાં સાક્ષાત રતિના જેવી જ હતી. તેનું અલૌકિક રૂપ લાવણ્ય જોતાં કામી પુરુષોનાં કાળજાં વીંધાઇ જતાં હતાં. તે જ્યારે શ્વસુરપક્ષમાં કિંવા પતિગૃહમાં આવી ત્યારે તે ષોડશી હતી અને કામેશ્વર ચાળીસ વર્ષની ઉમ્મરનો હતો. કામેશ્વર અને ષોડશી રતિસુંદરીની ઉમ્મરમાં આવું વૈષમ્ય હોવાથી પતિપત્નીના અંતરનું બરાબર મિલન થયું નહોતું. રતિસુંદરી કામેશ્વરની બીજા પક્ષની પત્ની હતી. કામેશ્વર જાતે બ્રહ્મક્ષત્રિય હતો.

જ્યાં સૂધી પતિપત્નીના મનનું મિલન થતું નથી ત્યાં સૂધી તેઓમાંથી કોઇ સંસારમાં સુખ ભોગવી શક્તું નથી. વળી ઉચિત ઉમ્મર સિવાય મનનું મિલન કદાપિ થઇ શકતું નથી. ઉમ્મરની સાથે સાથે મનુષ્યની ચિત્તવૃત્તિનું પણ નિરંતર પરિવર્તન થયા કરે છે. જે આચારની કલ્પનાથી વૃદ્ધા નારી કંપી ઉઠે છે તેજ આચારની કલ્પનાથી યુવતી માત્ર શર્માઇ જાય છે. આ કારણથી વયસના કિંવા ઉમ્મરના ઐક્ય સિવાય માનસિક મિલન થઇ શકતું નથી. તેથી જ તરુણ પત્નીથી પ્રૌઢ અથવા વૃદ્ધ સ્વામીને જેવું સંકટ હોય છે તેવુંજ સંકટ વૃદ્ધ પતિ કિંવા પ્રૌઢ પતિથી નવયુવતી ભાર્યાને હોય છે.

રતિસુંદરી પણ મનમાં ને મનમાં કામેશ્વરપ્રસાદથી અતૃપ્ત રહેતી હતી. એક દિવસે સ્હાંજે તે સુંદર વસ્ત્રો પહેરી, રસ્તે જતા યુવકો તરફ વિહ્વળ દૃષ્ટિથી જોતી જોતી દેવદર્શન (!) કરવા જતી હતી. એવામાં એ રસ્તેથી ઠાકોર જાલિમસિંહની ઘોડાગાડી નીકળી. જાલિમસિંહ બ્હાર ફરવા જતો હતો. આ સમયે તેણે નવયુવતી રતિસુંદરીનું દર્શન કર્યું. દર્શન થતાં જ તે વિસ્મિત અને વ્યાકુળચિત્ત બની ગયો. આ ચતુર્ચક્ષુના મિલનથી ઠાકોરની મુખમુદ્રાપર જે પરિવર્તન

થયું તે કુળકલંકિની રતિસુંદરીથી ગુપ્ત રહ્યું નહિ. તે વિચારમગ્ન ચિત્તે દેવાલય તરફ ચાલી ગઇ તથા ઠાકોરની ગાડી પણ દૃષ્ટિથી દૂર થઇ.

ગાડી ગામ બ્હાર નીકળી પડી એટલે ઠાકોરે ગાડીવાનને પૂછી જોયું તો તેને માલૂમ પડયું કે, એ સુંદરી શ્યામમદની નિશાળના શિક્ષક કામેશ્વરપ્રસાદની પત્ની છે. એ દિવસ તેણે અસ્થિર ચિત્તે પસાર કર્યો. બીજા દિવસે તેણે કામેશ્વરપ્રસાદને પોતાને ત્યાં બોલાવી એકાન્તમાં તેની મુલાકાન્ત લીધી. એ મુલાકાત પ્રસંગે તેણે કામેશ્વરની વિદ્યાબુદ્ધિની પ્રશંસા કરી તેને પોતાની કચેરીમાં નોકરી આપવાની તથા રાજકુટુંબમાં પોતાનાં સંતાનોને શિક્ષણ આપવાની વાત કહી. પગાર પણ પુષ્કળ આપવાનો લોભ દર્શાવ્યો. અંતે લોભી કામેશ્વરપ્રસાદે ઠાકોરની પ્રપંચજાળમાં ફસાઇ પડી તેની વાત સ્વીકારી તથા તે ઠાકોરની કચેરીમાં નોકર તરીકે જોડાયો. આમ થવાથી ધીમે ધીમે રતિસુંદરીએ પણ ઠાકોરના મહાલયમાં આવજા કરવા માંડી, અને ધીમે ધીમે એ મદનમદાંધીના કુલટા કામિનીએ પોતાના રમણી જીવનનું સકળ સર્વસ્વ-સતીત્વ જાલિમસિંહના ચરણોમાં ઉત્સર્ગ કર્યું. કાળક્રમે તેણે ઠાકોરને સમજાવી પોતાના પતિને કારભારી બનાવડાવ્યો. રતિસુંદરીની આ હકીકત કેટલાંક માણસો જાણતાં હતાં; છતાં જાલિમસિંહના ભયથી તત્સંબંધી તેઓ એક પણ અક્ષર ઉચ્ચારી શકતાં નહિ. પાછળથી આ વિષય કામેશ્વરપ્રસાદના જાણવામાં પણ આવ્યો; છતાં હવે એ વિષયનો તે પ્રતિકાર કરવાને સર્વાંશે અશક્ત હતો. તે સઘળું જાણતો હોવા છતાં હવે નિરુપાયે આંખ આડા કાન કરતો હતો! આ વિષયનો વિસ્તારથી ઉલ્લેખ કર્યો છે તેનું પ્રયોજન એ છે કે વાંચકબંધુઓ સહેલાઇથી જાલિમસિંહના ચારિત્ર્યને સમજી શકે.

ઉપરની સઘળી પરિસ્થિતિથી આપણો પ્રમોદકુમાર સર્વાંશે અજ્ઞાત હતો; નહિ તો તે કદાપિ જાલિમસિંહની નોકરી મેળવવા માટે અરજી કરત નહિ. યથા સમયે તે માલતી સાથે શ્યામગઢ આવી પહોંચ્યો. તેના માટે જાલિમસિંહે અલગ મકાનની અને નોકર ચાકરની વ્યવસ્થા પ્રથમથી જ કરી રાખેલી હોવાથી તે શ્યામગઢમાં આવીને પોતાના અલગ મકાનમાં માલતી સાથે રહેવા લાગ્યો તથા બીજા દિવસથી તેણે પોતાનું કામકાજ સંભાળી લીધું.

પ્રકરણ ૨૦ મું.

માયાપ્રાબલ્ય.

કાન્તિપ્રસાદ હમ્મેશાં યથા સમયે રમાસુંદરીને શિક્ષણ આપવા જતો હતો. પ્રારંભમાં બે ચાર દિવસ સુધી બન્ને જણાં એક બીજાંથી શર્માતાં હતાં; પરંતુ ધીમે ધીમે એ શર્મ, સંકોચ વગેરે દૂર થઇ ગયું. રમાસુંદરી ક્રમે ક્રમે કાન્તિપ્રસાદના મુખેથી જ આજ સુધીનું તેનું જીવન વૃત્તાંત સાંભળી લીધું. તેણે જ્યારે એમ સાંભળ્યું કે, કાન્તિપ્રસાદ પાસે પચાસ હજાર રૂપિયાની મિલ્કત છે ત્યારે તો તેણે તેના પ્રતિ વિશેષ સ્નેહ દર્શાવવા માંડયો. નાલનીકાન્તપરથી તેનું ચિત્ત ઉઠી ગયું. આવા વિદ્વાન્, શ્રીમાન્ અને રસિક યુવકને જ પોતાનો સંસારસહચર બનાવવાની અને ભિખારી મંજુના જીવનને દુઃખમય બનાવી દેવાની રાક્ષસી મહત્વાકાંક્ષા તેના અંતરમાં ઉપજી. જો કદાચ કાન્તિપ્રસાદ હાજર હશે અને નલિનીકાન્ત કોઇ દિવસ આવી પહોંચશે તો પોતાનો ભેદ ખુલ્લો થઇ જશે એમ વિચારી

તેણે એક એવે: પત્ર તેને લખી નાખ્યો હતો કે,

" મિ. નલિનીકાન્ત !

કેટલાંક અનિવાર્ય કારણવશાત્ હું તમારી સહધર્મિણી થઇ શકું તેમ નથી, તથા એ વિષયમાં પિતાજી સંમતિ આપે તેમ નથી તેથી નિરુપાયે મ્હારે તમને નિરાશ કરવા પડે છે. તમે બેલાશક અન્ય કોઇ પાત્રી શોધી કાઢશો, તથા નમ્રતાપૂર્વક હું તમને એવી પ્રાર્થના કરું છું કે, કૃપા કરી તમે મ્હારે ત્યાં આવશો નહિ. વિના કારણ મ્હારા પર લોકો કલંક મૂકે એવું જોવાની મ્હારી બિલ્કુલ ઇચ્છા નથી."

આ પત્ર મળતાં જ નલિનીકાન્ત નિરાશ બની ગયો હતો. હવે તેણે રમાસુંદરીને ત્યાં આવવું જવું બંધ કરી દીધું હતું.

સ્હાંજના ૭ વાગ્યા હતા. બારીઓમાંથી શીતળ વાયુ દિવાનખાનામાં આવતો હતો. રમાસુંદરી બારી પાસે ઉભી રહી આતુર દૃષ્ટિથી કાન્તિપ્રસાદના આગમનની રાહ જોઇ રહી હતી. તેણે પહેરેલી સાડી વાયુના જોરથી હાલી રહી હતી. મસ્તકપરના વાળ અપ ટુ ડેઇટ ફેશનથી સુગંધિ તેલ નાખીને ઓળેલા હતા. પાન ખાધેલું હોવોથી તેના અધરોષ્ઠ લાલચોળ બની ગયા હતા.

થોડા સમયમાં જ કાન્તિપ્રસાદ ગાડીમાં બેસી આવી પહોંચ્યો. તે હમ્મેશાં અપ ટુ ડેઇટ પોષાકમાં સજ્જ રહેતો હતો, બોસ્ટોક કંપનીના બુટ ચમચમ અવાજ કરી જાણે કે એક પ્રકારનો ગર્વ પ્રદર્શિત કરતા હતા.

કાન્તિપ્રસાદ જ્યારે રમાસુંદરીના ગૃહમાં ઉપસ્થિત થયો ત્યારે તેણે બારી પાસેથી તેની પાસે આવીને કહ્યું:—" પધારો માસ્તર સાહેબ ! હું ક્યારનીય તમારી રાહ જોયા કરું છું."

કાન્તિપ્રસાદે રમાસુંદરી સાથે હસ્તધૂનન કરીને કહ્યું:–" મ્હારા પર તમારી ઘણી કૃપા છે. કોણ જાણે કે શાથી સ્હાંજ પડે છે એટલે તરત તમારી પાસે આવવા મ્હારું મન પણ વ્યાકુળ બની જાય છે. વળી તમને અભ્યાસ કરાવ્યા પછી જ્યારે હું ઘેર જાઉં છું ત્યારે પણ મ્હારું મન બેચેન રહે છે. "

" કેમ ! ઘેર તો હમારાં સહધર્મિણી છે; એમના સહવાસથી તમને વિશેષ આનંદ થવો જોઇએ. પુરુષના સકળ સુખનો સમાવેશ વિદુષી પત્નીના સહવાસમાં જ થયેલો છે." રમાસુંદરીએ એક કાતિલ કટાક્ષ ફેંકીને કહ્યું.

" મ્હારી પત્ની વિદુષી નથી. બાયરન, બર્ન્સ, શેલી વગેરે ગ્રંથકારોની ફિલ્સુફીની ચર્ચા તે મ્હારી સાથે કરી શકતી નથી. તે એક ભોળી બાળિકા છે. અવકાશના સમયે તે રામાયણ, મહાભારત, સાવિત્રી આખ્યાન વગેરે ગ્રંથો વાંચે છે; આમ હોવાથી તે સ્નેહ કેમ દર્શાવવો એ જાણતી નથી. જ્યાં સુધી પત્ની પતિના અંતરની ભાવના સમજી શકતી નથી ત્યાં સુધી તે પતિને સુખી કરી શકતી નથી." કાન્તિપ્રસાદે કહ્યું.

" વારુ. તે સૌન્દર્યવતી છે કે "

" હા–બ્રહ્માએ તેને સુન્દરતા તો આપેલી છે; પરંતુ માનસિક સૌન્દર્ય સિવાય સારીરિક સૌન્દર્ય શા કામનું ? "

" માસ્તર ! તમે સુધારક વિચારો ધરાવો છો તો પછી તમે તમારી પત્નીનો ત્યાગ કરી બીજી કોઇ તમારી ઇચ્છાને અનુકૂળ થઇ પડે એવી કુમારિકા સાથે વિવાહ કેમ કરતા નથી ? "

" તમારું કહેવું ખરું છે; પરંતુ એક સ્ત્રી જીવતી હોવા છતાં બીજી સ્ત્રી પરણવાથી સંસાર ઘણો દુઃખમય બની જાય છે. " કાન્તિપ્રસાદે એક નિશ્વાસ મૂકીને કહ્યું.

"પરંતુ જો એમજ હોય તો તમે તમારી પત્નીને તેના પિયરમાં મોકલી દઇ અત્રે કોઇ કુમારિકા સાથે પુનઃ લગ્ન કરો તથા તેના સહવાસમાં તમારો સમય પસાર કરો." આ સમયે રમાસુંદરીના મ્હોં પર એક પ્રકારની ઉત્સુકતા જણાતી હતી. તેનાં આ વચનો સાંભળી કાન્તિપ્રસાદે કહ્યુંઃ—"તમારા કહેવા પ્રમાણે કરવાને હું તૈયાર છું; પરંતુ હું અહીંની સુધારક સોસાઇટીથી પૂર્ણ પરિચિત નથી તેથી નવવધૂ શોધી કાઢવામાં મ્હને મુસ્કેલી નડે તેમ છે."

"માસ્તર ! પ્રયત્નને કાંઇ અસાધ્ય નથી. થોડા દિવસથી તમને એક ગુપ્ત વાત કહેવાનો વિચાર હું કરું છું; કિન્તુ લજ્જાવશતઃ હું કાંઇ કહી શકતી નથી." આમ કહી રમાએ નીચું જોયું.

"રમાસુંદરી ! તમે શા માટે મ્હારાથી શર્માઓ છો ? તમારે જે કહેવું હોય તે બેલાશક કહો ?"

"માસ્તર ! જ્યારથી તમારી મનહર મુખમુદ્રા મ્હારા જોવામાં આવી છે ત્યારથી—"

રમાસુંદરી પોતાના વાક્યને પૂર્ણ કરી શકી નહિ. તે નીચું જોઇ બેસી રહી. કાન્તિપ્રસાદે વિહ્વળ બની જઇને કહ્યુંઃ-"મ્હને ચ્હાઓ છો, કેમ ?"

રમાસુંદરી નિરુત્તર રહી. કાન્તિપ્રસાદ કહેવા લાગ્યોઃ—"રમાસુંદરિ ! તમારા જેવીજ મ્હારી સ્થિતિ છે. મ્હારા અંતરમાં ઉત્પન્ન થયેલી પ્રણયવ્યથાની વાત હું તમને કહેવાનો જ હતો; પરંતુ એ વાત સાંભળી તમે કદાચ મ્હારા પ્રતિ તિરસ્કાર દૃષ્ટિથી જુઓ ! એવા ભયથી આજ સુધી હું કાંઇ કહી શક્યો નથી. જુઓ, તમારા મુખપર હાસ્ય જોવામાં આવતાં મ્હને એટલો બધો હર્ષ થાય છે કે, જેટલો હર્ષ ચંદ્રનાં કિરણોથી પ્રશાન્ત સાગરને પણ ન થાય ! લોહચુમ્બકને જોઇ

લોહના રજકણો તેને ભેટવાને જેટલી ત્વરાથી ખેંચાય તેના કરતાં સેંકડોગણી ઝડપથી મ્હારું હૃદય તમને ભેટવાને ખેંચાય છે. આજે મ્હારા અંતરની સ્થિતિનું મ્હેં તમારી પાસે વર્ણન કર્યું છે. પ્રાણેશ્વરિ! હવે શર્માઓ છો શા માટે? લ્યો હવે તમે પિયાના પાસે બેસીને એક સુંદર મનોમુગ્ધકર અને ચિત્તહર સંગીત ગાઓ."

લજ્જાવતી રમાસુંદરી પિયાના પાસે બેસી એક સંગીત ગાવા લાગી:—

"To me there is but one place, in the world
And that, where thou art; for wherever I be
Thy love doth seek its way into my heart
As well a bird into her secret nest.
Then sit and sing, sweet bird of beauty sing."

આ સંગીત ગાઇ રહ્યા પછી રમાસુંદરીએ કહ્યું:—"આપ પેલું સંગીત ગાઓ. એ સાંભળવાની મ્હારી ઘણી ઇચ્છા છે."

કાન્તિપ્રસાદે કહ્યું:—"બીજી બધી કવિતાઓ કરતાં શેલીની એક કવિતા મ્હને ઘણી સુંદર લાગે છે; તમે પણ એ અવશ્ય સાંભળી હશે:—

"We-are we not formed as notemes of music are,
For one another though dissimilar,
Such difference whithout discord as can make,
Those sweetest sounds in which all spirits shake,
As trembling leaves in a continuous air."

કાન્તિપ્રસાદ સંગીત ગાઇ રહ્યો એટલે રમાસુંદરીએ તેના સંગીતની ઘણી પ્રશંસા કરી. પછીથી બન્ને જણાએ સુરાસુંદરીનો સત્કાર

કર્યો. આવી રીતે મોહાંધ ભ્રમિતચિત્ત કાન્તિપ્રસાદ રમાસુંદરીની જાળમાં ફસાયો.

પુરુષ હોય કિંવા સ્ત્રી હોય, શિક્ષિત હોય કિંવા અશિક્ષિત હોય, પરંતુ જે મનુષ્ય કદાપિ સંયમનો અભ્યાસ કરતું નથી તેના અંતરમાં લાલસાગ્નિ સળગી ઉઠતાં તેની નિવૃત્તિ થતી નથી. જેમ જેમ સમય પસાર થતો જાય છે તેમ તેમ લાલસા વધતી જાય છે તથા ધીમે ધીમે તે ભયંકરથી પણ ભયંકર આકાર ધારણ કરે છે. માત્ર બ્હારની કેળવણીથી જ મનુષ્ય ઉન્નત થતું નથી. આદર્શ તેમજ માતાપિતાના શાસ્ત્રના સંકેતથી સંયમની કેળવણી નથી મળતી તો મનુષ્ય પશુથી પણ અધમાધમ થાય છે.

પ્રકરણ ૨૧ મું.

વજ્રાઘાત.

આ સંસારમાં કોઇ પણ પાપકાર્ય વિશેષ સમય સુધી ગુપ્ત રહી શકતું નથી. મધુ પતિના આચાર વ્યવહારથી પરિચિતા હતી; પરંતુ તે પતિને વિશેષ કાંઇ કહી શકતી નહિ. તે પોતાના મનમાં એવો જ વિચાર કર્યા કરતી હતી કે, સ્ત્રીજાતિએ પતિના સુખમાં શા માટે કંટકરૂપ થવું જોઇએ ? તેણે તો નિરંતર પતિના સુખમાં જ સુખી રહેવું જોઇએ. પતિની ચરણસેવા એજ સ્ત્રીજાતિનું મહદ્ સુખ છે. વિશ્વસંસારનો આનંદ એજ નારીનો આનંદ છે. સ્ત્રી જાતિને માત્ર પવિત્રતા અને કામકાજ જોઇએ. જેના અંતરમાં અનંત પ્રેમનો પ્રવાહ પ્રત્યેક ક્ષણે વહે છે, જે અચ્છેદ્ય પ્રેમ—

બંધનમાં પોતાના પતિને રાખી શકે છે તેણે પતિના વ્યવહારથી શા માટે દુઃખી થવું જોઇએ? પોતાનો પતિ જો અન્ય સ્ત્રીપર પ્રેમ કરીને સુખી થતો હોય તો પછી તેણે પતિના સુખમાં શા માટે બાધા કરવી જોઇએ? આવા વિચારો કરી મધુ પોતાના મનમાં ધીરજ ધારણ કરતી હતી; છતાં કેટલીક વખત તેના અંતરમાં એવા વિચારો પણ ઉપજતા હતા કે, પત્નીએ જ અધઃપતનના માર્ગે જતા પતિને સદુપદેશ આપી સુધારવો જોઇએ. જે સ્ત્રી પતિને પાપાચારી થતો જોઇ મૌનાવલંબન કરી સ્વસ્થ બેસી રહે છે એ સ્ત્રી પોતાના કર્ત્તવ્યથી પરાઙ્મુખ રહેલી જ કહેવાય છે.

રમાનો સહવાસ થયા પછી કાન્તિપ્રસાદ હમ્મેશાં મદ્યપાન કરીને સ્હાંજે ઘેર આવતો હતો. કેટલીક વખત મદ્યપાનની વિશેષ ઉત્તેજનાથી તે ઘેર આવી મધુ સાથે તકરાર કરતો હતો; તો કોઇ વખતે તેના પ્રત્યે અપાર પ્રેમ દર્શાવતો હતો. પતિના આવા ભાવાંતરનું કારણ જાણવામાં આવ્યું ત્યારથી મધુ ઘણી દુઃખિતા રહેતી હતી. રાત્રે ભોજન તૈયાર કરી તે પતિની રાહ જોઇ બેસી રહેતી હતી; પરંતુ કાન્તિપ્રસાદ રાત્રિના દશ અગીઆર વાગ્યા સિવાય ઘેર આવતો નહિ.

શનિવારનો દિવસ હતો. વર્ષાઋતુનો દિવસ હોઇ મૃદુવૃષ્ટિ થતી હતી. ક્વચિત્ ક્વચિત્ ભીષણ મેઘગર્જના પણ થતી હતી. રાત્રિના લગભગ દશ વાગ્યા હતા. મધુ ભોજન તૈયાર કરી પતિની રાહ જોઇ બેસી રહી હતી. એવામાં લથડતો લથડતો કાન્તિપ્રસાદ ઘેર આવી એક ખુરસીમાં બેઠો. મધુએ તેના બૂટ કાઢી કપડાં ઉતાર્યાં તથા પતિની સ્થિતિ જોઇ તે એક ખુણામાં ચિંતાતુર ચિત્તે ઉભી રહી. થોડા સમય પછી તેણે પતિને ઉદ્દેશીને નમ્ર કંઠે કહ્યું:—" આજે આટલું

બધું મોડું કેમ થયું? હમણાં થોડા દિવસથી તમને ઘેર આવતાં વિલંબ થતો હોવાથી રસોઇ ઠંડી થઇ જાય છે. હવે જમવા ઉઠો."

આ વાક્યો સાંભળી કાન્તિપ્રસાદે કહ્યું:—"મ્હારે આજે જમવું નથી. ત્હારે જમવું હોય તો તું જમી લે."

"તમારે કેમ જમવું નથી? તબિયત બગડી છે કે શું?"

"ના—આજે મ્હને ભૂખ લાગી નથી; વળી આજે ચ્હા પણ વધારે પીવામાં આવી છે."

"સ્વામિન્! ઘણા દિવસથી તમને એક વાત કહેવાનો હું વિચાર કર્યા કરું છું; તમે મ્હારી વાત સાંભળશો કે?" આ શબ્દો ઉચ્ચારતી વખતે મધુનાં નેત્રોમાં બે અશ્રુબિંદુઓ તરી આવ્યાં હતાં.

"ત્હારે જે વાત કહેવી હોય તે કહી દે?"

"જુઓ સાંભળો, તમને ઉપદેશ આપવા જેટલું જ્ઞાન મ્હારામાં નથી; તમે વિદ્વાન્ છો. સઘળું સમજી શકો છો; છતાં શા માટે દિવસે દિવસે તમે તમારા મનુષ્ય જીવનને અધોગામી કરો છો?"

આ વાક્યો સાંભળી વિસ્મિત અને આશ્ચર્યચકિત બની જઇ કાન્તિપ્રસાદ મધુ તરફ જોઇ રહ્યો. મધુ કહેવા લાગી:—"સ્વામિન્! જે વસ્તુને સ્પર્શ કરવામાં પણ મહા પાપ છે, જે વસ્તુનો ઉપયોગ કરવામાં આવતાં મનુષ્ય પશુ કરતાં પણ અધમાધમ થાય છે, જે વસ્તુથી મનુષ્યના તનબદનની, દ્રવ્ય સંપત્તિની અને કુટુંબની પાયમાલી અને ખાનાખરાબી થાય છે એજ સુરાનું તમે પાન કરો છો એ અત્યંત શોકનો વિષય છે. એક કવિએ વ્યસન સંબંધી સત્ય જ કહ્યું છે કે,

'મોટા મોટા રાજા રાણા નશાથી પામ્યા છે નાશ,
ઇતિહાસમાંહી જેનાં નામ મશહુર છે;

ઉદેપુર રાણા તણો નિમિષમાં નાશ થયો,
ગયો ભડ ભુપ માર્યો, કેફ મહા ક્રૂર છે.
નથી કશો સાર એવું, જાણે છે સંસાર બધો,
તથાપિ અજ્ઞાની લોકો, મુખ તેમાં માંડે છે;
સુંદરજી કહે કૈંક કેફથી બેહાલ થયા,
વળી કેફ કરનાર ધર્મ કર્મ છાંડે છે.'

વળી એજ કવિ નશો કરનાર માટે વિશેષમાં લખે છે કેઃ—

'કેફ કરનાર તણી, સંગત ન કરો કદી,
ડરો દિલમાંહી તમે, કેફ કર્મ સંગથી,
લાગે સંગ રંગ અંગ, વળગે વ્યસન છંદ,
પછી નહિ થાય કદી, અળગું તે અંગથી;
કરે કોઇ મદ્યપાન, રહે નહિ શુદ્ધ સાન,
બને બહુ બુરા હાલ, અફીણ પીનારના,
ભંગી રંગી તણા પણ, અંતે થશે એજ હાલ,
સુંદર ન સંગી થશો ઝેરના પીનારના.

માટે પતિદેવ! આ અબળાની પ્રાર્થના સ્વીકારી હવેથી કદાપિ તમે એ પ્રાણહારક વસ્તુને સ્પર્શ કરશો નહિ. વ્યસની મનુષ્ય વિશ્વમાં નહિ કરવા જેવાં નીચ કાર્યો કરતાં પણ સંકોચાતો નથી. તમે ભણેલા ગણેલા છો; છતાં આવા કુમાર્ગે કેમ જાઓ છો એ હું સમજી શકતી નથી."

આ વચનો સાંભળવામાં આવતાં કાન્તિપ્રસાદે કહ્યુંઃ—મધુ ! હું ત્હારો ઉપદેશ સાંભળવાને ઇચ્છતો નથી. આ વીસમી સદીમાં ઘણા માણસો ઔષધાર્થે સુરા પીએ છે. જો સુરાપાનથી સ્ફુર્તિ આવે છે, થાકેલું ચિત્ત સ્વસ્થ થાય છે. વળી જો કોઇ સુધારક સોસાયટીમાં

ગયા પછી સુરાપાત્રને ઇન્સાફ આપવામાં નથી આવતો તો સોસાયટીમાં તિરસ્કૃત થવું પડે છે. શરાબ તો એક શાન્તિદાયક ઔષધ છે. વળી હું કાંઇ હદ ઉપરાંત શરાબ પીતો નથી. માફકસર પીવાથી કશું નુકસાન થવાનો સંભવ નથી. ”

“પ્રભુ! તમારા મુખમાં આવાં વચનો શોભતાં નથી. જે સોસાયટીમાં મદ્યપાનનો વ્યવસાય ચાલુ છે એ સોસાયટીને સુધારક કહી શકાય જ નહિ એ આજકાલનો સુધારો નહિ; પરંતુ રમણીય ભયંકરતા છે. એ સુધારો નહિ પરંતુ મનુષ્યજાતિને અધમાધમ બનાવે એવો કુધારો છે. જે સોસાયટીમાં ન્યાય, નીતિ અને ધર્મ હોતો નથી જે સોસાયટીમાં મનુષ્યની ઉન્નતિના પ્રાકૃત પ્રશ્નોની ચર્ચા થતી નથી તે સોસાયટી એ એક સ્વેચ્છાચારી મંડળ છે; એવા મંડળમાં જઇ સ્વેચ્છાચારી થવું એ કોઇ પણ રીતે મનુષ્ય જાતિને માટે શ્રેયસ્કર નથી જ.

સ્વામિન્! મદિરા એક ભયંકર વસ્તુ છે. એના સેવનથી શરીરની હાનિ થાય છે; એ માટેજ એક વિદ્વાને મદિરાપાનનો નિષેધ કરવાનો ઉપદેશ આપતાં જણાવ્યું છે કે,

“જાહોજલાલી આજ છે એવી સુરાના પાનની;
સંપત્તિ જેથી વિદેશે જતી અતિ હિન્દુસ્તાનની;
એ મદ્યથી હાનિ થતી, ધર્મ, પ્રતિષ્ઠા, માનની;
નિસ્તેજ મુદ્રા થાય છે, વળી દેશના અભિમાનની;
હે આર્યબંધો ધ્યાન છોડો એ સુરાના ગાનનું;
ગૌરવ વધારો વિશ્વમાં આ આર્યભુમિ સંતાનનું.”

“મધુ! આજે તું હદ ઓળંગીને બોલે છે. સતી સ્ત્રી કદાપિ પતિ તરફ તિરસ્કારયુક્ત દૃષ્ટિથી જોતી નથી. જે પ્રકારથી હું સુખી થતો હોઉં તે પ્રકારમાં તું વિઘ્નકારિણી થાય એ ઉચિત નથી. સારાસાર

કિંવા કલ્યાણાકલ્યાણનો વિચાર કરવા જેટલી અક્કલ મ્હારામાં છે.” કાન્તિપ્રસાદે મધુનાં વચનો તરફ દુર્લક્ષ્ય કરીને કહ્યું.

“નાથ! હું કદાપિ તમારા તરફ તિરસ્કારયુક્ત દૃષ્ટિથી જોઉં એ તમને શું સંભવિત લાગે છે?! ના ના—આપ એવા વિચારને આપના અંતરમાં સ્થાન આપશો નહિ. મ્હેં માત્ર મ્હારા ધર્મને અનુસરી મતને બે કહેવા જેવા શબ્દો કહ્યા છે; તેથી જો તમારો અંતરાત્મા દુઃખી થયો હોય તો એ માટે મ્હને ક્ષમા આપજો.” મધુએ નમ્રતાપૂર્વક કહ્યું.

પતિપત્ની પુનઃ થોડા સમય સુધી શાન્ત રહ્યાં. પછીથી મૌનનો ભંગ કરી કાન્તિપ્રસાદે કહ્યું:—“મધુ! ત્હારા સહવાસથી હું બિલકુલ સુખ અનુભવી શકતો નથી, એ તું જાણે છે કે?”

“સ્વામિન્! શું કરવાથી તમે સુખી થઇ શકો તેમ છો? તમે કહો તેમ કરવાને હું તૈયાર છું. જો આ પ્રાણ આપવાથી તમે સુખી થઇ શકો તેમ હો તો તે આપવાને પણ હું તૈયાર છું.” ગદ્દગદ કંઠે મધુએ કહ્યું.

“જો તું મ્હને સુખી કરવાને ઇચ્છતી હોય તો ત્હારે વારંવાર મ્હારી સાથે અપ ટુ ડેઇટ પોષાક પહેરી સોસાયટીમાં આવવું જોઇએ. ત્હારે જુના વિચારોનો સર્વાંશે ત્યાગ કરી નવીન સભ્યતાનુસાર વર્તવું જોઇએ.” કાન્તિપ્રસાદે કહ્યું.

આ વચનો સાંભળી ચમકી ઉઠીને મધુએ કહ્યું:—“સ્વામિન્! મ્હને મ્હારા અપરાધની ક્ષમા આપજો. તમે કહો છો એ પ્રમાણે હું વરતી શકું તેમ નથી. તમે વિચારી જુઓ કે, જે સ્ત્રીઓ ફેશનના પ્રવાહમાં તણાઇ, કહેવાતા સુધારાના મોહમાં અંજાઇ જાહિર સ્થળોએ શરમ અને સંકોચ રાખ્યા સિવાય ફર્યા કરે છે તેમનું ચારિત્ર્ય સારું

હોય છે કે? વળી એમ કરવાથી લાભ પણુ શો છો? હિન્દુ નારીએ પતિસેવા કરવી જોઇએ, દેવ દ્વિજમાં ભક્તિ રાખવી જોઇએ અને ગૃહકાર્યમાંથી નિવૃત્તિ મળતાં સદ્ગ્રંથોનું અધ્યયન કરવું જોઇએ. પુરુષ અને સ્ત્રીના કાર્યવ્યવસાયમાં ઘણો પ્રભેદ હોય છે–તેમની પ્રકૃતિનું બંધારણ પણુ એક બીજાથી જૂદું હોય છે." મધુએ યથાર્થ વચનો ઉચ્ચાર્યાં.

"જો મધુ! હું સારી રીતે સમજી શકું છું કે, ત્હારાથી હું આ જીવનમાં સુખી થઇ શકું તેમ નથી; તેથી સુખપ્રાપ્તિ માટે હું બીજી કોઇ સૌન્દર્યમયી વિદુષી કુમારિકા સાથે લગ્ન કરી તેને મ્હારી સંસારસહચરી બનાવીશ. એવી એક કુમારિકાને મ્હેં શોધી પણુ કાઢી છે. એ અંગ્રેજી તેમજ ગુજરાતી ભાષાનું સારું જ્ઞાન ધરાવે છે. સંગીતવિદ્યામાં તે નિપુણા છે. સ્નેહ કેમ કરવો તે એ સારી રીતે જાણે છે. મ્હારી સાથે વિવાહિતા થવાનું તેણે મ્હને વચન સુદ્ધાં આપ્યું છે." કાન્તિપ્રસાદે સારાસારનો વિચાર કર્યા વિના ઉત્તેજનાને આધીન થઇ અંતરોદ્ગાર કાઢયા. તેનાં આ વચનો સાંભળવામાં આવતાં મધુના મસ્તકપર જાણે કે વજ્રાઘાત થયો. તેનું મુખમંડળ ચિંતાની છાયાથી મલિન બની ગયું. ઘણા સમય સૂધી તે જ્યાં બેઠી હતી ત્યાં જ પાષાણુ પ્રતિમાની માફક બેસી રહી. તેને એમજ લાગ્યું કે પતિના વિચારો કદાપિ ફેરવી શકાય એવા નથી; તેથી તે ઘણા સમય પછી ચિંતાતુર ચિત્તે શય્યાવશ થઇ. આજે તેણે ભોજન કર્યું નહિ. કાન્તિપ્રસાદ પણુ રાત્રિ વિશેષ વીતેલી હોવાથી શય્યાવશ થયો, જો કાન્તિપ્રસાદે એવો વિચાર કર્યો હોત કે, સંસારમાં સ્ત્રી જાતિ સર્વ પ્રકારનું કષ્ટ સહન કરી શકે છે; પરંતુ તે પતિને પરસ્ત્રીગામી થયેલો જોઇ શકતી નથી તો આજે તે આવાં વચનો ઉચ્ચારત નહિ. તે સુધાનો

ત્યાગ કરી હળાહળનું પાન કરવાને વ્યાકુળ બની ગયો હતો. સ્વચ્છ જળ નહિ પીતાં પ્રાણહારક મૃગજળથી તૃષ્ણાને તૃપ્ત કરવાને ઇચ્છતો હતો. તેના અધઃપતનનો આવી રીતે આરંભ થઇ ગયો હતો.

પ્રકરણ ૨૨ મું.

બ્રહ્મહત્યાનો નિશ્ચય.

શ્યામગઢમાં આવી નોકરી કરતાં કરતાં પ્રમોદકુમારે છ માસ જેટલો સમય પસાર કરી નાંખ્યો. માલતી પણ પતિના સહવાસસુખમાં પોતાનો કાળ આનન્દપૂર્વક વ્યતીત કરતી હતી. કામેશ્વરપ્રસાદની કુલટા પત્ની રતિસુંદરી પણ ક્વચિત્ ક્વચિત્ માલતી પાસે આવતી અને ગપ્પાં હાંકતી હતી. ઠાકોર જાલિમસિંહે પણ એક વખત માલતીના મુખનું દર્શન કર્યું હતું. જે દિવસથી તેણે માલતીનું દર્શન કર્યું હતું ત્યારથી તેનું અંતર માલતીને કેવી રીતે મેળવવી એ સંબંધીની ચિંતા કર્યા કરતું હતું; રતિસુંદરીને જાલિમસિંહે વિવિધ પ્રકારે સમજાવી એવો લોભ દર્શાવ્યો હતો કે, યુક્તિ પ્રયુક્તિથી જો તું માલતી મ્હારા હાથમાં આવે એવો પ્રયત્ન કરીશ તો હું તને ઘણું સારું ઇનામ આપીશ. રતિસુંદરીએ માલતીને મેળવી આપવાનું બીડું ઝડપ્યું હતું; કિન્તુ હજી સુધી તે પોતાના કાર્યમાં સફળતા મેળવી શકી નહોતી. ઠાકોર જાલિમસિંહની અધીરતા દિવસે દિવસે વૃદ્ધિંગત થતી હતી.

સંધ્યાકાળ થયો હતો. ઠાકોર જાલિમસિંહ તેના વિશ્વાસુ સહચર ક્રૂરસિંહની સાથે એક એકાન્ત કિન્તુ મનોરંજક ગૃહમાં બેસી

સુરાપાન કરતો હતો. વિશેષ સુરાપાન થયા પછી ક્રૂરસિંહને ગાયિકા બોલાવી લાવવાની જાલિમસિંહે આજ્ઞા કરી. ગાયિકા સત્વર આવી પહોંચી. તેની ઉમ્મર વીશેક વર્ષની હોઇ તે અત્યંત સ્વરૂપવતી હતી. તેનાં ચંચળ નયનો ક્ષણે ક્ષણે કટાક્ષો ફેંકતાં હતાં. જાલિમસિંહની પાસે ઉપસ્થિત થતાંની સાથે જ તેણે નમન કરીને કહ્યું:–" આ દાસીને શો હુકમ છે ? "

" જીગર! ગાનતાન ચલને દો. કોઇ ઇશ્કકી ચીજ ઉડાવો." જાલિમસિંહે આજ્ઞા કરી, તથા એક સુરાપાત્ર ભરી તે તેણે ગાયિકાના હાથમાં આપતાં કહ્યું:–

અજબ શરાબે ઇશ્ક જાને જાન પીયો પીયો.
ફરિસ્તાનો પ્યારો શરાબ,
પ્રેમીનો એ ન્યારો શરાબ,
શરાબ શરાબ શરાબે—
પિયુએ પ્રીતિબીજ વાવીઉં, પાયું પ્રિયા જળધાર,
મહોબતની દ્રાક્ષ મીઠી મીઠી, થઇ લુમ લાખ હજાર;
પ્યારી પિયુ મળી ખેંચી પીધો અર્ક એ મૂલદાર,
દરકાર નહિ, બસ છો હવે પડતી ગળે તલવાર.
અજબ ગુલાબ, ગજબ સવાદ
મહોબતે શરાબે—"

ગાયિકા હાવભાવ દર્શાવી નૃત્ય કરતાં કરતાં કોયલકંઠે ગાવા લાગી કે:—

પીલા દે લાલા પ્યાલા મુઝકો એ રંગકા,
રંગ ઇશ્ક રંગકા..............પીલા દે.
યૌવન શરાબ હય, પીનેકા પ્યાર હય,

આ તો ઇશ્કકા બાજાર હય......પીલા દે.
યુવાની જાયે ચાલી, બેઠી હ્યો પ્રમદા વ્હાલી,
મૈંયને નિશા બેચેની ગાળી......પીલા દે.
જાલિમસિંહઃ—પ્યારી દિલદાર ત્હારા, નહિ એક ક્ષણુના ન્યારા,
ગાયિકાઃ—જીવનં આધાર મ્હારા.........પીલા દે.

"વાહ જાન વાહ–ખૂબ કિયા! અચ્છા. કોઇ દુસરી લહજ્જતદાર ચીજ ચલને દો." જાલિમસિંહ બોલી ઉઠયો.

"જેવી આજ્ઞા, મહારાજ." આમ કહી ગાયિકા એક ગ઼જ઼લ લલકારવા લાગીઃ—

ગ઼જ઼લ.

"મેરા ઘર કહાં ઉન્કે આનેકે ક઼ાબિલ;
બુલાઉં અગર હો બુલાનેકે ક઼ાબિલ–
કભી બોસા માંગા દહનકા તો બોલે;
ચલો તુમ નહીં મુંહ લગાનેકે ક઼ાબિલ–
ગ઼રજ઼ દહરસે હય ન ક઼ાબેસે હમકો;
કે સર હય તેરે આસ્તાને કે ક઼ાબિલ–
હઁસા મૈંય તો હઁસ કર કહા ઉસ્ને મુઝસે;
હુવે આપ ભી મુસ્કુરાને કે ક઼ાબિલ–
જનાજ઼ેપે મેરે કહા સબને ઉન્સે;
મસીહા હો તુમ, યે જિલાનેકે ક઼ાબિલ–
કહા ઉસને કુછ સોચ કર અપને દિલમેં;
યે ફિત્ના નહીં હય જગાને કે કાબિલ–
કહા કુછ જો મયઁને તો બોલે વો સફ઼દર;
હુવે તુમ ભી બાતેં બનાનેકે ક઼ાબિલ–

આવી રીતે ઘણા સમય સુધી ગાનતાન, સુરાપાન તથા નૃત્ય વગેરેનો વ્યવસાય ચાલ્યા પછી ગાયિકાને વિદાય કરવામાં આવી. એ ગાયિકાને માસિક પગાર આપવામાં આવતો હોઇ તેનું ખોરાકી, કપડાં લત્તાં વગેરેનું ખરચ ઠાકોર જાલિમસિંહ જ આપતો હતો. પગાર ઉપરાંત પણ કેટલીક વખતે ગાયિકાને જાલિમસિંહ પાસેથી સારી રકમો પારિતોષિક તરીકે મળતી હતી. એ ગાયિકાનું નામ કળાવતી હતું. થોડાં વર્ષપર જાલિમસિંહ જ્યારે મુંબાઇ ગયો હતો ત્યારે ત્યાંથી પાછા ફરતી વખતે તે કળાવતી તેમજ તેની વૃદ્ધ માતાને પોતાની સાથે શ્યામગઢ તેડી લાવ્યો હતો. એ સમયથી માતા પુત્રી જાલિમસિંહના આશ્રયમાં જ રહેતાં હતાં. કળાવતી તથા તેની માતાના જીવનનો પૂર્વકાળનો ઇતિહાસ અત્યંત રહસ્યમય હોઇ અમે તેનું યથાર્થ વર્ણન આ નવલકથાના બીજા ભાગમાં યથાપ્રસંગે કરીશું.

ગાયિકાને વિદાય કર્યા પછી થોડો સમય શાન્ત રહીને જાલિમસિંહે ક્રૂરસિંહને ઉદ્દેશીને કહ્યું:-" ક્રૂરસિંહ ! હું તને એક અત્યંત ગુપ્ત તેમજ જોખમ ભરેલી વાત કહેવાને ઇચ્છું છું. ત્હારા જેવા વિશ્વાસપાત્ર અનુચર સિવાય એ વાત બીજાને કહી હું નિશ્ચિંત રહી શકું તેમ નથી."

" મહારાજ! આ ગુલામ નિરંતર આપની આજ્ઞાનુસાર વર્તવા તૈયાર છે. આપ જે કાર્ય સોંપશો તે જીવનું જોખમ ખેડીને પણ હું અવશ્ય પાર ઉતારીશ." અત્યંત નમ્રતાસૂચક સ્વરે ક્રૂરસિંહે કહ્યું.

" જો સાંભળ, આપણે પેલા બ્રાહ્મણ યુવક પ્રમોદકુમારને પોણોસો રૂપિયાના માસિક પગારની નોકરી આપીને આપણો કૃપાભિક્ષુક બનાવ્યો છે. એ યુવકની પત્નીનું નામ માલતી હોઇ તે વિશ્વસંસારમાં સુંદરતાનો અદ્વિતીય નમુનો છે. તેનું તેજોમય સૌન્દર્ય રંભા, મેનકા

અને ઉર્વશી આદિ સ્વર્ગીય અપ્સરાઓના સૌન્દર્યને પણ નિસ્તેજ બનાવી દે એવું મનોમુગ્ધકર છે. જ્યારથી મ્હેં તેને જોઇ છે ત્યાંરથી મ્હારા અંતરમાં ઇશ્કનો અગ્નિ સળગી ઉઠયો છે. એ સુરસુંદરીને સ્વાધીન કરી જ્યાં સુધી હું મ્હારી કામવ્યથા કરી શકીશ નહિ ત્યાં સુધી મ્હારા બેચેન જીવને રાહત મળશે નહિ. લાવ લાવ-દોસ્ત એક પ્યાલો શરાબ લાવ. માત્ર શરાબથી જ મ્હારી વ્યથા સહજ ઓછી થઇ શકશે.

'સાકિયા! તરસા ન તૂ એક બૂંદ પાની કે લિયે;
દિલ તડપતા હય શરાબે અર્ગવાનીકે લિયે
ફિર કહાં યે દોસ્ત હોંગે ઔર કહાં યે બજ્મે હૂર;
આ ગઇ પીરી તો રોયેંગે જવાનીકે લિયે;'

તરતજ સુરા પાત્રને ક્રૂરસિંહે ભરી આપ્યું. એ પાત્રને ઇન્સાફ આપી નશાની ઝૂમમાં આવી જઇને જાલિમસિંહે કહ્યું:—

"રૂસ્તમો બહેમન બનાતી હય શરાબ,
રંજ ઔર ગમસે છુડાતી હય શરાબ;
ઐસો ન શાત ચાહિયે હરદમ હુઝૂર હો,
દુન્યાં કે રંજો ગમ હોન બેફિકર હો;
સરમસ્તીયોંકા જલસેમેં આલમ જરૂર હો,
બેહોશીયોકા બજમમેં રંગે વુફુર હો;
મહેફિલમાં શોરે કુલ કુલે મીનાઓ મુલ હુવા,
લાસા કિયા શરાબકે, તોબાકા કુલ હુવા.

બસ શરાબ જ બેચેન જીવને રાહત બખ્સનાર સ્વર્ગીય ઔષધ છે."

"આપનું કહેવું યથાર્થ છે; કેમકે,

હમ હુએ પયદા જહાંમેં ખાને પીને કે લિયે;
યાકે જાહેદકી તરહ બેલુત્ફ જીને કે લિયે.

મહારાજ ! હવે આપ કૃપાપૂર્વક આપની અપૂર્ણ રહેલી વાતને પૂર્ણ કરો.” ક્રૂરસિંહે કહ્યું.

સાંભળ દોસ્ત ! રતિસુંદરીદ્વારા હું એમ જાણી શકયો છું કે, એ માલતી પોતાના પ્રાણ કરતાં પણ તેના પતિને વિશેષ ગ્હાય છે. મૃત્યુપર્યંત તે પોતાની સતીત્વનો ભંગ થવા દે તેમ નથી. બીજી તરફથી દિવસે દિવસે મ્હારું દુઃખ વધતું જાય છે. હવે કેવી રીતે એ ગુલે-ગુલાબ ગુલજારને આપણે સ્વાધીન કરવી ? તું કોઇ યુક્તિ બતાવી શકે છે ?” જાલિમસિંહે ઉત્તેજિત ભાવથી તથા એકાગ્રદષ્ટિથી ક્રૂરસિંહ તરફ જોઇ રહીને કહ્યું.

ક્રૂરસિંહે થોડા સમય સુધી પોતાના મન સાથે કાંઇ વિચાર કર્યા પછી કહ્યું:–“ મહારાજ ! માત્ર એક જ યુક્તિથી આપ એ સુંદરીને સ્વાધીન કરી શકો તેમ છો.”

“ શી યુક્તિ ?”

“ એજ કે જે કોઇ પણ રીતે તેના પતિના જીવનનો નાશ કરી શકાય તો જ એ સુંદરી આપની પ્રિયતમા થાય. જ્યાં સુધી એનો પતિ જીવતો હશે ત્યાં સુધી આપ તેને કાંઇ કરી શકો તેમ નથી. એના પતિની હયાતિમાં જો તેનાપર બળાત્કાર કરવામાં આવશે તો તેથી ઉલટી આપણી આબરુની પાયમાલી થશે. મ્હારા આ સ્પષ્ટ કથનમાં જો અવિવેક જણાતો હોય તો એ માટે ઉદારતાપૂર્વક આ સેવકને ક્ષમા આપજો.” ક્રૂરસિંહે ભયંકર યુક્તિનો સ્ફોટ કર્યો.

“ ના ના–દોસ્ત ! એમાં અવિવેક જેવું કાંઇ નથી. ત્હારું કહેવું તદ્દન સત્ય છે. એ મગતરાને મસળી નાખતાં આપણને કેટલી વાર લાગનાર છે ?

હવે એના પ્રાણનો નાશ કેવી રીતે કરવો તેનો નિર્ણય કરવાની જરૂર છે.” જાલિમસિંહે ક્રૂરસિંહના વિચારને સંમત થઇને કહ્યું.

“ જુઓ, અત્રે એનું ખૂન કરવાથી મામલો ગંભીર રૂપ ધારણ કરે એવો સંભવ છે, તેથી આપ કોઇ કાર્યનું કારણ દર્શાવી પ્રમોદકુમારને સાથે લઇ મુંબાઇ જાઓ. ત્યાં વાલુકેશ્વર ઉપર આવેલા આપણા બંગલામાં આપ ઉતરજો. એક દિવસ સૂધી ત્યાં રહ્યા પછી બીજા દિવસે તેને તેના ભોજનમાં જ ઝેર આપી દેવાની આપ વ્યવસ્થા કરજો. આપણી પાસે એવું પ્રાણહારક ઝેર તૈયાર જ હશે. તેને ઝેર આપી દીધા પછી તેનું મૃત્યુ થાય એટલે આપ તેના મૃતદેહને પત્થર સાથે બાંધી છુપી રીતે સમુદ્રના અગાધ જળરાશીમાં પધરાવી દેવાનો બંદોબસ્ત ઘણી જ સાવધાનતાથી કરજો. એમ કરવાથી તેનો મૃતદેહ પાણીપર તરી આવશે નહિ અને ખૂનનો વિષય કોઇ જાણી શકશે નહિ; છતાં આ કાર્ય વિશ્વાસપાત્ર માણસોના હાથે જ થવું જોઇએ. અહીંથી જ ચાર પાંચ વિશ્વાસુ અનુચરોને આપ આપની સાથે લઇ જજો.” ક્રૂરસિંહે કહ્યું.

“બરાબર છે—દોસ્ત ત્હારું બુદ્ધિબળ પ્રશંસનીય છે; પરંતુ ત્હારે પણ સાથે આવવું પડશે; સમજ્યો ? ” જાલિમસિંહે કહ્યું.

“ હું આપની આજ્ઞા શિરપર ચઢાવવા તૈયાર છું.” ક્રૂરસિંહે સમ્મતિ દર્શાવી.

આટલી વાતચિત થયા પછી બન્ને જણા છુટા પડયા, અને બીજા દિવસે ઠાકોર જાલિમસિંહ, પ્રમોદકુમાર તથા પોતાના પાંચ છ વિશ્વાસુ અનુચરો અને ક્રૂરસિંહ સાથે મુંબાઇ તરફ રવાના થયો. અરેરે ! હવે અનાથિની અસહાય બાળા માલતીનું શું થશે ?

પ્રકરણ ૨૩ મું.

ભયંકર પ્રપંચજાળ.

સ્હાંજના સાતેક વાગ્યાનો સમય થયો હતો. મધુ બેઠી બેઠી રસોઈ બનાવતી હતી. આજે જાણે કે એક પ્રકારના અવ્યક્ત ભયથી તેનું મુખમંડળ ચિંતાતુર જણાતું હતું. કાન્તિપ્રસાદે તેની પાસે તે દિવસે નશાની ઉત્તેજનામાં જે વચનો ઉચ્ચાર્યાં હતાં તે સાંભળવામાં આવ્યા પછી તે અત્યંત ચિંતાતુર બની ગઈ હતી. એકાન્ત મળતાં રુદન કરીને તે પોતાનો હૃદયભાર હલકો કરતી હતી; પતિના ભવિષ્યનો વિચાર કરતાં તેનું કોમળ હૃદય કંપી ઉઠતું હતું.

ધીમે ધીમે આઠ વાગ્યા; છતાં કાન્તિપ્રસાદ ઘેર આવ્યો નહિ. મધુ રસોઇ બનાવી દિવાનખાનામાં આવી, તો પતિના ટેબલપર પડી રહેલો એક પત્ર તેના જોવામાં આવ્યો. એક પ્રકારની જીજ્ઞાસા ઉત્પન્ન થવાથી તેણે એ પત્રને કવરમાંથી બ્હાર કાઢી વાંચવા માંડયો. એ પત્ર વાંચતાં તેનું સર્વાંગ રોમાંચિત થયું. તેનાં નયનયુગલમાં અશ્રુજળ ભરાઇ આવ્યું. એ પત્ર આ પ્રમાણે હતો.

"મનમોહિની માશુક !"

જ્યારથી હું તમારા સહવાસમાં આવ્યો છું ત્યારથી તમે મ્હારા હૃદયપર સર્વાંશે અધિકાર મેળવ્યો છે. રાત્રિ દિવસ, શયનાવસ્થામાં તથા જાગ્રત સ્થિતિમાં હું તમારી મનોહારિણી મૂર્ત્તિનું જ દર્શન કરું છું. ભાગ્યયોગથી જ તમારી સાથે મ્હારો સહવાસ થયેલો છે. તમારાં સુધામય વચનો, તમારા હૃદયભેદક કટાક્ષ તથા તમારા અપૂર્વ પ્રેમનું વિસ્મરણ હું એક ક્ષણ માટે પણ કરી શકતો નથી.

ગઝલ.

પ્રીતિના કેદખાનામાં, પ્રિયા નિવાસ મ્હારો છે;
કર્યો કેદી તમે શાણી, કહો શો દોષ મ્હારો છે ?
નચાવ્યો નેત્રનાં બાણે, રચીને સ્નેહની સૃષ્ટિ,
અમારી પ્રેમ દષ્ટિમાં, ચમકતો ચંદ્ર કેવો છે ?
અમારા પ્રેમનો પ્યારી, ઇજારો તો તમારો છે;
રીસાશો કે નહિ બોલો, છતાં આ પ્રાણપ્યારો છે.
લગાડી પ્રેમની લગની, ભૂલ્યો જંજાળ સહુ જગની;
ખરેખર વિશ્વમાં વ્હાલી, પ્રીતિનો માર્ગ ન્યારો છે.
વસી જે અંતરે પ્રતિમા, કદાપિ દૂર નહિ થાશે;
અરેરે સ્નેહસાગરનો, જણાતો ના કિનારો છે.
સૂતાં કે બેસતાં ત્હારું, હવે સંગીત હું ગાતો,
ચઢ્યો છે પ્રેમનો નીશો, પ્રિયે દર્દી તમારો છે.
શરાબી પ્રેમના પ્યાલા, કર્યા છે કંઠમાં ખાલા,
ભરીને આપજો લા–લા, અજબ બસ સ્વાદ ભાવ્યો છે.
ડૂબાવો ના, બચાવો હા, રીબાવો ના, સતાવો ના;
તમારા હાથમાં નૌકા, રડાવો રોવડાવો ના.

પ્રાણેશ્વરિ !

મ્હારી પત્નીનો પરિત્યાગ કરી હું તમારો હાથ સ્વીકારવાને તૈયાર છું. તમારા માટે, હું આત્મીય સ્વજનોનાં સ્નેહનો ત્યાગ કરીશ, નિષ્ઠુર અંધ સમાજપર પદાઘાત કરીશ, જાતિભ્રષ્ટ થઇશ. તમારા સમક્ષ હું સમસ્ત વિશ્વને તુચ્છાદપિ તુચ્છ સમજું છું. તમારા ક્ષણ કાળના વિયોગનું દારુણ દુઃખ પણ હું વેઠી શકતો નથી,

લિ૦ **તમારો પ્રણયી કાન્તિપ્રસાદ.** ”

પતિપ્રાણા સતી સાધ્વી મધુએ એ પત્રને સજળનયને બે ત્રણ વખત વાંચ્યો. તેનાં નેત્રોમાંથી અશ્રુજળનાં કેટલાંક બિંદુઓ એ પત્રપર પડ્યાં. તેનો કંઠ રુંધાઇ ગયો. તે સ્વગત વિચારવા લાગી:–" પ્રાણેશ ! શા માટે તમે પરનારીના પ્યારમાં ફસાઇ પડયા છો? એ પ્યાર નહિ; પરંતુ પુરુષોને પાયમાલ કરી નાખનારી ભયંકર પ્રપંચજાળ છે. રાવણ, દુર્યોધન વગેરે સત્તાધીશો પરસ્ત્રીપર કુદૃષ્ટિ કરી–પાપમાં રચ્યાપચ્યા રહી પાયમાલ થઇ ગયા છે. હરિ ! હરિ ! મ્હારા ભાગ્યમાં આવું દુઃખ ભોગવવાનું જ નિર્માણ થયેલું છે કે શું ?"

આટલું બોલી પાસે પડેલી એક ખુરસીપર મધુ બેસી પડી. તેનાં નેત્રોમાંથી અદ્યાપિ અશ્રુબિંદુઓની વૃષ્ટિ થયા કરતી હતી. તેણે હાથમાંનો પત્ર પતિના ટેબલપર યથાસ્થિત મૂકી દીધો.

આવી સ્થિતિમાં બીજો અડધો કલાક થઇ ગયો. દિવાલપરની ઘડીઆળમાં સ્હાડાઆઠ વાગ્યા; છતાં કાન્તિપ્રસાદ આવ્યો નહિ. એવામાં એક ગૃહસ્થ જેવા દેખાતા પુરુષે દિવાનખાનાના દ્વાર પાસે આવીને પૂછ્યું કે:–" કાન્તિપ્રસાદ નામના માણસ ક્યાં રહે છે ? આ તેમનું જ મકાન છે કે ?"

" હા–તેઓ બ્હાર ગયા છે. આપને શું કામ છે ?" આત્મ-સંવરણ કરીને મધુએ પૂછ્યું.

" તમે તેમનાં પત્ની થાઓ છો કે ?" આવેલા પુરુષે પ્રતિપ્રશ્ન કર્યો.

" હા."

"બ્હેન ! તમારા સર્વસ્વનો નાશ થઈ ગયો છે. તમારા પતિ ચોપાટીપરથી ભાડાની વિકટોરિયામાં બેસીને ઘેર આવતા હતા. એવામાં માર્ગમાં ટ્રામ સાથે વિકટોરિયા અથડાવાથી ગંભીર અકસ્માત

થયો છે. તમારા પતિને પુષ્કળ વાગવાથી તેઓ બેશુદ્ધ થઇ ગયા હતા. પોલિસના માણસો તેમને હૉસ્પિટલમાં લઈ ગયા છે. તેમના ખીસ્સામાંની ડાયરીમાંથી આ મકાનનું શિરનામું મળી આવવાથી હું તમને આ ખબર આપવા આવ્યો છું. તમારે આવવું હોય તો તમે પણ મ્હારી સાથે હૉસ્પિટલમાં ચાલો; કેમ કે, અત્યારનો વખત ઘણો ખરાબ છે. ભવિષ્યમાં શું થશે કે શું નહિ એ સંબંધી હમણાં કાંઇ કહી શકાય નહિ !" આવેલા પુરુષે ગંભીર મુખે કહ્યું.

મધુ પાષાણપ્રતિમાની માફક સ્થિર ઉભી રહી આવનાર પુરુષનાં વચનો સાંભળી રહી હતી. એ પુરુષનાં વચનો સાંભળવામાં આવતાં તેની ચિંતાનો પાર રહ્યો નહિ. આવા રાત્રિના સમયે પરપુરુષ સાથે બ્હાર જવા માટે પ્રથમ તો તેને સંકોચ ઉપજ્યો; પરંતુ પતિ પ્રાણહારક સંકટમાં સપડાયલા હોવાથી આ પ્રસંગે લજ્જા રાખવાની જરૂર નથી એમ વિચારી ત્વરાથી તે એ પુરુષ સાથે જવા તૈયાર થઇ. દ્વાર બંધ કરી તે એ પુરુષ સાથે ચાલીમાંથી નીચે ઉતરી. નીચે એક વિકટોરિયા ઉભી રહેલી હતી. પેલો પુરુષ મધુ સાથે વિકટોરિયામાં બેઠો અને તેણે કોચમેનને પોતાનું જવાનું ઠેકાણું જણાવી દીધું. ચાબુક વાગતાં ઘોડો પણ ત્વરાથી માર્ગ કાપવા લાગ્યો. અત્યંત ભયથી મધુ આકુળ વ્યાકુળ બની ગયેલી હોવાથી માર્ગમાં તેણે એ પુરુષને એકકે પ્રશ્ન પુછ્યો નહિ.

વિકટોરિયા જ્યારે ચોપાટીનો ત્યાગ કરી વાલુકેશ્વર રોડપર જઇ પહોંચી ત્યારે પેલા પુરુષે બળપૂર્વક પોતાનો રૂમાલ એકાએક મધુના મ્હોંમાં દાબી દીધો. હવે જ મધુ સમજી શકી કે તે કોઈ દગાબાજ પુરુષવેશધારી પિશાચના પંઝામાં ફસાઇ પડી છે. તેનું મ્હોં દબાવી દેવામાં આવ્યાથી તે એક પણ અક્ષર ઉચ્ચારી શકી નહિ.

મધુને કોણ શામાટે ક્યાં ઉપાડી ગયું એનું વર્ણન આ નવલકથાના બીજા ભાગમાં વિસ્તારથી આપવામાં આવશે; હાલ તરત તો આપણે તેનો ત્યાગ કરી ઠાકોર જાલિમસિંહના સપાટામાં સપડાયલી માલતી પાસે જઇએ.

પ્રકરણ ૨૪ મું.

સતીની શીયળપ્રીતિ.

If there be cords, or knives,
Poison, or fire, suffocating streams,
I'll not endure it. —*Othello.*

યથાસમયે ઠાકોર જાલિમસિંહ પોતાના શયતાન અનુચરોની સહાયતાથી નિર્દોષ પ્રમોદકુમારના પ્રાણનો વિનાશ કરી શ્યામગઢ આવી પહોંચ્યો. જ્યારે તેણે શ્યામગઢમાં પ્રવેશ કર્યો ત્યારે રાત્રિનો સમય ઉપસ્થિત થયેલો હતો. આકાશ મેઘાચ્છન્ન હતું. નોકર માર્ફત માલતી પણ જાણી શકી હતી કે, આજે ઠાકોરસહ તેનો જીવનાધિક પતિ મુંબાઇથી પાછો ફરશે; આથી તે ચાતકની માફક પતિની રાહ જોઇ રહી હતી. પતિના વિયોગનો સમય તેણે મહાકષ્ટે પસાર કર્યો હતો.

રાત્રિના નવ વાગ્યા, દશ વાગ્યા તો પણ પ્રમોદકુમાર ઘેર આવ્યો નહિ તેથી માલતી ચિંતા કરવા લાગી. એવામાં દાદરપર કોઇનાં પગલાંનો અવાજ સાંભળી પતિ આવતા હશે વિચારી, તે દાદર તરફ ગઇ તો જે દેખાવ તેની નજરે પડ્યો તેથી તે કંપી ઉઠી. તે દૂર

ખસી જાય, ઘુમટામાં મ્હોં છુપાવી વાયુથી કંપતી લતાની માફક કંપવા લાગી. દાસ દાસી વખત થઇ ગયલો હોવાથી કામકાજથી નિવૃત્ત થઇ ઘેર ચાલ્યાં ગયાં હતાં. મકાનમાં હમણાં માલતી એકલી જ હતી.

દાદર ચઢી માલતી પાસે જઇને ઠાકોર જાલિમસિંહે કહ્યું:—"સુંદરિ! ગભરાશો નહિ. હું તમને એક ખબર કહેવાને આવ્યો છું. અરેરે! તમારી આવી ન્હાની ઉમ્મરમાં ઇશ્વરે તમારા કમનસીબ કિસમતમાં આટલું બધું દુઃખ લખ્યું છે ?!"

આ શબ્દો સાંભળવામાં આવતાં જ માલતીની સઘળી ધીરજ જતી રહી. તેનું કોમળ હૃદય જોશથી ધબકવા લાગ્યું. એક પ્રકારની અવ્યક્ત આશંકાએ તેના અંતરમાં પ્રવેશ કર્યો. તેણે નમ્રકંઠે પૂછ્યું:—"મહારાજ ! એવું તે શું બન્યું છે કે, જેથી આપશ્રીને પોતાને મ્હારી પાસે આવવાનું કષ્ટ વેઠવું પડ્યું છે ?"

"સુંદરિ! જે ભયંકર બનાવ બન્યો છે તેનું બ્યાન હું તમારી પાસે કરી શકતો નથી. અરેરે! કોણ જાણતું હતું કે હું તમારા સ્વામીના અકાળ મૃત્યુના કારણરૂપ થઇ પડીશ ?!" જાલિમસિંહે કૃત્રિમભાવ દર્શાવીને કહ્યું.

"આપ આપ શું કહો છો ? મ્હારા સૌભાગ્ય સૂર્યનો અસ્ત થઇ ગયો છે? અરે વિભુ ! હું આ શું સાંભળું છું ? મ્હારી શ્રવણેંદ્રિયની શક્તિ ગૂમ તો નથી થઇ ગઇને ? મહારાજ ! જે બન્યું હોય તે મ્હને કૃપાપૂર્વક સત્વર કહો—હવે હું ધૈર્ય ધારણ કરી શકતી નથી." માલતીએ અત્યંત શોકાકુળ બની જઇને કહ્યું.

"જુઓ સાંભળો, બ્રહ્માએ અબળા જાતિના હૃદયને સ્વાભાવિક રીતે જ કોમળ બનાવેલું હોય છે; પરંતુ મનુષ્ય માત્રે સંકટ

પ્રસંગે ધૈર્ય ધારણ કરવું જોઇએ. ભાવિમાં જે કષ્ટ ભોગવવાનું હોય છે તેનો પ્રતિકાર કોઇથી કરી શકાતો નથી. કૉલેરાના ભયંકર રોગથી માત્ર એક જ રાતમાં તમારા સ્વામી પરલોકપ્રયાણ કરી ગયા છે. અત્રે તમને એ સમાચાર મોકલવાથી, તમને ધૈર્ય આપનાર કોઇ નહિ હોવાથી તમે કાંઇ નહિ કરવા જેવું કાર્ય કરી બેસો એવી આશંકાથી તાર કરીને એ સમાચાર તમને જણાવવાનું મ્હેં વ્યાજબી વિચાર્યું નથી. સુંદરિ! ગઇ ગુજરીનો શોક કરવાથી કાંઇ કલ્યાણ નથી." જાલિમસિંહે સર્વથા અસત્ય વચનો ઉચ્ચારી પોતાના પાપકર્મને છુપાવ્યું. તેનાં વચનો સાંભળી અનાથિની-પતિવિયોગિની માલતી છૂટે મ્હોંરે રડી પડી. જાલિમસિંહ તેને વિવિધ વચનદ્વારા સાંત્વના આપવા લાગ્યો; પરંતુ ઘણા સમય સુધી તે શાન્ત થઇ નહિ. રુદન કરતાં કરતાં તે સ્વામીના અનુરાગનું સ્મરણ કરીને કહેવા લાગી:-" હે નાથ! તમે આવા નમેરા-નિષ્ઠુર કેમ થયા ? અરેરે ! અંતે વૃદ્ધ હરિપ્રસાદનો બ્રહ્મશાપ સફળ થયો કે શું? હે પ્રભુ ! આ સમાચાર જાણવામાં આવતાં પહેલાં તમે મ્હારું જ મૃત્યુ કેમ ન નીપજાવ્યું! હે સતીના સહાયક શ્રીકૃષ્ણ! તમે ક્યાં પાપોના પરિણામે મ્હારી આવી દુર્દશા કરી નાખી. અરેરે ! સ્વામી સિવાય સ્ત્રીજાતિના જીવનની સંસારમાં કાંઇ જરૂર જ નથી. રાત્રિ જેવી રીતે ચંદ્ર અને તારાઓથી શોભે છે, કમલિની સૂર્યના દર્શનથી પ્રફુલ્લિત રહે છે, તેવી જ રીતે સ્ત્રીજાતિ પણ પતિની શોભાથી જ વિશ્વસંસારમાં શોભે છે. વિધવા સ્ત્રી સર્વત્ર અમંગળનો અવતાર જ લેખાય છે. અરેરે! હવે આ દારુણ દુઃખ હું કેવી રીતે વેઠી શકીશ ?" માલતીનાં નેત્રોમાંથી અશ્રુધારાની વૃષ્ટિ થયા જ કરતી હતી.

જાલિમસિંહે તેને ઉદ્દેશીને ગંભીરતાથી કહ્યું:-" સુંદરિ ! હવે

શોક કરવાથી કશો લાભ નથી. તમે ન્હાઇ ધોઇ સ્વસ્થ થાઓ, અને હવે તમારે શું કરવું છે તે મ્હને જણાવો? તમારી પ્રત્યેક ઇચ્છા પૂર્ણ કરવાને હું તૈયાર છું. ”

માલતીના સરળ અંતઃકરણને જાલિમસિંહનાં આ વચનો સરળ જ લાગ્યાં. તેણે કહ્યું:—“ મહારાજ! આજે હમણાં ને હમણાં મ્હારા ભાઇને તાર માર્ફત આ સમાચાર પહોંચાડો. તેમને અત્રે આવવા માટે આપ લખી જણાવો. હું તેમની સાથે ઘેર જઇશ, અને સ્વર્ગસ્થ સ્વામીનું સ્મરણ કરી મ્હારા આયુષ્યના અવશિષ્ટ રહેલા દુઃખી દિવસો પસાર કરીશ. ”

“ ઠીક છે, તમે અંદર જઇ સ્નાન કરી આવો. પછીથી તમારી ઇચ્છા પ્રમાણે કરવામાં આવશે.” જાલિમસિંહે કહ્યું.

અંદર જઇને માલતીએ સ્નાન કર્યું. પછીથી વસ્ત્રો પહેરી, ઘુમટામાં મ્હોં છુપાવી તે ઠાકોર બેઠા હતા ત્યાં આવી થોડે દૂર વિષણ્ણવદને અને સજળનયને બેઠી. આ સમયનો તેનો દેખાવ જોવામાં આવતા નિષ્ઠુર નરરાક્ષસ જાલિમસિંહના અંતરમાં બિલકુલ દયા ઉપજી નહિ. માલતી જ્યારે સ્નાન કરવા ગઇ ત્યારે તે એ મકાનના પ્રવેશદ્વારને સાવધાનતાથી બંધ કરી આવ્યો હતો. એ મકાનની આસપાસ બગીચો હોવાથી માલતીનો રુદનધ્વનિ કોઇએ સાંભળ્યો નહોતો.

જાલિમસિંહે માલતી તરફ વિહ્વળ દૃષ્ટિથી જોઇ રહીને કહ્યું:—“ સુંદરિ! કદાચ વિધાતાએ તમને વિશેષ સુખી કરવાના હેતુથી જ આવો પ્રસંગ ઉપસ્થિત કર્યો હોય તો એ મ્હને સંભવિત લાગે છે! ”

“ આપ આ શું કહો છો? જે સ્ત્રી પતિના મૃત્યુથી સુખી

થાય તેને કુળકલંકિની કુલટા જ કહેવી જોઇએ. આપના મુખમાંથી આવા શબ્દો સાંભળી હું ગંભીર વિચારમાં પડી જાઉં છું. પતિ જ સતીઓનું જીવનસર્વસ્વ છે." માલતીએ શંકાશીલ બની જઇને કહ્યું.

" સુંદરિ ! તમારા જેવાં લાવણ્યમયી લલનાને વૈધવ્યનું દારુણ દુઃખ ભોગવવું પડે એ તો વિધાતાનો એક પ્રકારનો હડહડતો અન્યાય જ કહેવાય, પરલોકપ્રયાણ કરી ગયેલા સ્વામીનું વિસ્મરણ કરી તમે કોઇ સુયોગ્ય, વિભવ વિલાસ ભોગવનાર, સુખ સંપત્તિના અધિકારીને તમારા પતિ તરીકે પસંદ કરો. જે મનુષ્યદેહ વારંવાર મળનાર નથી તે મનુષ્યદેહનું, સુખ ભોગવી સર્વાંશે સાર્થક કરો." જાલિમસિંહે વાતનો પ્રવાહ પલટાવવા માંડયો.

" મ્હારાં વચનોમાં અવિવેક જણાય તો ક્ષમા કરજો; પરંતુ મ્હારે કહેવું જોઇએ કે, જે વીણાના તાર તૂટે છે તે બેસુરી જ વાગે છે, જે ઘડો ભાગે છે તે પુનઃ સંધાતો જ નથી તેજ પ્રમાણે એક વખત જે પ્રીતિનો દૈવયોગે નાશ થાય છે તે પ્રીતિ પુનઃ કદાપિ પ્રાપ્ત થઈ શકતી નથી. સ્ત્રીજાતિના જીવનનો સાર કાંઇ વિલાસ-વિભવ નથી. નારી એ તો પવિત્રતાની પ્રતિમા, પતિભક્તિમાં સાક્ષાત સાવિત્રી, દયાદાક્ષિણ્યમાં ભાગિરથી અને પ્રેમમાં ફલ્ગુ છે. એ નારીનો મહિમા ભાષાથી વ્યક્ત કરી શકાતો નથી—શબ્દોથી સમજાવી શકાતો નથી. જે નારી એ આદર્શનો ત્યાગ કરે છે તે નારી નહિ પરંતુ કુલટા છે—રાક્ષસી છે—પિશાચિની છે. એકપતિવ્રત, સતીત્વપ્રિયતા, ધર્મભાવના એજ નારી જાતિના અલંકાર છે. જે નારી એ અલંકારથી શૂન્ય હોય છે તે વિભવ વિલાસવતી અને શ્રીમતી હોવા છતાં તિરસ્કારપાત્રી લેખાય છે." માલતીએ યથાર્થ વચનો ઉચ્ચાર્યાં.

" આ કલિકાળમાં એવી સ્ત્રીઓ ક્વચિત્ જ નજરે પડે છે.

આ મનુષ્ય જીવન જે જાણી જોઇને દુઃખમાં પસાર કરે છે તે મૂર્ખાત્મા ગણાય છે. સુંદરિ! હું પણ તમારા સૌન્દર્યનું દર્શન કરી મુગ્ધ બની ગયો છું. એ કંગાલ પતિના વિચારોને અંતરમાંથી દૂર કરી તમે મ્હને તમારા પ્રિયતમ તરીકે પસંદ કરો. હું તમને મ્હારાં પ્રાણેશ્વરી સમજી અપાર સુખમાં રાખીશ. વિચાર કરી જુઓ કે, મ્હારા પ્યારને સ્વીકારી તમે કેટલું બધું સુખ ભોગવી શકશો?"

"ઠાકોર સાહેબ! તમે આ દુઃખિનીના દુઃખ પર ડ્હામ દેવા જેવાં વચનો શા માટે ઉચ્ચારો છો? સિંહણ ભૂખે મરી જશે; પરંતુ તે ઘાસ નહિ જ ચરે, વરાળને ગમે એટલી દબાવવામાં આવશે તો પણ તે દબાઇ નહિ જ રહે, સુખડને ગમે એટલું બાળવામાં આવશે તો પણ જેવી રીતે તે પોતાની સુગંધ કદાપિ નહિ તજે તેવી જ રીતે સતી સ્ત્રી પ્રાણાન્તે પણ પરપુરુષના શરીરને સ્પર્શ નહિ કરે. તમે એક પ્રજાપાળક થઇ આવું અધર્માચરણ આચરો છો, સતી સ્ત્રીપર અત્યાચાર કરો છો એ કાંઇ સામાન્ય પાપ નથી. તમે તમારા દુર્વિચારનો ત્યાગ કરી સત્વર મ્હને મ્હારા ભાઇ પાસે પહોંચાડવાની વ્યવસ્થા કરો." દઢતા ધારણ કરી માલતીએ કહ્યું.

"ના ના—હું એવી વ્યવસ્થા કદાપિ કરનાર નથી—ત્હારા જેવા ગુલેગુલાબ બુલબુલને હવે હું મ્હારા પંઝામાંથી છટકી જવા દેનાર નથી; કેમ કે,

સૌન્દર્ય સ્થાપક દેવને પણ રૂપ આ દુર્લભ અતિ;
ચંદ્રાનના કહું તોય તેની છે નહિ આવી ગતિ;
શર્માવતી ઇંદુ અને ભાનુ તણા રૂપની રતિ;
અનુપમ અતિ આ અંગના, ઉપમા કશી તેની નથી.

જ્યાં સુધી હું તમારા સૌન્દર્યામૃતનું પાન કરી શકીશ નહિ ત્યાં સુધી મ્હારું ચિત્ત શાન્ત થાય તેમ નથી જ."

"ના ના–મોહાંધ! તું ભ્રમમાં ભૂલે છે તેથી જ ત્હારી મતિગતિ ફરી ગઇ છે; કેમ કે, જો ત્હારામાં અક્કલનો અંશ માત્ર પણ હોત તો જે કાયા નરકના ભંડાર સ્વરૂપ છે તે કાયાનું બાહ્ય-ક્ષણભંગુર સૌન્દર્ય જોઇ તું દીવાનો બની જાત નહિ.

જે જઘનને કરિકર કહે તે મલિન જળ આગાર છે;
જેને કહે છે ચંદ્ર તે મુખ શ્લેષ્મનો ભંડાર છે;
કાંચન કલશ સમ કુચ કહે તે ગ્રંથિયો એ માંસની;
કાયા નથી એ કામિનીની, નરકનો અવતાર છે.

માટે ઓ પાપમાં રચીપચી રહેલા પાપી નર! અંતરમાંથી અધર્મી વિચાર દૂર કર. સતીને સંતાપી તું સાર કાઢનાર નથી; કેમ કે સતીના સહાયક શ્રી કૃષ્ણ ભગવાન્ છે.

ક્યાં ગયા દુર્યોધન અને રાવણ સમા અવનીપતિ ?
તેમ કંસને શિશુપાલ જેવાની કહે શી થઇ ગતિ ?
પરિણામ શું પામ્યો હતો અભિમાની કીચક દુર્મતિ ?
એ ધ્યાનમાં લાવી અધમ તું ધાર કંઇ ઉત્તમ ગતિ;
સંસાર આ ચળ વિચળ છે, મિથ્યા બધો ઉત્પાત છે;
છે ચાર દિનની ચાંદની, અંતે અંધારી રાત છે.

હે માયાવી જીવ! રહમ કર–દયા લાવ–મ્હને દુઃખિનીને વિશેષ ન સતાવ." ગદ્ગદ કંઠે માલતીએ કહ્યું.

"તું એક સામાન્ય સ્ત્રી મ્હારા જેવા એક સત્તાધીશ પુરુષનું અપમાન કરે છે?! જો હું ત્હારા સૌન્દર્યના પ્રખર તેજથી અંજાઇ ગયો ન હોત તો ત્હારા અપરાધની હું તને ભયંકર શિક્ષા કરત; કિન્તુ

દિલરુબા! ત્હારા જેવી કોમળાંગી કામિનીના પર જુલ્મ ગુજારવા જતાં મ્હારું હૃદય સંકોચાય છે. વળી જેવી રીતે દુર્યોધન, કીચક, શિશુપાલ વગેરે પરમ સત્તાધારી પુરુષો અંતે મૃત્યુને આધીન થયા છે તો પછી મૃત્યુનો ભય રાખવો એ મૂર્ખતા છે. હું મૃત્યુનો ભય રાખતો નથી. જ્યાં સૂધી જીવન હોય ત્યાં સૂધી મૉજમઝા ઉડાવવી, સુરા અને સુંદરીનો ઉપભોગ ભોગવવો, ગાનતાનમાં ગુલ્તાન રહેવુ એમાં જ જીવનનું સકળ સુખ સમાયલું છે."

"ના ના—મૂર્ખમતિ! તું ભયંકર ભ્રમથી ભુલે છે. વિલાસવિભવમાં કે વ્યસનમાં ખરું સુખ સમાયલું જ નથી. એ તો સઘળાં દુઃખ ઉપજાવનારાં જ સાધનો છે. ખરું સુખ તો ધર્મમાં, નીતિમાં, પરોપકારમાં તેમજ ઇશ્વરભક્તિમાં સમાયલું છે. વળી હમણાં તું ત્હારી જે સ્થિતિને સુખદાયિની સમજે છે તે સ્થિતિ પણ દીર્ઘકાળ સૂધી કાયમ રહેવાની નથી.

રહેતા દિવસ નથી કોઇના એકજ અવસ્થામાં કદા,
સુખ હોય આજે પૂર્ણ તો, કાલે પડે છે આપદા;
ભિક્ષુક થતો ધનવાન, પામી એક પળમાં સંપદા,
જે આજ છે કાલે નથી, એ નિયમ છે વિશ્વે સદા;
વિશ્વપ્રકાશક સૂર્યનો પણ અસ્ત નભમાં થાય છે;
તો ચાર દિનના ચેનથી નાદાન કયમ કુલાય છે?"

માટે મોહાંધ રાક્ષસ! હજી પણ સમજ; નહિ તો તને અંતે રૌરવનરકમાં પણ સ્થાન મળશે નહિ." માલતીએ પાષાણપર ઉપદેશામૃતનું વૃથા સિંચન કર્યું.

માલતીના આ ઉપદેશની જાલિમસિંહના મનપર બિલકુલ અસર થઇ નહિ. તે કહેવા લાગ્યો:—"સ્વર્ગ કિંવા નરક, ધર્મ કિંવા અધર્મ,

નીતિ કિંવા અનીતિનો વિચાર કે ચિંતા કરવાની મ્હને જરૂર નથી; કેમ કે,

કરે પોકાર નીતિના નિરંતર ભુખથી મરતા;
સ્વીકારે ન્યાયનાં સૂત્રો, નહીં ઠામે કદિ ઠરતા;
જતા જે ધર્મના માર્ગે, બહુ બહુ ઠોકરો ખાતા;
સરળતાને સ્વીકારે જે, બહુ અપમાન તે ખાતા;
જગત્માં જોર દગાનું છે, દગાની છે બલિહારી;
દગા પાસે બધી દુનિયા, બતાવે છેક લાચારી!

માટે તું હવે ત્હારું ધર્માધર્મનું ભાષણ બંધ કર અને સત્વર મ્હારી ઇચ્છા પૂર્ણ કર."

"ત્હારી ઇચ્છા પૂર્ણ કરું? પિશાચ! કાળાંતરે પણ ત્હારી ઇચ્છા પૂર્ણ થનાર નથી-મ્હારો આપેલો ઉત્તર ફરનાર નથી.

દિલ આપ્યું'તું જે નાથને તે નાથ મ્હારો છે;
હું થઇ ચુકી જેની પ્રિયા તે પ્રેમી પ્યારો છે.
દિલ એક ઉત્તર એક, બસ એ એક મ્હારો પ્રાણ છે;
આલોક કે પરલોકમાં, બસ એજ મ્હારો જાન છે.

જો ત્હારે મ્હારો જીવ લેવો હોય તો બેલાશક લઇ લે. સ્વામીના વિયોગે આ વિશ્વસંસારમાં રહેવાની મ્હારી બિલકુલ ઇચ્છા નથી."

"હું સારી રીતે જાણું છું કે, સહેલાઇથી તું મ્હારી ઇચ્છા તૃપ્ત કરનાર નથી. ઠીક છે, આજે તો હું તને આ મકાનમાં આવેલા અંધકાર પરિપૂર્ણ ભોંયરામાં જ કેદ કરી રાખું છું, તથા તને વિચાર કરવા માટે એક દિવસનો અવકાશ આપું છું." આમ કહી જાલિમસિંહે એ મકાનની એક બાજુની દિવાલપર લાત મારી. જે ઠેકાણે તેણે લાત મારી એ ઠેકાણેથી એક મ્હોટો પત્થર ખસી જઇ નીચે

પડયો. પછીથી એ ભખોલમાં બળાત્કારપૂર્વક માલતીને હડસેલી મૂકી નરાધમ જાલિમસિંહ ગુપ્ત દ્વાર બરાબર બંધ કરી દઈ, મકાનની બ્હાર નીકળી, મકાનને તાળું મારી પોતાના મહાલયમાં ચાલ્યો ગયો.

વાંચકબંધુઓ ! હવે અત્રે આ નવલકથાનો પ્રથમ ભાગ સમાપ્ત કરવામાં આવે છે. અભાગિની લિલિયનનો મૅડમ રોઝિનીના પંઝામાંથી કેવી રીતે ઉદ્ધાર થયો, મધુને ગાડીમાં બેસાડી કોણ ક્યાં લઇ ગયું, માલતીએ ભયંકર પ્રસંગોમાં પણ પોતાના સતીત્વધનનું કેવી રીતે રક્ષણ કર્યું, સ્વેચ્છાચારિણી રમાસુંદરીની મોહજાળમાં સપડાવાથી કાન્તિપ્રસાદની કેવી ખાનાખરાબી અને પાયમાલી થઇ એ સર્વ વિષયો ઉપરાંત શ્યામગઢની ગાયિકા અને તેની માતાના જીવનનો ગુપ્તભેદ, ઠાકોર જાલિમસિંહનો અમાનુષિક અત્યાચાર અને તેના અંતઃપુરમાં પાપનો સંચાર વગેરે વિષયોનું વિવરણ આ નવલકથાના દ્વિતીય ભાગમાં આપવામાં આવશે. હાલ તરત તો થોડા સમય માટે ગ્રંથકાર વિદાય માગે છે.

ભાગ ૧ લો સમાપ્ત.

છપાય છે. આજે જ ગ્રાહક તરીકે નામ નોંધાવો.

☛ મધુ-માલતી

અથવા

ભાગ ૨ જો. વીસમીસદીનું વિશ્વદર્શન !

(સચિત્ર સામાજિક નવલકથા.) મૂલ્ય રૂ. ૧-૮-૦

સચિત્ર. છપાય છે. સચિત્ર.

સુવિખ્યાત ગુજરાતી નવલકથાકાર શ્રી વ્રજલાલ જાદવજી

ઠક્કરકૃત અત્યુત્કૃષ્ટ, મનોરંજક સચિત્ર સામાજિક નવલકથા.

મધુ-માલતી

અથવા

વીસમીસદીનું વિશ્વદર્શન!

ભાગ ૨ જો.

આ સામાજિક નવલકથાના બીજા ભાગમાં પણ ઘણા મનહર, બોધક અને ચિત્તરંજક વિષયોનો સમાવેશ થયેલો છે. ધાર્મિક કેળવણી અને સંયમના અભાવથી આધુનિક નવયુવકો તથા નવયુવતીઓનું કેટલું બધું અધઃપતન થાય છે, જાતિબંધનનો ત્યાગ કરી સ્વેચ્છાચારી સમાજમાં ભળનાર કહેવાતા સુધારક ગૃહસ્થોનું ગૃહજીવન કેવું કષ્ટમય હોય છે, પતિપરાયણા પ્રમદાની શીયળપ્રીતિ કેવી અચળ હોય છે, મુંબાઇની સોનેરી ટોળીના શયતાન બદમાશો કેવાં ચાલાકી ભર્યાં તિરસ્કારજનક સાહસો કરે છે, એક આંગ્લબાળિકા પણ સંયમબળથી કેવાં ભીષણ સંકટો સ્હામે ટક્કર ઝીલે છે, લક્ષ્મીના મદથી મદોન્મત્ત બનેલા શેઠીઆઓ કેવાં કુકર્મો કરે છે, આદર્શ વિધવા કેવી રીતે લોકહિતનાં કાર્યો કરી શકે છે વગેરે વિષયોનું શાબ્દિક ચિત્ર આ સામાજિક નવલકથામાં રસિકતાથી ચીતરવામાં આવ્યું છે. નયનરંજક ફોટોગ્રાફિક ચિત્રો. પાકું સોનેરી લાયબ્રેરીને શોભાવે એવું પૂઠું; છતાં મૂલ્ય માત્ર રૂ. ૧-૮-૦ અગાઉથી થનાર ગ્રાહક માટે પોષ્ટેજ માફ. લખોઃ—

કચરાભાઇ વનમાળી પટેલ.

બુકસેલર અને પબ્લીશર

મ્હોટી હમામ—અમદાવાદ.

રા. રા. વ્રજલાલ જાદવજી ઠક્કરકૃત પુસ્તકો.

પુસ્તકનું નામ.	મૂલ્ય.
*૧ પ્રેમની પ્રતિજ્ઞા (સંક્ષિપ્ત પ્રેમકથા)... ...	૦—૩—૦
૨ નિર્ભાગી કુસુમ (,,)... ...	૦—૪—૦
૩ સમાજ (સ્વ. સાક્ષર રમેશદત્તની નવલકથાનો સર્વોત્કૃષ્ટ અનુવાદ)...	૧—૦—૦
*૪ વાર્તાવિહાર (નવ ઐતિહાસિક પ્રેમકથાઓ)	૦—૧૨—૦
૫ મિલન—મંદિર (સામાજિક સચિત્ર નવલકથા)	૧—૮—૦
૬ સરોજસુંદરી (,,)	૧—૮—૦
૭ વનવાસિની (રસિક પ્રેમકથા)	૧—૪—૦
*૮ ગૃહિણી કે દેવી? (સામાજિક નવલકથા)...	૦—૧૨—૦
૯ રાજનૈતિક ષડયંત્ર અથવા મરૂભુમિની મોહિની (ઐતિહાસીક નવલકથા)	૧—૪—૦
૧૦ ભાગ્યદેવીની ભયંકરતા! (સચિત્ર નવલકથા)	૧—૪—૦
૧૧ કંગાલ કેદી અથવા સ્નેહ—બંધન (સચિત્ર)	૧—૧૨—૦
૧૨ ,, ,, ભાગ ૨ જો ,,	૨—૦—૦
૧૩ પિશાચિની કે પ્રેમદા? (અદ્દભુત નવલકથા)	૧—૮—૦
૧૪ સંસાર કે નરકાગાર? (વીસમીસદીનું સંસારચિત્ર.)	૧—૪—૦
૧૫ સ્વર્ગમાં શયતાન? (રસિક નવલકથા) ...	૧—૪—૦
૧૬ અંગના કે દેવાંગના? (,, આદર્શ ,,) ...	૧—૧૨—૦
૧૭ અકબર રાજ્ય રહસ્ય ભાગ ૧ લો (જનાનનાના અદ્દભુત ભેદભરમો)	૧—૮—૦
૧૮ ,, ભાગ ૨ જો (,,)	૧—૪—૦

૧૯ રણઘેલા રજપૂતો ભા.૧લો (સચિત્રબીજીઆવૃત્તિ.) ૧-૧૨-૦
૨૦ ,, ભા. ૨ જો (,,) ૧-૧૨-૦
૨૧ લાવણ્યમયી (ઐતિહાસિક નવલકથા) ૧—૮-૦
૨૨ રાજનન્દિની અથવા હૃદયત્રિપુટી (,,) ૧—૪-૦
૨૩ ગુલશાના ... ... (,,) ૧—૪-૦
૨૪ મનોહારિણી માયા ... (છપાય છે) ૧—૮-૦
*૨૫ ચિત્તોડપર ચ્હડાઇ (ઐતિહાસિક નવલકથા.) ૧—૦-૦
*૨૬ નવીન સંન્યાસી) ... ... ૦—૮-૦
૨૭ કુલભુષણ મહિલા (સ્ત્રીઓપયોગી નિબંધસંગ્રહ) ૧—૦-૦
*૨૮ ટુંકી વાર્તાઓ ભાગ ૨ જો (સસ્તા સાહિત્યદ્વારા પ્રકાશિત)
*૨૯ મહાન્ અલેકઝાંડરનું ચરિત્ર (,, ,, ,,)
*૩૦ જગવિખ્યાત પુરુષો ભાગ ૨ જો (ગ્લૅડસ્ટન અને
પ્રિન્સ બિસ્માર્કની જીવનકથા. સસ્તું સાહિત્ય.)
૩૧ નારીમહિમા નિરૂપણ (છપાય છે) ... ૧—૮-૦
૩૨ દગાબાજ દુનિયા. (સચિત્ર.) ૧—૮-૦
૩૩ મધુ—માલતી અથવા વીસમીસદીનું વિશ્વદર્શન !
(સચિત્ર સામાજિક નવલકથા) ૧—૮-૦

કચરાભાઇ વનમાળી પટેલ,

બુકસેલર અને પબ્લીશર

મોટી હમામ—અમદાવાદ.

* આ ચિહ્નવાળાં પુસ્તકો હાલ મળતાં નથી.

અગાઉથી ગ્રાહક થનાર ગૃહસ્થોનાં મુબારક નામ.

૨૫ બુકસેલર ચંદુલાલ મણીલાલભાઇ
૫ બુકસેલર જેસુખલાલ હીરાચંદભાઇ
૫ નામદાર રાજ્યમાતુશ્રી ગંગાસ્વરૂપ બા સાહેબ
૫ રાજ્યમાતુશ્રી–બા–મા–સાહેબ
૨ સી. હીમતલાલની કું.
૨ એમ. જી. દ્વારકાંદાસભાઇ
૨ જયાનંદકુંવર બાસાહેબ
૨ ખડીયા દરબારશ્રી મહુમદખાનજી ફતેખાનજી સાહેબ
૨ શ્રી વિદ્યોત્તેજક લાયબ્રેરીના સેક્રેટરી
૨ બુકસેલર વસનજી પરમાનંદભાઈ ચાકુવાલા
૨ બુકસેલર કાળીદાસ એન્ડ મકનજીભાઇ
૧ બુકસેલર લલ્લુભાઇ સોમાભાઇ
૧ બુકસેલર ગોરધનદાસ પુરસોતમભાઇ
૧ બુકસેલર કરમસીભાઇ દામોદરભાઇ

(અ)

૧ બુકસેલર ખોજા અલ્વના ફઇજલાદ માસ્તર
૧ અલ્લી મામદ હસન અલ્લીભાઈ
૧ અબ્દુલ રહીમ હા. ગીગા સુમાર
૧ અલ્લાદીનભાઇ મુસ્સાભાઇ
૧ પઠાણ અનુખાં સરદારખાં
૧ મેસર્સ અબ્દુલહુસેન જીવાજીની કું.
૧ આદમ હાજી ઇસ્સાભાઇ
૧ ખોજા અલ્લીભાઇ જમાલભાઇ
૧ અલ્લીભાઇ કાનજીભાઇ
૧ અમૃતલાલ હીરાચંદભાઇ
૧ એમ–એન–શાહ–મેનેજર

(ઈ)

૧ કુમાર શ્રી ઇબ્રાહીમખાનજી ગંભીરખાનજી સાહેબ
૧ કચ્છી ઇબ્રાહિમ ગોવાભાઇ
૧ ઇશ્વરલાલ બી–આઇયા
૧ ઇરજી કલ્યાણજીભાઈ કોન્ટ્રાકટર

(ક)

૧ મી કાનજીભાઈ રાજાભાઇ
૧ કુંવરજીભાઇ ફકીરભાઇ માસ્તર
૧ કેશવજીભાઇ સાંકળચંદભાઈ જરવાલા
૧ કુંવરજીભાઇ જમસેદજીભાઈ પટેલ
૧ કુંવરજી—વી—જોસી.
૧ કાનજીભાઇ રાજાભાઇ C/o રાજાભાઇ નારણ
૧ કુંવરજીભાઇ દામોદર ખીમજીભાઇ
૧ કે—એસ—નાજાવાલા સાહેબ
૧ સુતાર કેશવજી નાગજીભાઇ
૧ વોરા કેશવલાલભાઇ ભાઇચંદભાઇ
૧ દેસાઇ કલ્હાણજી ગોપાળજીભાઇ
૧ ખોજા કાસમ મુરસાભાઇ
૧ શાહ કેશવલાલ રાજારામભાઇ
૧ કુંવરબાસાહેબ છત્રસિંહજી
૧ ક્રીસીયન નાયક—છિરિલ સોમચંદભાઇ

(ખ)

૧ ખટાઉ લખમીદાસભાઇ

(ગ)

૧ પરમાર ગગુભા પરતાપસંગ
૧ બાસાહેબ ગુલાબકુંવરબા સાહેબ
૧ ગોકળદાસ કોઠારી એન્ડ કું.
૧ ગોપાળજીભાઇ મીઠાઇવાલા

(ચ)

૧ શાહ ચુનીલાલ જેઠાભાઇ
૧ ખોજા ચત્રુભુજ ધનજીભાઇ
૧ ચુનીલાલ મોહનલાલભાઇ

(છ)

૧ છોટાલાલ કામદાર સાહેબ

(જ)

૨ પ્રીન્સેસ જયેન્દ્રકુંવર બાસાહેબ
૧ જીવણભાઇ વલ્લભદાસ
૧ જી. ઇ. મરચંટ
૧ જગમોહન રામચંન્દ્રભાઇ
૧ નામદાર જાડેજા મા સાહેબ
૧ જામાસજી રૂસ્તમજીભાઇ પોષ્ટવાલા
૧ જે. એન. જાડેજા

૧ જયકૃષ્ણભાઇ શંકરભાઇ
૧ જાડેજા ડોસાજી સુખરામજી
૧ જેઠાલાલભાઇ પીતામ્બરદાસ શરાફ
૧ જે–પી–સોલંકી
૧ ગાંધી જમનાદાસ કાળીદાસભાઇ

(ત)

૧ તુલસીદાસ જમનાદાસની કું.
૧ તૈયબઅલ્લી મુલ્લા અબદુલ્લઅલ્લી કોચીનવાલા
૧ ઠાકોર તખતસિંહજી ભીમજીભાઇ

(દ–ધ.)

૧ શાહ–ધનજીભાઇ ત્રીભોવનદાસ
૧ બાબુ ધનજીભાઈ માવજીભાઇ
૧ પટેલ દીપસંગજી જીજીભાઈ પોલીસ પટેલ
૧ દામોદારદાસ મગલાલભાઇ
૧ દયાળજી લાલજીભાઇ પટેલ
૧ ખેંગાર ધનસીંહ રામસીંહભાઇ
૧ સુકલ દુરગાશંકરભાઈ અંબારામભાઈ

૧ ઠાકોરશ્રી દાનસંગજી સીંગરામજીભાઇ
C/o હેમરાજ ભાણજીભાઇ
૧ ધારસી રાસુભા ગોહલભાઇ
૧ શાહ. ડાહ્યાભાઇ નાનચંદ
સાર્વજનીક લાયબ્રેરીના સેક્રેટરી
૧ દામજી ગોવાભાઇ

(ન)

૧ ડા. નારણદાસભાઇ પરસોતમદાસભાઇ
૧ દેસાઇ નરોતમભાઇ વસનજીભાઇ
૧ મીસ્ત્રી નરોતમદાસ લલ્લુભાઇ
૧ શાહ નારણદાસ હરગોવનદાસભાઇ જીરાવાલા
૧ કુમારશ્રી નટવરસિંહજી મોહનદેવજી રાણાસાહેબ
૧ કંસારા નારણદાસ લ.લચંદભ.ઇ
૧ કુમાર શ્રી નારણસિંહજી સામંતસિંહજી
૧ મહારાણા કુમારશ્રી નરસીંહજી દેવજીભાઈ

(પ)

૧ સાર્વજનીક લાયબ્રેરીના સેક્રેટરી
મી. પ્રેમાનંદ લલ્લુભાઇ

૧ પ્રાણજીવન કાળીદાસભાઇ
૧ પ્રાણજીવનભાઈ કાળીદાસભાઇ મહેતા
૧ શાહ પ્રેમજી રવજી જેઠાળાઇ

(બ)

૧ શાહ બાળચંદ મોહનલાલભાઇ
૧ ઠાકોર બિજયસિંહ વખતસિંહ સાહેબ
૧ બસીયા રૂખડ વાઘાભાઇ
૧ ઠાકોર ફતેસિંહજી દામજીભાઇ

(ભ)

૧ પટેલ–મોતીલાલ બેચરદાસ
૧ પટેલ ભીમજીભાઇ જીવનભાઇ
૧ ધોબી ભીખાભાઇ હરજીવનભાઇ
ધોધલાઅંદરવાલા
૧ ભાનુશંકરભાઇ નારણભાઇ
૧ કુમાર શ્રી ભાવસિંહજી દાદુભા સાહેબ
૧ મહેરબાન દરબાર શ્રી ભાણોદસા
૧ ઠાકોર ભારથસંગ દાજીબાવા
૧ સોની ભીમભાઇ વીઠલદાસ
૧ નામદાર કુમારશ્રી ભગવતસિંહજી સાહેબ

(મ)

૧ મહારાણાશ્રી મોહનદેવજી રાણા રાજા સાહેબ
૧ મુલચંદભાઇ પાટોડીભાઇ શરાફ
૧ મહમદ ઇશાક સીંધી જામનગરવાલા
૧ મણીભાઇ દયાળજીભાઇ
૧ મોમદ કાસમબાળા
C/o ઇ–આઇ–દાવજી એન્ડ કું.
૧ મહમદ મેઘી ડાહ્યા થારો આટોપણભાઇ
૧ પી. મહેરઅલ્લીની કું.
૧ પ્રિન્સ મરતુજાખાંન જાવરખાંન સાહેબ
૧ શાહ મનસુખરામ ધરમસીભાઇ
૧ સંઘવી મકનજીભાઇ દુલભજીભાઇ
૧ ઠક્કર મગનલાલ વીરજીભાઇ
૧ રાણા મોહનલાલ ભગવાનદાસ
૧ કુમારશ્રી મુસુનીખાનજી જોરાવરખાન
સાહેબ બાબી
૧ મીસ્ત્રી મંગળદાસ નાથાભાઇ
૧ ઠાકોરશ્રી મોતીસિંહજી પરતાપસિંહજી
૧ સરદારશ્રી માનસિંહજી નથુભાઇ

૧ મુગટવાલા મોરારજી હરજીવનભાઇ
૧ શ્રી મોઢ ઘાંચી નીતીવર્દ્ધક મિત્રમંડળ
૧ મોહનલાલ રણછોડદાસ
૧ પટેલ મોતીલાલભાઇ બેચરદાસ
૧ મહમદઅલી ઇસમાઇલજી
C/o ધી તૈયબઅલાઉદીન વહોરા
૧ મહમદભાઇ કરીમજીભાઇ કાકાનાવાલા
૧ મોહનસિંહ ગોવીન્દસિંહ
૧ દસ્તાન સાર્વજનીક લાયબ્રેરીના સેક્રેટરી
મગનલાલ ગાંડાભાઇ
૧ મહમદ હુસેન પલનાયકભાઇ

(ર)

૧ રજબઅલ્લી તૈયબઅલ્લી સંચાવાલા
૧ રણછોડદાસ મુરારજી કાનજીભાઇ
૧ કુમારશ્રી રામસિંહજી સુરાજીભાઇ
૧ રૂસ્તમજીભાઇ માણેકજીભાઇ શરાફ
૧ રઘુભાઇ કરશનભાઇ કોન્ટ્રાકટર
૧ દેસાઇ રણછોડજી ગોવિન્દજીભાઇ
૧ રણજીતભાઇ C/o પ્રધાન બાબુ
૧ ચવાણ રામસંગ ડોસાભાઇ
૧ કુમારશ્રી રણજીતસિંહજી માનસિંહજી
૧ દેસાઇ રણછોડજી નાગજીભાઇ
૧ ઠા. રૂપસિંહ રામદાસભાઇ

(લ)

૧ લાઠીના ઠાકોર સાહેબ
૧ લલ્લુભાઈ કેવળરામ દલાલ
૫ લલ્લુભાઇ સોમાભાઈ
૧ રાવળ લાધારામ મનસુખરામભાઇ
૧ લાલજીભાઇ રણમલભાઇ C/o રણમલ
લીરાભાઇ
૧ લાલજીભાઇ સીવજીભાઇ
૧ લાલજીભાઇ દેવકરણભાઇ જોસી
૧ શાહ દામજીભાઇ વેલાભાઇ
૧ ખટાઉ લક્ષ્મીદાસભાઇ

(વ)

૧ વિઠ્ઠલદાસ ભુરાભાઇ
૧ વીઠ્ઠલરાય નાનાલાલ ઉપાધ્યાય નારદીપુરકર
૧ વી. એલ. ગાંધી.

૧ સા. બા. હાલાજી માલિયાવાલા
૧ વીરમસિંહ ખુસાલસીંહ
૧ મહેરબાન શ્રી વખતસિંહજી સાહેબ
૧ વસરામ નરસીદાસભાઇ
૧ વનેચંદભાઇ પોપટલાલભાઇ જૈન પુસ્તક ભંડારના એકાઉન્ટન્ટ

(સ)

૧ સુલેમાનભાઇ હાજી હાસમભાઇ C/o અબ્દુલ રહેમાન ઈબ્રાહીમભાઇની કું.
૧ સુંદરજીભાઇ જીવનભાઇ
૧ સોમાભાઇ જવેરભાઇ
૧ પા. સીવલાલ કાનજીભાઈ
૧ મહેરબાન સિવસિંહજી અભેસિંહજી સાહેબ
૧ છોટાલાલ મનછારામભાઇ
૧ સાર્વજનીક લાયબ્રેરીના સેક્રેટરી મી. પ્રેમાનંદ લલ્લુભાઇ

૧ ઠાકોરશ્રી સાહેબજી હાલાજી સાહેબ
૧ સુખલાલ ગલાભાઇ
૧ દેસાઇ છોટુભાઇ નારણજીભાઇ
૧ સીતારામ ભીખાભાઇ

(હ)

૧ ખોજા હુસેનઅલ્લી આમદહબીબ તમાકુવાલા
૧ શેઠ હીમતલાલ જગજીવનભાઇ
૧ નામદાર બાસાહેબ શ્રી ૧૦૮ હીરાકુંવર બાસાહેબ
૧ મીસ્ત્રી હરીદાસભાઇ રઘુભાઇ કોન્ટ્રાકટર
૧ હયાતભાઇ છોટુભાઇ
૧ હીરાલાલ રણછોડદાસ પટેલ
૧ સોની હરગોવનદાસ કરશનદાસભાઇ
૧ ગોર હીરાલાલ ગંગારામભાઇ
૧ બાસાહેબ હાજી બાસાહેબ

રસિક, મનોરંજક, લાયબ્રેરીમાં રાખવા યોગ્ય નવલ-
કથાઓ તથા બીજાં ઉપયોગી પુસ્તકોનું સંક્ષિપ્ત

સૂચિપત્ર.

સઘળી જાતનાં પુસ્તકો મળવાનું ઠેકાણું:-

કચરાભાઇ વનમાળી પટેલ.

બુકસેલર અને પબ્લીશર.

મ્હોટી હમામ—અમદાવાદ.

Kachrabhai Vanmali Patel.

Bookseller & Publisher.

Moti Hamam, AHMEDABAD.

વાંચવા લાયક નવલકથાઓ.

કાળરાત્રિનું ખૂનીખંજર ભા. ૧ (સચિત્ર)	રૂ. ૧–૧૨–૦
કાળરાત્રિનું ખૂનીખંજર ભાગ ૨ જો ...	રૂ. ૧–૧૨–૦
જુલ્મી જાલિમ યાને ધ્રુજતી ધરા ...	રૂ. ૧–૧૨–૦
ઝેરી જેમાનો	રૂ. ૧–૧૨–૦
રણઘેલા રજપુતો યાને સતીઓનું શૂરાતન ભાગ ૧ લો (સચિત્ર)... ...	રૂ. ૧–૧૨–૦
રણઘેલા રજપૂતો ભાગ ૨ જો ...	રૂ. ૧–૧૨–૦
મધુમાલતી (સચિત્ર)	રૂ. ૧—૮–૦
રત્નમંજરી	રૂ. ૧—૮–૦

અનેક આકસ્મિક ચમત્કારો અને ભેદભરમોથી ભરપૂર

સચિત્ર ચિત્તાકર્ષક નવલકથા.

કાળરાત્રિનું ખૂની ખંજર.

(સચિત્ર બીજી આવૃત્તિ.)

લેખકઃ–સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા.

આ નવલકથા એટલી બધી રસિક છે કે માત્ર બે વર્ષ જેટલા ટુંક સમયમાં જ તેની બીજી આવૃત્તિની નકલો પણ ખપી જવા આવી છે અને ત્રીજી આવૃત્તિ છપાય છે. એક રાક્ષસી સ્વભાવની અબળા પોતાની રાજસત્તાનો કેવો દુરુપયોગ કરે છે, સતી સ્ત્રી પ્રાણુના ભોગે પણ પોતાના ધર્મને કેવી દઢતાથી વળગી રહે છે, પિશાચ પુરુષો નિરંતર પાપકાર્યોમાં કેવા રચ્યા પચ્યા રહે છે, પરોપકારી મનુષ્યો પોતાના જીવનની પરવાહ નહિ કરતાં અન્યના કલ્યાણાર્થે કેવો આત્મોત્સર્ગ કરે છે વગેરે ઘણા રસિક, વિવિધ અને જ્ઞાનોત્તેજક જ વિષયોનું વર્ણન આ નવલકથામાં થયેલું છે. વળી એક વખત વાંચવા લીધા પછી તેને હાથમાંથી પડતી મૂકવાનું મન થશે નહિ. પૃષ્ઠ સંખ્યા ૩૨૦. લાયબ્રેરીને શોભાવે એવું પાકું સોનેરી પૂઠું; છતાં મૂલ્ય માત્ર રૂ. ૧–૧૨–૯. આજે જ મંગાવો.

બુકસેલર કચરાભાઈ વનમાળી પટેલ.

મ્હોટી હમામ–અમદાવાદ.

તૈયાર છે! લોકપ્રિય નવલકથા.

કાળરાત્રિનું ખૂની ખંજર.

ભાગ ૨ જો. (આવૃત્તિ બીજી.)

કાળરાત્રિનું ખૂની ખંજર ભાગ ૨ જો પ્રથમ ભાગ જેટલો જ રસિક, ચિત્તાકર્ષક, મનોરંજક અને ભેદાભરમથી ભરેલ વિષયોથી પરિપૂર્ણ છે. પ્રથમ ભાગમાં અપૂર્ણ રહેલી હકીકત આ બીજા ભાગમાં સંપૂર્ણ થાય છે. પ્રેમ, મિલન વિયોગ, સુખ દુઃખ, પાપ પુણ્ય, ધર્મ અધર્મ, નીતિ ન્યાય, દયા અને જુલ્મ વગેરે સર્વ આ નવલકથામાં જોઇ શકશો. મનુષ્યને તેનાં મહાપાપોનું પ્રાયશ્ચિત આ જીવનમાં જ કરી અંતે કેવું દારુણ દુઃખ ભોગવવું પડે છે એનો ચિતાર વાંચતાં ચક્ષુઓમાંથી અશ્રુજળની વૃષ્ટિ જ વર્ષશે. સંસારને સોના સમાન બનાવવો હોય, અશાન્તિમાં શાન્તિનો વિસ્તાર થયેલો જોવો હોય તો આ બોધક, જ્ઞાનોત્તેજક અને આનન્દદાયક નવલકથા તમારી લાયબ્રેરીમાં રાખવાની ખાસ ભલામણ છે. બીજી આવૃત્તિની નજીવી નકલો જ સિલ્લકે છે; માટે તરત લખો. પૃષ્ઠ સંખ્યા ૩૫૦, સોનેરી પૂઠું, મનહર છપાઇ; છતાં મૂલ્ય માત્ર રૂ. ૧–૧૨–૦.

બુકસેલર **કચરાભાઈ વનમાળી પટેલ.**

મ્હોટી હમામ—અમદાવાદ.

જુલમી જાલિમ
અથવા
ધ્રુજતી ધરા.

લેખકઃ—સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા.

રાજસત્તાના મદથી મદોન્મત બનેલો રાજા પોતાની સત્તાનો દુરુપયોગ કરી કેવા હૃદયદ્રાવક જુલમ ગુજારે છે, કામાંધ થઇ નિર્દોષ અબળાઓપર કેવો રાક્ષસી જુલમ ગુજારે છે, સતી સન્નારીઓ પ્રાણાંતપર્યંત પોતાના સતીત્વધનનું કેવી રીતે સંરક્ષણ કરે છે, વીરપુત્રો પ્રાણની પરવાહ નહિ કરતાં કેવાં અપૂર્વ અદ્ભુત પરાક્રમો કરી પોતાનો ધર્મ બજાવે છે, વફાદાર મિત્ર પોતાના મિત્ર માટે કેવું દારુણ દુ:ખ સહન કરે છે. દેવમંદિરના પુજારી બ્રાહ્મણો કે જે દુનિયાંનું શ્રેય કરવાને અર્થેજ સરજાએલા હોય છે તેઓ પણ દ્રવ્યની લાલચોથી લલચાઇ પોતાનો ધર્મ ભુલી પુણ્યાત્માઓને ફસાવવા કેવા ભયંકર પ્રપંચો રચે છે, તે ઉપરાંત દુષ્ટાત્માઓ તેમના ક્ષણિક સુખને અર્થે કેવાં કેવાં ગયબી અને ભેદી મકાનો રાખી નિર્દોષ જનોને ત્રાસ આપે છે વગેરે હૃદયગ્રાહી ચમત્કારિક અને બોધક વિષયોના રસમય પ્રસંગોનો ચિતાર આ નવલકથામાં ચિતરવામાં આવ્યો છે. પૃષ્ઠ સંખ્યા લગભગ ૩૫૦, પાકું સોનેરી પૂઠું, છતાં મૂલ્ય માત્ર રૂ. ૧—૧૨—૦.

બુકસેલર કચરાભાઈ વનમાળી પટેલ.

મ્હોટી હમામ—અમદાવાદ.

કાયરોનાં કાળજાં કંપાવનાર શૂરવીર રાજપૂતોનાં અને સતી રજપૂતાણીઓના શૂરાતનનો આબેહુબ ચિતાર.

રણઘેલા રજપૂતો

અથવા

સતીઓનું શૂરાતન.

(સચિત્ર બીજી આવૃત્તિ.)

લેખકઃ—શ્રી વ્રજલાલ જાદવજી ઠક્કર.

જે રાજપૂત જાતિમાં, બાપ્પારાવ, પ્રતાપસિંહ, ભીમસિંહ વગેરે નરવીરો ઉત્પન્ન થયા હતા, જેમના બાહુબળથી શત્રુઓ સર્વદા કંપતા હતા તે જ જાતિમાં ઉત્પન્ન થયેલા શૂરવીર ક્ષત્રિયોના શૌર્યવીર્યનો રુંવાં ઉભાં કરે એવો તાદૃશ્ય ચિતાર આ નવલકથામાં છે. પરતંત્રતાની પીડા, સ્વાધીનતાનું સ્વર્ગીય સુખ, જન્મભૂમિ માટે આત્મબલિદાન, યવનોની વિલાસ પ્રિયતા, બાળિકાહૃદયનો દૈવી અનુરાગ, પ્રચંડ યુદ્ધ, વિશ્વાસઘાતકતા, સતી રજપૂતાણીઓનું યુદ્ધક્ષેત્રનું શૂરાતન વગેરે વાંચતા રાજસ્થાનની ભૂતકાળની કીર્ત્તિનો ઇતિહાસ સ્મરણમાં આવશે. માત્ર એક જ વર્ષમાં આ નવલકથાથી બીજી આવૃત્તિ થયેલી છે એજ તેની સર્વોત્તમતાનું સૂચન કરે છે. ત્રણ સુંદર ફોટોગ્રાફિક ચિત્તરંજક ચિત્રો, સોનેરી પાકું પૂઠું, છતાં મૂલ્ય માત્ર રૂ. ૧—૧૨—૦.

બુકસેલર કચરાભાઇ વનમાળી પટેલ.
મોટી હમામ—અમદાવાદ.

અત્યંત આકર્ષણીય અને ચિત્તરંજક વિષયોથી પરિપૂર્ણ
ઐતિહાસિક નવલકથા.

રણઘેલા રજપૂતો

અથવા

સતીઓનું શૂરાતન.

લેખક:–વ્રજલાલ જાદવજી ઠક્કર.

ભાગ ૨ જો.

આ ભાગ પહેલા ભાગ જેટલો જ રસિક અને આકર્ષક છે. આ નવલકથા માટે વડોદરાથી પ્રસિદ્ધ થતું સુપ્રસિદ્ધ 'સાહિત્ય' માસિક જણાવે છે કે, 'સ્વદેશભક્તિના પ્રસંગો એવા અચ્છા ચીતરેલા છે કે, **આ જમાનામાં આ નવલકથા દરેક દેશભક્તે વાંચવી જોઈએ.**' આવા આવા બીજા પણ ઘણા અભિપ્રાયો મળેલા છે. આ નવલકથા સુવિખ્યાત ગુજરાતી નવલકથાકાર શ્રી. **વ્રજલાલ જાદવજી ઠક્કરે** લખેલી હોવાથી તેની ઉત્તમતા માટે વિશેષ વિવેચન કરવાની જરૂર રહેતી નથી. પ્રથમ ભાગમાં અપૂર્ણ રહેલા સઘળા વિષયોને આ ભાગમાં સંપૂર્ણ વર્ણવેલા છે. સોનેરી પાકું પૂઠું; છતાં મૂલ્ય માત્ર રૂ. ૧–૧૨–૦.

બુકસેલર **કચરાભાઇ વનમાળી પટેલ.**

મ્હોટી હમામ–અમદાવાદ.

લોકપ્રિય નવલકથાકાર શ્રી વ્રજલાલ જાદવજી ઠક્કરકૃત

અત્યુત્તમ સામાજિક સચિત્ર નવલકથા.

મધુ-માલતી

અથવા

વીસમીસદીનું વિશ્વદર્શન !

માત્ર પાશ્ચાત્ય જ્ઞાનવિદ્યાથી મંડિત થયેલા અર્ધદગ્ધ યુવકો દેશ-કાળની પરિસ્થિતિનો વિચાર નહિ કરતાં કેટલીક વખતે કેવા સ્વેચ્છાચારી બની જાય છે, ધર્મજ્ઞાનશૂન્યા બાળિકા પોતાના રમણી જીવનના સકળ સર્વસ્વનો નાશ કરી લાલસાના પ્રચંડ જ્વાળામુખીમાં કેવી રીતે બળી મરે છે, કબરસ્થાનમાં જવાની ઉમ્મરે પહોંચેલો વૃદ્ધ એક નિર્દોષ બાળિકાના દર્શનથી કામપીડિત બની જઇ મૂર્ખતાની કેટલી બધી હદ સુધી પહોંચી જાય છે, યુરોપની નાટકશાળાઓમાં નટીઓની કેવી દુર્દશા થાય છે, વિલાસી અંગ્રેજો પોતાની વિષયવાસના તૃપ્ત કરવા માટે નિરાધાર બાળિકાઓપર કેવો અમાનુષિક-રાક્ષસી અત્યાચાર કરે છે, આદિ વિષયો વાંચતાં તમે જાણે કે **વીસમીસદીનું વિશ્વદર્શન** કરતા હો એવો જ ભાસ થશે. ત્રણ સુંદર ફોટોગ્રાફિક ચિત્રો. પાકું સોનેરી પૂઠું; છતાં મૂલ્ય માત્ર રૂ. ૧-૮-૦.

બુકસેલર કચરાભાઈ વનમાળી પટેલ.

મ્હોટી હમામ-અમદાવાદ.

છપાય છે! તાકીદે નામ નોંધાવો!!

ઝેરી જમાનો.

લેખકઃ—સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા.

. પ્રસ્તુત પુસ્તકમાં પૈસાના પૂજારી શયતાનો દ્રવ્ય પ્રાપ્ત કરવાને કેવી પ્રપંચલીલા કરે છે, મદાંધ મનુષ્યો ગરીબોને તૃણવત્ ગણે છે, ગરીબો પેટની વેઠને માટે માલિકોનો કેટલો બધો જુલમ સહન કરે છે, દારિદ્રાવસ્થાથી કંટાળી મનુષ્ય કેવા ભયંકર અને હૃદયભેદક પાપ-કર્મ કરે છે; પ્રેમમયી બાળા આદર્શ ગરીબને પ્રેમ અર્પી અથાગ સંકટો સહન કરી અંતે પ્રેમનો કેવા પ્રકારે વિજય કરે છે. હરા-મના પૈસાથી શ્રીમંત બનેલાઓને આખરે હાલ હવાલ થઇ કેવી રીતે રીબાવું પડે છે; ભયંકર ખૂન કરી પૈસાદાર થએલા એક ગરી-બનો હૃદયભેદક પાપનો પશ્ચાત્તાપ વાંચતાં ખરેજ રોમાંચ ઉભાં થઇ જશે. આ પુસ્તકના વાંચનથી આ જમાનામાં બનતાં કાળાં ધોળાં કર્મોનો સહજમાં ખ્યાલ આવી જશે. આનંદ સાથે જ્ઞાનની ઉંડી છાપ પાડનારૂં આ પુસ્તક સૌએ એકવાર વાંચવુંજ જોઇએ. સુંદર છપાઇ, ગ્લેજ કાગળ સાથે દળદાર પુસ્તક હોવા છતાં કિંમત માત્ર રૂપિયા પોણાએ અગાઉથી નામ નોંધાવનારને પોસ્ટેજ માફ. **ગ્રાહક થનાર ગૃહસ્થોનાં નામ પુસ્તકમાં છાપીને પ્રસિદ્ધ કરવામાં આવશે.** માટે આજે જ ગ્રાહક થાઓ.

બુકસેલર **કચરાભાઇ વનમાળી પટેલ.**

મોટી હમામ—**અમદાવાદ.**

હમણાં જ પ્રસિદ્ધ થઇ છે. આજે જ મંગાવો.

સુવિખ્યાત ગુજરાતી નવલકથાકાર શ્રી વજલાલ જાદવજી ઠક્કરકૃત

અત્યુત્કૃષ્ટ, ચિત્તરંજક, મનોમુગ્ધકર ઐતિહાસિક નવલકથા.

રાજનૈતિક ષડયંત્ર

અથવા

મરૂભૂમિની મોહિની.

બહાદુર તેમજ રણશૂરા રજપૂતોના યથાર્થ ઇતિહાસને અનુસરીને આ નવલકથા લખવામાં આવી છે. જે સમયે કોટામાં જાલિમસિંહ રાજપ્રતિનિધિ હતો તે સમયે તેણે પોતાનો અધિકાર વંશાનુક્રમિક ચાલુ રાખવા માટે કેવાં રાજનૈતિક કારસ્થાનો રચ્યાં હતાં, ઝાલોરરાજનન્દિની અથવા **મરૂભૂમિની મોહિનીને** સહધર્મિણીરૂપે મેળવવા માટે જાલિમસિંહના પુત્ર ગરધનદાસે તેનાપર કેવો રાક્ષસી જુલ્મ ગુજાર્યો હતો. સ્વરાજ્યોદ્ધાર કરવા માટે કોટાના રાજકુમારોએ કેટલું બધું કષ્ટ ઉઠાવ્યું હતું આદિ અનેકવિધ મનોમુગ્ધકર, વિસ્મયકર અને ચિત્તહર અનેકવિધ વિષયોનો આ સર્વાંગસુંદર નવલકથામાં સમાવેશ થયેલો છે. પૃષ્ઠ સંખ્યા લગભગ ૨૨૫, પાકું સોનેરી લાયબ્રેરીને શોભાવે એવું મનરંજન પૂઠું; છતાં મૂલ્ય માત્ર રૂ. ૧–૪–૦

બુકસેલર કચરાભાઈ વનમાળી પટેલ.

મ્હોટી હમામ–અમદાવાદ.

રત્નમંજરી.

લેખકઃ—મોતીલાલ અમૃતલાલ પટેલ.

જો તમારે સાહિત્યનું જ્ઞાન મેળવવું હોય, જો તમારે આનંદના સાગરમાં ડુબવું હોય તથા સંસારના શોક—દુઃખથી વિમુક્ત થઇ અપૂર્વ શાન્તિ મેળવવી હોય અને પ્રેમિક પ્રેમિકાનાં હૃદયને સ્તબ્ધ કરી મૂકે એવા પ્રસંગો વાંચવા ઉપરાંત કપટીઓનાં મનોવેધક કારસ્થાનો અવલોકવાં હોય તો આ રસદાયક નવલકથા વાંચો. ઉંચા ગ્લેજ કાગળો, લાયબ્રેરીને શોભાવે તેવા સોનેરી બાઇન્ડીંગનું દળદાર પુસ્તક હોવા છતાં કિંમત માત્ર રૂ. ૧—૧૨—૦

અતિ ઉત્તમ ગ્રન્થ ! અદ્ભુત અદ્વિતીય ગ્રન્થ !

એક એક નકલ પ્રત્યેક ઘરમાં રહેવીજ જોઇએ ! દરેક ગૃહસ્થે વાંચવું જ જોઇએ.

કોકશાસ્ત્ર—આ અમૂલ્ય અદ્વિતિય ગ્રન્થ સર્વોપરી છે. એમાં ઘણાં જુનાં જુનાં પુસ્તકો શોધીને યુવાન સ્ત્રી પુરૂષોને અતિ ઉપયોગી થઇ પડે એવા ગુપ્ત વિષયો—દવાઓ પ્રકટ થયાં છે. એમાં સ્ત્રી પુરૂષની ચાર જાતિ, તેમનાં લક્ષણ, કામદેવનાં રહેવાનાં સ્થળ, ગુપ્ત આસનોનાં વર્ણન, સંયોગ માટે તીથી, વાર, નક્ષત્રનો વિચાર, અદ્ભુત વાજીકરણ, વશીકરણ પ્રયોગો વગેરેનો સમાવેશ કરેલ છે, કીંમત રૂ. ૩—૦—૦.

બુકસેલર કચરાભાઇ વનમાળી પટેલ.

મોટી હમામ—અમદાવાદ.

તૈયાર છે. આજેજ મંગાવી લ્યો. તૈયાર છે.

કુસુમકાન્ત

યાને

સંસાર શેત્રંજ.

લખનારઃ—સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા.

પ્રસ્તુત પુસ્તકમાં પૈસાદાર મનુષ્યોનાં કુટિલ વર્તનો, અર્ધદગ્ધ યુવાનોનાં કારસ્થાનો, ખીસ્સાના ખાલી અને ઉપરથી ફેશનબંધ કપડાં પહેરી ફેશનમાં ફક્કડ થઇ ફરનારા યુવાનોની દગાબાજી, ચાલુ જમાનાની મિત્રાઇ, તેમજ ફેશનેબલ વનિતાની વિલાસપ્રિયતાથી થતી અધોગતિ; એક ભયંકર શયતાનનાં હૃદયદ્રાવક ખૂની કર્મો તે ઉપરાંત ગરીબ પણ ભણેલા યુવકો સ્વદેશની સેવા કેવી રીતે કરે છે; કેવો અમૂલ્ય બોધ આપે છે, પ્રેમિ બાળાઓ કેળવણીના પ્રભાવે કેવું નીતિમય જીવન ગુજારે છે. વગેરે અનેક બોધક વિષયો આલેખવામાં આવેલા છે. આ પુસ્તકનું વર્ણન જેટલું કરીએ એટલું ઓછું જ છે. ટુંકામાં આ જ્ઞાનદાયક ગ્રંથના વાંચનથી કંઇક નવોજ ચમત્કાર માલુમ પડી આવશે. પુસ્તક દળદાર, પાકા બાઇન્ડીગનું હોવા છતાં કિંમત માત્ર રૂ. ૧-૧૨-૦ પોણાબે.

બુકસેલર **કચરાભાઇ વનમાળી પટેલ.**

મ્હોટી હમામ—અમદાવાદ.

તૈયાર છે, નવીન ચમત્કાર, જલ્દી મંગાવી લ્યો.

અપૂર્વ અદ્દભુત ઘટનાયુક્ત નવલકથા.

માયાવી મોહિની.

લખનારઃ—સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા.

આ નવીન નવલકથામાં એક પૈશાચિક હૃદયના માણસમાં હૃદયભેદક કુકર્મોનો ચિતાર આપવામાં આવ્યો છે. પૈસા પ્રાપ્ત કરવાને તે કેવાં ખૂની કાર્યો કરે છે અને પોતાની પુત્રીને જાદુઇ પ્રયોગ કરી તેની માર્ફતે નિર્દોષજનોનાં રક્ત કેવી રીતે વહેવરાવે છે તથા તે ક્રુર કસાઇના હાથે મૃત્યુના મુખમાં ગએલા આત્માઓ પોતાનું વેર વાળવાને કેવી આશ્ચર્યયુક્ત ઘટનાઓ બતાવે છે, આ ઉપરાંત તે સફેત શાહુકારનો અંતિમ્ અંજામ અને પ્રેમિક પ્રેમિકાઓનો લાંબા સમયે સ્વર્ગીય આનંદ વગેરે વાંચતાં તમારૂં હૃદય આશ્ચર્ય પામ્યા સિવાય રહેશેજ નહિ. ચીકણા જાડા કાગળ સાથે મનપસંદ બાઇડીંગનું પુસ્તક હોવા છતાં મૂલ્ય માત્ર રૂ, ૧-૮-૦.

બુકસેલર કચરાભાઇ વનમાળી પટેલ.
મ્હોટી હમામ—અમદાવાદ.

શૂરવીર શિરોમણિ, રાજપૂતોના મુકુટમણિ

મહારાણા હમીરસિંહ.

કર્તા:—પ્રૉફેસર જેઠાલાલ ચીમનલાલ એમ. એ.

જો સ્વદેશભક્ત રાજપૂતોના આત્મત્યાગનાં આકર્ષણીય ઉદાહરણો જોવાં હોય, સતી સાધ્વી રાજપૂત વીરાંગનાઓ વીરતા, ધીરતા અને સાહસિકતાનો પરિચય પ્રાપ્ત કરવો હોય, પ્રેમ, વિરહ આદિ રસનો એકત્ર સમાવેશ જોવો હોય, મધુર સંગીતનો વિનોદ અનુભવવો હોય, સ્વદેશ ભક્તિનો તાદૃશ્ય ચિતાર જોવો હોય તો આ ઉતમ પુસ્તક અવશ્ય મંગાવો. હાસ્યરસ પૃષ્ઠે પૃષ્ઠે છલકાઇ જાય છે. જુલ્મી લુંટારા મુંજ બલેચાને હમીરસિંહે કેવી બહાદુરીથી મારી નાખ્યો હતો અને પોતાના બાહુબળથી મેવાડના રાજસિંહાસનને પ્રાપ્ત કર્યું હતું એ વિષય વાંચવા યોગ્ય છે. આ પુસ્તક પ્રત્યેક લાયબ્રેરીમાં હોવું જોઇએ. સુંદર પૂઠું, માત્ર થોડીજ નકલો સિલ્લકે છે. આજેજ મંગાવો. મૂલ્ય માત્ર રૂ. ૧–૦–૦.

અત્યુત્તમ નવલકથા

કુસુમ કળા.

ભાગ ૧ થી ૪.

પૃષ્ઠ સંખ્યા લગભગ ૮૦૦ પાકું સોનેરી પૂઠું; છતાં મૂલ્ય માત્ર રૂ. ૨–૮–૦.

બુકસેલર કચરાભાઈ વનમાળી પટેલ.

મ્હોટી હમામ–અમદાવાદ.

આદર્શચરિત્રપરિપૂર્ણ સામાજિક નવલકથા!

અંગના કે દેવાંગના?

પ્રયોજકઃ—શ્રી. વ્રજલાલ જાદવજી ઠક્કર.

આ સામાજિક નવલકથામાં ઘણા ઉપયોગી સ્વદેશહિતના અનેક વિષયોની માર્ગદર્શક તેમજ સપ્રમાણ ચર્ચા કરી છે. જે ભારતવર્ષ પૂર્વે સકળ દેશોનો શિરોમણિ હતો, જે આર્ય લોકો પૃથિવીની સકળ જાતિઓમાં ચઢિયાતા ગણાતા હતા તેજ ભારતવર્ષ અને તેજ હિન્દુ જાતિની વર્તમાન શોચનીય સ્થિતિ અને તેનું નિવારણ કરવાના માર્ગદર્શક ઉપાયો હોય તો તે માત્ર આ એક જ નવલકથામાં છે. દુષ્કાળનું નિવારણ કેમ કરવું, સર્વ જાતિનાં મનુષ્યો સાથે ઐક્ય કેમ રાખવું, બાળલગ્નથી હિન્દુ સંસારો કેવા સંકટમય છે, વિધવા-વિવાહની જરૂર છે કે કેમ, આધુનિક યુવકવર્ગ સ્વદેશહિતનાં કાર્યો કેવી રીતે કરી શકે, સ્ત્રીજાતિને કેવું શિક્ષણ મળવું જોઇએ, વગેરેનો સંપૂર્ણ ચિતાર આ નવલકથામાં ઘણીજ રસિકતાથી આલેખવામાં આવ્યો છે. પૃષ્ઠ સંખ્યા લગભગ ૩૫૦, સોનેરી પાકું પૂઠું; છતાં મૂલ્ય માત્ર રૂ. ૧-૮-૦.

બુકસેલર કચરાભાઇ વનમાળી પટેલ.

મ્હોટી હમામ—અમદાવાદ.

નવલકથાઓનો કોહિનુર ?!

નવીન વર્તમાન   આજે જ મંગાવો

અસંખ્ય આકર્ષણીય, મનોરંજક, હૃદયભેદક અને આશ્ચર્યજનક બનાવોથી ભરપૂર ચમત્કારપૂર્ણ નવીન નવલકથા

મૃગલોચની

અથવા

માયા–પ્રાબલ્ય.

ભાગ ૧ થી ૪.

સંપાદકઃ—વ્રજલાલ જાદવજી ઠક્કર.

આ નવલકથા વાર્ત્તાપ્રિય વાંચકોને એક વખત વાંચવાની અમે ખાસ ભલામણ કરીએ છીએ. શુદ્ધ સ્નેહનું સ્વરૂપ સમજવું હોય, વફાદાર દોસ્તની દિલોજાન દોસ્તીનું દર્શન કરવું હોય, વેશધારીઓના કલ્પનામાં પણ ન ઉપજી શકે એવા અવનવા ચમત્કારોથી પરિચિત થવું હોય, વીરપુરુષોની વીરતા જોવી હોય તો આ નવલકથા અવશ્ય વાંચજો. પ્રેમિક પ્રેમિકાની વિયોગવ્યથાનો હૃદયવિદારક ચિતાર વાંચતાં તમે અશ્રુજળને અટકાવી શકશો નહિ. પ્રેમ, વિરહ, મિલન, ચમત્કાર, કર્ત્તવ્યનિષ્ઠા, દેશદ્રોહ, દેશભક્તિ વગેરે સઘળું આ નવલકથામાં છે. આજે જ મંગાવો. મૂલ્ય માત્ર દરેક ભાગનું રૂ. ૧–૮–૦ પાકું સોનેરી પૂઠું ચાર ભાગના રૂ. ૬–૦–૦.

બુકસેલર કચરાભાઈ વનમાળી પટેલ.

મ્હોટી હમામ–અમદાવાદ.

હમ્મેશાં યાદ રાખવા યોગ્ય

સૂચના.

કોઇ પણ વખતે કોઇ પણ પુસ્તકની જરૂર પડે ત્યારે અમદાવાદમાં પ્રસિદ્ધ થએલી અમારી દુકાને એક વાર ઑર્ડર આપી ખાત્રી કરવા ખાસ ભલામણ કરીએ છીએ. બહાર ગામના ઑર્ડરો બહુજ કાળજીપૂર્વક અને તાકીદે રવાના કરી ગ્રાહકોને સંતોષ આપવામાં આવે છે તેની નોંધ લેવાનું વિસરશો નહિ.

શિરનામું:—કચરાભાઇ વનમાળી પટેલ.

ઠે. મોટી હમામ, મુ. અમદાવાદ.

(જાણવાજોગ નિયમો).

૧. પુસ્તકો મંગાવનાર ગૃહસ્થોએ પોતાનું નામ, ઠામ, ઠેકાણું, ગામ, પોષ્ટ, જીલ્લો વગેરે પુરેપુરૂં સાફ અક્ષરથી દરવખતે લખતા રહેવું.

૨. પચીસ રૂપીઆનાં પુસ્તકો સામટાં આ લીષ્ટની અંદરથી મંગાવનારને રૂપીઆ છની કીંમતનાં પુસ્તકો કમીસનમાં આપીશું.

૩. પંદર રૂપીઆનાં પુસ્તક એકી વખતે મંગાવનારને રૂપીઆ ત્રણની કીંમતનાં કમીશનમાં આપીશું.

૪. દસ રૂપીઆની કીંમતનાં મંગાવનારને રૂપીઆ બેની કીંમતનાં કમીશનમાં આપીશું.

૫. પાંચની કીંમતનાં મંગાવનારને રૂપીઆની કીંમતનું પુસ્તક કમીશનમાં આપીશું.

પુસ્તકો મળવાનું ઠેકાણું:—

કચરાભાઇ વનમાળી પટેલ.

મ્હોટી હમામ—અમદાવાદ.

રા. ચુનીલાલ વર્દ્ધમાન શાહકૃત રસિક નવલકથાઓ.

લતા અને લલિતા ભાગ ૧-૨-૩-૪- લતા અને લલિતા એ બ્હેનો હોવા છતાં જૂદા જૂદા રંગઢંગમાં અને જૂદા જૂદા સ્વભાવની માતાઓના સહવાસમાં ઉછરવાથી તેમનામાં જે ફરક જોવામાં આવે છે તેનું દિગ્દર્શન આ નવલકથામાં કરી શકાય છે. રાજવંશીઓમાં કેવી કેવી ભિન્ન ભિન્ન પ્રકૃતિઓ જોવામાં આવે છે, એનો ઉત્તમ ચિતાર આપેલો છે. વાર્તાનો દરેક ભાગ અત્યંત રસિક છે અને ચારે ભાગોમાં **સુંદર ફોટોગ્રાફિક ચિત્રો આપવામાં આવ્યાં છે.** પાકું પૂઠું, દરેક ભાગમાં પૃષ્ઠ ૨૦૦. કિંમત દરેક ભાગની ૧-૦-૦ મુજબ રૂ. ૪-૦-૦.

નોકરીનો ઉમેદવાર સચિત્ર સાંસારિક નવલકથા. અંગ્રેજી ભણેલો એક ગરીબ યુવક નોકરીની શોધમાં ફાંફાં મારતાં જે અથડામણમાં પડે છે તેનું આ ચિત્ર અત્યંત બોધક અને રસિક છે. મૂલ્ય રૂ. ૧

કાશ્મીર અને કેસરી (બીજી આવૃત્તિ)- રણજીતસિંહને અફઘાનો સાથે ઘણીવાર ઝપાઝપી થઇ હતી અને કાશ્મીર પ્રાન્તને માટે તો ચાર વાર સવારીઓ લઇ જવી પડી હતી; જેમાં છેલ્લી સવારીમાં વિજય પ્રાપ્ત થયો હતો, અને તે વિજય એટલો તો દૃઢ હતો કે પુનઃ અફઘાના રણજીતસિંહના જીવનકાળપર્યંત કાશ્મીર સામે ઊંચું માથું કરીને જોઇ શકયા નહોતા. એક પછી એક પ્રકરણ વાંચવાને વૃત્તિ ઉશ્કેરાતી જાય તેમ છે. પૃષ્ઠ ૨૫૦ પાકું પૂઠું કિં. રૂ. ૧.

પિશાચમંદિર ભા. ૧-૨ જો-આ નવલકથા એટલી તો હૃદયગ્રાહી અને ચમત્કારિક છે કે, પૃષ્ઠે પૃષ્ઠે જીજ્ઞાસારસની જાણે કે સરિતા જ વહેતી હોય

બુકસેલર કચરાભાઈ વનમાળી પટેલ. મ્હોટી હમામ-અમદાવાદ.

એવો સહજ ભાસ થાય છે. અરણ્યમાં અત્યાચાર, કિલ્લાનો ગુપ્તભેદ, ભયાનક ચક્રયંત્ર, કેદમાં સપડાયલી કુમારિકા, શ્વેત આકૃતિ, ચક્રયંત્ર-વાળું ભોંયરું, પ્રેમમંદિર કે પિશાચમંદિર ? વગેરે પ્રકરણો વાંચતાં આહાર નિદ્રાનું સર્વથા વિસ્મરણ થઇ જાય તેમ છે. આ નવલ-કથાના દરેક ભાગમાં **ફોટો ઝીંકોનાં પાંચ પાંચ મનહર ચિત્રો આપેલાં** છે. બન્ને ભાગ જુદા બાંધેલા છે. પાકું પુઠું, બન્ને ભાગ પૃષ્ઠ ૬૦૦ છતાં કિમ્મત દરેક ભાગની રૂ. ૨) મુજબ કુલ રૂ. ૪.

ભાગ્યચક્રનો મહામંત્ર—આ **સચિત્ર** નવલ-કથામાં એક કેળવાયલી બાળા પ્રભાવતી અને તેના અવિવાહિત પતિ સુમિત્રનો કૌમાર અ-વસ્થામાં પરસ્પર પ્રેમ છે; પરંતુ ભાગ્યચક્ર વિલક્ષણ હોવાથી એ બાળાના પિતાનું એકાએક ખૂન થાય છે. ખૂનીને પકડવાને એક કા-ર્યદક્ષ ડિટેક્ટિવ ઘણો પ્રયત્ન કરે છે, વગેરે બનાવો જાણે મ્હોં આ-ગળ ઉભા જ હોય એમ જણાય છે પૃષ્ઠ ૪૦૦ મૂલ્ય રૂ. ૧-૮-૦

રા. નારાયણ વિસનજી ઠક્કુર કૃત રસિક નવલકથાઓ.

આજકાલનું હિન્દુસ્તાન—અથવા પ્રાણહારક **મૃગજળ**—ભા. ૧-૨ ચાલૂ સમયમાં ચાલતા નીંદ્ય સુધારા, ગાડી-વાડીના વૈભવ ખાતર ગમે એવા શ્રીમંત પતિ મેળવવાની લાલસા, શ્રીમંતોનાં મૃત્યુ સમયે થતાં વીલના કલ્પનામાં પણ ન આવે એવા બનાવોથી ભરપૂર નવલકથા. પ્રણયદર્શન, વિકાર અને વિવેક, સુધામાં હલાહલ, શરીફ બદમાશોની ટોળી, સત્યનિષ્ઠા, અબળાનું સાહસ, અ-ધ:પાતનો આરંભ, વગેરે પ્રકરણો વાંચતાં તમે જુની આંખોએ નવીન તમાશો જ જોઇ શકશો. પૃષ્ઠ સંખ્યા લગભગ ૩૨૦, દરેક ભાગમાં

ચાર સુંદર ફોટોગ્રાફિક ચિત્રો, બન્ને ભાગનું પાકું રૂપેરી પૂઠું છતાં કિંમત દરેકની ૧—૮—૦ કુલ રૂ. ૩)

ભયંકર ભદ્ર અથવા કેવળ ૨૪ વર્ષના ક્ષણુ-ભંગુર સંસાર માટે—આ સંસારના ક્ષણભંગુર ભોગવિલાસની લાલસાથી મહત્વાકાંક્ષાના પ્રવાહમાં તણાઇને ક્ષુદ્ર માનવી પિશાચના દાસત્વને સ્વીકારીને આ જગતમાં કેવાં કમકમાટી ઉપજાવનારાં કુકૃત્યો કરે છે, એનું જો તાદૃશ્ય શાબ્દિક ચિત્ર જોવું હોય તો તે કેવળ આ અદ્દભુત નવલકથામાં જ દેખાશે. મ્હોટી સાઇઝનાં પૃષ્ઠ ૩૦૦, રૂપેરી નામ તથા પાંચ સુંદર ફોટોગ્રાફિક ચિત્રોવાળી આ નવલકથાની કિં. માત્ર રૂ. ૨) છે. પો. માફ.

નાદિરનો દોરદમામ—અને બાહુબળનું પરિણામ—એક સાધારણ સિપાહી તરીકે ઇરાનના બાદશાહના સૈન્યમાં દાખલ થઇ ધીમે ધીમે આગળ વધી અંતે છળપ્રપંચ તથા અદ્વિતીય બાહુબળથી ઇરાનના બાદશાહ બની બેઠેલા અને ત્યાર પછી હિન્દુસ્તાનમાં આવી દિલ્હીમાં 'કત્લેઆમ' ચલાવી દિલ્હીની મૂગલિયાત 'શાહેનશાહના' પાયાને હમ્મેશને માટે ઢીલો કરી જનાર નાદિરશાહનું જીવનચરિત્ર આ ગ્રંથમાં ઉત્તમતાથી વર્ણવાયું છે ? કીમત રૂા. ૨—૦—૦ પોષ્ટેજ જૂદું.

મારી ભયંકર સંસારયાત્રા અથવા એક નિરાધાર અબળાનો આર્ત્તનાદ ! આ સામાજિક નવલકથામાં સંસાર વ્યવહારમાં પ્રચલિત થઇ પડેલા કેટલાક વિષયોનું એવી શાસ્ત્રીય દૃષ્ટિથી અવલોકન

કરવામાં આવ્યું છે કે, જેમાંથી ઘણું શીખવાનું મળી શકે તેમ છે. મૂલ્ય માત્ર રૂ. ૩-૦-૦

૨૧. વ્રજલાલ જાદવજી ઠક્કરકૃત રસિક નવલકથાઓ.

કંગાલ કેદી અથવા સ્નેહ-બંધન—ભાગ ૧—૨. આ નવલકથામાં સુખદુઃખના પડછાયા, સ્વામી સ્નેહજ્યોતિનું આદર્શ સાધુજીવન અને દૈવી પરોપકાર, હતભાગ્ય રંગનાથની સ્થિતિનું અને જીવનનું કલ્પના પણ ન કરી શકાય એવું અસંભવ પરિવર્તન, આદિ અનેકવિધ આકર્ષણીય ઘટનાઓથી પરિપૂર્ણ. દરેક ભાગમાં **ચાર સુંદર ફોટોગ્રાફિક ચિત્રો,** ચીકણા સફેદ કાગળ, બન્ને ભાગનું પાકું રૂપેરી પૂઠું; દરેક ભાગની કીંમત રૂ. ૧-૧૨-૦ મુજબ કુલ રૂ. ૩-૮-૦.

દગાબાજ દુનિયા—આ નવલકથાની વસ્તુસંકલના એવી તો અદ્ભુત, પરંતુ સંભવિત છે કે, પ્રત્યેક પૃષ્ઠે વાંચકની જીજ્ઞાસા વૃદ્ધિંગત થાય તેમ છે પત્નીનું ગૂમ થવું, રેલ્વે ટ્રેનમાં સંન્યાસીના મૃતદેહનું આવવું, સાધ્વી સતી નિર્મળાનો દૈવી અને આદર્શ સ્વામીસ્નેહ સંન્યાસીના જીવનનું ગુપ્ત રહસ્ય, પાપનો પશ્ચાત્તાપ, સંતાનસ્નેહ, લોકચર્ચાના વિષયોથી ભરપૂર. મ્હોટા કદનાં પૃષ્ઠ લગભગ ૨૨૦. **ચાર સુંદર ફોટોગ્રાફિક ચિત્રો.** પાકું લાયબ્રેરીને શોભાવે એવું રમણીય પૂઠું. મૂલ્ય માત્ર રૂ. ૧-૮-૦ આજે જ મંગાવો.

ભાગ્યદેવીની ભયંકરતા અથવા આદર્શ વિધવા—આ નવલકથા એક સર્વોત્તમ બંગાળી નવલકથાનો અનુવાદ છે. આ નવલકથા સમસ્ત હિન્દુસ્તાનમાં એટલી બધી લોકપ્રિય

થઈ પડી છે કે, તેનું અંગ્રેજી, હિન્દુસ્તાની, વગેરે ભાષામાં પણ ભાષાંતર થયું છે. **ભાગ્યદેવીની ભયંકરતાથી** એક કંગાલ દીનદરિદ્ર કુટુંબને કેટલું બધું દુઃખ વેઠવું પડે છે તેનો આ નવલકથામાં ઘણો જ કરુણાજનક ચિતાર આપવામાં આવ્યો છે. રૂપેરી બાઇન્ડીંગ છતાં કિમ્મત મા રૂ. ૧—૪—૦.

પિશાચિની કે પ્રેમદા ?—ભૂતપ્રેતના ભયંકર ઉપદ્રવના લીધે ઉપજતું ભ્રમમૂલક દુઃખ, મહામાયાનું જળમાં ડૂબી જવાથી નિપજેલું મૃત્યુ, સુંદરી લીલાવતીની બિમારી, પ્રેમની હરિફાઇ, યુવકનો આત્મસંયમ, વિધવાની વિરહવેદના, ધડથી જૂદું થઇ ગયેલું મસ્તક, સ્મશાનભૂમિમાં પિશાચોનું પાપમંડળ, પૃષ્ઠ સંખ્યા લગભગ ૨૬૦, સુંદર છપાઇ, છતાં કિમ્મત માત્ર રૂ. ૧-૮-૦.

સ્વર્ગમાં શયતાન—ઉપરથી મહાત્મા જેવા દેખાતા અને સંસારમાં સાધુ લેખાતા; પરંતુ હૃદયમાં હળાહળ ભરી રહેલા પુરુષો પોતાના ઉપર ઉપકારો કરનારનું પણ કેવું ભયંકર અનિષ્ટ કરે છે. એ સંબંધીની અનેક રસિક, ચમત્કારિક અને આકર્ષક ઘટનાઓથી ભરપૂર નવલકથા **સ્વર્ગમાં શયતાન** અવશ્ય વાંચો. પાકું રૂપેરી લાયબ્રેરીને શોભાવે એવું આકર્ષક પૂઠું; છતાં મૂલ્ય માત્ર રૂ. ૧-૪-૦

સંસાર કે નરકાગાર ?—આજકાલના કહેવાતા સુધારકોનું આતર્જીવન કેવું પાપપૂર્ણ અને શોચનીય છે, જ્ઞાનશૂન્ય વિધવાઓ ધર્મ શિક્ષણના અભાવે સ્વધર્મનો ત્યાગ કરી પાપિણી થાય છે, ખરાબ સોબતથી કેવું ભીષણ દુઃખ ભોગવવું પડે છે, વેશ્યાવિલાસથી અંતે કેવી પાયમાલી,

અને ખાનાખરાબી થાય છે, એનો આબેહુબ ચિતાર આ નવલકથામાં સાદી, સરળ પરંતુ રસિક ભાષામાં ચિતરવામાં આવ્યો છે. પૃષ્ઠ સંખ્યા લગભગ ૨૫૦, પાકું રૂપેરી પૂઠું; છતાં કિમ્મત માત્ર રૂ. ૧-૪-૦

મનોહારિણી માયા—એક ત્રિભુવનમોહિની બાળિકાના પ્રેમના બે પ્રતિસ્પર્ધી યુવકો એક બીજાની વિરુદ્ધ કેવાં પ્રાણહારક ષડયંત્રો રચે છે, સંસારત્યાગી મહાત્માના અંતરમાં કવચિત્ સ્વાર્થનો સંચાર કેવી રીતે થાય છે, સરળ હૃદયની બાળિકા જીવસટોસટના પ્રસંગોમાં પણ પોતાના પ્રિયતમના પ્રણય પ્રતિ કેવી દઢ રહે છે, સત્તાનો દુરુપયોગ કરી અંતે કેવા પસ્તાય છે વગેરે આકર્ષણીય ઘટનાઓનું દર્શન કરવું હોય તો આ નવલકથા અવશ્ય વાંચો. આ નવલકથાના પ્રયોજક રા. વ્રજલાલ જા. ઠક્કર છે એટલે નવલકથાની ઉત્તમતા માટે વિશેષ લખવાની જરૂર નથી. પૃષ્ઠ સંખ્યા લગભગ ૩૦૦ પાકું રૂપેરી પૂઠું, છતાં મૂલ્ય માત્ર રૂ. ૧—૮—૦ આજે જ મંગાવો.

જોશી ત્ર્યંબકલાલ જીવરાજકૃત રસિક નવલકથાઓ.

કલન્દરની કટાર—અથવા સંસાર ખાંડાની ધાર—નીચ અને શયતાન દોસ્તો કેવી દગાબાજીથી પોતાના દોસ્તનો ઘાત અથવા ખૂન કરે છે, સ્વાર્થને વખતે તેમનાં હૃદય કેવાં પાષાણ જેવાં બની જાય છે તથા અંતે એવા દુરાત્માઓની કેવી દુર્દશા થાય છે, કોમળ હૃદયની કામિનીઓ પ્રેમના માટે કેટલાં બધાં સાહસો વેઠીને જીવનનું બળિદાન આપવાની તૈયારી કરી તે અન્ય પુરુષોના પ્રેમને સંપાદન કરે છે, આદિ સર્વ વિષયો વાંચતાં આ સંસાર એ ખાંડાની ધાર જ છે એવો સર્વને ભાસ થયા વિના રહેશે નહિ. મ્હોટી સાઇઝનાં પૃષ્ઠ ૩૬૫ પાકું પૂઠું મૂલ્ય રૂ. ૨—૦—૦

બુકસેલર કચરાભાઇ વનમાળી પટેલ. મ્હોટી હમામ—અમદાવાદ.

કમળાદેવી—આ નવલકથામાં ભારતીય વીર રાજપૂત જાતિનાં પ્રબળ પરાક્રમો, પ્રેમ, વિરહ, સંયોગ વિયોગ વગેરેના વિવિધ પ્રસંગો, સ્વદેશભક્તિનું માહાત્મ્ય, મોહની માયાજાળ, આત્મોત્સર્ગ વગેરેનું ઉત્તમ પ્રકારે આલેખન કરવામાં આવ્યું છે. છતાં મૂલ્ય માત્ર રૂ. ૧–૮–૦

બાગે શયતાન અથવા તલ્વારનું તુફાન—

આ નવલકથામાં હિન્દમાં ઈ. સ. ૧૮૫૭ માં થએલા ભયંકર પ્રાણુહારક બળવાનો તાદૃશ્ય ચિતાર ચિતરેલો હોઇ, તે ઉપરાંત નાનાસાહેબ અને તાતીઆ ટોપીની અનેક ગુપ્ત બાબતોને પણ પ્રકાશિત કરવામાં આવી છે. પાકું રૂપેરી પૂઠું કિમ્મત માત્ર રૂ. ૨)

મુરાદેવી અથવા મૌર્યવંશના અભ્યુદયનો આરંભ

ભાગ ૧–૨–૩ આ પુસ્તકમાં મગધદેશના રાજકર્ત્તાઓનો સંપૂર્ણ હેવાલ આપવા ઉપરાંત, નંદવંશનો નાશ કરીને મહાબુદ્ધિમાન અને કૌટિલ્યવિદ્યાવિશારદ ચાણક્યદેવે મૌર્યવંશની સ્થાપના શી રીતે કરી, ચંદ્રગુપ્તને રાજ્યાધિકાર અપાવવા માટે મલયપુરની રાજનંદિની મંદાકિનીએ કેવા કેવા યત્નો કર્યા હતા, તે સર્વ વિષયોનું ઘણી જ સરળતાથી આ નવલકથામાં વિવેચન કરવામાં આવ્યું છે. ભાગ ૧ લો. કિ. રૂ. ૨–૦–૦ ભાગ ૨ જો કિ. ૧ાા રૂ. ભાગ ૩ જો કિ. ૧ાા રૂ. કુલ રૂ. ૫).

તારાસુંદરી—આ એક ઐતિહાસિક નવલકથા છે બાળાઓની ધાર્મિકતા તથા કઠોરમાં કઠોર સંજોગોમાં પણ તેમના પાતિવ્રતના રક્ષણની કુશળતા જોવી હોય, તો આ મનોહર નવલકથા જરૂર વાંચજો. પાકું પુંઠું કિમ્મત રૂ. ૨.

બુકસેલર કચરાભાઇ વનમાળી પટેલ. મ્હોટી હમામ–અમદાવાદ.

સંતપ્ત શયતાન અથવા કામાંધનાં કાળાં

કામ-કામથી અંધ થયેલાં મનુષ્યો આ જગતમાં કયું ભીષણ કાર્ય નથી કરી શકતાં? જગતને ઠગવા માટે ધર્મનિકેતનો સ્થાપી પાપનો પ્રચાર કરનારા, મુખમાં રામ બગલમાં છુરી લઈ ફરનારા, આ પૃથ્વી પર અનેક મનુષ્યનામધારી પિશાચો પડેલા છે અને તેવા જ એક મનુષ્ય પિશાચ તથા માનવી પિશાચિકાનું આ નવલકથામાં એક ચિત્ર આલેખવામાં આવ્યું છે. પૃષ્ઠ ૩૨૦. રૂા. મૂલ્ય ૧-૧૨-૦.

રાક્ષસોની રતિક્રીડા અથવા પિશાચોની પાપ-

લીલા-માયાવી માનિનીના ભયંકર ભેદો, અથવા લુચ્ચાઓની લુચ્ચાઇઓ, તિલસ્માતી મકાનોમાં થતાં કારસ્થાનો, એક આર્ય લલનાની આદર્શ શૂરવીરતા વગેરેનો ચિતાર. પાકું પૂઠું મૂલ્ય રૂ. ૨-૦-૦

સંસાર સંગ્રામ-ભાગ ૧-૨ સોના જેવા સંસારને ધૂળમાં મેળવી દેનાર પિશાચિની પ્રેમદાઓ કેવાં કેવાં કારસ્થાન અને કાળાં કામ કરે છે, ધર્મ પરાયણ સાધ્વી સતીઓ સંકટના પહાડો તૂટી પડવા છતાં કેવી અડગ અને અચલ રીતે પતિભક્તિમાં લીન રહે છે પાકું પુંઠું. બન્ને ભાગના પૃષ્ઠ ૪૦૦. કિંમત દરેકની રૂ. ૧ાા મુજબ કુલ રૂ. ૩)

પરાક્રમની પતાકા-જાપાને વર્તમાન સમયમાં શી શી ઉન્નતિ કરી છે અને તેનું સત્ય કારણ શું છે તે દર્શાવવા ઉપરાંત આ નવલકથામાં જાપાનના પ્રિન્સે લંડન શહેરના ભવ્ય બજારમાં ચાલતી સ્પેશીયલમાં અમેરિકાના એલચીઓ તરફ આવતા જાસુસોનાં ભેદી ખૂન શી રીતે

બુકસેલર કચરાભાઈ વનમાળી પટેલ. મ્હોટી હમામ-અમદાવાદ.

ક્યાં તથા તેનો પત્તો છેવટ સુધી શા કારણથી ન મળ્યો વગેરે વિષયો આ નવલકથામાં આપવામાં આવ્યા છે. પુંઠું રૂપેરી નામ અને મૂલ્ય રૂ. ૨).

ભેદીખજાનો—ડિટેક્ટીવોની ચાલાકી, ભેદમાંથી ભેદ પકડી પાડવાની દિલને હેરત પમાડનારી બહાદુરી, ચોરોની ચતુરાઇ, અમળાઓની અજાયબી ભરેલી ભૂલથાપ ખવડાવનારી બાહોશી વાંચતાં દિલ કમકમી ઉઠે છે. પાકું પૂઠું પૃષ્ઠ ૩૨૦ મૂલ્ય ૧-૧૨-૦

રાજા દેવીદાસ—જ્યારે સોનાનો બંગાળા કલંકની કાળાશથી મલિન થયો નહોતો, તે વખતની આ વાર્તા લખવામાં આવી છે, અરે જીવતું જાગતું ચિત્ર આલેખવામાં આવ્યું છે. પાકું રૂપેરી પૂઠું મૂલ્ય રૂ. ૨—૦—૦.

ગેબીખૂન અથવા **શયતાની ચક્કર** ખૂન, મારામારી અને ભેદી મામલાઓથી ભરેલી આ નવલકથા વાંચવાથી રૂંવેરૂંવાં ઉભાં થઈ આવે છે. છેવટે ચાલાક ડિટેક્ટીવ બધા મામલાઓની બરાબર તપાસ કરી ઘણીજ ખૂબીની સાથે સઘળા ભેદોનો ભંડો ફોડી ખરા ખૂનીને પકડી કાઢે છે કિ. ૧-૧૨-૦

કીશોરસિંહ અથવા દુઃખનો પહાડ ! આ વાર્તા અનેક ભેદભરમોથી ભરેલી હોઇને તેમાં ભયંકર ભૂતના ચમત્કારો, રાજસંસારના ગુપ્ત ભેદભરમો, પ્રેમમયી રાજબાલાની પ્રેમપરાયણુતા આદિ અનેક બનાવોથી ભરપૂર છે. મૂલ્ય ભાગ ૧ લાના રૂ. ૨-૦-૦ બીજાના રૂ. ૨-૦-૦

સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતાકૃત પુસ્તકો.

તરૂણ તપસ્વિની ભાગ ૧—૨ જો. સાધુના વેષમાં ફરતા શયતાનો કેવી પ્રપંચજાળ પાથરી ભોળાં મનુષ્યોને ભરમાવે છે,

બુકસેલર કચરાભાઇ વનમાળી પટેલ. મ્હોટી હમામ—અમદાવાદ.

તેનો આબેહુબ ચિતાર વાંચતાં વાંચકોને અનહદ આનંદ સાથે અપૂર્વ જ્ઞાન પ્રાપ્ત થયા સિવાય રહેશે નહિ. તે ઉપરાંત ભોળા હૃદયના શ્રીમંત યુવકોની ખરાબ સોબતથી કેવી પાયમાલી થાય છે, વફાદાર મિત્રો કેવા હોય છે, સતી સાધ્વી પત્ની કેવી હોય છે, પરોપકાર કેવી રીતે કરી શકાય છે એ વગેરે હકીકતથી ભરપૂર. પ્રથમ ભાગમાં ચાર સુંદર ફોટોગ્રાફિક ચિત્રો આપવામાં આવેલાં છે. બન્ને ભાગ જૂદા બંધાવામાં આવેલા છે. પૂઠું પાકું સોનેરી, કાગળ ગ્લેઝ ઉંચા છતાં બન્ને ભાગની કિંમત માત્ર રૂ. ૩-૧૨-૦

વસંત–વિજય યાને ચઢતી પડતીના ચમત્કાર:-

જે દુરાચરણી રાજા મહારાજાઓની સ્વાર્થવૃત્તિથી, વિલાસ પ્રિયતાથી અને એક બીજા પ્રત્યેના દ્વેષથી આ નંદનવન સમાન ભારતભૂમિની દુર્દશા થઇ છે તેવા એક નિષ્ઠુર હૃદયના નૃપતિનાં રાક્ષસી કુકર્મોનો અસરકારક ચિતાર આ નવલકથામાં આપેલો છે. દળદાર પુસ્તક હોવા છતાં મૂલ્ય માત્ર રૂ. ૧-૮-૦ દોઢ છે.

મણીલાલ જેઠાલાલ વ્યાસકૃત પુસ્તકો.

કલ્યાણી અથવા હજાર વર્ષ પૂર્વેનું હિંદુસ્તાન—

જે નગર અત્યારે હિંદુસ્તાનમાં અસ્તિત્વ ધરાવતું નથી અને જેનું નામ નિશાન પણ અત્યારે ભારતભૂમિના વક્ષસ્થળ ઉપરથી ધસાઇ–ભુંસાઇ ગયું છે, એવું ગૌડ શહેર એક હજાર વર્ષ પહેલાં પોતાના ગૌરવની કેવી વિજયઘોષણા કરી રહ્યું હતું તથા તે નગરના રાજવંશીઓની કીર્તિ અને સત્તા કેટલી પ્રબળ હતી તેનું આબેહુબ વર્ણન આ નવલકથામાં કરવામાં આવ્યું છે. પાકું પુંઠું કિ. ૨-૦-૦

સ્નેહમયી અને વિષમયી—આ નવલકથામાં જુદા જુદા સ્વભાવની બે યુવતીઓ એક જ પ્રિયતમને ચાહે છે અને પ્રિયતમનો પ્રેમ સંપાદન કરવાને તેમના તરફથી જે જે પ્રયાસો કરવામાં આવે છે, તે વાચકને એટલા બધા અદ્ભુત લાગે છે કે સ્વપ્નમાં પણ કદિ તેમણે જોયા હોય નહિ. સુંદર સુશોભિત પાકું પૂઠું મૂલ્ય રૂ. ૧—૮—૦

અલાઉદ્દીનનો ઉદય—દિલ્હીનો સુપ્રસિદ્ધ બાદશાહ અલાઉદ્દીન કપટથી પોતાના કાકા જલાલુદ્દીનને મારીને કેવી રીતે બાદશાહ થયો અને પાદશાહ થયા પછી જલાલુદીનના બન્ને દીકરાની કેવી નિર્દયતાથી આંખો ફોડી નાંખી તેનું આબેહુબ ચિત્ર આ નવલકથામાં આલેખાયલું છે. સન્નારીઓના શિયળનું રક્ષણ કરવા માટે તે વખતના રજપૂત રાજાઓ પોતાનો કેવો આત્મભોગ આપતા અને આર્યમહિલાઓ પણ પોતાના પાતિવ્રતનું રક્ષણ કરવા માટે કેવાં ભયંકર દુઃખો સહન કરતી હતી. તેનું વર્ણન આ નવલકથામાં કરવામાં આવ્યું છે. સુંદર ચિત્રો અને પૃષ્ઠ સંખ્યા ૨૭૫ ઉપરાંત. પાકું રૂપેરી પૂઠું, કિ. રૂ. ૨–૦–૦.

મહાકાળીનું ખડ્ગ—પતિવ્રતા ભક્તિપ્રભાનો તેના સ્વામી પ્રત્યેનો અથાગ પ્રેમ, પતિપત્નીનો ઘોર અંધકારી રાત્રે કાલિકા માતાનું દર્શન કરવા સ્મશાનમાં કાલિકા માતાની અદ્ભુત લીલા, માતાનું ભયંકર સ્વરૂપ અને સ્મશાનનો દેખાવ, વગેરે બાબતો વાંચતાં વાંચકની ઉત્સુકતા અત્યંત વૃદ્ધિ પામતી જાય છે. પૃષ્ઠ ૨૫૦, ગ્લેજ કાગળ, સુંદર પાકું પૂઠું મૂલ્ય રૂ. ૨–૦–૦.

નવદંપતિને શીખામણ—અજ્ઞાન, વહેમ ખરાબ સોબત, કુટેવો, વિહારનો અતિયોગ, સ્ત્રીઓની આરોગ્ય સંબંધી અણસમજ, વાંઝીયાપણું, જુવાન વયમાં થતાં અનેક ભયંકર તથા ગુપ્ત દર્દો, ગર્ભસંચાર, પ્રસવ અને બાળકની માવજત સંબંધી અજ્ઞાનતા વગેરે કારણથી દુઃખી થતાં પતિપત્નીઓએ આ પુસ્તક પોતાના નિત્યના મિત્ર તરીકે સાથે રાખવું જોઇએ. ૫૦ પ્રકરણ, ૩૦૦ પૃષ્ઠ, પાકું પૂઠું મૂલ્ય માત્ર રૂ. ૧॥

ખૂન કે જાદુ ?—આ ડિટેકટીવ નવલકથા એટલી અદ્ભૂત છે કે વાંચક તેના પ્રવાહમાં ખેંચાતાં સમજી શકશે નહિ કે પોતે જે બનાવ વાંચે છે તે ખરેખરો બનાવ હશે કે જાદુનો કોઇ પ્રયોગ હશે? લગભગ ૨૦૦ પૃષ્ઠ, ફોટોગ્રાફિક ચિત્રો સાથે પાકું પુઠું મૂલ્ય રૂ. ૧.

રા. સાકરલાલ મગનલાલ કાપડીઆકૃત નવલકથાઓ.

કમનસીબ લીલા—ફેશન આડંબરવાળી ઉચ્છ્રંખલ સ્વેચ્છાચારિણી અબળા સાથે વિવાહ કરવાની પ્રાણહારક મહત્વાકાંક્ષા રાખનાર યુવકોની કેવી ખાના ખરાબી અને પાયમાલી થાય છે, સમજુ યુવકોનું શું કર્તવ્ય છે, વગેરે અનેક સાંસારિક ઘટનાઓ તાદૃશ્ય દૃષ્ટિ સમક્ષ ઉભી જ હોય એવું વર્ણન આલેખવામાં આવ્યું છે. **ચાર સુંદર ફોટોગ્રાફિક ચિત્રો.** પાકું રૂપેરી પૂઠું; છતાં કિમ્મત માત્ર રૂ. ૧—૧૨—૦

કલંકિત કાઉન્ટેસ યાને ખૂની કોણ ?—આ એક ઘણુંજ અસરકારક ડિટેક્ટિવ નોવેલ છે. ચાડમોઇઝેલ શાંડેઝેનો અચળ પ્રેમ, એના હૃદયની દૃઢતા, શૌર્ય, પ્રેમને માટે લક્ષ્મીને તુચ્છ ગણવાની

બુકસેલર કચરાભાઇ વનમાળી પટેલ. મ્હોટી હમામ—અમદાવાદ.

દિવ્યવૃત્તિ, હૃદયની કુમાશ અને પ્રેમાળ હૃદયનું માધુર્ય અને ઘડીભર પ્રેમના રસપૂર્ણ હૉજમાં સ્નાન કરાવી બાળકો કાઉન્ટેસ કશોડયુઝની સુંદરતા, જેકસ પ્રતિનો મોહ, નિષ્ઠુરતા અને અંતે સ્ત્રીહૃદયની સાહજિક કોમલતા આદિ વિષયોથી પરિપૂર્ણ. પાકું પુંઠું કિમ્મત રૂ. ૨.

રા. દલપતરામ ભાઈશંકર રાવળકૃત નવલકથાઓ.

દશ લાખને દલ્લો અથવા રત્નકંકણ લક્ષ્મીનાલોભથી લુચ્ચાં માણસો આ જગતમાં નિર્દોષ મનુષ્યો ઉપર પણ કેવો હૃદયભેદક જુલ્મ ગુજારે છે, ભાગ્યચક્રના અદ્‌ભુત પરિવર્ત્તનના પરિણામે નિર્દોષ માણસને પણ કેટલું બધું દુઃખ સહન કરવું પડે છે, એક અબળા પણ દ્રવ્યલોભની લાલસાથી પ્રબળા બની કેવાં રોમાંચ ઉપજાવે એવાં કારસ્થાનો કરે છે, આદિ અનેકવિધ વિષયોનું શાબ્દિક ચિત્ર જેવું હોય, તો આ નવલકથા અવસ્ય વાંચો. નામનું પૂઠું, છતાં કિમ્મત માત્ર રૂ. ૨–૦–૦

કલંકિત કુમારિકા—આ નવલકથામાં એક શાપભ્રષ્ટા કુમારિકા જીવને જોખમમાં નાખીને પણ કેવાં પરોપકારી કાર્યો કરે છે, વંશાનુક્રમિક ઉતરી આવેલું શયતાની લાલ ચક્કર તેને કેવાં પ્રાણહારક સંકટોમાં ફસાવે છે, એ કુમારિકા ભલભલા પોલિસ ખાતાના અમલદારોને પણ ભૂલ થાપ આપી અંતપર્યંત પોતાનું કેવી ચતુરાઇથી રક્ષણ કરે છે. તેનો રસિક ચિતાર આનંદસહ ચતુરાઇ મેળવવી હોય તો આ ભેદભરેલી નવલકથા જરૂર વાંચો, પાકું રૂપેરી પૂઠું, છતાં મૂલ્ય માત્ર રૂ. ૨–૦–૦.

અન્ય ગ્રંથકારોનાં વિવિધ પુસ્તકો.

સુંદર અને વિદ્યાનંદ—(આવૃત્તિ બીજી) આ નવલકથામાં તેના વિદ્વાન લેખકે સાંસારિક ઘટનાઓનું એવું આબેહુબ આલેખન કર્યું છે કે જે વાંચતાં વાંચક મુગ્ધ બની જાય તેમ છે. શુદ્ધ સ્નેહ, વિષયવાસના, આશ્ચર્યજનક કિન્તુ સંભવિત બનાવો વગેરે વાંચતાં મનરંજન થાય તેમ છે. સુંદર ફોટોગ્રાફિક ચિત્રો પાકું રૂપેરી બાઇન્ડીંગ છતાં કિંમત માત્ર રૂ. ૧-૪-૦.

મધુર મધુરી અથવા મુંબાઇની મોહિની—અલબેલી મુંબાઇની આકર્ણીય મોહિનીનું દિગ્દર્શન કરી તેમનાં કામબાણની વિલાસી યુવકો ઉપર કેવી રામબાણ અસર થાય છે, અને પરનારીના પ્યારથી તેમની કેવી પાયમાલી તેમજ ખાનાખરાબી થાય છે, રસમય અને ચમત્કારિક બનાવોથી ભરપૂર ચાર સુંદર ફોટોગ્રાફિક ચિત્રો, પાકું રૂપેરી પુઠું, કિંમત રૂા. ૧-૮-૦

પંદર લાખપરપાણી. મુંબાઇના એક શ્રીમંત ગૃહસ્થે પોતાના દીકરાને આપેલો પંદર લાખ રૂપીઆનો વારસો ફક્ત બે વર્ષના અરસામાં કેવી રીતે ઉડાવી નાંખ્યો? તેનો અસરકારક અને આબેહુબ ચિતાર વાંચવા યોગ્ય છે. સુશોભિત પાકું પૂઠું મૂલ્ય રૂ. ૧-૪-૦

ભક્તાણી કે ભામટી? આંમાં ચાલૂ જમાનાનો સારો ચિતાર આપ્યો છે. એમાં એક વણિક ગૃહસંસાર, ભક્તાણીને નામે ચાલતા ભામટારેડા, એક રસોઇઆ બ્રાહ્મણની લંપટતા વગેરે બનાવો સારા આલેખાયેલા છે. પાકું પુંઠું છતાં કિં. રૂ. ૧-૮-૦

બુકસેલર કચરાભાઇ વનમાળી પટેલ. મ્હોટીહમામ-અમદાવાદ.

બેગમમહાલ અથવા સુવિખ્યાત સ્મરણમંદિર:-
આ ઐતિહાસિક નવલકથાના લખાણના માધુર્યનું વર્ણન માત્ર શબ્દોથી થાય તેમ નથી. પાઠક પાઠિકાઓ પોતાની દૃષ્ટિ સમક્ષ જવલન્ત અક્ષરે બાદશાહના વિલાસકાનને ઇંદ્રભુવન તુલ્ય આગ્રાના બેગમમહાલને જોઇ શકશે. સર્વે પુનઃ શહેનશાહ જહાંગીર અને નૂરજહાંનને પુનઃ આ નવલકથામાં પોતાનો ભાગ ભજવતાં જોઇ શકશે. જે બેગમની સમાધિ કિંવા કબરપર જગતનો અદ્વિતીય તાજમહાલ બંધાયો છે તેના બાલ્યજીવનનો અદ્‌ભુત ઇતિહાસ જે હજી સુધી કોઇ પણ ગ્રંથમાં પ્રકાશિત થયો નથી તેનું આલેખન આ નવલકથામાં કરવામાં આવ્યું છે. પાકું સોનેરી પૂઠું, છતાં મૂલ્ય માત્ર રૂ. ૧-૮-૦

અકબર રાજ્ય રહસ્ય (ભાગ ૧-૨.) અકબર બાદશાહના રાજત્વકાળ સમયે બનેલી એક મર્મભેદક ઘટના, શાહજાદા સેલિમની વિલાસપ્રિયતા, નશીબનબીબીની સાહસિકતા, મહારાજ બિરબલ તેમજ જહાન્દારખાનના શિરપર આવેલાં પ્રાણહારક સંકટો, આગ્રાના આરામમંજીલનો અદ્‌ભુત ઇતિહાસ, અકબરશાહનો રંગમહેલ, મહેરઊન્નિસાનો મોહ, અદ્‌ભુત ભૈરવી, ઇસ્કાન્દાર અને સેલિમા તથા સિકન્દર અને સેરિનાનો અપૂર્વ પ્રેમ એ વગેરે વાંચતાં તમે તલ્લીન બની ગયા સિવાય રહશો નહિ. બન્ને ભાગનું પાકું રૂપેરી પૂઠું. **સચિત્ર.** પૃષ્ઠ સંખ્યા ૬૫૦ મૂલ્ય માત્ર રૂ. ૨-૮-૦

ગુલશાના—ઐતિહાસિક પ્રેમકથા. અકબર બાદશાહના સમયની એક મર્મભેદક રહસ્યપૂર્ણ ઘટનાને આધારે આ નવલકથા લખવામાં આવી છે, અકબરશાહની ઉદારતા, દીવાના

છરકાન્દારનું ભાગ્યચક્ર, વીર સોહાણીનું શોચનીય અકાળ મૃત્યુ, કુલસમની પ્રમાણિકતા, શેખજીનો ભ્રમ, બહાદુર રમણી ગુલસાનાનો અપૂર્વ પતિપ્રેમ, મહાત્મા શાહજલાલની શીષ્યપ્રીતિ. રાજકુમારી રૂબિયાનું મરણ પામ્યા પછી સજીવન થવું વગેરે ભેદ ભરેલા બનાવોથી ભરપૂર. સોનેરી પાકું પૂઠું છતાં કિંમત માત્ર રૂ. ૧–૦–૦

રમણી કે રાક્ષસી ?—અબળા જ્યારે મદનમાં ઉન્મત્ત બની જાય છે, તે વખતે પોતાના વિકારની તૃપ્તિ માટે તે તે કેવાં કેવાં ભયાનક કૃત્યો અને અશ્રુતપૂર્વ સાહસો કરે છે અને તે એટલી હદ સુધી કે કોઇ મહા નીચ અને અત્યંત ઘાતકી પુરુષને પણ તેના સમક્ષ લજ્જાથી માથું નીચું નમાવવું પડે, એનું આ નવલકથામાં આબેહુબ ચિત્ર આલેખાયલું છે. કીં. રૂ. ૧॥

ઘેલી કુસુમ કિંવા **સરસ્વતીચંદ્રનો ગ્રહસ્થાશ્રમ**—જો દંપતી હૃદયમાંથી દ્રવતો રસ અને ઐક્ય વાંચવું હોય તો **ઘેલી કુસુમ** વાંચો ! જો બાલિકા શિક્ષણ, પુનલગ્ન અને વિધવાવિવાહ વાંચવો હોય તો **ઘેલી કુસુમ** વાંચો ! જો રાજાપ્રજાનો સબંધ જાણવો હોય તો **ઘેલી કુસુમ** વાંચો ! જો વટાળ અને જ્ઞાતિપ્રબંધ વિષય જાણવો હોય તો **ઘેલી કુસુમ** વાંચો. જો વિદ્યા અને લક્ષ્મીનો યથાર્થ ઉપયોગ જાણવો હોય તો **ઘેલી કુસુમ** વાંચો. આ નવલકથા વિષે વિદ્વાનોના ઘણા અભિપ્રાયો મળ્યા છે તે જ આ પુસ્તકની મહત્તા બતાવે છે. સોનેરી પાકું પૂઠું ઉત્તમ કાગળ છતાં માત્ર રૂ. ૧॥

કચરાભાઇ વનમાળી પટેલ.

બુકસેલર એન્ડ પબ્લીશર્સ.

મ્હોટી હમામ—અમદાવાદ.

ધી 'ડાયમંડ જ્યુબિલિ' પ્રિન્ટીંગ પ્રેસ—સલાપોસ રોડ—અમદાવાદ.